


કુમાર
સંસ્થાપક : રવિશંકર રાવળ
ઑક્ટોબર ૩૫૮ ઈ. ૧૯૫૩
તંત્રી બચુભાઈ રાવત



કારતકના દીપ • ચિત્રકાર: ચન્દ્ર ત્રિવેદી

પવન મુક્તાદિ વટી

વાયુને કારણે હૃદય ઉપર દબાણ વધી જતાં હાર્ટ નબળું પડતું હોય, ગેસની કાયમી ફરિયાદ રહેતી હોય તેમજ પેટનાં લગભગ તમામ દર્દો ઉપર આ ગોળી અકસીર છે

બાટલી ગોળી ૪૦ના ૧-૪-૦
" " ૨૦૦ના ૫-૦-૦

(બધા દવાવાળાઓ વેચે છે)

ચરક ભંડાર

૪૯, બ્રુજીસ રોડ, મુંબઇ-૭

કેન્દ્રો: સુરત, નવસારી, અમદાવાદ

અમદાવાદ જિલ્લાના સોલ ડિસ્ટ્રીબ્યૂટર્સ:
ચીમનલાલ માધવલાલ ઍન્ડ કું.
ત્રણ દરવાજા, અમદાવાદ

મોડો અંક

આ અંક ૧૫મી તારીખને બદલે પંદરેક દિવસ મોડો—નવેમ્બરની શરૂઆતમાં બહાર પડશે એવી જાહેરાત ગયા અંકના પહેલા જ પાના ઉપર આકર્ષક રીતે કરવામાં આવેલી હોવા છતાં ઘણા ગ્રાહકોએ પોતાને અંક ન મળવા બાબત ફરિયાદો કરી છે અને કોઈકે તો અમને ઠપકો પણ લખ્યો છે! એ કાળજી માટે અમે તેમને ધન્યવાદ આપીએ છીએ!

આવતો અંક પણ મોડો થશે

નવેમ્બરનું શરૂનું અઠવાડિયું રજાઓમાં વીતવાનું હોવાથી આવતો અંક પણ બરોબર ૧૫મી તારીખે બહાર ન પડતાં થોડો મોડો—૨૨મી કે ૨૩મી તારીખે પોસ્ટ થશે તેની નોંધ લેવા સૌ ગ્રાહકોને વિનંતિ છે.

કુમાર

ઑક્ટોબર ૧૯૫૩

અંક ૩૫૮

ચિત્રો

કાવ્યો

ચરિત્ર

વાર્તા

લેખો

વિભાગો

કુમાર કાર્યાલય લિમિટેડ તરફથી તંત્રી, મુદ્રક અને પ્રકાશક: બચુભાઈ પોપટભાઈ રાવત
મુદ્રણ-પ્રકાશનસ્થાન: કુમાર પ્રિન્ટરી, કુમાર કાર્યાલય લિ., ૧૪૫૪ રાયપુર, અમદાવાદ
વાર્ષિક લવાજમ રૂા. ૯; પરદેશમાં રૂા. ૧૧ અથવા શિ૦ ૧૭; છુટક નકલ: બાર આના

કુમારમાંનાં સર્વ લખાણો ચિત્રો ને ફોટો કૉપીરાઈટથી રક્ષિત છે.

ઉત્સવ ચિત્રકાર: શ્રી દેવીપ્રસાદ રાયચૌધરી




અંક ૩૫૮નું મુખચિત્ર: કલાકારના સૌજન્યથી



કાઉન્ટ લીઓ
નિકોલાઇવિચ
ટૉલ્સ્ટૉય
એમના મૃત્યુ પહેલાં એક વર્ષ
પર એમના મિત્ર આઇ. એ.
વ્લાડીમિરૉફે કરેલા
તૈલચિત્ર ઉપરથી

નીચે ડાબી બાજુ
ટૉલ્સ્ટૉય યુવાનીમાં

નીચે જમણી બાજુ
મૃત્યુ પહેલાં ઘર છોડી
નીકળેલા ટૉલ્સ્ટૉય
ચિત્રકાર : સ્ટાઇકા





બે ફૂલ દીઓ

ઓ રે બંધુ! બે ફૂલ દીઓ...
દીન દરિદ્ર લોક વિષે નિજ નાથને નીરખી લીઓ.
ઓ રે બંધુ! બે ફૂલ દીઓ.
આપણા કોષ ને આપણા બે નહિ–
પોષતા હાથ હજાર,
બહુ વિષે બહુ વિધથી વ્યાપક
આપણો ધારણહાર
જે એને ઓળખી લીઓ... ઓ રે૦
વાયરે દીધ જો શ્વાસ, પયોદધિ
ભૂમિએ દીધ જો લૂણ,
આ લઘુ જીવન તે ય, અનંતન
લોકનું ઝીલતું ઋણ
તે જરા અળગું કીઓ... ઓ રે૦
રાત દિ આપણે ઝંખીએ રે
ચિરકાલનું કેવલ સુખ,
ઝાંઝવાને જલ પીડ વધે
નહિ ભોગની ભાંગતી ભૂખ
પેય પ્રસાદનું પીઓ... ઓ રે૦
જૂજવો બોજ ધરાતણો, એથી ય
નીર ને વાયુનો લેશ:
આનંદ કંદ ને સંગતણું નહિ બંધન
કોઇ ના વેશ.
એમ નિરંજન જીઓ ... ઓ રે૦

રાજેન્દ્ર શાહ

* ભૂમિદાનયજ્ઞને લક્ષમાં રાખી

યુગાન્તર

જો કરવટ બદલ્યું કાલે,
ધરતીકંપ વિના ધરતીની પલંગશય્યા હાલે.–જો૦
ધરા ઢળે ઉન્નત ગિરિવરનાં શૃંગો ગૌરવશાલી,
ગહન ખીણની ધરતી ગગને ઉન્નત બઢતી ચાલી;
વામનની પાપા પગલી આક્રાન્ત કરે નભમાળે–જો૦
શાંત યુગોયુગની મઝધારા આકુલ ઊછળી ઊઠી,
સપનનિમીલિત જનગણ શિવની આંખ ઊઘડી રુઠી;
જીર્ણ વ્યવસ્થાનું વન ભડકે દાવાનળ થઇ બાળે–જો૦
ભસ્માંકિત ધરતી પર નૂતન સર્જનનું હળ ખેડે,
આ ધરતીના તટથી માંડી ધરતીને ઓ છેડે;
હળ દાતરડે રૈંદૂડાએ યુદ્ધ સ્વયં અવ હારે–જો૦
દુઃશાસન દુર્યોધન કેદી ધર્મ સભામાં આજે,
વનવગડે નિર્વાસિત પાંડવ રાજસિંહાસન રાજે;
ભાગ્યપુરોહિત તિલક કરે જો, શ્રમસ્વેદાવિલ ભાલે–જો૦

ઉશનસ્

ઢળે દિન

· પૃથ્વી ·

ઢળે દિન ધીમેધીમે પલપલે કંઈ રાત્રિમાં,
શમે ધ્વનિ ધીમેધીમે સકલ કો મહાશાન્તિમાં;
પ્રવૃત્તિ સઘળી નિવૃત્તિ ઉદરે વિરામી જતી,
વિલીન જયમ શર્કરા મધુર ક્ષીર માંહીં થતી.

વસાય દિનદ્વાર, રાત નિજ ખોલતી બારણાં,
શમે રવિ, ખૂલી જતાં નયન લાખ તારા તણાં;
સુએ દિવસ શ્રાન્ત, ખીલી ઊઠતી નિશા જાગૃત,
નિશા પ્રકટ શી પ્રજાગૃત, પ્રશાન્ત, યોગીવ્રત!

અહો, ખબર ના પડે જ ત્યમ કો અજાણ્યા કરે
મહોરતણી બાજુ આખી ઉલટાવી દીધી, ખરે!
અદૃશ્ય થયું દૃશ્ય, દૃશ્ય સઘળું ય ના દૃશ્ય શું!
નવીન કંઇ રૂપ સૃષ્ટિતણું નેત્ર સામે લસ્યું!
બહિર્જગ લહંત નેત્ર મુજ, ફેરવે દૃષ્ટિને;
ગંભાર નિરખી રહંત મુજ ભીતરી સૃષ્ટિને.

પ્રજારામ

છે તો માત્ર દિવસ ઢળીને રાત્રિમાં ફેરવાતા સમયનું ચિત્ર; પણ 'દૂધમાં ભળી જતી સાકર પેઠે' વિલીન થતી એની પ્રવૃત્તિઓનું તથા કોઈ અજાણ્યા હાથ વડે જાણે 'મહોરની એક બાજુ ઉલટાવી દઇને' દૃશ્યને અદૃશ્ય ને ન દેખાતાને દૃશ્ય બનાવાતાં ખડા થતા સૃષ્ટિના નવીન રૂપનું દર્શન કરાવવામાં કવિએ વાપરેલી ઉપમાઓ જેવું જ મધુર આખું વાતાવરણ ખડું થાય છે.

કાશ્મીરનો ઝરૂખો


· ગઝલ ·

ઇમારત છે આ ખૂબસૂરત અનેરી,
રહ્યું રૂપ તેનું પરમ જ્યોત વેરી.
છે પૂર્વે વનશ્રી, ને ઉત્તરમાં કિલ્લો,
દિશાઓએ બીજી સમંદર પહેરી.
સજાવી છે શિલ્પીએ નકશીથી એને,
છે મસ્જિદ મંદિર ઉપાશ્રય ને દેરી.
કલામય છે કુદરત, દયામય ધરા છે,
કૃપા છે ગગનની, અધિક ઈશ કેરી.
છતાં ભાઇ ભાઇએ ઝગડા વધાર્યા,
રહ્યા આખરે એ થઈ હાડવેરી.
ઇમારતને તોડી ને ખંડોને તોડયા,
અરે ઓરડીઓને વેરે વધેરી!
હવે એક પૂરો ઝરૂખો રહ્યો છે,
એ મજમુ રહે તો? સુણે કોણ મેરી?

'ગાફિલ'

કવિતા [અનિયત કાલિક] **નો પાંચમો અંક દિવાળીમાં બહાર પડશે. કિં. પોસ્ટેજ સાથે ૦-૪-૯ની ટપાલની ટિકિટો બીડવી.**

આમ જનતા પ્રત્યેની અપ્રતિમ અનુકંપાથી આર્દ્ર બની



'હા! કેવા મહાન! કેવા ભવ્ય! એ વૃદ્ધ કલાકારના પહેલાં સાહિત્યાકાશમાં એવા કોઈ તેજસ્વી સિતારો નહોતો. યુરોપમાંથી એની હરોળમાં બીજા કોને મૂકી શકાય?' રશિયાના રાષ્ટ્રપિતા લેનિને મહાન રશિયન લેખક મૅક્સિમ ગૉર્કી સાથેની વાતચીતમાં તેને સવાલ કર્યો ને પછી જાતે જ ઉત્તર આપ્યો કે, 'કોઇને નહિ.'

અને લેનિનનું એ વિધાન સાચું છે. લીઓ ટૉલ્સ્ટૉયના પહેલાંના કોઈ સાહિત્યકારે યુરોપ પર એના જેટલી ઝડપી અને પ્રબળ અસર નહોતી ઉપજાવી. કાર્લાઇલે એના 'વીરો અને વીરપૂજા' પુસ્તકમાં રશિયનો સામે એવો આક્ષેપ કરેલો કે 'આખા યુરોપ પર આણ ચલાવવા એ મથી રહ્યા છે, પરંતુ કલાદૃષ્ટિએ એમણે હજુ સુધી કંઈ જ આપ્યું નથી.' પણ એ વાક્ય લખાયાના ત્રણ જ દાયકાની અંદર રશિયાએ જે મહાન સાહિત્યકારો નિપજાવ્યા તેમનાં સામર્થ્ય ને પ્રાણવત્તાનો જોટો જડે તેમ નથી. એ સમર્થ સાહિત્યકારોમાં યે ટૉલ્સ્ટૉય અદ્વિતીય છે. જગતની ઘણીખરી ભાષાઓમાં એનાં પુસ્તકોનાં ભાષાંતર થયાં છે ને લોકપ્રિયતામાં તો બાઇબલ પછી બીજું જ સ્થાન કદાચ એની કૃતિઓનું છે. સત્યનો પરમ આગ્રહી એ સાહિત્યકાર માનતો કે જ્યાં સત્યનું ગોપન થાય છે ત્યાં જીવન દૂષિત થયા વિના નથી રહેતું. એની સરળતા, ઋજુતા ને સત્યપ્રિયતા સાથે માનવ-અનુકંપાએ એને જગત-સાહિત્યની શિખરાવલિના સર્વોચ્ચ શૃંગ તરીકે પ્રતિષ્ઠિત કર્યો છે.

રશિયાના તુલા પ્રાંતમાં આવેલી યાસ્નાયા પોલિયાનાની જાગીરમાં મહાન પીટરે સ્થાપેલા એક ઉમરાવ કુટુંબમાં કાઉન્ટ નિકોલાસ ટૉલ્સ્ટૉય અને પ્રિન્સેસ મેરી વૉલ્કોન્સ્કી નામના દંપતીને ત્યાં ઈ. સ. ૧૮૨૮ના ઑગસ્ટની ૨૦મીએ એનો જન્મ થએલો. એના પિતા નિકોલાસે ઇ. સ. ૧૮૧૩ અને '૧૪નાં યુદ્ધોમાં ભાગ લીધેલો ને ફ્રેન્ચોના હાથે કેદ પણ પકડાએલો. લીઓને માતાની હૂંફ ખાસ નહોતી મળી. એની માત્ર બે જ વરસની ઉમરે તે અવસાન પામેલી; ને નવ વરસની ઉમરે પિતાની હૂંફ પણ ઝૂંટવાઈ ગઈ. લીઓ અને તેનાં ભાઈબહેનો તેમની દૂરની એક સગી તાત્યાનાએ ઉછેરવા માંડયાં. એ બાઈ અત્યંત ધર્મિષ્ઠ હતી અને અતિથિસત્કાર માટે એટલી પંકાએલી હતી કે યાત્રી સાધુસંતો જ નહિ પણ સામાન્ય ભિક્ષુકો સુદ્ધાં તેના અતિથિસત્કારનો લાભ પામતા. એના પ્રેમાળ સ્વભાવે માતાની ખોટ પૂરવામાં સારો પ્રમાણમાં હિસ્સો આપ્યો. ટૉલ્સ્ટૉયે પોતે લખ્યું છે તેમ 'શિશુકાળથી જ પ્રેમનો નૈતિક આનંદ એણે મને શીખવ્યો.' વળી અતિથિ સાધુસંતો પાસેથી ધર્મની રહસ્યમય વાતો તથા દૃષ્ટાંતકથાઓ સાંભળીસાંભળીને લીઓની વૃત્તિ નાનપણથી જ ધર્મના, સૃષ્ટિહેતુના અને માનવ-અસ્તિત્વનાં રહસ્યોના ઉકેલ વિચારવા ભણી વળી.:

લીઓને એના બીજા ભાઇઓ સાથે ભણવા બેસાડવામાં આવ્યો, પણ ભણવામાં એ તદ્દન 'ઢ' નીકળ્યો! શિક્ષકો આ ત્રણ ટૉલ્સ્ટૉય ભાઇઓની સરખામણી કરતાં કહેતા, 'સર્જેમાં ભણવાની ઈચ્છા તેમજ શક્તિ બંને છે; દમિત્રીને ઈચ્છા છે, પણ શક્તિ નથી; જ્યારે લીઓને તો ભણવા માટેની ઈચ્છા કે શક્તિ કંઈ જ નથી!' પરંતુ શિક્ષકોને જેનો અભાવ દેખાતો એ લીઓનાં ઈચ્છા અને શક્તિ નાનપણથી જ જુદા માર્ગે વળી ગએલાં. જીવન વિષે છેક એ વયથી જ તે ગંભીર વિચારો કર્યા કરતો. એ વિચારોએ તેના સંપ્રદાય—ઑર્થોડૉક્સ(ગ્રીક) ચર્ચ–માંની તેની ધર્મશ્રદ્ધા ઉડાવી દીધી ને જિંદગીના 'તરુણાવસ્થાના વેરાન'માં તે તત્ત્વજ્ઞાન ભણી વળ્યો, અને તેમાંથી એણે એવો સાર તારવ્યો કે જેમાં સંપૂર્ણ શ્રદ્ધા મૂકી શકાય એવું કશું છે જ નહિ. એ વખતે એની ઉમર ઓગણીસ વર્ષની હતી.

જગતમાં સર્વ કંઈ નિઃસાર હોવાની આ માન્યતાએ એને બેચેન કરી મૂકયો; પરંતુ એ કઝાનની યુનિવર્સિટીમાં દાખલ થયો ત્યાં ફ્રેન્ચ લેખક રૂસોની કૃતિઓ એના હાથમાં આવી અને એના વાચને એને મુ[illegible] બનાવી દીધો. પોતાના સંપ્રદાયનો ત્યાગ કરી ચૂકેલા લીઓએ રૂસો[illegible] નવો સંપ્રદાય સ્વીકારી લીધો. રૂસો એને કોઇ દેવ સમો લાગવા માંડયો, ને તે એટલેસુધી કે ધાતુની તકતીવાળી તેની છબિ એ માદળિયાની જેમ ગળામાં નાખી ફરવા લાગ્યો! રૂસોના વિચારોથી પ્રભાવિત થઇ એણે પોતાની પ્રથમ નવલકથા 'એક રશિયન જમીનદાર' લખી. એનો નાયક પ્રિન્સ નેખ્લ્યુદોફ ગુલામ દશામાં જીવતા ખેડૂતોનો ઉદ્ધાર કરવા નીકળે છે, પરંતુ તેમને તો પોતાની ગુલામીમાં જ સંતોષ હોય છે. તેઓ જુલમગારને સારી પેઠે સમજી શકતા હોય છે, પરંતુ પોતાના પ્રત્યે સહાનુભૂતિ ધરાવનારને સમજી શકતા નથી હોતા. તેઓ એનાથી નાસતા ફરે છે, એની હાંસી ઉડાવે છે, એને શંકાદૃષ્ટિએ જુએ છે. એ હારીને પિયાનો પર બેસે છે. આંગળીઓ પિયાનો પર ફરતી રહે છે, જ્યારે મનશ્ચક્ષુ સમક્ષ સારું યે ખેડૂતજગત ખડું થાય છે. એમનાં અજ્ઞાન, પ્રમાદ, દંભ, અવિશ્વાસ, નફટાઈ બધું એ માફ કરી દે છે, કારણ એની દૃષ્ટિ એમના સ્થૂલ દેહને નહિ પણ એમના ભીતરને જોતી હોય છે. એ જુએ છે એમની યાતનાઓ, એમનું ધૈર્ય, પ્રાપ્ત જીવનનો યથાસ્વરૂપ સ્વીકાર, ને મૃત્યુનો પણ નિ[illegible]સ્પૃહપણે પુરસ્કાર. હવે એ એમને પૂરેપૂરા સમજી શકે છે, અને એને થાય છે કે પોતે અને એ આખો સમુદાય ભાઈભાઇ છે, એકબીજાનાં અંગ છે.

યુનિવર્સિટીની છેલ્લી પરીક્ષા આપ્યા વિના જ ટૉલ્સ્ટૉયે ભણવાનું છોડી દીધું હતું. જીવનમાં જણાએલી નિઃસારતાએ એને મૂઢ બનાવી દીધેલો. પરિણામે એને કુછંદે ચડતાં વાર ન લાગી, કારણકે પતનથી દૂર રાખે એવું કશું શ્રદ્ધાબળ એનામાં રહ્યું ન હતું. ઈ. સ.

ટૉલ્સ્ટૉય

જેમની ૧૨૫મી જયંતી આ વર્ષે ઊજવાઈ

લેખક • અશોક હર્ષ

જેણે લોકહૃદયના થડકાર આલેખતું જગતનું સર્વોચ્ચ સાહિત્ય સરજ્યું ને શ્રીમંત જાગીરદારીનો ત્યાગ કરી પોતાની જાતને સામાન્ય માનવીઓમાં ગાળી નાખી

૧૮૫૧માં જુગારમાં એ ખૂબ પૈસા હારી ગયો ને લેણદારોની પજવણીથી છૂટવા કૉકેસસ નાસી ગયો, અને ત્યાં એનો ભાઈ લશ્કરમાં અમલદારના પદે હોઇ એ પણ લશ્કરમાં જોડાઇ ગયો.

જીવનની નિ:સારતાથી ત્રાસી જે જુવાને ઓગણીસમા વરસે જિંદગીનો અંત આણી દેવાના ખયાલો કરેલા, એ જ જુવાન લીઓ હવે ત્રેવીસમા વર્ષે તો જિંદગીમાં એટલી હદે લુબ્ધ બની ગયો કે આશ્ચર્ય ઉપજાવે. એનું તત્ત્વચિંતન, શંકાસમાધાન માટેના એના પ્રામાણિક પ્રયાસો કોણ જાણે ક્યાં દટાઇ ગયાં અને તે ગળાડૂબ વિલાસમાં મસ્ત બની ગયો.

સાથોસાથ એક પછી એક સાહિત્યકૃતિઓ પણ એ સરજતો ગએલો. 'બાળપણ' એ નામથી આત્મકથાત્મક લખાણ એણે પ્રસિદ્ધ કર્યું, ને તે પછી 'કુમારવય' ને 'યુવાની' પણ બહાર પડ્યાં. લડવા કરતાં પણ લખવા પ્રત્યે એને વધુ અનુરાગ હતો. એનું કારણ, એની મનોવૃત્તિ વિધ્વંસક નહિ પરંતુ સર્જક હતી એ છે. અને એટલે જ તો ચોવીસમા વરસે લખેલી 'આક્રમણ' નામની કૃતિમાં એણે લખ્યું કે મનુષ્યે પોતાની વેર, તિરસ્કાર અને હિંસાની લાગણી તદ્દન નાબૂદ કરી દેવી જોઇએ.

પરંતુ ત્યાર સુધીમાં તો યુદ્ધનું કેવળ કલ્પનાચિત્ર જ એની નજર સામે હતું. હવે ઇ.સ. ૧૮૫૩માં તેનું વાસ્તવિક ચિત્ર તેની નજર સામે ખડું થયું. રશિયાએ તુર્કી સામે યુદ્ધ જાહેર કર્યું હતું અને ઝારની શાન વધારવામાં ટૉલ્સટૉયે પણ પોતાનો હિસ્સો આપવાનો હતો. પ્રથમ તો દેશપ્રેમની લાગણીના પૂરમાં એ ખેંચાઈ ગયો અને એના દેશના બીજા જુવાનો જેમ એ પણ રણજંગનો એક ઝનૂની યોદ્ધો બની ગયો. નિર્ઘૃણપણે તુર્કોની એણે કતલ ચલાવી અને પોતાને એ સંહારની તક મળ્યા બદલ આનંદ અનુભવવા લાગ્યો. પણ હિંસાનો એ નશો લાંબો ન ચાલ્યો. અને મજકૂર ક્રીમિયન યુદ્ધ દરમિયાન એણે ત્રણ પુસ્તકો લખી કાઢ્યાં. માનવ-પ્રાણીઓની પરસ્પર કતલખોરી સામે એણે એમાં પોતાની વ્યથા ઠાલવી, ને ત્રીજા પુસ્તકની પ્રસ્તાવનામાં તો જગતના શાસકો સામે પોતાની પ્રજાને તોપચારો બનાવવા બદલ બેહદ નફરત એણે દર્શાવી છે. યુદ્ધનો જેમજેમ એ વધુ વિચાર કરતો ગયો તેમતેમ તેના પ્રત્યેની એની નફરત વધતી ગઈ અને એણે ખુદ યુદ્ધની જ સામે વિશ્વવ્યાપી યુદ્ધ જગવવાનો સંકલ્પ કર્યો. એની વિલુપ્ત શ્રદ્ધા વિશ્વશાંતિ અને વિશ્વબંધુત્વમાં પુન: આવી વસી.

ઈ. સ. ૧૮૫૬માં સૈન્યમાંથી નિવૃત્ત થઈ ટૉલ્સ્ટૉય સેન્ટ પીટર્સબર્ગ (લેનિનગ્રાદ) પાછો આવ્યો. એના આગમન પહેલાં જ એની સૈનિક તથા લેખક તરીકેની કીર્તિ ત્યાં પહોંચી ગએલી. શહેરના અગ્રગણ્ય સાહિત્યકારો એનો સંસર્ગ સાધવા લાગ્યા, પરંતુ ટૉલ્સ્ટૉયને એ જમાતનો સમાગમ બહુ ન રુચ્યો. એ લોકો સાહિત્યસર્જકો તરીકે પોતાને સૃષ્ટિની શ્રેષ્ઠ નીપજ ગણતા. સામાન્ય જનોના સંપર્કથી જાણે અભડાતા હોય તેમ એમનાથી દૂર રહેતા. ટૉલ્સ્ટૉયના સાહિત્યવિષયક ખયાલો એથી જુદા હતા. સાહિત્યને એ સત્ય, શિવ ને સુંદરના પવિત્ર સંદેશરૂપ ગણતો, જે સંદેશ સામાન્યમાં સામાન્ય માનવી સુધી પહોંચવો જોઇએ. એટલે,

બીજા સાહિત્યકારોની માફક સામાજિક કે બૌદ્ધિક કક્ષાની અલ્પસંખ્ય વ્યક્તિઓ માટે લખવાને બદલે બહુસંખ્ય લોકોનાં જીવન પ્રકાશિત કરવાના ઉદ્દેશે જ એણે લખવા માંડ્યું. જોકે સામાન્ય લોકો માટે લખવા છતાં તે એમની મર્યાદાઓથી વાકેફ હતો. એમનાં જીવનની ઘૃણાસ્પદ અને પાશવતાયુક્ત બાજુથી પણ એ સુપરિચિત હતો. પરંતુ



★જ્યારે જનતા સાથે તેણે પોતાના જીવનનું અનુસંધાન કર્યું એ ઉત્તરાવસ્થામાં ટૉલ્સ્ટૉય. (એન. રેપિનના ચિત્ર ઉપરથી રેખાંકન)

એ માનતો કે ગમે તેટલી પતિતાવસ્થા ભોગવતો હોવા છતાં માનવ-સમુદાય એના સહજ સ્વભાવે પોતાના ઉદ્ધારની દિશામાં પ્રવૃત્ત છે. એને જરૂર છે માત્ર યોગ્ય દિશા દર્શાવનાર નેતાની, શિક્ષકની, માર્ગદર્શકની.

એણે પોતાની યાસ્નાયા પોલિયાના નામની જાગીર પર ખેડૂત-વર્ગ માટે એક શાળા ખોલી. એ શાળામાં ગુરુપદ સ્વીકારવાને બદલે એ પોતે પણ એમનો એક સહાધ્યાયી બન્યો. એના કહેવા પ્રમાણે આપણે બધા જીવનની રહસ્યમય કિતાબ વાંચવા માટે બારાખડી શીખી રહેલાં બાળકો જ છીએ. પરંતુ દલિત ખેડૂતો પ્રત્યેની આ સહાનુભૂતિ શાસકવર્ગથી સહન ન થઈ અને એ શાળા બંધ કરવામાં આવી.

આ અરસામાં ટૉલ્સ્ટૉયના બે મોટા ભાઈઓ ક્ષયનો ભોગ થઇ પડ્યા અને તેને પોતાને ય એ લાગુ પડ્યો હોવાની શંકા જતાં તે હવાફેર માટે ઊપડ્યો. એની માનસિક સ્થિતિ પણ બહુ વિષમ બની ગએલી. આપઘાત કરવાના વિચારો એને આવવા લાગ્યા અને ફરી એક વાર એની શ્રદ્ધા ડગી જવા આવી. પરંતુ મૉસ્કોમાં બર્સ કુટુંબ સાથે થએલા પરિચયે એને નિરાશા અને નિરુત્સાહની આ ગર્તામાં-થી બચાવી લીધો. એ કુટુંબની એક છોકરી સોફિયા આન્દ્રીયેવના સાથે એ પ્રેમમાં પડ્યો,–જોકે સોફિયા કરતાં એની ઉમર લગભગ બમણી હતી! એના મનની સ્થિતિ એ વખતે કેવી હતી તે એની રોજ-નીશીમાંના આ લખાણ પરથી સમજાશે.

'મને ખુદ મારી જાતનો જ ભય રહે છે. મારી આ પ્રેમભાવના મારા અંતરતમમાંથી ઉદ્ભવેલી છે કે ઉપરઉપરની તે હું પોતે જ સમજી શકતો નથી. આનંદ ને શોકની લહેરો મારા મનમાં ઊઠતી અને શમતી રહે છે. એકે દિલોજાન મિત્ર નથી રહ્યો. સમયનો દુરુપયોગ કરીને હું વ્યસનમાં પ્રવૃત્ત બની ધન કમાવા પાછળ પડેલો ત્યારે મારી ચોતરફ કેટલા મિત્રો એકઠા થતા! હવે હું ધનનો નાદ છોડી સત્યની શોધમાં પ્રવૃત્ત થયો છું ત્યારે મારો પડછાયો યે કોઇ લેતું નથી.'

બર્સ કુટુંબ ઇપિટ્સા જતી વખતે ટૉલ્સ્ટૉયનું ગામ રસ્તામાં જ આવતું હોવાથી એને ત્યાં ઊતર્યું. ટૉલ્સ્ટૉયને સોફિયા પ્રત્યે પ્રેમ જાગે-લો અને એની સાથે પરણવાથી પોતાનું માનસિક સ્વાસ્થ્ય સુધરશે એવી માન્યતા બંધાએલી એટલે, આ તક મળતાં એણે તરત સોફિયા-ના હાથની માગણી એના પિતા પાસે મૂકી. સોફિયા કરતાં મોટી બહેન હજુ કુંવારી હોઇને પિતા સહેલાઈથી રજા આપે એમ ન હતું. પરંતુ ટૉલ્સ્ટૉયના સતત આગ્રહથી તેમણે છેવટે એ માગણી સ્વીકારી અને ૩૨ વર્ષની વયે ટૉલ્સ્ટૉય પોતાથી ચૌદ વર્ષે નાની સોફિયા સાથે ઇ. સ. ૧૮૬૨ના સપ્ટેમ્બરની ૨૩મીએ લગ્નગ્રંથિથી જોડાઈ ગયો.

આ લગ્ન સાથે ટૉલ્સ્ટૉયના જીવનમાં સુખનો ઉદય થયો. સોફિ-યાને તેના પતિ પ્રત્યે માત્ર પ્રેમ નહિ પરંતુ માન પણ હતું. તેની લેખક તરીકેની ખ્યાતિ પર એ ગર્વ અનુભવતી. એની બુદ્ધિ કુશાગ્ર હોઈને ટૉલ્સ્ટૉયને તેના લેખનકાર્યમાં એ ઘણી મદદરૂપ થઇ પડી. શરૂઆતના દિવસોમાં એ દંપતીની મુલાકાત લેનાર એક મિત્રે એવા ઉદ્‌ગાર કાઢેલા કે, ટૉલ્સ્ટૉયનું આ કુટુંબસુખ જોઈને કોઈપણ મહેમાન ઘડીભર પો-તાનું દુઃખ ભૂલી જાય તેમ હતું. ટૉલ્સ્ટૉયની સઘળી માનસિક અશાંતિ જાણે દાંપત્યસુખમાં ડૂબી ગઇ.

ટૉલ્સ્ટૉયની બે મહાન કૃતિઓ 'આના કારેનિના' તથા 'જંગો અમન' ('વૉર ઍન્ડ પીસ') આ સુખી ગાળા દરમિયાન જ લખા-એલી. એનાં ત્યાર સુધીનાં સર્વ લખાણોની પહેલી સમગ્ર આવૃત્તિ ૧૮૬૪માં બહાર પડેલી, જેમાં ૧૮૫૨ થી ૧૮૬૩ સુધીનાં એનાં સઘળાં લખાણો સંઘરવામાં આવેલાં. ત્યાં સુધીમાં એણે નાનાંમોટાં મળીને લગભગ વીસ પુસ્તકો લખેલાં ને રશિયામાં સારી કીર્તિ પ્રાપ્ત કરેલી.

પરંતુ એ પોતે તો એ સઘળી રચનાઓને 'અપક્વ વિચારોની ફલંગો' સમાન જ ગણતો. વિચારો પરિપક્વ થયા પહેલાંની એ વિપુલ લેખન-પ્રવૃત્તિ અંગે તેણે એક સ્થળે લખ્યું છે: 'મારું લેખનકાર્ય એ સમયે ચાલુ જ હતું. એ ધંધામાં હું લલચાએલો હતો. એની મીઠાશ હું ચાખી ચૂક્યો હતો. કીર્તિ અને ધન બંનેનો એમાં મફતનો લાભ મળતો હોવાનો મને અનુભવ થયો હોઈ એ ધંધાનો મોહ હું તજી ન શકેલો.' પરંતુ ત્યાર પછી એણે લખેલી ઉપર્યુક્ત બે નવલકથાઓ દ્વારા તો જગત-સાહિત્યને એણે એના ઉત્તમાંશનું પ્રદાન કર્યું છે એમ કહી શકાય.

'જંગો અમન'ને તો આધુનિક જગતના મહાભારતની ઉપમા આપી શકાય. નેપોલિયનના રશિયા પરના આક્રમણ અને પીછેહઠના તવા-રીખી પ્રકાશમાં એણે અદ્‌ભુત પાત્રસૃષ્ટિ સરજીને સમસ્ત માનવજાતિનું હૃદયમંથન તેમાં આલેખ્યું છે (આ અંકમાં એનો રેખારૂપ સંક્ષેપ આપ્યો છે.) જ્યારે 'આના કારેનિના'માં એક વ્યક્તિનું હૃદયમંથન આલેખા-એલું છે. કારેનિનની પત્ની આના એના પરિણીત જીવનનાં પહેલાં આઠ વર્ષ એના પતિ તથા નાના બાળક સીરોઝા સાથે આનંદમાં વિતાવે છે; પરંતુ પછી એના ભાઇ સ્ટેપાનને મળવા મૉસ્કો જાય છે ત્યાં કાઉન્ટ વ્રૉન્સ્કી નામના લંપટ પુરુષની પ્રેમજાળમાં ફસાઈ પડે છે. વ્રૉન્સ્કીની એ પહેલી જ પ્રેમિકા નથી હોતી. એને પોતાના પતિ અને પુત્રની યાદ આવે છે અને ત્યાંથી નાસી છૂટવા ટિકિટ કઢાવે છે, પણ ટ્રેન પર જ વ્રૉન્સ્કી મળી જાય છે અને એ પણ એની સાથે પીટર્સબર્ગ ઊપડે છે. ત્યાં પણ બંનેની મુલાકાત ચાલુ રહે છે અને તેઓ લોકનિંદાનો વિષય બને છે. આનાના પતિને આની જાણ થતાં તે એણે લીધેલો માર્ગ મૂર્ખાઇભર્યો હોવાનું જણાવે છે, પરંતુ આના પર એના કહેવાની કશી અસર થતી ન જોઇ એ ખામોશ જ રહેવાનું પસંદ કરે છે. છૂટા-છેડા માગી લોકોને પોતાની તરફ આંગળી ચીંધતા કરવાની તેને ઇચ્છા ન હતી, તેમ બેવફા પત્ની ખાતર વ્રૉન્સ્કી સાથે દ્વંદ્વયુદ્ધમાં ઊતરી જાનનું જોખમ ખેડવા પણ તે તૈયાર ન હતો. આ રીતે એની એ વસ્તુસ્થિતિ ચાલુ રહે છે. એવામાં એક દિવસ વ્રૉન્સ્કી ઘોડા પરથી પડી જતાં જખમાય છે ત્યારે આના તેના પ્રત્યેના પોતાના પ્રેમનો એકરાર કરી પોતાને મુક્ત કરવા કહે છે, પરંતુ તેનો પતિ તેને એ રીતે મુક્ત કરવા તૈયાર નથી થતો. એક બાજુ વ્રૉન્સ્કી પ્રત્યેના આકર્ષણ જેટલું જ બીજી બાજુ સીરોઝા પ્રત્યેનું તેને આકર્ષણ હોય છે. આ પરસ્પર વિરુદ્ધ દિશાના આકર્ષણથી આનાની મનઃસ્થિતિ એવી બની જાય છે કે તેના જીવનનો સઘળો આનંદ ઊડી જાય છે. છેલ્લે એને વ્રૉન્સ્કીએ પોતાને છેહ દીધો હોવાની શંકા જાય છે અને આથી ઉપજેલો સંતાપ ભૂલવા તે પ્રથમ મૉર્ફિયાનો આશ્રય લઈ જીવનને મૃતપ્રાયઃ બનાવી દે છે અને પછી ટ્રેનની નીચે કપાઈ જઈ આપઘાત દ્વારા સાચેસાચા મૃત્યુને વરે છે.

આ પછી ટૉલ્સ્ટૉયને સાહિત્યસર્જન પ્રત્યે વૈરાગ્ય આવવા માંડ્યો. એણે લખવાનું છોડ્યું ન હતું, પરંતુ એનું ચિત્ત સત્યશોધનમાં પ્રવૃત્ત થવા માંડ્યું હતું. એની આ પ્રવૃત્તિ જે કંઈ ફળ લાવે તે ખરું, પણ સાહિત્યજગતને તો એ જબરી ખોટ સમાન હોઈ ટૉલ્સ્ટૉયના મિત્ર અને એની જ હરોળના મહાન રશિયન સાહિત્યકાર તુર્ગેનેફે મરણ-પથારીએથી ટૉલ્સ્ટૉયને પત્ર લખીને જણાવેલું કે 'તમે સાહિત્ય તરફ પાછા વાળો. એ જ તમારી સાચી બક્ષિશ છે. આપણી રશિયન ભૂમિ-ના મહાન કવિ, મારી આટલી વિનંતી સ્વીકારો.' પણ આ હૃદય-દ્રાવક પત્ર પૂરો નહોતો લખાએલો, કારણકે તુર્ગેનેફની નબળી પડી ગએલી આંગળીઓ વધુ સમય પેન્સિલ પકડી રાખી શકે તેમ ન હતી. ટૉલ્સ્ટૉયે આ પત્રનો તત્કાળ જવાબ ન આપ્યો, અને જ્યારે આપ્યો ત્યારે એ વાંચવા તુર્ગેનેફ હયાત નહોતો રહ્યો.

ટૉલ્સ્ટૉયની ઉંમર એ વખતે પચાસની હતી. એને માત્ર સત્ય શોધક જ નહોતું રહેવું, પણ સત્યના સંદેશવાહક બનવું હતું; નિર્હેતુક લાગતા અસ્તિત્વનો હેતુ શોધી કાઢવો હતો. કોણ જાણે ક્યા આઘાતે એને એ માટે પ્રેર્યો. એનું કશું પ્રત્યક્ષ કારણ આપી શકાય તેમ નથી. એ પોતે પણ એ સમજાવી શક્યો નથી. એણે લખ્યું છે તેમ 'આ એવે સમયે બન્યું જ્યારે મારા બાહ્ય સંજોગો (લાગે-વળગે છે ત્યાં સુધી હું સઘળી વાતે સુખી હતો. મારે એક ભલી સ્ત્રી હતી જેને હું ચાહતો હતો. સારાં છોકરાં હતાં અને વિપુલ સંપત્તિ હતી જે મારા પક્ષે કશા શ્રમ વિના વધ્યે જ જતી હતી. મારામાં શરીરબળ અને મનોબળ પણ એટલા પ્રમાણમાં હતાં જે મારી ઉંમરના બહુ ઓછા લોકોમાં જોવામાં આવે. અને તેમ છતાં મારા કૃત્યનું હું કશું બુદ્ધિગ્રાહ્ય કારણ આપી શકું તેમ નથી.'

બુદ્ધ, ઇસાઇયાહ, કુંગ કે ઈસુની જેમ જે નવો સંદેશ માનવજાતને એ સંભળાવવા માગતો હતો તે એ હતો કે, વેરને વશ ન થાઓ, ક્રોધને વશ ન થાઓ, હિંસાને વશ ન થાઓ એનું સક્રિય અંગ હતું, ઉમરાવોના ઉડાઉપણાથી, ધર્મગુરુઓના ધર્માંધપણાથી અને ઝારના જુલ્મીપણાથી પ્રજાને મુક્ત કરવાનું. એ 'કમ્યુનિસ્ટ, વિરોધક, બંડખોર—ટૂંકામાં ખ્રિસ્તનો સાચો શિષ્ય' બન્યો. પોતાની કીર્તિ, પોતાનો દરજ્જો, પોતાની મિલ્કત, ને જરૂર પડે તો જિંદગી સુદ્ધાં માનવસેવામાં સમર્પિત કરી દેવા એ ઉત્સુક થયો. એ સામાન્ય જનતા સુધી નીચે ઊતર્યો અને એના એ નિમ્નગામિત્વે માનવજાતને ઊર્ધ્વગમનનો માર્ગ ચીંધ્યો.

દુનિયાએ તો એને પેગંબરસમ વધાવી લીધો. પણ એના કુટુંબને તો એ સૌ એની મૂર્ખાઈનું જ પ્રદર્શન લાગ્યું. એની સ્ત્રીને એનું મગજ ચસકી ગયું હોવા સુદ્ધાંની શંકા ઊપજી. એ માનવબંધુત્વના ઉપદેશ આપવા બેસે ત્યારે એનાં સંતાનો પણ એનાથી મોં ફેરવી લેતાં. પોતાની ધૂન માટે એ પોતાની જાતનો ભાગ આપવાને હકદાર હતો, પણ કુટુંબનો ભાગ આપવાનો એને શો હક હતો, એ એમની દલીલ હતી. પરંતુ ટૉલ્સ્ટૉય હવે પાછો હઠે તેમ ન હતો. પોતે ગ્રહણ કરેલા માર્ગનું વાજબીપણું દર્શાવતાં તેણે લખ્યું છે : (અનુ. પૃ. ૪૦૮મે)

ગાંધીજી સાથે ટૉલ્સ્ટૉયનો પત્રવ્યવહાર

(તારીખ વિનાનો પણ કદાચ ૧૯૧૦ના માર્ચમાં લખાએલો પત્ર)

ગાંધીને,

તમારો રસપ્રદ પત્ર હાલમાં જ મને મળ્યો. ખૂબ આનંદ થયો. પ્રભુ ટ્રાન્સવાલમાંનાં આપણાં ભાંડુઓ અને સહકાર્યકરોને સહાય કરો! નમ્રતા અને ઉદ્દંડતા વચ્ચેનું, પ્રેમ અને ઋજુતા સામે તુમાખી અને હિંસા વચ્ચેનું આ ઘર્ષણ આપણને વધુ ને વધુ તીવ્રપણે ખૂંચતું રહ્યું છે—ખાસ કરીને લશ્કરમાં ભરતી થવાના નકારમાં વ્યક્ત થતા ધર્મકર્તવ્ય તથા રાજ્યના કાયદાઓ વચ્ચેનું ઘર્ષણ.

મેં લખેલા 'એક હિંદુને પત્ર'ના ભાષાંતરથી મને ઘણો આનંદ થયો. કૃષ્ણ પરના પુસ્તકનું નામ મૉસ્કોમાંથી તમને જાણવા મળશે. પુનર્જન્મના વિષયમાં તો મારે એને લગતો કોઇ પણ મુદ્દો છોડી દેવો ન જોઇએ એમ મને લાગે છે, કારણ કે માણસજાતને આત્માની અમરતા તથા દિવ્ય સત્ય અને પ્રભુમાંની શ્રદ્ધા જેટલી હદે અંકુશમાં રાખી શકે છે તેટલી હદે પુનર્જન્મમાંની તેની શ્રદ્ધા તેને અંકુશમાં નથી રાખતી. તેમ છતાં એ ભાગ તમારે છોડી દેવો હોય તો તેમ કરવાની હું છૂટ આપું છું. તમારા સંપાદનમાં સહાયભૂત નીવડતાં મને ઘણો આનંદ થશે. મારાં લખાણોનાં હિંદની ભાષાઓમાં ભાષાંતર તથા પ્રચાર મ (તો કેવળ આનંદદાયક જ હોઈ શકે.

મને લાગે છે કે ધર્માવૃત્તિથી હાથ ધરાએલા કાર્ય વિષે પૈસાનો પ્રશ્ન ઊભો થવો ન જોઇએ.

બંધુભાવે હું તમને અભિનંદું છું અને તમારો સંસર્ગ થયા બદલ આનંદ અનુભવું છું.

—લીઓ ટૉલ્સ્ટૉય

જોહાનિસબર્ગ, ૪થી એપ્રિલ ૧૯૧૦

વહાલા સાહેબ,

હું લંડન રોકાએલો એ દરમિયાન આપને લખેલો પત્ર સ્મરણમાં હશે. આપના એક ચુસ્ત અનુયાયી તરીકે આપને આ પત્ર અને સાથે એક પુસ્તિકા મોકલાવું છું. જે મારાં પોતાનાં ગુજરાતી લખાણોનું મેં કરેલું ભાષાંતર છે. નોંધપાત્ર બીના એ છે કે હિંદની સરકારે તેની મૂળ આવૃત્તિ જપ્ત કરી છે, એટલે જ આ ભાષાંતરની ઉતાવળ મારે કરવી પડી છે. આપના પર હું વધુ બોજો લાદતો હોવાનો મને ભય રહે છે, પરંતુ આપની તબિયતને કશો વાંધો ન હોય અને પુસ્તિકા વાંચી જવા જેટલો સમય હોય તો આપનું વિવેચન મારે માટે કેટલું કીમતી થઈ પડે તેમ છે તે કહેવાની જરૂર નથી. સાથોસાથ આપે મને પ્રસિદ્ધ કરવા મંજૂરી આપેલી એ 'એક હિંદુને પત્ર'ની પણ કેટલીક નકલો મોકલું છું. એનું હિંદની એક ભાષામાં તો ભાષાંતર થઇ પણ ચૂક્યું છે. —આપનો નમ્ર સેવક એમ. કે. ગાંધી

યાસ્નાયા પોલ્યાના, ૮મી મે ૧૯૧૦

પ્રિય મિત્ર,

મને હાલ જ તમારો પત્ર અને 'ઇન્ડિયન હોમરૂલ'ની તમારી પુસ્તિકા મળ્યાં.

પુસ્તક હું અત્યંત રસપૂર્વક વાંચી ગયો. એમાં છણાએલો નિષ્ક્રિય પ્રતિકારનો પ્રશ્ન હું અત્યંત મહત્ત્વનો ગણું છું—માત્ર હિંદીઓ માટે નહિ પણ સમસ્ત માનવજાતિ માટે.

તમારો પ્રથમ પત્ર મને જડતો નથી, પરંતુ એ શોધવા જતાં મને ડૉકનું લખેલું તમારું ચરિત્ર મળી આવ્યું, જે તમારા વિષે જાણવા ને પરિચિત થવામાં મને ખૂબ મદદરૂપ થઈ પડ્યું.

હાલમાં મારી તબિયત બહુ સારી ન હોઇને તમારી પ્રવૃત્તિ વિષે તેમજ તમારી પુસ્તિકા વિષે મારા દિલમાં જે કંઈ ઉદાત્ત ખયાલો છે તે જણાવવાનું અત્યારે માંડી વાળું છું. સારો થતાં જ એ લખી જણાવીશ. —તમારો મિત્ર અને ભાઇ લીઓ ટૉલ્સ્ટૉય

આ પછી ગાંધીજીએ પોતાનું 'ઇન્ડિયન ઓપીનિયન' પત્ર ટૉલ્સ્ટૉય પર નિયમિત મોકલવા માંડતાં તે વાંચીને તા. ૭મી સપ્ટેમ્બર ૧૯૧૦ના રોજ એમણે ગાંધીજીને એક લાંબો પત્ર લખેલો જેમાંનો, યુરોપની—ખાસ કરીને રશિયાની તત્કાલીન સ્થિતિ વર્ણવતો ભાગ ચાળી નાખીને બાકીનો ભાગ: 'અમારા મને દુનિયાના છેડે પડેલા જેવા ટ્રાન્સવાલમાંનું તમારું કાર્ય અમારા રસનું કેન્દ્ર બન્યું છે. તમને જાણીને આનંદ થશે કે અહીં રશિયામાં પણ એવું જ એક આંદોલન લોકોમાં વધુ ને વધુ પસરતું જાય છે અને લશ્કરમાં ભરતી થવાનો નકાર વરસોવરસ વધતો જાય છે. આપણી સાથે આવા લોકોની—બળનો પ્રતિકાર બળથી ન કરનારાઓની સંખ્યા અત્યાર સુધી ગમે તેટલી નજીવી હોય, છતાં ઉભય એમ કહી શકીએ તેમ છીએ કે ઈશ્વર આપણી સાથે છે, અને મનુષ્ય કરતાં ઈશ્વર વધુ સમર્થ છે.'

ગુજરાતનાં ગામ

એ વિષય પરત્વે, પોતાનાં ખૂણે પડેલાં નાનાં ને અજ્ઞાત, પરંતુ કંઇ ને કંઈ ઐતિહાસિક, ભૌગોલિક, સામાજિક કે સાંસ્કૃતિક મહત્ત્વ ધરાવતાં ગામો વિષે ઉપયોગી માહિતી મોકલવા માટે વાચકોને કરેલી અમારી જાહેર વિનતિના ઉત્તરમાં આવેલો આ લેખ અન્યને પણ તદનુસાર માહિતી મોકલવા પ્રેરશે એવી આશા છે.




કલેશરી

લેખક : પ્રો. રમણલાલ હી. ગાંધી એમ. એ.



નીચે : કલેશરી માતાના મંદિરની ચોમેર પડેલી પ્રાચીન શિલ્પમૂર્તિઓ પૈકીની થોડી. જેમાંની કેટલીકનાં રેખાંકન સામેના પાના પર આપ્યાં છે; મથાળે : 'ભીમની ચોરી'ના નામથી ઓળખાતું એક પ્રાચીન મંદિરનું ખંડેર; નીચે : કલેશરીનું સ્થાન દર્શાવતો નકશો.



પ્રાચીન ભારતવર્ષે શિલ્પ અને સ્થાપત્યમાં પ્રશંસનીય પ્રગતિ સાધી હતી. પણ એ કલાઓનું સાતત્ય મુઘલાઇના પતન પછી ન જળવાયું; અને બ્રિટિશરોના આવ્યા પછી તો એ એતદ્દેશીય કલાઓ તેમજ તેને માટેની આપણી દૃષ્ટિ સુદ્ધાં નષ્ટપ્રાય: થઈ ગઈ. જૂનાં મંદિરો અને મસ્જિદો, પાળિયા ને શિલાલેખો, જીર્ણ વાવો ને સ્તંભો એ બધાંનું ઐતિહાસિક અને સાંસ્કૃતિક મહત્ત્વ વીસરીને તેમને આપણે જૂના ભંગારમાં ગણી કાઢયાં.

ગુજરાતની પ્રજાએ વિસારેલાં એવાં પ્રાચીન સ્થાનો પૈકીનું એક કલેશરી છે. તેની પાસેનાં ગામ બાકોર-પાંડરવાડા પણ ઐતિહાસિક દૃષ્ટિએ મહત્ત્વનાં છે. પંચમહાલ જિલ્લાના લુણાવાડા તાલુકાના અમુક ભાગને બાદ કરતાં ગુજરાતમાં ભાગ્યે જ કોઈ આ સ્થાનથી પરિચિત હશે. ગોધરાથી નાની રેલવે લાઈન દ્વારા લુણાવાડા જવાય છે. ત્યાંથી બાકોર તરફ જવાના માર્ગ પર આ સ્થાન આવેલું છે. લુણાવાડાથી પંદરેક માઇલ પગપાળા ત્યાં જવું પડે છે.

આ પ્રદેશમાં બાકોર (વસતિ ૧૮૦૦) અને પાંડરવાડા (૧૨૦૦) એ બે ગામો ધ્યાન ખેંચે તેવાં છે. મોટે ભાગે વાણિયા, બ્રાહ્મણ અને પટેલ કોમની ત્યાં વસતિ છે. ઉપરાંત ગામને જરૂરી એવી બીજી બધી કોમો—સુથાર, લુહાર, સોની, દરજી, હજામ, ઘાંચી, ચમાર, ભંગી, બજાણિયા, માળી વગેરે—પણ ત્યાં વસે છે. એટલે એ બંને ગામ સ્વયંપર્યાપ્ત આર્થિક એકમ જેવાં છે. અનાજની દૃષ્ટિએ આ પ્રદેશ સ્વાવલંબી છે. આ ગામો આજુબાજુનાં ગામો માટેનું બજાર છે.

અહીં 'ઘાંટો' નામના ડુંગરની હારમાળા પૂર્વ-પશ્ચિમ જાય છે. તેને કસાઈઓનો ડુંગર પણ કહે છે. તેનાથી અર્ધોએક માઈલ દૂર જ બાકોર ગામ આવેલું છે. ગામને ઉત્તર છેડે લગભગ ૮–૧૦ એકરના વિસ્તારનું એક વિશાળ તળાવ છે. બાજુ પરના ટેકરા ઉપર મહાદેવનું દેવળ છે. જેઠ-અષાઢ માસમાં તળાવમાં જ્યારે કમળ પૂર બહારમાં ખીલી ઊઠે છે ત્યારે આંખને ઠારે અને હૃદયના તાપ ભુલાવે એવું એક મનોરમ દૃશ્ય ઊભું થાય છે. આ તળાવ આ પ્રદેશમાં સૌથી મોટું છે અને 'પીવા ગામ અગ્યારના લોક આવે' એ દલપતરામની ઉક્તિ—'લોક' શબ્દને બદલે 'ઢોર' શબ્દ મૂકતાં—એને લાગુ પડે છે. પાસે આવેલા ઘાંટા પર ચડીને જોતાં આજુબાજુના વિસ્તીર્ણ પ્રદેશ પર નજર ફરી વળે છે. વર્ષાઋતુમાં સારીનાં શ્વેતરક્ત ફૂલોથી આખો ડુંગર મઘમઘી રહે છે. આ ડુંગરમાં વાઘની વસતિ પહેલાં સારા પ્રમાણમાં હતી. આજે પણ કોઇક કોઇક વાર તેનાં દર્શન થાય છે. બાકોર ગામની નૈઋત્યે ઇંટવાડો છે. ત્યાં વાણીઆઓની દુકાનોનાં ખંડેરો છે, અને ત્યાં મુઘલોની છાવણી રહેતી એવું કહેવાય છે. આ ગામ ડામોર લોકોએ વસાવેલું કહેવાય છે. ડામોર લોકોનાં ઘરની પાસે એક સ્તંભ ઊભો કરેલો છે. પાદરે પાળિયા પણ છે, પણ તે ખાસ મહત્ત્વના લાગતા નથી.

પાંડરવાડા બાકોરથી પૂર્વે દોઢેક માઇલ પર ડુંગરની તળેટીમાં છે. ડુંગર પર જૂના કોટના બુરજ દેખાય છે, જેનાં ખંડેરોમાંની એક બારી હજી હયાત છે. આ સ્થાન ખૂબ પ્રાચીન લાગે છે. તેની આજુબાજુ અનેક ખંડેરો જોવામાં આવે છે. ભાવસાર-રંગરેજ લોકો પહેલાં અહીં રંગાટ કામ કરતા હતા એમની રંગની કૂંડીઓ હજી પણ ખેતરોમાં દેખાય છે. ગામની પૂર્વ દિશાએ 'મકરાણીઓનો કૂવો' જીર્ણ અવસ્થામાં છે, અને કહેવાય છે કે અહીં મકરાણીઓનું મોટું થાણું હતું. પૂર્વ દિશાએ 'શૂળીટીંબો' નામની જગ્યા છે, જ્યાં પહેલાંના વખતમાં શૂળી દેવાતી. ઉપરાંત જોગીવાડો, નાનીનાની દહેરીઓ ને ખેતરોમાં આવેલાં મકાનોના પાયા વગેરે આ સ્થાનની પ્રાચીનતા પુરવાર કરે છે. ડુંગરપુરની સરહદ અહીંથી પાંચેક માઈલ પર શરૂ થાય છે. થોડે દૂર સુરમા ઘાંટી નામની ટેકરી છે. ત્યાંથી એક જાતની માટી નીકળે છે, જેને લોકો સુરમો માની આંજે છે. મહીસાગરનું એક પ્રસિદ્ધ સ્થાનક નદીનાથ અહીંથી આઠ દસ માઈલ દૂર છે. ત્યાં માહ સુદ પૂનમે મોટો મેળો ભરાય છે.

આ બધો પ્રદેશ ડુંગરાળ અને પથ્થરિયો છે. સિમેન્ટ અને કાચના ઉદ્યોગ માટે જોઈતું દ્રવ્ય અહીંથી ઉપલબ્ધ થઇ શકે એવી હકીકત લુણાવાડા સંસ્થાનની ભૂસ્તરશાસ્ત્રીય તપાસ પરથી માલૂમ પડી છે.

બાકોરથી પશ્ચિમે દોઢેક માઈલ પર વરસાના મુવાડા પાસે કલેશરી



કલેશરી ગામમાં માતાના મંદિર પાસે પડેલી કેટલીક પ્રાચીન શિલ્પ મૂર્તિઓનાં રેખાંકન (આલેખક: વાસુદેવ સ્માર્ત)

માતાનું સ્થાનક આવેલું છે. થોડાંક વર્ષો પૂર્વે અહીં ગીચ વનરાજિ હતી. પણ સ્ટેટના સમયમાં જંગલ કપાઇ જવાથી આજે ગીચતા ઓછી થઇ છે અને ઉનાળામાં કેટલાક બોડા ડુંગરો ઊભેલા દેખાય છે. માતાના સ્થાનકની આજુબાજુ વૃક્ષો અને લતાઓની રમણીય ઝાડી છે. અહીંની પ્રજા આ જગાને કલેશરી માતાના નામે ઓળખે છે. પણ કહે છે કે આ સ્થાન હિડિમ્બા વનનું મુખ્ય કેન્દ્ર છે.

કલેશરી શબ્દ અપભ્રંશ છે. તેની વ્યુત્પત્તિ 'કલાશ્રી' અગર 'કલા + ઈશ્વરી' અગર 'કલેશ + હરી' (કલેશ-સંતાપનું હરણ કરનાર) એવી રીતે થઈ શકે. ત્રીજો વિકલ્પ વધારે યોગ્ય અને અર્થવાહી લાગે છે.

માતાનું સ્થાનક આજે ખંડેર અવસ્થામાં છે. સોળ થાંભલા પર ઉપરનું છત તદ્દન સાદી છાટાથી બાંધેલું છે. તેમાં ચૂનો વપરાએલો નથી લાગતો. પૂર્વ બાજુની બારીમાં એક શિલાલેખ છે. તેની પ્રતિલિપિ લેવા પ્રયત્ન કર્યો હતો, પણ ઘણો ભાગ ઘસાઇ ગએલો હોવાથી કાંઈ વંચાતું નથી. દક્ષિણ બાજુના એક ગોખમાં માતાની–મહિષાસુરમર્દિની-ની ખંડિત મૂર્તિ છે. મૂર્તિના પથ્થર કાળા સુંવાળા આરસ જેવો છે અને આસપાસની મૂર્તિઓમાં વપરાએલા પથ્થરો કરતાં જુદો પડે છે.

માતાના સ્થાનકની સામે જ દક્ષિણ બાજુએ એક મંદિર છે. જે ૫૦-૭૫ વર્ષ પહેલાં જ બંધાએલું લાગે છે. તેના ઓટલા પર ત્રણેક ફૂટ ઊંચી એવી બાર મૂર્તિઓ છે. (જુઓ ચિત્ર નં. ૧) એમાંથી બે મૂર્તિઓ ચોક્કસતાથી ઓળખી શકાય છે. એક દેવી છે અને તેની નીચે સિંહ છે, એટલે અંબિકાની જ લાગે છે. બીજી મૂર્તિ ગણેશની છે. બાજુ પર ઉંદર છે અને અંક પર ગણપતિની બે સ્ત્રીઓમાંથી એક-બુદ્ધિ કે સિદ્ધિ–બેઠેલી છે. બીજી પ્રકીર્ણ મૂર્તિઓ છે.

આવા અનેક અવશેષોની પાસે ૭૫ × ૭૫ ફૂટનો એક કુંડ છે.

લોકોક્તિ પ્રમાણે તો સાત ખાટલાનું વાણ સીધી દોરીએ અંદર જાય એટલો તે ઊંડો છે. પણ અત્યારે તો આઠદસ ફૂટથી વધારે લાગતો નથી. તેમાંથી ભયંકર દુષ્કાળમાં પણ પાણી સુકાતું નથી અને એક બાજુએથી પાણીનું ઝરણુ નિયમિત રીતે બારેમાસ વહેતું જ રહે છે, એ હકીકત છે. કુંડથી થોડેક દૂર આ સ્થાનની પવિત્રતાને લક્ષમાં રાખી લોકોએ સ્મશાન બનાવ્યું છે. જન્માષ્ટમીએ અહીં મોટો મેળો પણ ભરાય છે.

કુંડની પશ્ચિમે જતાં સહેજ ચઢતો ઢાળ આવે છે. તેની નીચેની જમીન પોલી લાગે છે. ચાલતાં ચાલતાં પગ ઠોકવાથી નીચે પડઘા પડતા સ્પષ્ટતાથી સાંભળી શકાય છે. કુંડની સહેજ ઉત્તરે એક કૂવા જેવું છે, જેને લોકો "ઘીની કુંડી" કહે છે અને આસપાસની જગા ઘીકાંટા નામે ઓળખાય છે. અહીં ઘીનો મોટા પ્રમાણમાં વેપાર ચાલતો હતો એમ લોકો કહે છે. છપ્પનિયા દુષ્કાળ (સને ૧૯૦૦) સુધી કેટલાક ગોસાંઈ લોકોનાં ઘર પણ અહીં હતાં. આસપાસ ઈંટોનાં મકાનોનાં ખંડેરો પણ જોઈ શકાય છે. કહેવાય છે કે અહીં પહેલાંના વખતમાં લવણપુરી નામની સમૃદ્ધ નગરી હતી. કેટલાક લોકો એમ કહે છે કે પાંડરવાડાથી માંડીને ઠેઠ બીરપુર (તા. બાલાસિનોર) સુધી વ્યાપ્ત એવું એક મોટું નગર હતું. બાકોર-પાંડરવાડા વચ્ચે કોઈક કોઈક જગાએ ઈંટો માલૂમ પડે છે. અહીંની કેટલીક જમીન ખારાશ (લવણ) વાળી છે, (જ્યાંથી ઊસ નીકળે છે અને લોકો તેનો ઉપયોગ કપડાં ધોવામાં કરે છે) તેમજ અહીંથી દોઢેક માઈલ પર લવાણા નામનું એક ગામ છે, એ લવણપુરીના અસ્તિત્વ માટે કારણ ગણી શકાય.

આ જગાએ (કુંડની પશ્ચિમે) બે વાવ છે. તે સાસુ વહુની વાવો કહેવાય છે. વહુની વાવ સાસુની વાવ કરતાં નાની છે. તેના પર ઝાડ તૂટી પડેલાં હોવાથી અંદર ઊતરી શકાતું નથી અને કાંઈ નિરીક્ષણ થઈ શકતું નથી. સાસુની વાવ દશ ફૂટ પહોળી અને સોએક ફૂટ લાંબી છે. અને અત્યારે પણ પી શકાય તેવું મીઠું પાણી છે. કેટલાંક પગથિયાં કચરાથી પુરાઇ જવા આવ્યાં છે. આ વાવ શિલ્પની દૃષ્ટિએ અભ્યાસ યોગ્ય ગણાય. થોડાંક પગથિયાં ઊતરતાં બે બાજુ બે ગોખ નજરે પડે છે. પશ્ચિમ બાજુના ગોખમાં શેષશાયી નારાયણની ખંડિત મૂર્તિ છે; પૂર્વ બાજુના ગોખમાં દશાવતારની મૂર્તિઓ છે. તેમાં મત્સ્ય, કૂર્મ, વરાહ, નૃસિંહ, વામન, પરશુરામ, રામ, બલરામ, કૃષ્ણ, બુદ્ધ અને કલ્કી બધી પ્રતિમાઓ નિઃશંક વર્તી શકાય છે. (ગણતરીની દૃષ્ટિએ તો મૂર્તિઓ અગિયાર થાય છે.) કલ્કી અવતારની મૂર્તિમાં ઘોડો અને પ્રતાપી માણસ બંને સ્પષ્ટ છે. બીજા એક ગોખમાં અંદર નાગકન્યા અને બીજી નવ પ્રતિમાઓ છે. કદાચ નવ ગ્રહ પણ હોય, કેમકે એક પ્રતિમામાં કેવળ મુખ છે, જે રાહુ હોય એવું સંભવિત છે.

માતાના સ્થાનકની પૂર્વે એક નાની ટેકરી પર લુણાવાડાના રાજાએ બંધાવેલો 'હવા મહેલ' છે. એમાં અહીં પડેલા જૂના પથ્થરો જ વાપરેલા છે એટલે તે પર અનેક આકૃતિઓ જોઇ શકાય છે. અહીં પણ ગણેશ, કૃષ્ણ, મહિષાસુરી વગેરેની ખંડિત મૂર્તિઓ ઉપરાંત નૃત્યાંગનાઓની મૂર્તિઓ પણ છે. હવા મહેલની નીચલી બાજુ એક કિનારમાં અને સૌથી ઊંચી ટોચને કિનારે કેટલાંક કામાસનો પણ દેખાય છે.

હવા મહેલની પૂર્વે ઊંચો ટેકરો આવેલો છે. જ્યાં લગભગ અર્ધોક માઈલ ઊંચે ચાલતાં એક પથ્થરની તદ્દન ખંડિયેર જેવી ઈમારત આવે છે, જેને લોકો "ભીમની ચોરી" કહે છે (જુઓ ચિત્ર નં. ૨). લોકપરંપરા કહે છે કે અહીં ભીમ અને હિડિમ્બાએ લગ્ન કરેલું ને હિડિમ્બાનું મુખ્ય સ્થાન આ જ હતું. પણ તે કોઈ મંદિરના રંગમંડપ કે સભાગૃહનો ભાગ લાગે છે. એક માઈલના વિસ્તારમાં આવેલી આ જગ્યાએ સૌથી વધારે આકર્ષક અને સમૃદ્ધિવાળું શિલ્પ હોય તો તે આ દેવળનું છે. આ સ્થાનથી પંદર વીસ માઈલના વિસ્તારમાં (કદાચ લુણાવાડાથી ડુંગરપુર સુધીના વિસ્તારમાં) આવું કોઈ પણ પ્રાચીન સ્થળ જોવામાં આવતું નથી, અને જે પથ્થર વાપરેલો છે તે પણ ત્યાં કોઈ ઠેકાણે દૃષ્ટિગોચર થતો નથી એ પણ એક નોંધપાત્ર બીના છે.

કલેશરી માતાના સ્થાનની આસપાસ સારી નકશીવાળા સંખ્યાબંધ પથ્થરો નજરે પડે છે. પાણીનો ઝરો બારે માસ અહીં વહેતો રહેવાથી અહીં સદા હરિયાળી ઘાસ રહે છે અને ખજૂરી, સાદડ, સાગડા, પીંપળ, કણજ વગેરે વૃક્ષો તથા લતાઓથી સભર વનરાજિ હૃદય આ સ્થાનને આહ્‌લાદક ઠંડક આપી રહી છે. વારતહેવારે ઉજાણી કરવા કે મોજ માણવા અહીંના રમણીય સૌંદર્યથી આકર્ષાઈને લોકો આવે છે. ઉનાળાના પ્રખર તાપમાં સેંકડો મુસાફરો આ સ્થાનનાં ઠંડક અને સૌંદર્યથી આકર્ષાઈ વિસામો કરે છે.

પાંડરવાડા ગામથી ચારેક માઈલ પૂર્વે 'ઝરમર માતા'નામનું સ્થાન છે. ત્યાં પહાડમાંથી બારેમાસ એક કાણા વાટે પાણી વહ્યા જ કરે છે. બાલારામને કંઈક મળતું આવે એવું અહીંનું કુદરતી દૃશ્ય છે. ત્યાં પડેલી મૂર્તિના ટુકડાને ભેગા કરતાં તે કલેશરી માતાને મળતી જ આવે છે. લોકોક્તિ પ્રમાણે એ બંને બહેનો ગણાય છે ને કલેશરીમાંથી જ પાણી અહીં આવે છે. અહીં ૧૪"×૧૦" અને ૧૨"×૧૦"ના માપની ઈંટો નજરે પડે છે. અહીંથી થોડેક દૂર ભાદર નદી પાસે આઈ માતાનું સ્થાન આવેલું છે. આ પ્રદેશ ડુંગરાળ છે. અહીં લાલીઓ લુહાર નામનો એક માણસ પારસમણિ સંતાડીને રહ્યો હતો. તેણે પોતાની ધમણ જ્યાં નાખેલી, ત્યાં બળેલા લોખંડના ટુકડા જેવા 'કાટોડાં' સારા પ્રમાણમાં મળી આવે છે. ભાદર નદીમાંથી ઈમારતને ઉપયોગી પથ્થરો નીકળે છે. અહીં વાઘવરુની બખોલો છે અને જંગલ પણ ભયંકર છે. મોટા તોતિંગ લાલાશપડતા ખડકો, એમાં જાણે ચૂનાથી લીટીઓ દોરી હોય તેવી ધોળા પથ્થરોની પંક્તિઓ, આવી દીવાલોમાં ઊગેલા થુવેર અને અન્ય વનસ્પતિ તથા ઊંડા ધરા વગેરે પણ જોવા જેવી કુદરતની બલિહારી છે.

આ પ્રદેશ પ્રત્યે સરકાર કે કોઈ સંશોધનપ્રેમી વિદ્વાનનું લક્ષ ગયું નથી. રેલવે સ્ટેશનથી પંદરેક માઈલ દૂર હોવાથી અહીં અવરજવર બહુ મુશ્કેલીથી થઈ શકે છે. અહીંના ભીલોની ભાષા પણ એક લાક્ષણિક લઢણવાળી અને અભ્યાસયોગ્ય છે. આ સ્થળના પ્રાચીન અવશેષો શિલ્પની દૃષ્ટિએ નોંધપાત્ર છે. સંભવ છે કે ગુજરાતના અને ભારતના શિલ્પના ઇતિહાસની એકાદ કડી આ શિલ્પ બની શકે.

ધોધમાર વરસાદ પડતો હતો. રસ્તાઓ ઉપર ઘૂંટણ સુધીનાં પાણી ભરાઈ ગયાં હતાં. છત્રી વિનાના રાહદારીઓ જ્યાંત્યાં કોઈ આશરો શોધી લઈ વરસાદ ધીમો પડવાની રાહ જોતા ઊભેલા હતા. રાજમાર્ગ ઉપરના એક મોટા મકાનના એક ઝરૂખા નીચે એકલી ઊભેલી એક જુવાન બાઈ હમણાં જ ઑફિસમાંથી છૂટીને નીકળી હોય એમ લાગતું હતું. એની પાસે છત્રી નહોતી.

રસ્તેથી એક માયાળુ દિલના ગૃહસ્થની મોટર પસાર થઈ. પોતે મોટરમાં એકલો જ હતો. પેલી અસહાય ઓરતને જોઇને એ મોટરવાળાને દયા આવી. ગાડી ઊભી રખાવી તેણે બાઇને પૂછ્યું 'આપને ક્યાં જવું છે? હું ઉતારી દઉં?' બાઈ તરત જ ગાડીમાં ગોઠવાઈ ગઇ અને બોલી, 'મને સૅન્ડહર્સ્ટ રોડના નાકા ઉપર ઉતારી દેશો તો મહેરબાની થશે'. ગાડી ચાલુ થઈ. રસ્તામાં પેલા ભલા મોટરમાલિકે વાત શરૂ કરી: 'અચાનક વરસાદ પડે ત્યારે છત્રી ન હોય તેથી ઘણી વાર આવી મુશ્કેલી ઊભી થાય છે. તમારા હાથમાં આ બંડલમાં કોઈ ભીંજાય એવી ચીજ તો નથીને?'

'નહિ જી.' બાઇએ ઠંડે પેટે જવાબ આપ્યો, 'એ બંડલમાં તો ફક્ત મારો નવો રેનકોટ છે. હજુ થોડી વાર પહેલાં જ પેલી દુકાનેથી મેં એ ખરીદ કર્યો અને ટ્રામના સ્ટૅન્ડ તરફ જતી હતી એટલામાં એકાએક વરસાદ જોરમાં તૂટી પડ્યો.'



ડાબી બાજુ : ન્યૂયૉર્કના એક દાંતના દાક્તર જે. આર. સ્વાર્ટ્ઝે ફુરસદના વખત માટે અપનાવેલી આ કલાનો રજૂ કરેલો કુશળ નમૂનો : જેમાં હાથીદાંતના એક દડાની અંદર બીજો દડો છુટ્ટો રમતો કોતરેલો છે! એનું કદ કેટલું નાનું છે તે તો એને પકડી રાખેલા અંગૂઠા ને આંગળીના કદ પરથી જાણી શકાય છે. જમણી બાજુ : પ્રથમ ચિત્રશ્રી મિલ્ટન હેબાલ્ડનું શિલ્પ 'પ્રતિબિંબ'; બીજું ચિત્ર–શ્રી ગ્વિનેથ હોલ્ટ કૃત 'માતા અને બાળક'



હાથીદાંતનું શિલ્પ

હાથીદાંતની કોતરણી-કલાની હિંદને નવાઈ નથી. નાની પેટીનાં ચાર પડખાં ઉપર આખી રામાયણકથા કોતરવાથી માંડીને વિવિધ સુશોભનોથી મંડિત શોભા-શણગાર તથા રોજિંદા ઉપયોગની વસ્તુઓ, રમકડાં વગેરે, કોતરનારા મહૈસુર તથા બીજાં રાજ્યોના ભારતીય કારીગરોની કલા વર્ષોથી મશહૂર છે.

કોતરણી માટે હાથીદાંત ખૂબ સરળ અને સ્વાભાવિક માધ્યમ હોઈ પશ્ચિમના કલાકારોએ હમણાં એ હાથ ધર્યું છે, અને તેને ઉત્તેજન આપવાના હેતુથી યુરોપ-અમેરિકાના કલાકારોનાં એવાં નાનકડાં શિલ્પોનું એક પ્રદર્શન થોડા માસ પર ન્યૂ યૉર્કમાં 'કાર્લબાખ ગૅલેરી' નામના નાનકડા કલાકેન્દ્રમાં ભરવામાં આવ્યું હતું. એમાં વાસ્તવિક શૈલીની શિલ્પકૃતિઓ, અલંકાર શૈલીની વસ્તુઓ તથા પ્રથમ નજરે બેહૂદી લાગતી આવેગભરી અદ્યતન કળાની કૃતિઓ હતી. આ પાના પર તેના થોડા નમૂના તેની સમજણ સાથે આપ્યા છે.

જેમના કલાકેન્દ્રમાં આ પ્રદર્શન ભરાયું હતું તે શ્રી જુલિયસ કાર્લબાખ 'અંગકસરત' નામનું શિલ્પ એક પ્રેક્ષકને બતાવી રહ્યા છે તેનું ચિત્ર અહીં આપ્યું છે. એ ઉપરથી આ કૃતિઓ સામાન્યતઃ કેવડા કદની હતી તેનો ખયાલ આવશે. હાથીદાંતના જે ટુકડામાંથી તે કોરેલું છે તેનો બાકીનો ભાગ જ એ શિલ્પની બેઠક તરીકે મૂળ રૂપમાં રાખેલો છે.





આપણી સામાજિક ઊણપો ઉપર કટાક્ષ કરતાં 'રંગલા'(ખરું નામ જયંતીલાલ પટેલ : અગાઉ આવેલા 'કટાક્ષકલા' તથા 'પંચ' ઉપરના લેખોના લેખક)નાં કાર્ટૂનોથી વાચકો જાણીતા છે. ભણતરના ઘમંડી લોકોને પુસ્તકિયા કીડા દર્શાવીને તેમના પર કરેલો કટાક્ષ આમાં સ્પષ્ટ છે.

ગડદાનો અવાજ... આકાશનો ગોરંભ... અને... બદલો

ભીખો એ લંગડાને દેખતો ત્યારથી જ એની આંખમાં અંગારા વરસવા લાગતા. ખેતરની વાડ પરથી કોઇકોઇ વાર એ ઊંટ પેઠે ડોક તાણીને ડોકિયાં કરતો અને એવે સમયે જો ભીખો એને જોઈ જાય તો છૂટી ઇંટ કે ઢેખાળો સણસણાવતો. પણ લંગડો એવો તો ચાલાક હતો કે આજ સુધીમાં નહિનહિ તો યે ભીખાના ખેતરની છૂટક છૂટક કેટલાય મણ મગફળી બગાડી ગયો હશે પણ એકે વાર તેને હાથ પડ્યો નહોતો. હરણ જેવા બબ્બે પગવાળા એના સાથીદારો કોઇકોઇ વાર ભીખાના હાથમાં સપડાઈ જતા; પણ એક ડોળાવાળા કાગડા જેટલો ચાલાક આ એક પગવાળો લંગડો કદી પકડાયો નહોતો!

બિચારા ભીખાને તો બે બાજુનો સંતાપ હતો. એક બાજુ આ લંગડો એના સાથીદારોને ખેતરમાં ઘુસાડી ભેંજવાડ કરી જતો, ત્યારે બીજી બાજુ ભીખાનો ઘરડો બાપ ખેતરમાં પેસી જતાં આ છોકરાંની તરફેણ કરતો હતો. એ ઘણી વખત કહેતો: 'ભીખલા! જો આ નિશાળિયાંને માર્યાં છે તો તારી વાત તું જાણજે!' અને જરા અટકીને ઉમેરતો: 'ખેતર મારું કે તારું?'

ભીખલો આવું સાંભળવા તૈયાર હોય ખરો કે? બાપ સામે લાલ ડોળા કાઢી એ ઘૂરકતો: 'સગલાં ભીખ મગવશે એનું કંઈ ભાન છે તમને?'

'છોકરાં તો કંઈ મગવતાં નથી, પણ તારું કરમ મગવશે!'

કંટાળીને ભીખો કહેતો: 'સળગાવી જ દો ને! મારું શું જાય છે? હું તો મજૂરી યે કૂટી લઈશ; પણ...'

વળી વાત સહેજ ઠંડી પડતી એટલે ડોસો બોલતો: 'ભઈ, દુનિયાનાં કપટી માનવી જેટલું બગાડે છે એટલું તો આ છોકરાં નથી બગાડતાં! અને બગાડી બગાડીને કેટલું બગાડશે? આવડા મોટા ખેતરમાં એટલા ભેંજવાડનો શો હિસાબ?' વળી થોડી વાર અટકીને ડોસો બોલતો: 'અને એમાં બગાડ શેનો? એ ય નિશાળિયાંના મોઢે જાય છે ને? ભગવાનના આશીર્વાદ સમજો ભઈ, એ તો!'

ડોસો આવી મતલબનું કંઈક બોલતો ને ભીખાને પગથી તે માથા સુધી ઝાળ લાગી જતી. એક તો આટલી મહેનતમજૂરી કરીને પકવેલું આમ બગડતું હતું, અને ઉપરથી ડોસો આમ બોલતો હતો!

પણ ભીખાને ડોસાનું કંઇ ગણકારવાનું નહોતું, એટલે એ ડોસાના શબ્દો સામે ઝાઝી લમણાઝીક કરતો નહિ. અને કોઇ છોકરું હાથમાં આવી જાય તો ખાધેલી મગફળી અથવા બીજું કંઇ ઓકાવી દે ત્યાં સુધી ઝૂડતો. ભયત્રસ્ત છોકરાના બરાડા સાંભળી ખેતરના કોઈ પણ ખૂણે કામ કરતો હોય તો પણ ડોસો દોડતો આવતો અને ભીખાના કસાઈ જેવા હાથમાંથી એ છોકરાને છોડાવતો. ઘણી વખત તો છોકરાને ભીખાના હાથમાંથી મુક્ત કરતાં સુધીમાં તો ડોસાની આંખમાં આંસુ ઉભરાઈ જતાં. એને ક્રૂર ભીખા ઉપર ક્રોધ તો ઘણો ચડતો, પણ અશક્ત ડોસો શું કરી શકે?

એક દિવસ રાત્રે પેલો લંગડો અને એનો એક સાથીદાર ખેતરમાં ઘૂસ્યા. મઝાની ચાંદની રાત હતી. લંગડો નિર્ભય બનીને પેલા સાથીદારને ચણાના ઓળાવાળી જગ્યા બતાવતો હતો. એણે પેલાને કહ્યું: 'તું ઉખેડી લાવ; હું અહીં ઊભો છું.' સાથીદાર ગયો અને લંગડો અજવાળામાં થોડું થોડું ટહેલવા લાગ્યો. બાજુની જુવારમાં પેલો રાક્ષસી ભીખો છુપાઈ રહ્યો હતો એની એને ખબર નહોતી. જેવી લંગડાએ એના તરફ પીઠ ફેરવી કે ભીખાએ એના પર ઝડપ મારી અને એક ગડદાએ તો બૂમ પડાવી દીધી! લંગડાની બૂમ સાંભળીને પેલો સાથીદાર સામેની વાડેથી ભાગ્યો, પણ લંગડો ઊભો થઈ નાસવા જાય એ પહેલાં તો ભીખાએ ઉપરાઉપરી લાતોના પ્રહાર શરૂ કરી એને અધમૂઓ કરી નાખ્યો. આટલું માર્યા પછી ભીખો જરા ગભરાયો અને બીજા દિવસનો ખયાલ કરતાં જરા ધ્રૂજ્યો પણ ખરો! પણ એ કંઈ આગળ વિચાર કરે એ પહેલાં તો લંગડો અદૃશ્ય થઈ ગયો હતો.

લંગડાને ખૂબ માર્યો જાણી બીજે દિવસે ડોસાના હૃદયમાં એક પ્રકારનું ઊંડું દુઃખ થયું, પણ એ વખતે એ કંઇ બોલ્યો નહિ.

એકાદ વર્ષ વીતી ગયું. કોઇ વિચિત્ર મોસમમાં ડોસો માંદો પડ્યો. એ માંદગીમાંથી એ ઊઠે એવાં ચિહ્નો જણાતાં નહોતાં. આખરે છેલ્લી પળ પણ આવી પહોંચી. કોણ જાણે કેમ, ડોસો મરતી વખતે પણ પેલાં નિશાળિયાંની વાત છેડ્યા વગર રહી ન શક્યો. એણે ભીખાને બોલાવીને તૂટકતૂટક શબ્દોમાં કહ્યું, 'ભીખા! પેલાં નિશાળિયાંના નિસાસા ન લેતો!' વળી ખૂબ પ્રયત્ન બાદ ડોસાએ આગળ કહ્યું, 'જો એમનો આશીર્વાદ પામીશ તો કદી યે ભૂખે મરવા વારો નહિ આવે!'

ભીખાને ડોસાની આ મૂર્ખાઇભરી વાતમાં જરા ય રસ નહોતો. છતાં પરિસ્થિતિનો ખયાલ કરી એણે કહ્યું, 'એ વાતે બેફિકર રહેજો!'

ડોસાને વિશ્વાસ ન બેઠો. એણે કહ્યું, 'ના, એમ નહિ; જળ મૂક!'

ભીખો બોલી ઊઠ્યો: 'આ વખતે ય આવી જંજાળ શું કામ રાખો છો? રામરામ કરો ને!' પણ ડોસો મૂંગો રહ્યો. એના ચહેરા ઉપરના છેવટના ભાવ ન સમજે એવો મૂર્ખ ભીખો નહોતો. એણે ખૂબ કંટાળાભરેલી રીતે ડોસાની ઈચ્છા પૂર્ણ થાય એવું વચન આપ્યું અને ડોસો નિરાંતભરી શાંતિથી મૃત્યુ પામ્યો.

બીજા વર્ષનો શિયાળો આવ્યો. ત્રણ વરસ સુધી દાણો ય ન પાકે તો યે વાંધો ન આવે એટલો માલ ઊતરે એવી ખેતી ઓણ હતી. એકાદ ટેકરા પર ચડીને જોઇએ તો આંખ ઠારતા કોઈ લીલા રંગના મહાસાગર વચ્ચે ઊભા હોઇએ એમ લાગે એવાં લીલાંછમ ખેતરો હતાં.

પણ ભર્યાંભર્યાં ખેતરોનો ખેડૂતોને જેટલો આનંદ હતો એટલી જ ચિંતા થાય એવું કારણ એકાએક ઉપસ્થિત થયું. બાજુના પ્રદેશમાં ઊડતાં તીડ આવ્યાં છે એવું જ્યારથી એમણે સાંભળ્યું હતું ત્યારથી એમનો જીવ ઊડી ગયો હતો! ભીખાની ખેતી તો સૌથી સારી હતી. આફતને સમયે નિર્બળ માનસને વહેમી થતાં વાર લાગતી નથી. તીડ આવ્યાના સમાચાર જાણી એના મનમાં ભૂખમરાના ભણકારા વાગવા માંડ્યા હતા. એના બાપના શબ્દો એને વારંવાર યાદ આવવા લાગ્યા. અને વધારામાં બે દિવસ ઉપર જ એણે ફરી પાછો લંગડાને માર્યો હતો! પોતાની પાયમાલીની ભીખાને ખાતરી થઈ ચૂકી!

બપોર નમતા હતા. શિયાળાનો દિવસ, એટલે સાંજ પડવાને વાર શી? દિવસ વધારે ઊતરે એ પહેલાં તો આજુબાજુનાં ખેતરોમાં થતો કોલાહલ ભીખાએ સાંભળ્યો. સૌ ઝાડ ઉપર ચડીને દક્ષિણ ક્ષિતિજ તરફ જોઈ મોટેથી શોર મચાવતા હતા.

ભીખાએ શેઢા ઉપર ચડીને જોયું. દક્ષિણ તરફ કોઈ ઘનઘોર મેઘ આકાશે ચડતો હોય એમ એ બાજુનું આકાશ ધૂંધળું બની ઘેરાતું જતું હતું. ભીખો મનમાં ત્રાસ પામી ગયો: 'ગજબ કરી નાખ્યો! એક છોડવો ય બચે એમ નથી. ઝાડનાં પાંદડાં ય બાકી નહિ મૂકે.' ભીખો

બોલી ઊઠ્યો. અને હતાશ બનીને શેઢેથી નીચે ઊતર્યો.

થોડી ક્ષણોમાં તો નજીકનું આકાશ પણ વધારે ને વધારે ઝાંખું બનવા લાગ્યું. ચારે બાજુનાં ખેતરોમાં લોકો ડોલ, ડબ્બા કે ડબલાં જે મળે તે લઈને અવાજ કરવા મંડી ગયાં હતાં!

ભીખાએ ભાન ગુમાવ્યું હતું. શું કરવું એ ન સૂઝતાં રઘવાયો બની એ આમતેમ ઘૂમરીઓ ખાવા લાગ્યો. એની બધી ય આશાઓ ઉપર પાણી ફરી વળતું હતું! કોઈ પણ જાતના અવાજને ગણકાર્યા વગર તીડ તો ખેતરોમાં ઊતરવા માંડ્યાં હતાં. અને ભીખો આકાશને ભરી દેતા એ અસંખ્ય જીવો તરફ ફાટી આંખે જોઈ રહ્યો હતો!

એને ભૂખમરાનું ભૂત ગૂંગળાવી રહ્યું. પણ ત્યાં તો અચાનક એણે પોતાની નજીકમાંથી અસંખ્ય થાળીઓનો અવાજ પોતાના ખેતર તરફ આવતો સાંભળ્યો. એક પળ તો પોતાને ચિત્તભ્રમ થયો છે એવો ખયાલ એને આવ્યો. પણ જરા સ્વસ્થ થતાં એણે જોયું તો પેલા બધાય નિશાળિયા પોતપોતાની થાળીઓ ઠોકતા પોતાના જ ખેતર તરફ આવતા હતા! અને એ સૌની મોખરે પેલો લંગડો બેવડી ગતિથી ધસ્યો આવતો હતો! છોડવે છોડવે જઈને ઊભા રહી શકે એટલા નિશાળિયાઓનું ઝુંડ જોઈ ભીખો હર્ષથી મૂઢ બની ગયો.

એનું હૈયું લાગણીભીનું બનીને હરખાઈ ઊઠ્યું હતું. અને એ વખતે એના હૈયા તથા આંખોમાં શાના પ્રવાહ હતા એનું પૃથક્કરણ કરવાનો એને સમય નહોતો.

મોહનલાલ પટેલ





આલ્પના

બંગાળમાં રંગોળીને 'આલ્પના' (આલિંપન) કહે છે. વારતહેવાર કે લગ્ન જેવા મંગલ ઉત્સવ પ્રસંગે ઘરને આંગણે ને પરસાળમાં, બારણે બારણે આલ્પનાની વિવિધ આકૃતિઓ આલેખવાનો એ પ્રજામાં પરંપરાગત રિવાજ છે, અને એનાં આલેખનો પણ પ્રાચીન પ્રતીક-પ્રણાલી અનુસાર હજી આલેખાયાં કરે છે. ગામડાંઓમાં તો આ શોખ જીવતોજાગતો છે અને તેનો ધબકાર ઘરઘરમાં સંભળાય છે. એ ગામઠી આકૃતિઓમાં પણ પાદચિહ્ન, મત્સ્ય, શંખ, ચોખાના દાણા, કમળ તથા અન્ય ફૂલ-પત્તી આદિનાં પ્રતીકોનાં મૂળ વર્તાઈ આવે છે.

ચોખાને બેત્રણ કલાક પાણીમાં પલાળી રાખીને તેને શિલા ઉપર વાટે છે અને તેમાં જરૂર પૂરતું પાણી મેળવીને એકરસ કરે છે. પછી કપડાનું એક નાનકડું પોતું તેમાં બોળીને જમણા હાથની વચલી બે આંગળીઓ અને અંગૂઠા વચ્ચે તેને પકડી તેમાંથી રસ નિતારીને તેના ઝપાટાબંધ લસરકાઓ વડે આકૃતિની રેખાઓ આલેખતા જાય છે. આકૃતિ જેમ સુકાતી જાય છે તેમ ઊઘડતી જાય છે અને પૂરેપૂરી સુકાઈ રહ્યા પછી તો ખૂબ જ ઉઠાવદાર બની જાય છે.

બંગાળના ગૃહજીવનની રગેરગમાં આ કળા ઊતરી ગઈ છે એમ કહીએ તો ચાલે. ત્યાંના સ્ત્રીવર્ગે તે ખાસ હસ્તગત કરી લીધી છે અને તેઓ તેને પ્રાર્થના જેટલું જ પવિત્ર કાર્ય સમજે છે. તેથી ઉત્સવના જે મંગલ પ્રસંગે આલ્પનાની આકૃતિઓ આલેખવાની હોય તે દિવસે તો તે વહેલે મળસ્કે ઊઠી, નાહીધોઈ, સ્વચ્છ કપડાં પહેરીને ઉમંગથી ચીતરવા બેસે છે. છેકછાકને તેઓ અશુચિ સમજે છે. પણ એમના હાથ એટલા બધા કેળવાઈ ગયા હોય છે કે ભૂંસવાની જરૂર જ પડતી નથી. એ મામૂલી સાધન વડે પણ જોનારને આશ્ચર્ય થાય એટલાં સુડોળ પ્રમાણો તાલ અને છંદની લીલા સાથે તેમની આંગળીમાંથી ઝપાટાબંધ લસરકાઓ દ્વારા મેળવતા જાય છે. અને જોતજોતાંમાં તો અદ્ભુત લાવણ્યભરી મનોરમ આકૃતિ આંખ સામે ઉપસી આવે છે.

પૂજાના (નવરાત્રીના) દિવસોમાં સામાન્યતઃ બે પાદચિહ્નને ફરતી ભિન્નભિન્ન પ્રકારની વિકસિત કમલાકૃતિ તેઓ આલેખે છે. તેના ત્રણ નમૂના આ ઉપર આપ્યા છે. જાણે અદૃષ્ટ ભાગ્યદેવીએ રાત્રિની શાંતિમાં આવીને ઘરને બારણે બારણે પાવનકારી પગલાં કર્યાં ન હોય? અને જ્યાં જ્યાં એમનાં દૈવી પગલાં થયાં હોય ત્યાંત્યાં જાણે સહસ્રદલ પસારીને એકએક ચમત્કારિક કમળફૂલ ફૂટી નીકળ્યું ન હોય?— એવી રંગભરી અને કાવ્યમય એની પાછળ કલ્પના છે. આ આકૃતિઓ ઘરમાં પવિત્ર હવા ઊભી કરે છે. (આકૃતિઓ : શ્રી ગૌરીશંકર ભટ્ટાચાર્ય)

વાચિક અભિનય

સુંદર ઊંડો ઘેરો અવાજ શું કરી શકે છે તેની એક હાસ્યરસિક વાત છે. મશહૂર પૉલિશ અભિનેત્રી માદામ મોજેસ્કાને ન્યૂયૉર્કમાં માન આપવામાં આવ્યું અને પછી તેને કહેવામાં આવ્યું કે 'હવે તમે કાંઈક તમારી માતૃભાષામાં બોલો'.

મોજેસ્કાએ એવી ઊંડી ઊર્મિથી અમુક ફકરાઓ બોલી બતાવ્યા જેની કરુણાથી ઑડિયન્સની આંખમાં આંસુ આવી ગયાં. કાર્યક્રમ પૂરો થયા પછી એક પૉલિશ ગૃહસ્થે ખુલાસો કર્યો કે મોજેસ્કા ખાસ કરુણ ભાષણ નહોતી બોલી, પણ માત્ર આંકના ઘડિયા બોલી ગઈ હતી!

(ગુજરાતી નાટ્ય)



ગરમ કોટ

'હું ગ્યો તાણે કે'છે કે ભઈ, કંઈ જડતો નથી. ભૂલથી કો'કને દેવાઈ ગ્યો હશે. જોઈ તો ઈના પૈસા લઈ લો; નીં તો પન્નર દી' પછી આવજો.'

'પછે?'

'પછે તો મીં ઈને દમ તો દીધો. પણ ઈનું નામ કંઈ નહિ. ઈ હવે કાંઈ ઓછો હાથ મેલવા દે? ને પાછું લોક ભેગું થાય એમ ઈ વવારે અડી કરે. ઈમાં કાંક આ વતા પૈહા ય જાય.'

'હું આલ્યું ઈ ગ્યું?'

'હાત રૂપિયા.'

'કોગળિયું આવે ઈ સ્ટોરવાળાને' બબડી ડોસી અંદર ચાલ્યાં ગયાં.

કરસન ડોસા ગાડીમાંથી ઊતર્યા ત્યારે એમના પગ તો જાણે ભાંગી ગયા હતા. ગાડીએ કારમી વ્હિસલ મારી અને એમના ઘરડા-ખખ શરીરમાં એક કંપારી પ્રસરી ગઈ. જરા આગળ વધ્યા ત્યાં હાથમાં ડોલ લઈને એન્જિન પર પાણી ભરવા દોડતા એક છોકરાનો ધક્કો વાગતાં તે પડતાંપડતાં રહી ગયા. બદલામાં ટોપરા જેવી એક ગાળ ભાંડી તે બબડતા બબડતા બહાર નીકળ્યા ત્યારે અંધકારમાં ઝાંખા રસ્તા પર મોટા અવાજે લલકારતા બેચાર ડંગડાવાળા રબારી ઉતાવળે પગલે ઘર ભણી જતા હતા. અવાજની એંધાણીએ એમણે પણ ચાલવા માંડ્યું.

ખોરડે પહોંચ્યા ત્યારે તો ચંદ્ર પણ ખાસ્સો ઊંચે આવી ગયો હતો. આજુબાજુનાં સૌ વાળુ કરી જંપી ગયાં હતાં. ઝાડની છાયાઓ પણ સ્તબ્ધ હતી. સીમમાંથી ક્વચિત આવતી શિયાળની લારી અને જવાબમાં હોય તેમ બરાડી ઊઠતી આસપાસની કોઈ ગાય કે ભેંસના અવાજ સિવાય બધું શાંત હતું. વ્યગ્ર ચિત્તે ડોસા ઓશરીમાં જ ખાટલો ઢાળી માથેથી ફાળિયું કાઢતા બેઠા ને બેસતાંની સાથે ઊંડો નિસાસો મૂક્યો. એમને આવ્યાંજાણી ખૂણામાંથી કાન ઊંચા કરી પાડું ભાંભર્યું. અંદર પ્રકાશ સળવળ્યો ને થોડી વારે સંબુડોસી હાથમાં ફાનસ લઈ બહાર આવ્યાં. ગાડીનો અવાજ સાંભળ્યો ત્યારથી એ ડોસાની વાટ જોતાં હતાં. ડોસા આવીને ચૂપચાપ બેસી ગયા તેથી એને શંકા જાગી: 'ચ્યમ?'

ફાનસના નિસ્તેજ પ્રકાશમાં કરચલીઓથી મઢાએલા શંબુના ચહેરા સામે જોઈ ડોસાએ ક્યાંય સુધી શબ્દો ખોળવા વલખાં માર્યાં; ને અંતે "દુકાનદારે તો કોટ ખોઈ નાંખ્યો!' એમ સીધું બોલી નાંખ્યું.

'મૂવા!' શંબુ પાસે એટલો તાત્કાલિક શાપ તો તૈયાર જ હતો. ફાનસ જમીન ઉપર મૂકી તે પાણી લાવવા પાછી ફરી.

'રે'વા દે. હું માંહ્ય જ આવું છું.' એમ શબ્દ તો નીકળ્યા, પણ એ ખખડધજ શરીર ઊઠી ન શક્યું.

'તી ગ્યો ચ્યમ કરતાં ને?' વાત જાણવાની ડોશીને ઈંતેજારી જાગી. અને સાથેસાથે કરસનના કોટ વગરના શરીરને શિયાળો ગાળવામાં થનાર મુશ્કેલીનો ચિતાર પણ એને મુંઝાવી ગયો.

ડોસાના ખખડધજ શરીર સાથે શિયાળો ક્રૂર મશ્કરી આદરી બેઠો. એમની પાસે ગુજરીમાંથી લીધેલો ગરમ કોટ હતો. કાળજીને અભાવે બેરીએ ફોલી ખાધેલો. ડોસા એને શહેરમાં તુણાવવા આપી આવેલા. વાયદા પ્રમાણે આજે લેવા ગયા ત્યારે આ સમાચાર લઈ પાછા ફર્યા.

ડોસા અંદર જવા ઊઠ્યા. પીઠ ઉપર મમતાથી જરા હાથ ફેરે એ લાલસામાં પાડું ગળેથી દોરડું તાણતું બરાડ્યું.

'ઈ તમારાં કામ નહિ. ઝીણિયો શે'રમાં આવજા કરે છે તી ઈને કીધું હોત...' કહી ડોસીએ તાંસળામાં ગરમગરમ કઢી રેડી. ડોસાને જાણે દઝાયું હોય તેમ એ જવાબમાં બોલી ઊઠ્યા: 'તું અરધું જાણીને શું કામ બક છ? આજે જ હવારમાં ઈ નીકળતો'તો ને મીં ઈને કીધું; તાણે કે'છે, બાપા, તમારો ઈ કોટ મને જરા ય હાંભરતો નથી. તમે જ લઈ આવજો. નકામું હું કાંક ભળતું લઈ આવું. મીં કીધું ઠીક હવે તાણે...'

'મૂવાં ઈ પેટનાં જણ્યાં. આટલાં વરહથી તમે પેરો'છો ને કે'છે મીં દીઠો નથી...' ડોસાએ મૂંગામૂંગા રોટલો બોળી ખાવે રાખ્યું. શંબુ-ડોસીએ અકળામણમાં બેચાર વાસણ પછાડ્યાં અને બબડ્યા કર્યું.

ખુલ્લી ચામડી પર નહોર મારતો ઠંડો પવન ચૂલાની આસપાસ ફેરા મારી નાસી છૂટતો હતો. ત્યાં દૂરથી હાકોટા પાસે આવતા સંભળાયા.

'ઝીણિયો લાગે છ.' ડોસીએ કહ્યું. પડાળીમાં પગરવ સંભળાયો. ફરી પાડું ભાંભર્યું.

અદમ્ય ઉત્સાહમાં હોય એમ ઝીણાએ પ્રવેશ કર્યો. એ વાતાવરણથી તદ્દન જ અજાણ હતો. હાથમાંની પોટલી જમીન ઉપર મૂકી તે ડોસાની અડોઅડ બેઠો. સુક્કા ચહેરા ઉપરની પોતાની ઝીણી આંખમાં ભારોભાર હોશિયારી લાવી તે પોટકી છોડતાં કહે, 'બાપા હું ય તે આ વખતે મારે હારુ આ લઈ આયો. જુવો જોઈ પન્નર રૂપિયામાં કેવોક છે!'

કરસન ડોસાની નજર એ કોટ પર ગઈ, ને આગ લાગી હોય તેમ તે સફાળા ઊભા થયા! અને એ સાથે ઊછળેલા તાંસળામાંની ઊની ઊની કઢીના છાંટા ચોમેર ઉડ્યા.

એ અવાજમાં ડોસીની ગાળ પણ સંભળાઈ નહિ. **'તારકનાથ'**

જંગો અમન



જગત-સાહિત્યની અભિજાત શિષ્ટમાન્ય કૃતિઓ(Classics)ના પરિચય આપવાના ઉદ્દેશથી 'કુમાર'નું એક નવું અંગ આ સાથે શરૂ થાય છે. એમાં એક વખત કોઈ શાશ્વત મૂલ્યવાળી અગ્રણી નવલકથાનો સંક્ષેપ તથા એક વખત કોઇ એવી જ શિષ્ટમાન્ય નવલિકા આપવાની ઉમેદ છે. વચ્ચેવચ્ચે એ જ કક્ષાનાં સુંદર કથાકાવ્યો (જેમકે 'ઍટલાન્ટની શરત' અગાઉ આપ્યું હતું) કે ટોચની નાટ્યકૃતિઓના કથારૂપ સંક્ષેપ (જેવો લૅમ્બે શેક્સપીઅરનાં નાટકોનો આપ્યો હતો) આપવાનું પણ ધાર્યું છે.

આ યોજનામાં પ્રથમ રજૂ થતી આ નીચેની કૃતિ રશિયન સાહિત્યસ્વામી ટૉલ્સ્ટૉયના મહાનવલ 'વૉર ઍન્ડ પીસ'(યુદ્ધ અને શાંતિ—જંગ વ અમન=જંગો અમન)નો રેખારૂપ સંક્ષેપ છે, અને તાજેતરમાં આવેલી એ મહાનુભાવની ૧૨૫મી જન્મજયંતી નિમિત્તે એમના જીવનચરિત્રની સાથોસાથ તે પણ આ અંકમાં આપવી ઉચિત ગણી છે.

ટૉલ્સ્ટૉયની તમામ કૃતિઓમાં લાંબામાં લાંબી કૃતિ કોઇ હોય તો તે આ છે અને જગત સાહિત્યની મહા-નવલોમાં તેનું સ્થાન ગણનાપાત્ર છે. ઈ. સ. ૧૮૦૫ થી ૧૮૧૨ સુધીના યુરોપના અત્યંત ઉત્પાતભર્યા ગાળાનું ચિત્ર એમાં આલેખાએલું છે. ફ્રેન્ચો અને રશિયનો વચ્ચેના સંઘર્ષની આ કથા ત્રણ રશિયન કુટુંબોની આસપાસ વણવામાં આવી છે. ત્રણે કુટુંબની વ્યક્તિઓ એમાં મુખ્ય પાત્રો તરીકે આલેખાઈ હોવા છતાં ગૌણ પાત્રો પણ ઓછાં આકર્ષક નથી. તેમાં યે પ્લાતન કારાતાએફનું પાત્ર તો અવિસ્મરણીય જ છે અને બીજા કોઈ પણ પાત્રના કરતાં એનું આલેખન યુદ્ધની નિરર્થકતા વધુ સચોટ રીતે સાબિત કરે છે. પ્રસ્તુત કૃતિમાં યુરોપના ઇતિહાસની એક ભયંકર ઘટના આલેખિત થવા છતાં તે સંપૂર્ણપણે એક નવલકથા જ રહી છે, વાર્તારૂપે કહેવાએલો ઈતિહાસ નહિ; અને એનું કારણ ટૉલ્સ્ટૉયના સજીવ પાત્રાલેખનમાં રહેલું છે. નવલકથાનાં પાત્રોની બાબતમાં ટૉલ્સ્ટૉયે પ્રશંસનીય તટસ્થતા જાળવી છે-એકમાત્ર સર સેનાપતિ કુતુઝોફ સિવાય. કુતુઝોફ પ્રત્યેનો એનો પક્ષપાત સ્પષ્ટ દેખાઈ આવે છે. નેપોલિયન સાથેના યુદ્ધની એની વ્યૂહનીતિનું સમર્થન રશિયનો નહોતા કરી શક્યા એટલું જ નહિ પરંતુ સમજી પણ નહોતા શક્યા, એ હકીકતે ટૉલ્સ્ટૉયને ક્ષુબ્ધ બનાવી તેનો પક્ષ લેવાને પ્રેર્યા હોય તો નવાઈ નહિ. પરાજયમાં પણ હોમરિક જુસ્સો કાયમ રાખતા નેપોલિયન અને તેના સૈન્યની મૉસ્કોથી પીછેહઠનું પણ મૂળમાં ભવ્યકરુણ ચિત્ર ટૉલ્સ્ટૉયે આલેખ્યું છે. આ સંક્ષેપમાં તો એ મૂળ કથાના ઘટનાક્રમ ઉપરાંત એની વિશાળ પાત્રસૃષ્ટિમાંના કેટલાકના વ્યક્તિત્વની આછીપાતળી રેખા જ જોવા મળશે, પણ એ પરથી એ રશિયન મહાભારત પૂરેપૂરું વાંચવા પ્રેરનારું માનવજીવનનો એમાં ઉકેલાએલો વિસ્તીર્ણ અને વિવિધરંગી પટ નવું સ્પંદન—નવી દૃષ્ટિ પ્રેર્યા વિના નહિ રહે.

અને જગતનાં શિષ્ટમાન્ય સાહિત્યનો આ રીતે સંક્ષેપ આપવામાં અમારો હેતુ પણ એ જ છે.

'એટલે કે તમે પણ યુદ્ધ માટે નામ નોંધાવવાના છો, ખરુંને?' આના પાવલોવના શેરરે સવાલ કર્યો.

'હા...' પ્રિન્સ આન્દ્રીએ કંઇક મૂંઝવણ અનુભવતાં ઉત્તર દીધો.

'અને તમારી પત્ની?'

'એ તો મારા બાપાને ત્યાં ગામડામાં ચાલી જશે.'

પ્રિન્સ આન્દ્રી બૉલ્કોન્સ્કીને તેની પત્ની પીટર્સબર્ગની તમામ સ્ત્રીઓમાં સૌથી મૂર્ખ ને આવડત વિનાની લાગતી હતી ને તેથી તેને એ અંતરથી ધિક્કારતો હતો. પરંતુ પોતાનું અંતર જરાક વધુ ઊંડાણથી એણે તપાસ્યું હોત તો જણાયા વિના ન રહેત કે તેનો ધિક્કાર વસ્તુતઃ તેની પત્ની પ્રત્યે નહિ પણ તેણે અપનાવેલી જીવનરીતિ પ્રત્યે હતો.

એના ચહેરા પર એકાએક સ્મિત ફરકી ઊઠ્યું. બુઢ્ઢા કાઉન્ટ બેઝુહૉફનો અનૌરસ પુત્ર પિયર આ સમારંભમાં આવી પહોંચ્યો હતો. કિશોરાવસ્થાથી જ શિક્ષણ અર્થે પરદેશ મોકલવામાં આવેલો પિયર થોડા જ મહિના પર રશિયા પાછો ફરેલો. બીજા મહેમાનો નેપોલિયન સામેના યુદ્ધમાં બ્રિટન ને ઑસ્ટ્રિયા સાથે જોડાવાના રશિયાના નિર્ણય વિષે ગુસપુસ કરી રહ્યા હતા ત્યારે તેને જાણે એની કંઇ પડી જ ન હોય તેમ તે પ્રિન્સ વાસિલી કુરાજિન અને તેની રૂપાળી પુત્રી એલન સાથે આનંદથી વાત કરી રહ્યો હતો.

'અરે, પિયર, તું અહીં?' આન્દ્રી તેની પાસે પહોંચીને બોલ્યો.

'આ પહેલી જ વાર હું એને આ મોકળા વાતાવરણમાં લાવી શક્યો છું. એકાદ ચકોર સ્ત્રીના સહચાર વિના બીજા કશાથી તે સુધરે એમ નથી લાગતું.' આટલું કહી પ્રિન્સ વાસિલી પોતાની પુત્રી સાથે આગળ વધ્યો.

'શું રૂપ છે!' પ્રિન્સ આન્દ્રી બોલી ઊઠ્યો.

'ખરેખર!' એલનને એકીટશે તાકી રહેલો પિયર બોલ્યો, અને પછી એ દિવસે આન્દ્રીને ત્યાં જ ભોજન લેવાનું એની સાથે નક્કી કર્યું.

પિયર એ સમારંભમાંથી સૌથી છેલ્લા છૂટા પડનારાઓમાંનો એક હતો. તે પગપાળો જ આન્દ્રીના ઘર તરફ ચાલી નીકળ્યો. આન્દ્રી તેની રાહ જોતો જ ઊભેલો. એની પત્ની લિસા તો એને એકલો મૂકી નૃત્ય

માટે ઉપડી ગઈ હતી. ભોજન પછી બંને જણ આન્દ્રીના અભ્યાસખંડમાં ધૂમ્રપાન કરતા બેઠા.

'આ નેપોલિયન સામેનું જ યુદ્ધ જોને ?' પિયર એકાએક બોલી ઊઠયો : 'એ યુદ્ધ મુક્તિ અર્થેનું હોત તો જાણે સમજ્યા. તો હું જ એમાં સૌથી પહેલો જોડાત. પરંતુ જગતના સૌથી મહાન પુરુષ સામે ઇંગ્લંડ અને ઑસ્ટ્રિયાનો પક્ષ લેવો એ બરાબર નથી.'

'પ્રત્યેક જણ ગણત્રેશ સજ્યા પહેલાં પોતાના અંતરનો અવાજ સાંભળી તદનુસાર વર્તે તો દુનિયામાં વધુ યુદ્ધોને અવકાશ જ ન રહે.' આન્દ્રી ખભા હલાવતો બોલ્યો.

'તો પછી તમે પોતે યુદ્ધમાં શા માટે ઊપડો છો ?' પિયરે પૂછયું.

'શા માટે ? હું–હું ઊભાઊભ તો એનો જવાબ ન આપી શકું; છતાં એટલું કહી દઉં કે હું યુદ્ધમાં જાઉં છું કારણ કે અહીંની મારી જિંદગી જ મને બોજારૂપ થઈ પડી છે.'

કાઉન્ટ રોસ્તોફને ત્યાં પિયર વિષે વાતચીત ચાલી રહી હતી.

'કેમ, એનું કેવુંક ચાલે છે ?' કાઉન્ટે સવાલ કર્યો.

'એ, વાસિલીનો દીકરો અનાતોલ કુરાજિન, ને દોલોહોફ—પેલી માર્યા દોલોહોફનો છોકરો—એ ત્રણનું તો જબરું ત્રેખડ જામ્યું છે. એક વાર ત્રણેએ એક રીંછ પકડીને ગાડીમાં સાથે લીધેલું. રસ્તામાં પોલિસે રોકતાં તેમણે એ પોલિસને જ સપાટામાં લીધો અને રીંછની પીઠ સાથે બાંધી બંનેને ફેંકયા નદીમાં ! રીંછ તરતું તરતું કાંઠે આવ્યું, ને સાથે પોલિસ પણ.' કાઉન્ટેસે બનેલી હકીકત કહી સંભળાવી.

'જોવા જેવું થયું હશે ત્યારે તો !' કાઉન્ટ ખડખડાટ હસતો બોલ્યો.

'એમને એનાં પરિણામ પણ ભોગવવાં પડયાં. દોલોહોફને સામાન્ય સૈનિકની કક્ષાએ ઉતારી દેવામાં આવ્યો છે, બેઝુહોફના છોકરા પિયરને મૉસ્કો મોકલી દેવામાં આવ્યો છે. અનાતોલ એના બાપની લાગવગથી બચી ગયો છે, પણ એને ય પીટર્સબર્ગ તો છોડવું જ પડયું છે.'

'પણ બેઝુહોફનો સાચો વારસ તો એને એની પરણેલી સ્ત્રીથી થયેલો પ્રિન્સ વાસિલી છે. હવે જોઈએ ચાળીસ હજાર સર્ફ (ખેત-મજૂરો) ને લાખો રૂબલનો વારસો કોને મળે છે–પિયરને કે પ્રિન્સ વાસિલીને.'

અહીં આ વાતચીત ચાલતી હતી, ત્યાં બીજી બાજુ બેઝુહોફના જીવનની છેલ્લી ઘડીઓ ગણાતી હતી. દાક્તરોએ હાથ ખંખેરી નાખ્યા હતા ને એને અંગોળ પણ કરાવી દેવામાં આવ્યો હતો. એનો સીધો વારસ પ્રિન્સ વાસિલી તથા ત્રણ પુત્રીઓ એની પથારી પાસે બેઠાં રહ્યાં હતાં.

થોડી વારે, વાસિલીએ મોકલેલી ગાડીમાં પિયર પણ આવી પહોંચ્યો. કાઉન્ટની પથારી પાસે પહોંચી એ તેના ભવ્ય ચહેરા ને મગરૂબ નેત્રો સામે તાકી રહ્યો. એના મોં પર કરૂણા છલકાઈ આવી, જે જોઈને કાઉન્ટના ચહેરા પર સ્મિત ફરકી ઊઠયું. પિયરનું હૈયું એ સ્મિત જોયા પછી હાથ ન રહ્યું એના ગાલ પર આંસુ દડી આવ્યાં.

કાઉન્ટે એક નિઃશ્વાસ સાથે આંખો મીંચી દીધી. બે દિવસ રહીને વસિયતનામું વંચાયું ત્યારે બહાર આવ્યું કે કાઉન્ટ બેઝુહોફ પોતાની બેશુમાર મિલકતના એકના એક વારસ તરીકે પિયરને સ્થાપતો ગયો હતો.

સુભાષિત

(અનુષ્ટુપ)

अहो दुर्जनसंसर्गान्मानहानि पदेपदे ।
पावको लोहसंगेन मुद्गरैरभिहन्यते ॥

અનુવાદ

અહો દુર્જન સંગેથી માનહાનિ ક્ષણેક્ષણે,
લોહના સંગથી અગ્નિ ઘાણથી માર ખાય છે.

[વિવરણ: સત્સંગ અને કુસંગનાં પરિણામ પ્રબોધતા ઘણા શ્લોકો આપણા સાહિત્યમાં છે. તે પૈકીના આ શ્લોકની ઉપમા બહુ અસરકારક છે અને તે દ્વારા કુસંગનો મહિમા સચોટપણે કહ્યો છે. –**ર.ભી.**]

રશિયાનો એક સમયનો વડો સેનાપતિ પ્રિન્સ નિકોલાય બોલકોન્સ્કી નિવૃત્ત થઈને પોતાની જાગીર પર પુત્રી પ્રિન્સેસ માર્યા તથા તેની ફ્રેન્ચ કમ્પૅનિયન માદામ્વાઝેલ બુરિયાં સાથે રહેતો હતો. પ્રિન્સેસ માર્યા તેના અભ્યાસમાં મશગૂલ હતી ત્યાં જ એનો ભાઈ પ્રિન્સ આન્દ્રી એની પત્ની લિસા સાથે આવી પહોંચ્યો. માર્યા દોડીને મારી લિસાને ભેટી પડી અને બંનેએ એકબીજાને ચૂમીઓથી નવડાવી દીધી.

ભોજન બાદ આન્દ્રીનો પિતા તેને પોતાના અભ્યાસખંડમાં લઇ ગયો. નેપોલિયનને ભોંય ચાટતો કરી દેવામાં નહિ આવે તો રશિયનો માટે ગુલામી નિર્માઈ હોવાનું જણાવી તેણે આન્દ્રીને પ્રશ્ન કર્યો, 'પણ એ તો કહે, ઑસ્ટ્રિયાના યુદ્ધમાં આપણો વ્યૂહ કેવોક છે ?'

નેપોલિયન વિયેના લઇ શકે તે પહેલાં જ રશિયન સૈન્યે ઑસ્ટ્રિયન સૈન્ય સાથે જોડાઇ જઇને તેનો સામનો કરવાનો વ્યૂહ આન્દ્રીએ કહી સંભળાવ્યો. પછી લિસાની ભલામણ કરી તેણે વિદાય માગી.

'સારું, સારું, તું તારે નિરાંતે જા.' કહેતાં બુઢ્ઢા નિકોલાયે ચુંબન માટે હાથ લંબાવ્યો. અને પછી જાણે તાડુકતો હોય તેમ બોલ્યો, 'પણ જો નિકોલાય બોલકોન્સ્કીના પુત્ર તરીકે ફરજમાં કશી કસૂર રહ્યાનું મારા જાણવામાં આવશે તો...'

'એ કહેવાની જરૂર જ નહોતી, પિતાજી !' આન્દ્રી સસ્મિત બોલ્યો. બુઢ્ઢાની અંગારા જેવી આંખો પુત્રની આંખોમાં પરોવાએલી જ રહી. 'તો પછી હવે શાની રાહ જુએ છે ? વિદાય તો તને આપી દીધી છે.' અને પછી બારણું ઉઘાડતો બોલ્યો, 'ઊપડ જલદી !'

લિસા પોતાના પતિ આન્દ્રીને સૈન્યમાં જતો જોઈ રહી.

૧૮૦૫નો ઑક્ટોબર અરધે વીતતા સુધીમાં રશિયન સૈન્યે પૂર્વ ઑસ્ટ્રિયાનાં શહેરો ને ગામો પર કબજો જમાવી દીધો હતો. ઉલ્મા મુકામે ઑસ્ટ્રિયન સેનાપતિ મૅકની સરદારી નીચેના સૈન્ય સાથે જોડાઈ જવા એ આગે કૂચના આદેશની રાહ જોઇ રહ્યું હતું, પણ ગમે તે કારણે આગે કૂચ વિલંબમાં પડી હતી. સૈનિકોને થોડી વિશ્રાંતિ મળે એ એમને પણ રુચતું હતું, કારણકે એક હજારથી યે વધુ માઇલની કૂચે એમાંના ઘણાખરાને થકવી નાખ્યા હતા.

સેનાનાયક સૈન્યમાં ફરવા નીકળતાં ભૂરા કોટમાં સજ્જ એક સૈનિક પર તેની નજર પડી. તેણે એ સૈનિક-ટુકડીના કપ્તાનને બોલાવી પૂછયું, 'હરામખોર હંગેરિયનોના જેવા પોશાકમાં આ કોણ છે ?'

'દોલોહોફ, નામદાર, જેને સામાન્ય સૈનિક તરીકે ડીગ્રેડ કરવામાં આવ્યો છે એ.'

'સામાન્ય સૈનિક તરીકે ? કે પછી ફીલ્ડ-માર્શલ તરીકે ? તમે તો તમારા સૈનિકોને હવે ઘાઘરા પહેરવાની પણ છૂટ આપશો !' એમ બબડતો તે દોલોહોફ પાસે પહોંચ્યો. દોલોહોફ તેને તુચ્છકારથી જોઈ રહ્યો.

'આ વાદળી કોટ કેમ ચડાવ્યો ?' સેનાનાયક તાડૂકયો અને પછી સાર્જન્ટને હુકમ કર્યો, 'સાર્જન્ટ, ઉતારી નાખો આ ગંદો—'

પણ દોલોહોફ વચ્ચે જ બોલી ઊઠયો, 'સાહેબ, હું આપનો હુકમ માથે ચડાવવા બંધાએલો છું, પણ અપમાન સહન કરવા નહિ.'

'ચૂપ કર !' સેનાનાયક ગરજી ઊઠયો.

ફટાકડા
વિષે
આ તમે જાણતા હતા?

માનવીએ પોતાના જીવનનાં આનંદ-ઉલ્લાસ વ્યક્ત કરવા જે જુદાંજુદાં સાધનો અપનાવ્યાં છે એમાંનું એક સાધન આતશબાજી કે ફટાકડા છે. આપણે દિવાળીનો તહેવાર જેમ ફટાકડા વડે ઊજવીએ છીએ તેમ દુનિયાના બીજા દેશો પણ તેમના તહેવાર એ રીતે ઊજવે છે. આપણે ત્યાં એ રિવાજ ક્યારથી શરૂ થયો તે ચોક્કસપણે કહી ન શકાય, પરંતુ મુસ્લિમ શાસન દરમિયાન આતશબાજી વધુ પ્રચારમાં આવી એમ વિના સંકોચ કહી શકાય.

ફટાકડાની શોધ પહેલવહેલી કોણે કરી હશે એ પ્રશ્ન પણ, એનો વિચાર કરતાં, સ્વાભાવિક ઉદ્ભવે જ. ફટાકડા વધુમાં વધુ ચીન-જાપાનમાં બને છે અને તેના પ્રકારોની વિવિધતા સાથે તેનો ઉપયોગ પણ ત્યાં મોટા પ્રમાણમાં થાય છે એ સાચું; પરંતુ એટલા પરથી ચીની પ્રજાને તેના આદ્ય શોધકનું માન ન આપી શકાય. એની શોધ તો માણસ હજુ સુધર્યો નહોતો ત્યારની થઈ ચૂકેલી. એવી જંગલી સ્થિતિમાં એકાદ માણસે દેવતા પર સુરોખાર પડતાં તે ભભૂકી ઊઠીને તેમાંથી રંગબેરંગી તણખા ઊડતા જોયા હશે અને એથી આનંદિત થઈ સુરોખારનો વિવિધ પ્રકારે ઉપયોગ કરતા જઈ તેણે ફટાકડાનો પ્રકાર શોધી કાઢ્યો હશે. આજે પણ બપોરિયાં, ફૂલખરણી, કોઠી, સુરસુરિયાં, તારામંડળ, જલેબી વગેરે ફટાકડાની જુદીજુદી બનાવટામાં મોટો ભાગ સુરોખારનો જ હોય છે.

ફટાકડામાં વાપરવામાં આવતા પદાર્થોમાંના કેટલાક હવામાંથી પ્રાણવાયુ એટલી ઝડપે શોષે છે કે આગ અડતાં જ તેમાં જબરી ગરમી પેદા થાય છે. ફટાકડામાં વાપરવામાં આવેલા પદાર્થો ફૂટવા માટે કેવળ હવામાંના પ્રાણવાયુ પર જ આધાર ન રાખે એવું એનું મિશ્રણ તૈયાર કરવામાં જ ફટાકડા બનાવનારનો સાચો કસબ રહેલો છે. આવા મિશ્રણને વૈજ્ઞાનિક પરિભાષામાં 'પાયરોટેકનિક કૉમ્પોઝીશન' કહેવામાં આવે છે. એ મિશ્રણમાં ઓછામાં ઓછું એક દ્રવ્ય તો એવું હોવું જ જોઇએ જે પુષ્કળ પ્રમાણમાં પ્રાણવાયુ ધરાવતું હોય અને બીજાં દ્રવ્યોને હવામાંના પ્રાણવાયુના શોષણ ઉપરાંત આ વધારાનો પ્રાણવાયુ પૂરું પાડતું હોય. આવું પ્રાણવાયુ ધરાવતું સૌથી વધુ પ્રચલિત દ્રવ્ય સુરોખાર (પોટૅશ્યમ નાઇટ્રેટ) છે. આતશબાજીમાં એનું પ્રમાણ એમના પ્રકાર પર અવલંબે છે. દા. ત. કેટલીકનો ઉપયોગ રંગીન ભડકા માટે, કેટલીકનો રંગબેરંગી તણખા માટે, તો કેટલીકનો માત્ર ધડાકા કરવા માટે જ થાય છે.



આતશબાજી માટેનું મૂળ મિશ્રણ સુરોખાર, ગંધક અને કોલસાની ભૂકીનું બનેલું હોય છે. કેટલીકમાં ઝીણો દળેલો બંદૂકનો દારૂ પણ મેળવવામાં આવે છે: ખાસ કરી ચકરડીભમરડી ફરતા જલેબી જેવા પ્રકારોમાં કે ઊંચે ઊડતા હવાઇ જેવા પ્રકારોમાં. ફૂલઝર કે તારામંડળ બનાવવા માટે લોઢાનો ભૂકો ઉમેરવામાં આવે છે અને અત્યંત તેજસ્વી સફેદ પ્રકાશ આપતા પ્રકારોમાં મૅગ્નેશિયમ કે ઍલ્યુમિનિયમ વપરાય છે. આમ જુદીજુદી અસર ઉપજાવવા જુદાજુદા પદાર્થોનો ઉપયોગ થતો હોય છે. રંગીન પ્રકાશ માટે પોટૅશિયમ ક્લોરેટનો અને ક્યારેક પરક્લોરેટનો ઉપયોગ કરવામાં આવે છે. કોઈ ધાતુને ખાર સાથે બળતાં તે એ ખારને વાયુરૂપમાં ફેરવી નાખે છે જે રંગીન પ્રકાશરૂપે આપણને દેખાય છે. પ્રકાશ સાથે જ્યાં તેજસ્વિતા પણ લાવવી હોય ત્યાં મૅગ્નેશિયમની ભૂકી ઉમેરવામાં આવે છે.

ફટાકડાની બનાવટ પણ એક કળા છે, અને એ કારણે જ એની બનાવટમાં હાથનો ઉપયોગ હજુ વિશેષ પ્રમાણમાં રહ્યો છે. જો કે યંત્રોને મદદમાં નથી લેવાતાં એમ નહિ, પરંતુ 'એનસાઈક્લોપીડિયા બ્રિટાનિકા' જણાવે છે તેમ, બીજી ઘણી કારીગરીની માફક આતશબાજીની બનાવટમાં પણ હાથકારીગરી જ તેની ઉચ્ચ કક્ષા જાળવી રહી છે.

'ના, અપમાન સહન કરવા તો બિલકુલ નહિ!' દોલોહોફે કહ્યું.

સેનાનાયક ફાટ્યે ડોળે તેને તાકી રહ્યો અને પછી 'એને ભૂખરો કોટ જ પહેરાવજો' એવું કહેતો તે ગુસ્સામાં ત્યાંથી ચાલી નીકળ્યો.

એ પછી થોડી જ વારમાં રશિયાનો વયોવૃદ્ધ સરસેનાપતિ પ્રિન્સ કુતુઝોફ એક ઑસ્ટ્રિયન સેનાનાયક સાથે વિયેનાથી ગાડીમાં આવી પહોંચ્યો. આવીને એણે પોતાના થાકેલા સૈન્યમાં ફરવા માંડ્યું. પ્રસંગોપાત્ત સૈનિકો અને અફસરો સાથે થોડી વાત પણ તે કરતો. તેની પાછળ પાછળ તેની મંડળી ચાલતી હતી જેમાં તેની સૌથી વધુ નજીક તેનો એડ્જ્યુટન્ટ પ્રિન્સ આન્દ્રી બોલકોન્સ્કી હતો.

સૈન્યના નિરીક્ષણ બાદ તે પોતાના ખાનગી ખંડમાં પાછો ફર્યો ત્યાં કુતુઝોફને મળવાની ઈચ્છા દર્શાવતો એક ઊંચો ઑસ્ટ્રિયન આવી પહોંચ્યો. એ સંત્રી સાથે રકઝક કરી રહ્યો હતો ત્યાં વડો સેનાપતિ કુતુઝોફ જાતે બહાર આવ્યો. એણે આગંતુકને ઓળખી લીધો અને એને ભેટતાં એણે આજુબાજુનાંઓને પણ એની ઓળખાણ પાડતાં કહ્યું, 'ઓળખ્યો, આ દુર્ભાગી સેનાપતિ મૅકને?'

સૈન્યમાં વીજળીવેગે સમાચાર ફરી વળ્યા કે નેપોલિયને ઉલ્મા મુકામે ઑસ્ટ્રિયન સૈન્યને સખ્ત શિકસ્ત આપી હતી અને મૅક ગિરફતારીથી બચીને માંડમાંડ નાસી છૂટ્યો હતો. નેપોલિયનનું સૈન્ય ત્યાંથી આગળ વધતું હોવાના સમાચાર મળતાં કુતુઝોફ પોતાના પાંત્રીસ હજારના સૈન્યને ડાન્યૂબ નદીના નીચલાણના ભાગમાં પીછેહઠ કરાવી ગયો.'

હવે પિયર કાઉન્ટ બેઝુહોફ બન્યો હતો અને રશિયાની શ્રીમંતમાં શ્રીમંત વ્યક્તિઓમાંની એક તરીકે તેની ગણના થતી હતી. પહેલાંનું એનું જીવન એકલવાયું, આળસુ અને બેદરકાર હતું, પરંતુ હવે તો કામ એટલું બધું નીકળી પડ્યું હતું અને મુલાકાતીઓ પણ એટલા બધા વધી પડ્યા હતા કે એ પથારીમાં રહે એ સિવાય એક ઘડીની ય ફુરસદ એને રહેતી નહોતી. એને જેનું જ્ઞાન નહોતું, અને પરવા તો એના કરતાં યે ઓછી હતી, એવી બધી બાબતો પાછળ એને ધ્યાન આપવું પડ્યું હતું. અત્યાર સુધી એના અસ્તિત્વની પણ જેમને કંઈ પડી નહોતી એવા સેંકડો લોકો એનો કેડો જ મૂકતા નહોતા. પ્રિન્સ વાસિલીએ ખાસ આગ્રહ કરીને તેને થોડા દિવસ પોતાને ત્યાં રાખ્યો. પિયરને એ નવી નવી ઓળખાણો કરાવ્યે જતો. પિયરે જોયું કે વાસિલીની પુત્રી એલન પોતાની સાથે સંસર્ગ વધારી રહી હતી. તે એને નૃત્ય-નાટ્ય સમારમ્ભોમાં લઇ જવા માંડ્યો.

એક સાંજે આના પાવલોવનાને ત્યાંના સમારંભમાં પિયર એલનને લઈ ગએલો. એ એકલો પડવાની તક મળતાં આના એની પાસે પહોંચી અને કાનમાં મોં ઘાલીને ધીમે સાદે પૂછ્યું, 'એલન નખશિખ

સુંદર છે, નહિ? એ ચાલે છે પણ કેવી છટાથી! એનું હૃદય જીતનાર ખરેખર ભાગ્યશાળી હોવો જોઇએ.'

પિયર એ પછી આનાની માશી જોડે એક ખૂણામાં બેઠેલી એલન પાસે પહોંચ્યો. એલને પોતે બેઠેલી એ દીવાન પર પોતાને પડખે પિયરને જગા કરી આપી. એ આગળ ઢળતી બેઠેલી હોઈને એની હંસી સમી ગરદન પિયરના હોઠની એટલી નજીક હતી કે એ જરા પણ હાલ્યાચાલ્યા વિના ત્યાં ચુંબન લઈ શકે તેમ હતું. પરંતુ એ તો તેના પડખાની હૂંફ અનુભવતો અને તેના દેહમાંથી ઝરતી માદક ગંધનો આહ્‌લાદ લેતો બેઠો રહ્યો. એલનનું નિઃશેષ સૌન્દર્ય પિયરને જાણે પોકારી રહ્યું હતું: 'હું એક સ્ત્રી છું, અને સ્ત્રી તરીકે પુરુષની ભોગ્યા છું એ તને આજે ખબર પડે છે?'

એ આખી રાત પિયરે પથારીમાં અસ્વસ્થપણે આળોટતાં જ પૂરી કરી. એલન વાસિલી વિષે અનેક અફવાઓ એના કાને પડેલી હોઇને તે એનાં સત્યાસત્ય વિચારતો રહેલો.

એ પછી એલનના જન્મદિવસે પ્રિન્સ વાસિલીએ પોતાને ત્યાં યોજેલા સમારંભમાં પણ પિયરને ખાસ નિમંત્રેલો. સમારંભના અંતે બધાં મહેમાનોએ વિદાય લીધા છતાં પિયર અને એલન તો એકાંત સાધીને બેઠાં જ રહેલાં. મોડું થતાં વાસિલીએ તેની પત્નીને પૂછ્યું, 'એ બે જણાં હજુ શું કર્યા કરે છે?'

વાસિલીની પત્ની ચોરપગલે ઊપડી અને થોડી ક્ષણોમાં પાછી ફરતી બોલી, 'એનું એ જ!'

પ્રિન્સ વાસિલીના હોઠનો ખૂણો મરડાયો. ત્યાર બાદ એકાએક નિર્ણય પર આવી જઈ તે એ બંને બેઠાં હતાં ત્યાં પહોંચી ગયો. તેનો ચહેરો એટલો ગંભીર હતો કે પિયર તો તેને જોઈને સફાળો ઊભો થઈ ગયો. પરંતુ વાસિલી તો બંનેના હાથ પોતાના ગળામાં ભેરવતો ગળગળો બની બોલ્યો, 'બેટા પિયર! એલન! મને કેટલો બધો આનંદ થયો! તમારા બંને પર પ્રભુના આશીર્વાદ ઊતરો!'

દોઢેક મહિનો રહીને પિયર અને એલન પરણી ગયાં.

ઑસ્ટરલિટ્ઝના યુદ્ધ અર્થે પ્રસ્થાન કરતા ફ્રેન્ચ સૈન્ય સમક્ષ નેપોલિયનનો સંદેશો વાંચી સંભળાવવામાં આવ્યો ત્યાં સુધીમાં કુતુઝોફને રશિયામાંથી નવી કુમક આવી પહોંચી હતી એટલું જ નહિ પરંતુ મોટું ઑસ્ટ્રિયન સૈન્ય પણ તેને આવી મળ્યું હતું. ઑસ્ટ્રિયાનો શહેનશાહ ફ્રાન્સિસ અને રશિયાનો ઝાર ઍલેકઝાંડર બંને ઓલ્મુટ્ઝ ખાતે યુદ્ધમંત્રણા અર્થે ભેગા થએલા અને એકદમ કૂચ કરી જઈ નેપોલિયનના સૈન્યનો ભેટો કરવાની કુતુઝોફની સલાહ બંનેએ માન્ય રાખેલી.

રશિયન સૈન્યે ઑસ્ટરલિટ્ઝ નજીક પહોંચી ફ્રેંચ સૈન્યના પડાવથી બે માઈલ દૂર પ્રેટ્ઝન ટેકરીઓ પર પડાવ નાખેલો.

નેપોલિયનનો સંદેશો ફ્રેન્ચ સૈન્યને વાંચી સંભળાવવામાં આવેલો ત્યારે એ જાતે એના અરબી ઘોડા પર સવાર થઈને આખા સૈન્યમાં ઘૂમેલો. એ જ્યાં જતો ત્યાં સૈનિકો તેને 'શહેનશાહ ઝિન્દાબાદ'ના હર્ષધ્વનિથી વધાવી લેતા. સામી બાજુ સરસેનાપતિ કુતુઝોફની છાવણીમાં રાતે દસ વાગ્યે બધા સેનાપતિઓ એકત્ર થયા હતા. કૉલરમાંથી ઊપસી આવેલી ગરદન સાથે કોટનાં બટન ભીડ્યા વગરનો કુતુઝોફ પોતાને કહેવા જેવુંબધું કહી ચૂક્યો હોવાનુંલાગતાં ઝોકાંખાવા માંડેલો.

ઑસ્ટ્રિયન સેનાપતિનું કહેવું એ હતું કે નેપોલિયનનો આક્રમણ કરવાનો વિચાર હોત તો તો એ દિવસે જ એણે કરી દીધું હોત. 'મને તો સંદેહ છે કે એની પાસે ચાળીસ હજારનું પણ સૈન્ય છે કે કેમ.'

'તો તો એનો વિનાશ જ આપણા હાથે સર્જાયો છે.' એક રશિયન સેનાપતિ બોલી ઊઠ્યો.

'છાવણીનાં બધાં તાપણાં ઓલવી નાખવામાં આવ્યાં છે અને કોલાહલ પણ ખૂબ જાગ્યો છે. એટલે નેપોલિયન કાં તો તેના મોરચાની સ્થિતિમાં કંઈક નવો ફેરફાર કરી રહેલ છે અથવા તો સૈન્યને પીછેહઠ કરાવી રહેલ છે.'

'કેમ કહી શકાય?' અત્યાર સુધી બોલવાની તક શોધી રહેલો પ્રિન્સ આન્દ્રી બોલ્યો.

પણ ત્યાં તો કુતુઝોફે આંખ ઉઘાડી અને ગળું ખંખારતો બોલ્યો, 'હવે બંધ રાખો. આવતી કાલે-હવે તો આજે-આપણે દુશ્મનનો મુકાબલો કરવાનો હોઇને એક રાતની સંપૂર્ણ વિશ્રાંતિ સૌથી વધુ મહત્ત્વની છે.'

પોતાના અરબી ઘોડા પર બેસીને નેપોલિયન કેટલાક સેનાપતિઓ સાથે સામા સૈન્યનો ટેકરીઓ પરનો પડાવ નજરાવી રહ્યો હતો. રાતે પૂરી ઊંઘ લીધા પછી એ અત્યારે ખૂબ ઉત્સાહમાં હતો. ૧૮૦૪ના ડિસેમ્બરની ર૭ તારીખનો નવ વાગ્યાનો સમય હતો. નેપોલિયનની તાજપોશીનો એ દિવસ. ધુમ્મસના પડદાની પેલી મેર એણે જોયું તો રશિયન સૈન્ય ટેકરીઓ પરથી નીચે ઊતરવા માંડ્યું હતું. તળેટીના ભાગમાંથી ગોળંદાજીના અવાજો પણ આવવા માંડ્યા. પણ એના શાંત સુંદર ચહેરા પરની એકે રેખા ન બદલાઈ. એણે વિચારી રાખેલો વ્યૂહ જ રશિયન સૈન્ય અમલમાં મૂકી રહ્યું હતું. એ વ્યૂહ મુજબ ફ્રેન્ચ સૈન્યની જમણી પાંખ પર હલ્લો કરતાં રશિયન સૈન્યની ડાબી પાંખ પર આક્રમણનો માર્ગ મોકળો બનતો હતો.

અરધાએક કલાક બાદ ધુમ્મસ વિખેરાવાનું શરૂ થતાં કુતુઝોફ અને પ્રિન્સ આન્દ્રીએ પણ ટેકરીઓ પરથી નીચે ઊતરવા માંડ્યું. પ્રિન્સ આન્દ્રીએ એક એડ્‌જ્યુટન્ટ પાસેથી દૂરબીન માગીને આંખે લગાડ્યું તે સાથે એકાએક બોલી ઊઠ્યો, 'જુઓ, જુઓ! ફ્રેન્ચ સૈન્ય આવી લાગ્યું!' એનું દૂરબીન સામી દિશામાં નહિ પરંતુ એ ઊતરતા હતા એ ટેકરીઓના નીચલા ભાગ તરફ મંડાએલું હતું. બસો જ વારના અંતરે ફ્રેન્ચોની એક જંગી કતાર રશિયન પાયદળને ભિડાવવા ઉપર ચડી રહી હતી.

'આપણે એમને સાવધ તો કરવા જ જોઈએ.' પ્રિન્સ આન્દ્રી બોલ્યો. પણ ત્યાં તો એમની તદ્દન નજીકમાં ચારે બાજુ ધડધડ અવાજો શરૂ થઈ ગયા. ધુમાડાના ગોટાઓથી આકાશ છવાઈ ગયું. રશિયનોમાંથી કોઈ બોલી ઊઠ્યું, 'ખેલ ખલાસ!' અને એ શબ્દો જાણે આદેશરૂપ હોય તેમ રશિયન સૈન્યમાં નાસભાગ મચી ગઈ. એક નાસતું ટોળું પસાર થઈ ગયા પછી આન્દ્રીએ કુતુઝોફ તરફ ફરીને જોયું તો તે ગળા પર રૂમાલ દબાવી રહ્યો હતો.

'ઘા વાગ્યો લાગે છે.' આન્દ્રી બોલ્યો.

'ઘા તો અહીં નહિ પણ પણે વાગ્યો છે.' નાસતા સૈન્ય તરફ આંગળી ચીંધતો કુતુઝોફ બોલ્યો, અને રશિયન પાયદળનો કબજો મેળવવા ફ્રેન્ચ સૈન્ય ધસી રહ્યું હતું એ બાજુ એણે ઘોડો ફેરવ્યો. પ્રિન્સ આન્દ્રી પણ એની પાછળ ઊપડ્યો.

પાયદળનો સેનાપતિ પોતાનો ઘોડો કુતુઝોફની સામે લાવતાં તે બોલ્યો, 'આ બદનસીબોને કહો કે હવે બંધ રાખે' ત્યાં તો એક ગોળો તેમની નજીકમાં જ આવી પડ્યો. કેટલાક સૈનિકોનો ખુર્દો નીકળી ગયો. પાયદળ સેનાપતિ પોતાના પગે હાથ દબાવતો બેસી ગયો. ટુકડીનો વાવટો પકડી ઊભેલા સેકંડ લેફ્ટનન્ટના હાથમાંથી વાવટો નીચે સરી પડ્યો. આન્દ્રી તરત ઘોડા પરથી નીચે કૂદી પડ્યો.

'દોસ્તો! આગળ વધો!' તેણે ત્રાડ પાડી અને વાવટો ઊંચકવા નમ્યો. પરંતુ વજનદાર કાઠી સાથે શરીરનું (અનુસંધાન પૃ. ૪૦૦)

મન

એ તે કોઈ અગોચર વસ્તુ છે? કે માણસના મગજનો જ એક ભાગ છે? એ કોયડો સમજાવતો આ લેખ જરા ભારે લાગે તો પણ ધ્યાનથી વાંચજો. સાથેની બે આકૃતિઓ તમને એ સમજવામાં મદદરૂપ થશે.

'કાયાની કરામત'ની લેખમાળાનો ૩૭મો હપતો

લેખક • ડૉ. શિવપ્રસાદ ત્રિવેદી

મગજના ઉપલા પડ કોર્ટેક્સમાં ૧૦-૧૨ અબજ જ્ઞાનકોષો ખીચોખીચ ગોઠવાએલા છે, અને તે તંતુઓનાં જાળાં સાથે જોડાએલા હોઈ એક કોષની સચેતનાની અસર તેના પડોશીઓ ઉપર થયા વિના નથી રહેતી. એક સેકંડમાં પચાસ વખત જ્ઞાનકોષ સચેતન અને અચેતન બને છે. આ રીતે સંવેદનાયુક્ત તંતુપ્રવાહ જ્ઞાનતંત્રમાં સર્વત્ર ફેલાય છે.

જોવાની કે સાંભળવાની ક્રિયા વખતે મગજમાં અસંખ્ય તંતુપ્રવાહ આવે છે. ઊંઘમાં કે ઘેનની દવાથી મગજના જ્ઞાનકોષો જ્યારે અક્રિયાશીલ બન્યા હોય ત્યારે સંવેદનાયુક્ત તંતુપ્રવાહો મગજમાં આવ્યા હોવા છતાંય આપણે નથી જોઈ શકતા કે નથી સાંભળી શકતા. જાગ્રત અવસ્થામાં, તંતુપ્રવાહો આવે કે ન આવે તો પણ, ઘણા જ્ઞાનકોષો સતત ક્રિયાશીલ રહે છે. આને લીધે મગજમાં સદા વિદ્યુત્આંદોલનો વહ્યા જ કરે છે. આ આંદોલનો પવનથી સતત હાલતા રહેતા તળાવના પાણીમાં થતા તરંગો જેવા છે. નિદ્રા વખતે આ તરંગો શાંત રહે છે. આ વખતે આપણા મગજની કામગીરી બંધ થાય છે. જો કે સ્વપ્નાવસ્થામાં એ ફરી થોડા અંશે શરૂ થાય છે ખરી. પથરો પડતાં પાણીના તરંગોમાં જેમ ખળભળાટ જામે છે તેમ મગજમાં પણ સંવેદનાઓ આવતાં થાય છે. આમાં ખૂબી એટલી કે મગજના જે ભાગમાં આવો ખળભળાટ જામે છે ત્યાં આવેલા કેન્દ્ર અનુસાર આપણને જ્ઞાન થાય છે.

એનું નામ છે આપણી 'જાગ્રતાવસ્થા (Conciousness)'. નિશામણિ આગિયાના દેહતેજની જેમ એમાં વધ-ઘટ થયા કરે છે. દીવાના પ્રકાશ જેવી એ અસ્થિર અવસ્થા છે. દિવસના મોટા ભાગમાં એ પ્રકાશ ઝાંખો કે નહિવત્ જેવો જ રહે છે, ને ક્વચિત્ એટલો બધો ઝળહળતો બને છે કે જેનાથી અંદર-બહારની પૂર્ણ વાકેફગારી મળે છે. દિવસભરમાં એક બે વખત વિચાર કે ઊર્મિઓનું પૂર વીજળીના ઝબકારાની જેમ આવીને અદૃશ્ય થતું આપણે નથી અનુભવતા? આને સહારે આપણે આખો દિ' કાર્યરત કે વિચારમગ્ન રહીએ છીએ. વરસોનાં તપ ને દેહાભ્યાસ બાદ યોગીઓ આવી જાગૃતાવસ્થા પર કાબૂ મેળવી આત્મજ્ઞાની બને છે.

દિવસભરના મોટા ભાગે રહેતી નીચી કક્ષાની જાગ્રતાવસ્થાના પરિણામે આપણે કેટલીક સંવેદનાઓ મૂઢતાથી યંત્રવત્ ઝીલીએ છીએ. આને જ લીધે અમુક સૂચનાઓ આપણે ઝટપટ સ્વીકારીએ છીએ. ઉપરાઉપરી ભાષણો અને જાહેરખબરોથી આપણે પ્રભાવિત થઈએ છીએ. પ્રચારકાર્યની અસર પ્રબળ થાય છે તેનું રહસ્ય હવે સ્પષ્ટ થશે.

ત્યારે હવે પ્રશ્ન થશે કે જાગ્રતાવસ્થાનું કેન્દ્ર કયું? વિજ્ઞાનીઓએ નક્કી કરેલું આ સ્થાન ઊર્મિમગજ ને લંબમજ્જાની સાથે મોટા મગજના જે ભાગો સંવેદના ઝીલતા હોય છે તે છે.

જાગ્રતાવસ્થાનાં ચાર પાસાં છે: (૧) સંવેદન કે જ્ઞાન, (૨) એકાગ્રતા, (૩) તર્ક અને (૪) સ્મૃતિ. આપણા મગજમાં દૃષ્ટિ, શ્રવણ, ગંધ, સ્વાદ ને સ્પર્શની અનુભવજન્ય સંખ્યાતીત વિદ્યુતછાપો (Patterns) સંઘરાએલી છે. આના જ આધારે પછી આપણને વિશિષ્ટ જ્ઞાનેન્દ્રિય-જન્ય બધાં જ્ઞાન થાય છે. આ અંગે મગજમાં થતી અટપટી ક્રિયાઓ આપણી જાણ બહાર થાય છે.

પરમાણુ એ જેમ ઇલેક્ટ્રોનની ભાત છે, અણુ જેમ પરમાણુઓની ભાત છે, એમ આપણા મગજમાં સંઘરાએલી છાપોની છાપો ને તેની છાપો એમ ઉત્તરોત્તર અસંખ્ય છાપો છે. મગજના બાર અબજ કોષોની આટલી બધી છાપો ઉપરાંત આ છાપો દિક્‌ને કાળમાં પણ વ્યાપ્ત છે. (Nervous patterns exist in time as well as in space) ગૂંથેલા ગાલીચાને વિપુલ-દર્શક કાચથી નિહાળતાં તેની ભાત નહિ પણ તાણાવાણા નજરે પડે છે; પરંતુ આઘેથી જોતાં તાણાવાણા નહિ પણ મનોહર ભાત દેખાય છે. આમ, મગજના કોષોમાં પડેલી છાપના તાણાવાણા એ જ્ઞાનતંત્ર છે, જેની ભાત મન દ્વારા જોવાય છે.

મનની વ્યાખ્યા આપવી મુશ્કેલ છે, છતાંયે એ વિષે કૈંક ને કૈંક જાણતા હોવાનું આપણે માનીએ છીએ. પણ એને ખરા પિછાનનારા તો ધ્યાન અને આંતરનિરીક્ષણ કરનારા વિરલ યોગીઓ જ છે. મન કોઈ દ્રવ્ય રૂપે પિછાની શકાતું નથી. જો કે યંત્રાસક્ત—Mechanically minded વિજ્ઞાનીઓ આવું માનનારા છે ખરા. જ્યારે આધુનિક માનસશાસ્ત્રીઓ એને કોઈ શક્તિનો ઝરો માને છે, જેમાં અજ્ઞાત મનમાંથી શક્તિનાં બળો જાગ્રત મન ઉપર ધસી આવી મનને આવ



આ ચિત્ર નજીકથી જોતાં તમને નાનાં-મોટાં સફેદ-લાલ ટપકાંના સમૂહ જેવું લાગશે, પણ પાંચ-સાત ફૂટ દૂર રાખીને જોશો તો એક સુંદર ચહેરો દેખાશે. આ પાના ઉપર સમજાવ્યું છે તેમ, આપણા મગજમાં રહેલા દસબાર અબજ કોષો પર પડેલી બારીક છાપોનો આવો તાણાવાણારૂપે ગૂંથાએલો સમૂહ તે આપણું જ્ઞાનતંત્ર છે, જેમાંની ભાત કે આકૃતિ આપણું મન ઉકેલે છે.

શ્યક લક્ષણો આપે છે. વિખ્યાત વિદ્વાન મેકડુગલ વળી મનનું એક જુદું જ અસ્તિત્વ હોવાનું માને છે અને તેને વૃત્તિઓનું ગુલામ કહે છે; તો કો'ક માનસશાસ્ત્રીઓ એને વૃત્તિઓનો સમૂહ માને છે.

મન વિષે ઊંડું ચિંતન કરનારા તો આપણા અધ્યાત્મવાદીઓ હતા. એમણે મનનાં ઊંડાણોમાં અવગાહનો કરીકરીને એવાં તો સત્યો તારવ્યાં છે કે જેના વડે મનની શાંતિ, ચિત્તની પ્રસન્નતા, આત્મસંયમ અને એથી પણ આગળ વધીને નિર્વિકલ્પ સમાધિ તથા આત્મજ્ઞાન પ્રાપ્ત થવાં સુલભ છે. એવા અધ્યાત્મજ્ઞાન દ્વારા જ સ્વયં આનંદસ્વરૂપત્વ, આત્માની અમરતા, પુનર્જન્મ, બ્રહ્મમય જગત, જીવ-ઈશ-સંબંધ આ બધી ફિલસૂફી ને ચિત્તશાસ્ત્રનાં રહસ્યમય સત્યો પ્રાપ્ત થયાં છે.

આ આપણા અમૂલ્ય સમૃદ્ધ વારસાને મુક્ત ભાવે પ્રશંસાંજલિ અર્પતાં લંડનના જાણીતા વિદ્વાન ડૉક્ટર કેનેથ વૉકર લખે છે કે 'She (India) is backward in science, but she has valuable contribution to make to our religious, philosophical and psychological thought. Her culture is incomparably older than ours, and in psychology and philosophy she is pre-eminent. *(Doctor Disgresses)*

આપણા વેદાંતમાં મનનું બીજું નામ અંતઃકરણ કહેવામાં આવ્યું છે. 'અંતઃ' એટલે અંદરનું અને 'કરણ' એટલે સાધન. આપણી વિવિધ જ્ઞાનેન્દ્રિયો દ્વારા આપણને બહારની દુનિયાનું અને દેહનું સ્થૂલ જ્ઞાન થાય છે, જ્યારે મન દ્વારા આ બધાંનું સૂક્ષ્મ જ્ઞાન થાય છે. કર્તવ્યાનુસાર એ અંતઃકરણનાં પાંચ નામ આપવામાં આવ્યાં છે. અંતઃકરણ સ્થિર છે. એ જાગ્રત થઈ વિષય તરફ જતાં વિચારનાં મોજાં ઉત્પન્ન થાય એને 'વૃત્તિ' કહેવામાં આવે છે. આમાં સંકલ્પ-વિકલ્પ કરનાર 'મન' છે; નિશ્ચય કરનાર 'બુદ્ધિ' છે; ચિંતન કરનાર 'ચિત્ત' છે, જે વિચારનાં મોજાંમાંથી થોડાંકને પકડી તેનું શોષણ કરી પછી તેને 'વિચાર' રૂપે પ્રકટ કરે છે. પછી અહંભાવ (અહંકાર) જાગ્રત થાય છે. આમ થતાં આપણને 'દૃશ્ય' કે 'શ્રવણ' આદિ જ્ઞાન થાય છે. આપણી સાંખ્ય ફિલસૂફી મુજબ મન એટલે અહંકાર, હું-પણાનો વિચાર. અહંકારમાંથી બુદ્ધિનો ફણગો ફૂટે છે. આમાંથી સંકલ્પરૂપી ડાળીઓ પેદા થાય છે.

આમ મન એ કોઇ દેખી કે પકડી શકાય એવો જડ પદાર્થ નથી. એનું કોઈ રહેઠાણ નથી. એની વિશાળતા અમાપ છે.

મન એટલે પાંચેય જ્ઞાનશક્તિઓનો જથ્થો. વેદાંતમાં 'ઇંદ્રિયોમાં મનનો આવિર્ભાવ' થવાનું આલેખ્યું છે. જેવી રીતે નદીઓ સમુદ્રમાં ઠલવાય છે, તેમ મનને પોષક ને જીવંત રાખનાર ઇંદ્રિયો છે. તે જ્ઞાનેન્દ્રિયોના ઉપયોગ વિના પણ જોવું, સાંભળવું વગેરે ક્રિયાઓ કરી શકે છે. આથી ગીતામાં મનને છઠ્ઠી જ્ઞાનેન્દ્રિય ગણાવી છે. (**मनः षष्ठानिन्द्रियाणि ॥ १५-७॥**) મન જ્યારે ધ્યેય વસ્તુમાં એકાગ્ર થયું હોય ત્યારે આંખ, કાન વગેરે ઇંદ્રિયો નિષ્ક્રિય બને છે. રસ ઝરતી નવલકથાના વાચનમાં આપણે એકાગ્ર બન્યા હોઇએછીએ ત્યારે આપણને ઘડિયાળના ટકોરા સંભળાતા નથી. ઉપનિષદમાં કહ્યું છે કે ઇંદ્રિયોએ ગ્રહણ કરેલા જ્ઞાનરૂપી વિષયોનો આશ્રય મન છે. **मनसा ह्येव पश्यति मनसा शृणोति॥**

કાઠકોપનિષદમાં મન વિષે એક સુંદર કલ્પના આપી છે: 'શરીર રથ છે. આત્મા એ રથનો સ્વામી છે. બુદ્ધિ સારથિ છે. મન રાશ છે. **मनः प्रग्रहमेव च ॥** જેમ રાશ વડે ગ્રહણ કરેલા અશ્વો માર્ગમાં પ્રવૃત્ત થાય છે, તેમ મન વડે ગ્રહણ કરેલી ઇંદ્રિયો વિષયમાં પ્રવૃત્ત થાય છે.'

મનનું સ્વરૂપ વિચાર છે. મહર્ષિ પતંજલિ મનને 'ચિત્ત' નામથી સંબોધે છે: 'મન રૂપી મહેલનું ચિત્ત ભોંયતળિયું છે. એની ઉપર મન, બુદ્ધિ ને અહંકારના ત્રણ માળ આવેલા છે. ચિત્ત શાંત સરોવર જેવું છે. આમાં સપાટી ઉપર થતી લહેરો એ વિચારો છે. લહેરો શમી ગયા બાદ એના સંસ્કારો કાયમ રહે છે. એક પ્રકારના એકત્રિત સંસ્કારમાંથી ટેવ બંધાય છે. વિવિધ ટેવોનો સરવાળો એ જ આપણું ચારિત્ર્ય.' આ ઉપરથી સ્પષ્ટ થશે કે શુભ વિચારોના સંસ્કારો સદ્ગુણો ખીલવે છે.

મનનું મુખ્ય કાર્ય વિચારવાનું છે. જેનેજેને મન (એટલે કે મગજ) હોય એ બધાં પ્રાણીઓ વિચારે એ સમજાય એવું છે. પણ આપણી, ને મગજના વિકાસની દૃષ્ટિએ પ્રાણીસૃષ્ટિમાં ટોચે બિરાજતા વાનરની વચ્ચે વિચારશક્તિમાં ફેર એટલો છે કે તે પદાર્થ જોયા બાદ જ વિચારવા માંડે છે. તે જે કંઇ વિષે વિચારે તે એની દૃષ્ટિમાં હોવું જ જોઇએ.

વાનર કરતાં નીચી કક્ષાનાં પ્રાણીઓનાં મનમાં પણ પદાર્થનાં ચિત્રો અંકાય છે તો ખરાં, પણ તે એકબીજા સાથે સંબંધ વગરનાં. દરેક ચિત્રનો લાગણીયુક્ત (emotional) અર્થ હોય છે. આથી બિલાડીને કૂતરાનું માનસિક ચિત્ર ભય અને પોતાના માલિકનું ચિત્ર પ્રેમ ઉપજાવે છે. લાગણી કે વિચારોનો જવાબ વાચા છે. લાગણી અનુસાર પ્રાણી બરાડે છે. અઢાર માસની ઉમર સુધીના બાળકનું રુદન પણ સંજોગાનુસાર ઉદ્ભવેલી લાગણીઓનું જ પ્રદર્શન છે. બોલવા શીખ્યા બાદ એનામાં લાગણીનું પ્રદર્શન બદલાઈ જઇ તે વિચારયુક્ત બને છે.

એ પ્રાથમિક વિચારસરણીમાં પ્રથમ તો દૃશ્ય પદાર્થ જોઇને જ વિચારાય છે. આથી જ નાના વિદ્યાર્થીઓ માટે શિક્ષકોએ પાટિયા પર આકૃતિઓ દોરીને પાઠ સમજાવવો જરૂરી છે. આગળ વધતાં વિદ્યાર્થી સ્મૃતિમાં સંઘરેલી છાપો સંભારીને વિચારવા માંડે છે. કલાકારો પણ એ સ્મૃતિની છાપો અનુસાર જ કામ કરે છે. આથી ઉન્નત વિચારસરણીમાં સ્મૃતિ અવશેષો નષ્ટ પામી અદૃશ્ય વિચારોનાં પૂર વહેવા માંડે છે.

આ વિચારશક્તિ આપણા અતિ વિકસિત કોર્ટેક્સને આભારી છે, જે મગજની ગડોને જુદા પાડતા ચીરાઓમાં ઊંડે સુધી પથરાએલું છે. આ કોર્ટેક્સની ખાસ કરીને મગજના મુકપ્રદેશમાં અતિ અધિકતા છે. બિલાડી અને માનવીના મગજના કદનો તફાવત બાદ કરતાં આપણામાં એના કરતાં આઠ ગણું વધારે કોર્ટેક્સ છે. આનો પુરાવો એ કે આપણો ભાલ (કપાળ)પ્રદેશ બીજાં પ્રાણીઓની સરખામણીમાં મોટો છે. માનવીના આ નવા વિકસેલા મગજના ભાગમાં સહનિયમન અને સંયમનાં કેન્દ્રો આવ્યાં હોવાનું માનવામાં આવે છે.

આવું વિચારશક્તિવાળું મન એકલા માનવીને જ છે. આપણને 'મન' હોવાથી આપણે 'મનુષ્ય' કહેવાઇએ છીએ. (યાસ્કાચાર્ય.) મનનો આગળપડતો ગુણ સંકલ્પ-વિકલ્પ કરવાનો છે. આવા મનની મહર્ષિ પતંજલિએ પાંચ અવસ્થાઓ ગણાવી છે: (૧) સુખદુઃખ ભોગવતી મનની ચંચળ વૃત્તિ એ 'ક્ષિપ્ત' અવસ્થા છે; (૨) 'મૂઢ' અવસ્થામાં આળસ, જડતા, ક્રોધ, ને બીજાનું ભૂંડું કરવાની વૃત્તિઓ ઉદ્ભવે છે; (૩) દૃશ્ય, શ્રવણ આદિ સુખમાં જોડાએલું મન 'વિક્ષિપ્ત' અવસ્થાયુક્ત છે; (૪) કોઇ બાબતમાં ચિત્ત પરોવાએલું હોય એ 'એકાગ્ર' અવસ્થા છે; ને (૫) 'નિરુદ્ધ' અવસ્થા તે સંકલ્પ-વિકલ્પ વગરની ચિત્તની સ્થિરતા.

મનનાં કાર્યો ત્રણ છે: સંવેદના ઝીલવી, વિચાર કરવો ને ઇચ્છાઓ કરવી. (**मनसा हि कामान्कामयते ॥**) આશા, જ્ઞાન ને સંકલ્પ એ ત્રણ તેનાં પરિણામો છે. આ મુજબ આપણે જીવન જીવીએ છીએ. મનનું બધું સામર્થ્ય સંકલ્પમાં કામે જોતરાય છે. મનને ગમે છે સદા વિચારોની વિવિધતા, છતાં યે તે એક જ વિચારને માનસિક ભૂમિકા ઉપર આવવા દે છે. પણ તે એટલી બધી પ્રચંડ ઝડપથી બદલાઈ જાય છે કે આપણે એકીસાથે ઘણા વિચાર કરતા હોવાનું અનુભવીએ છીએ.

આવા ચંચળ મનને વેદાંતમાં પારાની ઉપમા આપવામાં આવી છે. વળી દારૂ પાએલા વાંદરાને વીંછી કરડતાં તે જે ભયાનક ચંચળતા દર્શાવે

એની સાથે પણ એને સરખાવવામાં આવ્યું છે. જોસથી ફુંકાતા પવનમાં ઊડતું હલકું પીંછું જેમ આમતેમ અથડાય છે, એમ રાગ ને દ્વેષની વૃત્તિઓમાં મન અથડાયા કરે છે.

પાશ્ચિમાત્ય ફિલસૂફીમાં મનની જાગ્રત અને અજાગ્રત એવી બે જ અવસ્થાઓ જાણીતી છે, જ્યારે આપણા વેદાંતમાં જાગ્રત, અર્ધજાગ્રત deficient કે ન્યૂનજાગ્રત, ને અતિજાગ્રત આવી અવસ્થાઓ વર્ણવવામાં આવી છે. અર્ધજાગ્રત કે અજાગ્રતને 'ચિત્ત'થી ઓળખવામાં આવે છે, જ્યારે જાગ્રત મનથી આપણે જોવું-સાંભળવું આદિ ક્રિયાઓ કરીએ છીએ.

મહાસાગર સાથે સરખાવાતા મનની દેખાતી ઉપલી સપાટી એ જાગ્રત મન છે. એની નીચેનો અદૃષ્ટ અને અતિ વિસ્તીર્ણ જલરાશિ એ અજાગ્રત મન છે. જેમ પાણીના નીચલા થર સપાટી સાથે વારંવાર ભળતા રહી એનું ઉષ્મામાન અને જથ્થો બદલ્યા કરે છે, એમ અજાગ્રત મન આપણા જાગ્રત વિચારો અને કાર્યોને ફેરવે છે કે નવા ઘાટ આપે છે. ખરી રીતે તો એ જ આપણી બધી પ્રવૃત્તિઓનો પાયો છે.


આપણને હજારો કામ કરવાની વૃત્તિ જન્મે છે. પણ શારીરિક કે માનસિક અશક્તિ, સંજોગોની મર્યાદા, અન્ય લોકોનો સામનો, નૈતિક ને સામાજિક બંધનો વગેરે કારણોસર અસંખ્ય વિચારો આપણે પડતા મૂકવા પડે છે. આ વિચારો કંઈ નાશ પામતા નથી.

ઉદ્ભવેલા વિચારો મન દબાવી દે છે. જે અજાગ્રત મનમાં સંઘરાઈ રહે છે. આ અંગે પશ્ચિમના માનસશાસ્ત્રના સમર્થ પ્રણેતા ફ્રૉઇડનું કથન છે કે સંઘરાઈ રહેલી જાતિય કે બીજી વૃત્તિઓ તૃપ્તિ માટે વારંવાર જાગ્રત મનની સપાટી ઉપર ધસી આવે છે પણ માનવીની સામાજિક અને નૈતિક ન્યાયબુદ્ધિ એને રોકી રાખે છે. આ બધાં અજાગ્રત વિચારબળો છેવટે કઢંગુ વર્તન, વાણીદોષ, નામ કે સ્થળનું વિસ્મરણ, વસ્તુઓ ફાવે ત્યાં મુકાઇ જવી, ભ્રાંતિ અને સ્વપ્નાં દ્વારા પ્રતીકો રૂપે દેખા દે છે.

એકલદોકલ મુસાફરી વખતે કે અણગમતું ભાષણ સાંભળવું પડતું મૂકીને જે વિચારવમળમાં આપણે પડીએ છીએ એ અચેતન મનની ક્રિયાઓ છે. આ વખતે જાગ્રત મન શાંત (relaxed) હોવાથી અચેતન મનની ક્રિયાઓ થાય છે. સારામાં સારા વિચારો અને ગૂંચવતા પ્રશ્નોના ઉકેલ આની દ્વારા જ થાય છે. આપણે બધાં કાર્યો જાગ્રત મન દ્વારા જ ઉકેલતા હોવાથી આપણાં કામ ને નિર્ણયો જોઇએ તેવાં સારાં અને સ્પષ્ટ નથી હોતાં, કારણ કે એવે વખતે આપણા મનનો થોડો ભાગ કામગીરી ઉપાડતો હોય છે. માટે નિરાંતના સમયે વિચારો અજાગ્રત મનને સોંપવા જોઇએ. આ વખતે મગજમાં સંઘરાએલા બધા અનુભવોનો લાભ મળે છે, જેથી આપણને નવા અને સર્જનાત્મક વિચારો પ્રાપ્ત થાય છે.

મન ને શરીરના ઘનિષ્ઠ સંબંધ આયુર્વેદાચાર્યોએ ઘણો ચર્ચ્યો છે. પશ્ચિમમાં તો હજુ હમણાં જ આ જ્ઞાનનો 'માનસશાસ્ત્ર' નામે ઉદ્ભવ થયો છે. મનની શરીર ઉપર પ્રબળ અસર છે. શોક ઉદ્વેગથી શરીર ઢીલું બને છે. પેટનો દુખાવો કે ચૂંક મન ઉપર અસર કરે છે. શરીર માંદુ તો મન માંદુ અને મન માંદું તો શરીર માંદું. શરીર એ મનનો પડછાયો છે. શરીર રૂપી નહેરમાં મન પોતાની શક્તિનાં પૂર વહેવડાવે છે. પાર્થિવ શરીરનું મન સૂક્ષ્મ રૂપ છે, જ્યારે દેહ એ મનનું બાહ્યાંગ છે. માંદા માણસની જીભ તપાસતાં દાક્તરને જેમ તેની હોજરીની સ્થિતિ તેની જીભ ઉપર પ્રતિબિંબિત થએલી દેખાય છે, એમ મનની સ્થિતિની છબિ મોં ઉપર અંકાય છે.

મોટા ભાગનાં માનવીનાં મન શરીરના કાબૂ નીચે રહે છે. એમનું મનોબળ કેળવાયું નથી હોતું. પરિણામે સુખમાં આપણે રાચીએ છીએ અને દુઃખમાં હલબલી ઊઠીએ છીએ. સંસારની ઉપાધિઓ અને વ્યા-



મનની સરખામણી પાણીમાં તરતા બરફના પહાડ સાથે થઈ શકે. પાણીમાં ડૂબેલો તેનો મોટો ભાગ તે અજાગ્રત મન, અને ઉપર દેખાતો નાનો સરખો ભાગ તે જાગ્રત મન; પાણીની કિનાર એ આપણી અર્ધજાગ્રત અવસ્થા છે. વળી આ પાના પર સમજાવ્યું છે તેમ મન મહાસાગર જેવું પણ છે. એની નીચેનો વિસ્તીર્ણ જલરાશિ એ અજાગ્રત મન, અને ઉપલી સપાટી એટલું જ જાગ્રત મન. જેમ સમુદ્રના પાણીના નીચલા થર સપાટી સાથે વારંવાર ભળતા રહી તેનું ઉષ્મામાન ને જથ્થો બદલ્યા કરે છે, એમ આપણું અજાગ્રત મન પણ આપણા જાગ્રત વિચારો તથા કાર્યોને ફેરવે છે. ચિત્રમાં તે તીરની નિશાનીથી દર્શાવ્યું છે.

ધિઓ મહા ત્રાસજનક થઈ પડે છે. મનની શાંતિ નષ્ટ પામે છે. અજંપો પીડે છે. મન ભાંગી પડે છે, રોગિયું બને છે. પરિણામે લોહીનું દબાણ, હોજરીનું ચાંદું, હિસ્ટીરિયા, ચિંતા-ભ્રમ આદિ વ્યાધિઓ આવી પડે છે.

મનને ઓળખવું દુષ્કર છે. તે મહાસાગર સમું છે. પાણીની સપાટી ઉપર જહાજ હાંકનાર નાવિક જેમ મહાસાગરના પેટાળની બાબતોથી અજાણ હોય છે, એમ મનની વૃત્તિઓથી આપણે અજાણ છીએ. આવા દુર્ધર્ષ મનને વશ કરવું અતિ મુશ્કેલ છે. આપણા પ્રાચીન ચિત્તશાસ્ત્ર સમા પુસ્તક ગીતામાં આ માટે અભ્યાસ ને વૈરાગ્યનો આશરો લેવા સૂચવ્યું છે. યોગશાસ્ત્રમાં **चित्तवृत्ति निरोधः** નો—ચિત્તની વૃત્તિઓને રોકવાનો આદેશ છે. આ માટે જરૂર છે એકાગ્રતાની. આ અંગે મહર્ષિ પતંજલિ **ईश्वर प्रणिधाना** એટલે ઈશ્વરાભિમુખ થવાનો આદેશ આપે છે. વેદાંતે સૌ પ્રથમ આંખ, કાન ને જીભની ઇંદ્રિયો કાબૂમાં લેવાનું કહ્યું છે. મહર્ષિ ચરકે લખ્યું છે કે આહારથી મનની શુદ્ધિ નિપજે છે.

ચરક કહે છે કે શરીર, મન ને આત્માનો સંયોગ એટલે જીવન. (**शरीरेन्द्रिय सर्वात्मा संयागोधारि जीवितम् ॥**) મન શરીરને વશ રાખે છે. વેદાંતીઓ મનને બંધન-મોક્ષના કારણ રૂપ માને છે, **मन एव मनुष्याणां कारणं बंधमोक्षयोः** માટે સ્વસ્થને શાંત જીવન માટે મનોબળ કેળવવું જોઇએ. શંકરાચાર્યે કહ્યું છે કે **जित जगत् केन मनो हियेन** મન જીત્યું એણે જગત જીત્યું.

(ચાલુ)

કચ્છ-કાઠિયાવાડના સમસ્ત જાડેજા રાજપૂતોની જ નહિ, પણ છેક સાગરખેડુ ખારવા સુધીના વિસ્તૃત બહુજનસમાજમાં અત્યંત આદરપૂર્વક પૂજાતી આશાપૂરા માતાનો મઢ

★ લેખક અને તસ્વીરકાર **રામસિંહજી રાઠોડ**

મઢની ધરતી જગવિખ્યાત છે. મઢના ભૂસ્તરમાં કુદરની ફટકડી નીપજે છે. મઢની રંગબેરંગી ભૂમિ આંખને ગમે છે અને મનને રાજી કરે છે. કુદરતની રસશાળા જેવી દેખાતી આ ધરતી ભૂસ્તરવેત્તાઓને કોયડારૂપ બની તેટલી જ મૂંઝવે છે. ઝાડી અને પાણી અહીં ભરપૂર છે. એવી જેની નિસર્ગશ્રી છે તેવા ડુંગરાઓ વચ્ચેથી ચાલી જતી 'નય'ના કાંઠે 'મઢ' ગામ વસેલું છે. તેમાં કચ્છની દેશદેવી અને કચ્છના રાજકુટુંબની કુળદેવી રસરાણી રન્નાદેવી[1] આશાપૂરાનો મઢ આવેલો છે.

શક્તિપૂજા માનવીય સંસ્કાર જેટલી જૂની છે અને તેટલો જ આ માતૃકાપંથ વ્યાપક છે. સિંધુ સંસ્કૃતિમાં માતૃકાઓનું સ્થાન મહત્ત્વનું હતું. આવા શાક્તસંપ્રદાયની માતા હીંગળાજનું મુખ્ય ધામ સિંધમાં આવેલું છે.

મનુ વૈવસ્વતની સાતમી પેઢીએ યદુ થયો. તેના વંશજ યાદવ કહેવાયા. યદુની ચોપનમી પેઢીએ શ્રી કૃષ્ણચન્દ્ર થયા. પુરાણ અને ભાટ લોકોના મત અનુસાર, એમના પછી જે યાદવ વંશ ચાલ્યો તેમાં શોણિતપુરમાં મનુની ૧૪૩મી પેઢીએ દેવેન્દ્રને ગણાવી શકાય. દેવેન્દ્રને ચાર પુત્ર થયા: અસપત, ગજપત, નરપત અને ભૂપત. તેમના વિષે કચ્છમાં એવી દંતકથા કહેવાય છે કે ધર્મયુદ્ધમાં સ્વધર્મની રક્ષા અર્થે આ ચારે જણે ઓસમના ડુંગર ઉપર આશરો લીધો. અહીં તેમના પર હીંગળાજ માતાએ મહેર કરી તેમને ઉગારી લીધા. તેમની સાથે કુરેશી નામે એક ચારણ પણ હતો. માતાએ મહેર કરી તેથી આ કુરેશીના વંશજ મેરંયા ચારણ કહેવાયા અને નરપત હીંગળાજના પરમ ભક્ત બની રહ્યા. નરપતને સામપત નામે પુત્ર થયો જેથી તેના વંશજ સમા કહેવાયા. સામપતની નવમી પેઢીએ લાખિયાર ભડ થયો. તેણે સિંધમાં નગર સમૈ વસાવ્યું. એ લાખિયાર ભડના લાખો ધુરારો થયો. ધુરારાને એક રાણીથી મોડ, વેરઆ, સાંધ અને ઓઢો નામે અને બીજી રાણીથી ઉન્નડ, જેહો, ફૂલ અને મનાઈ નામે પુત્રો હતા. ઉન્નડ સ્વપ્રતાપે નગર સમૈની ગાદીએ આવ્યો એટલે મનાઈ અને મોડે મળી ઉન્નડને કાવત્રાથી મારી નાખ્યો. મોડ-મનાઈના આવા કુકર્મથી નગરસમૈના સમાઓમાં તેમને સ્થાન રહ્યું નહિ અને તેમને કચ્છમાં આવી ભરાવું પડ્યું.

ઉન્નડ પછી નગર સમૈની ગાદીએ તેનો પુત્ર સમો બામની આવ્યો અને તે પરાક્રમી થયો. ધ્રુમલીની ચડાઈમાં ફતેહ કરી ત્યાંથી પાછા વળતાં તે કચ્છમાંથી પસાર થયો ત્યારે, હાલ જ્યાં મઢ છે ત્યાં રાતવાસો કર્યો. રાત્રે માતા હીંગળાજે સ્વપ્નમાં તેને કહ્યું કે 'તારી આશા પૂરી થઈ છે. પ્રાતઃકાળે આ સ્થળે તને માતૃકાની સ્વયંભૂ મૂર્તિનાં દર્શન થશે. તેની પ્રતિષ્ઠા કરી પૂજન કરજે.' બામનીને સવારમાં નીગોરા ભિટ્ટ પાસે મૂર્તિનાં દર્શન થયાં અને તેણે તેની સ્થાપના કરી. આ રીતે આશા પૂરી કરનાર આ માતા આશાપૂરા નામે પ્રતિષ્ઠા પામ્યાં.


કચ્છ આવેલા મોડ અને મનાઈ પોતાના મામા વાઘમને મારી ગુંતરીગઢ દબાવી બેઠા. પછી તેઓ સાત સાંધના ખંડિયા થઈ રહ્યા, પણ તેમાં તેમને અકળામણ થવા માંડી. તેમણે પોતાની દુષ્ટ બુદ્ધિ અનુસાર પણ શ્રદ્ધાથી આશાપૂરાનું સ્મરણ કરી બાધા લીધી :

> માર્યો વાઘમ ચાવડો અર્સાં અસાંજે હથ,
> જેડો ચાડચો હિકડો, તેડા ચાડીંધાંસી સત;
> હે આઈ આશાપૂરા, કર તું કચ્છ જો નીયા,
> માડુ ધ્રાઈએ માનીએં થીએ સુથ સુવા.

(અમે વાઘમ ચાવડાને તો માર્યો તેમ હજુ સાત સાંધને મારીશું, પણ હવે દેશની અશાંતિ જાય અને માણસોને અન્નધનની તૃપ્તિ થાય તેવો હે માતા આશાપૂરા તું ન્યાય કર.) આ રીતે પછી સાંધોને મારી તેઓ કચ્છમાં એકહથ્થુ સત્તા જમાવી બેઠા. તેમણે માનતા લીધેલી એ મુજબ તેમણે આશાપૂરાને આઠ મહિષો(પાડાઓ)નો ભોગ ધરાવ્યો, ત્યારથી બલિદાન દેવાની આ પ્રથા મઢમાં શરૂ થઇ.

કચ્છમાં મોડના વંશમાં ફૂલ થયો. તેના અજો અને અણગોર નામે બે કારભારીઓ હતા. માતા આશાપૂરાની પરાશ્રદ્ધાએ તેમને તેમની ઝળકતી કારકિર્દીમાં યારી આપી તેથી તેમણે માતાનો મઢ ચણાવ્યો. માતાજીના મહિમા વધી જતાં પછી અહીં જે ગામ વસ્યું તે પણ 'માતાના મઢ' નામે પ્રસિદ્ધિ પામ્યું.

નગરસમૈમાં સમા બામનીની ચોથી પેઢીએ સાંધ ભડ થયો. તેનો એકનો એક પુત્ર બીમારીમાં મરણોન્મુખ થતાં સાંધ તેની પરિયાગત ઈષ્ટદેવી આશાપૂરાને આશરે ગયો. આશાપૂરાનો જડો નંખાવ્યો એટલે એ બાળક માંદગીમાંથી ઊગરી ગયો.[2] જડાથી બચ્યો એટલે એ



મઢમાં આશાપૂરાનું મંદિર

[1] Hinglaj, is Nannadevi and is still worshipped on festive occasions as Rannadevi. (Calcutta Review May 1931 P. 236) [2] કચ્છી બોલીમાં 'જડો' નાખવો એટલે આશિષ આપવા કે કૃપા કરવી એમ થાય છે. માતા બાળકને ખોળામાં પાલવથી આવરી લઈ રક્ષે તેમ પાલવની સંજ્ઞા કરી જડો નાખવામાં આવે છે. કચ્છીમાં 'જો' પ્રત્યયનો અર્થ 'નો' થાય છે. તેથી 'જડેજો' એટલે 'જડાનો'.




મઢમાં આશાપુરાના મંદિરના સ્તંભ ઉપર કોરેલું કલાત્મક ભાતકામ

જાડા કે જાડેજો કહેવાયો ને એના વંશજ જાડેજા તરીકે જાણીતા થયા.

જાડાને સંતતિ ન થતાં તેણે તેના ભાઈ વેરૈજીના પુત્ર લાખાને દત્તક લીધો. પણ તેમ કર્યા પછી જાડાને ઘાઓ નામે પુત્ર થયો. જાડાના મૃત્યુ પછી ઘાઆ અને લાખા વચ્ચે તકરાર થઈ. પરિણામે લાખો અને તેનો જોડિયો ભાઈ લાખિયાર કચ્છ તરફ ચાલી નીકળ્યા. ત્યાં તેમણે પોતાની સત્તા સ્થાપી. લાખા પછી તેનો પુત્ર રાયધણ રતો થયો. તેને ચાર પુત્રો હતા. એ ચારે ય સમોવડિયા ને શક્તિશાળી હતા. તેમની વચ્ચે ઝગડો ન થાય અને દેશમાં શાંતિ જળવાય તે માટે રાયધણે મેઘવાળ દેવ માતંને ચોવટિયા તરીકે રાખી તેમના વાસ્તે આશીર્વાદ માગ્યા. તેમની સત્તા હેઠળ મૂકવાના મુલ્કની હદ માતંએ નક્કી કરી આપવી એમ ઠર્યું. બધાએ આ કબૂલ રાખ્યું.

વિચરે વાઈઆં ગજણજી, હોથિય બારો ગામ;
સીકરે પર્યા દેદો ધણી, વિચરે ઓઢો જામ.

લાખિયાર વિયરો જે તેમના ટીલાનું ગામ હતું તે તેમણે નાના ઓઢાને આપ્યું. વિયરાથી પશ્ચિમે ગજણ, હોથી ને બંદરાથી હબાય બાજુના બાર ગામનો પ્રદેશ ને સીકરાથી દૂર પૂર્વનો ભાગ તેમણે દેદાને આપ્યો. આથી મોટા ભાઈઓ બધા કચવાયા. તેમણે બહાનું કાઢ્યું કે દર આઠમ અને ચૌદશે તેમને રુદ્રમાતાનાં દર્શન કરવાનો નિયમ છે એટલે તેમને જો આ રીતે રહેવા જવું પડે તો તેમની આખડી તૂટે ને બાધાભંગ થાય. એટલે દેવ માતંએ તેનો નિવેડો કરી કહ્યું કે 'મારા વચનથી હવે દેદો રવેચીનું, હોથી મહામાયા હબાયનું, ગજણ આશાપુરાનું અને ઓઢો રુદ્રમાતાનું પૂજન કરશે તો સફળ થશે.' દેવ માતંએ ચારે ભાઈઓને આશીર્વાદ આપ્યા. આ રીતે કચ્છમાં અતિ પ્રસિદ્ધ એવી શક્તિશાલિની ચાર








મથાળે: મઢમાં આશાપૂરા માતાના મંદિર પાછળ ચાચરાકુંડનું દૃશ્ય; વચ્ચે: આશાપૂરા માતાના મંદિરનો ચોક; નીચે: મઢ ગામનું દૃશ્ય (ફોટો: રામસિંહજી રાઠોડ)

મહા માતૃકાઓની સ્થાપના થઈ. આ પૈકી હબાય તથા રુદ્રમાતાનાં મંદિરોનાં ચિત્રો અંક ૩૪૯માં આપ્યાં છે; રવ મુકામે આવેલું રવેચીનું મંદિર આ નીચે આપેલું છે.



ઓઢાજીની સાતમી પેઢીએ હમીરજી થયા અને ગજણની અગિયારમી પેઢીએ જામ રાવળ થયા. હમીરજી અને રાવળ જામે વંશપરંપરાથી ચાલ્યા આવતા તેમના વૈરની માતા આશાપૂરાને વચ્ચે રાખી પતાવટ કરી. આની ખુશાલીમાં બાડામાં મેહફિલ ગોઠવાઇ, તેમાં દગાથી હમીરજીનો ઘાત થયો.

કચ્છ છોડી ભાગતા ફરતા, હમીરજીના બાળપુત્ર ખેંગારજીને ગોરજી માણેકમેરજીને ત્યાં માતાની કૃપા મળી. ત્યાંથી મળેલ સાંગ ને શક્તિના પ્રતાપે ખેંગારજીએ કચ્છમાં ફરી કબજો જમાવવો શરૂ કર્યો. આ હકીકતની રાવળ જામને ખબર પડી એટલે ખેંગારજીનો સામનો કરવા જવા પહેલાં તે માતા આશાપૂરાના મંદિરે આશિષ લેવા ગયા. પણ

'મું તાં રાવર તો રૂઠી, ત્રુઠી ખેંગારા'

એવો માતાજીનો ભાવ જામ પામી ગયા. રાવળને આશાપૂરા ઉપર અપૂર્વ શ્રદ્ધા હતી. માતાજીને વચ્ચે રાખી હમીરજીને આપેલ વચન ઉથાપ્યાનું તેને સ્મરણ થયું એટલે માતાજીના ભાવમાં શ્રદ્ધા રાખી રાવળ કચ્છ છોડી સૌરાષ્ટ્રમાં જઈ વસ્યો. ખેંગારજી પર માતાજીએ મહેર કરી અને તે કચ્છાધિપતિ બન્યા. ત્યારથી ચારસો વર્ષ થયાં દર વર્ષે નોરતાં(નવરાત્રિ)માં કચ્છની રાજધાની ભુજમાંથી આશાપૂરાના મંદિરે ચમર ધરાવવા સવારી જાય છે. દરબારગઢમાંથી નીકળતી આ સવારીમાં રાઓ પોતે અથવા રાજકુટુંબીઓમાંના કોઈ જણ મોરપિચ્છના ધોળા અસ્તરના બનાવેલી શુભ્ર ચમર ખભે ઉપાડી ઉઘાડે પગે નાકા બહાર જાય છે. ત્યાંથી રથમાં રવાના થઈ સવારી માતાને મઠ પહોંચે છે અને ત્યાં નવરાત્રિ-યજ્ઞની મહાપૂજાની પૂર્ણાહુતિ કરાવે છે.

કચ્છમાંથી જાડેજાઓ સૌરાષ્ટ્રમાં ફેલાયા. ત્યાં તેમણે નવાનગર, ધ્રોળ, સરધાર, ગોંડળ, મોરબી વગેરેમાં પોતાનાં અલગ રાજ્યો સ્થાપ્યાં. ત્યાં પણ તેમની કુળદેવી માતા આશાપૂરાનો મહિમા મોખરે રહ્યો છે. આ રીતે જાડેજાઓ જ્યાં જ્યાં ગયા છે ત્યાં ત્યાં તેમણે દેવી આશાપૂરાની સ્થાપના કરી પ્રતિષ્ઠા કરી છે અને મંદિરો ચણાવ્યાં છે. નિરાશાના અથાગ ઊંડાણમાં ડૂબેલા હોઈ જીવો

'જાણાં નકાં બુઝાં, બુઝેતી તું બાઈ;
ઢચર મથે ઢોરીયે, તું આસાપરા આઈ.'

જેવી પ્રાર્થનાના આશાદોર પર એ મંદિરોમાં અડગ થઈ આજે પણ આત્મશ્રદ્ધા મેળવતા દેખાય છે.

માતાના મઠમાં આશાપૂરાનું પૂજન ભૂવા અને કાપડી લોકો કરે છે. જૂના વખતમાં આ ભુવા અને કાપડી વચ્ચે તેમના હકહિસ્સાને લગતો ઝગડો થતાં તેમાં કચ્છ દરબારે એવો નિવેડો કરી આપ્યો કે ભૂવો રાજા કહેવાય અને કાપડી રોરાશી કહેવાય. રોરાશી ગુજરે ત્યારે રાજાનો ચેલો રોરાશી થાય અને રાજા ગુજરે તો રોરાશી પાછો રાજા થાય. એ મુજબ તેઓ આજે મઠની જાગીર ભોગવે છે અને આશાપૂરાની સેવાપૂજા કરે છે. માતાજી પાસે ડમરુ-ડાક વગાડવા આયડી લોકો કામ કરતા. રાઓશ્રી દેશળજીના વારામાં આશાપૂરાના આયડીઓને રાજદરબારમાં હુકાપાણીનો અધિકાર મળ્યો. માતાજીનો તેઓ જાગ કરાવે છે તેથી તેઓ જાગરિયા કહેવાયા છે. ભુજ, અંજાર અને જામનગરમાં આ જાગરિયાઓનાં થોડાં ઘર છે. તેઓ નોરતાંમાં ડાક વગાડે છે, ઉપરાંત પટ્ટી-પાટી વણી કે નોકરી કરી પોતાનો ગુજારો કરે છે.

મઠ પાસે જાગોર ભિટ્ટમાં જાગોરિયા આશાપૂરાનું અને ગુગલીઆણામાં ગુગળી માતાનું સ્થાનક છે. તળ મઠમાં ચાચરા કુંડ અને ચાચરા માતાના મહિમા પણ મોખરે છે. વિ.સં. ૧૮૭૫ના ધ્રોસ (ધરતીકંપ)માં આશાપૂરાનું જૂનું મંદિર જમીનદોસ્ત થતાં સુંદરજી શિવજી અને મે'તા વલ્લભજીએ તેનો જીર્ણોદ્ધાર કરાવ્યો. મઠમાં ગૃહઉદ્યોગની રીતે જૂની રૂઢ પદ્ધતિથી ફટકડી તૈયાર કરવામાં આવતી. આ ઢબે તૈયાર થતી ફટકડીના કેલાસનો આકાર પડતો તે શંકુઘાટે મંદિરના શિખર જેવો દેખાતો. ગામલોકો તેને માતાજીનો પરચો મનાવતા. મઠ તરફના પ્રદેશમાં માતાજીએ જે દૈત્યને સંહાર્યો હતો તેના અવશેષ ધરતીમાં રહી ગયાની પણ એક દંતકથા કહેવાય છે. એ પ્રદેશમાં ધરતીના પેટાળમાંથી ઘટ્ટ ચીકટનો અને એવા બીજા અસ્માભૂત બનેલા પદાર્થ નીકળે છે. તેની સાથે આ વાતને ઘટાવવામાં આવે છે. આ પદાર્થને અગ્નિ ઉપર ખવાવવામાં આવતાં એક વિશિષ્ટ પ્રકારની વાસ નીકળે છે અને માતાજીને તે ગમે છે એવી માન્યતા છે. માતાજીના ગોઠી ઘરેઘર એનો ધૂપ તરીકે ઉપયોગ કરે છે અને આશાપૂરી ધૂપ નામે જાણીતો આ પદાર્થ દેશાવર પણ ઉપયોગાર્થે ચડે છે.

મઠમાંથી કચ્છની દેશદેવી આશાપૂરાની પ્રતિષ્ઠા કચ્છને ખૂણેખૂણે પ્રસરેલી છે. દરિયાકિનારો પણ તેમાંથી બકાત નથી. મધદરિયે પોતાના આશાદીપને જલતા રાખનાર એ દેવી આશાપૂરાને 'આસાર'ના લાડીલા નામે કચ્છનો સાગરખેડુ ખારવો પૂજે છે. લાયની પાસે ખારોડનો જ્યાં સાગરસંગમ થાય છે ત્યાં ત્ર્યાશી ફૂટ ઊંચી ટૂઈ ઉપર આસારનું મોટું થાનક આવેલું છે. દૂરદૂરની સાગરસફરો ખેડી માંડવી બંદરે પહોંચતો ખારવો આસારનું થાનક નિહાળે છે કે એની જીવનશ્રદ્ધા જાગે છે. તરત તે ઘર ભેળા થવાની તીવ્ર લાગણી અનુભવે છે. આસારનાં દર્શન થકી તેના આનંદ અને આશા પરાકાષ્ઠાએ પહોંચે છે. આશાનું આવું દિવેલ પૂરતી મઠની મહાશક્તિ આશાપૂરા કેટલા યે આશાભર્યા અને કોડીલા જીવનદીપ આમ જલતા રાખે છે.



ચન્દ્રવદન ચીમનલાલ મહેતાની આપકથા

૨ સર્વહેણા મુસાફરી એટલે ઍરોપ્લેનની સફર. મુંબાઇથી દિલ્હી દિલ્હીથી અમદાવાદ કે અમદાવાદથી મદ્રાસ. એમ બે ચાર કલાકનો ઠીક મામલો છે, પણ દરિયાપારની મુસાફરી ખેડવામાં તો ઍરોપ્લેન જેટલી નિર્જીવ મુસાફરી બીજી એક પણ નથી. ટ્રેઈન કે સ્ટીમર ઊપડે તો ય સ્નેહીજનો તથા કુટુંબકબીલો દૂરદૂરથી અલપઝલપ દેખાતો રહે, છેટું ધીમેધીમે વધતાં રોમાંચ થાય, વિયોગ વસમો લાગવા માંડે, આહિસ્તા મન પલટાતું રહે. આ તો બહાર બધા ભેગા મળ્યા, આવજો આવજો પણ કહેવાય નહિ, અને દાબડામાં પૂર્યા કે ઢાંકણું બંધ! સફર શરૂ કરતાં પહેલાં મેદાનને એક ખૂણે શ્વાસ ભરવા ઊભા રહો. ન સીટી, ન વ્હિસલ, ન રૂમાલ ઉડાડાય કે ન કોઇને મીટ માંડીને જોવાય.

સ્વિટ્ઝરલેન્ડ! સ્વિટ્ઝરલેન્ડ! આડત્રીસમાં ઉઠાંતરી કરવાના મનસૂબા હતા, તે પચાસના મેમાં જોગ ખાધો. હજી તો અરબી સાગર પર સંધ્યાનાં પાથરણાં બિછાવાય તે પહેલાં તો આગળ બિરાજમાન મનસુખલાલ માસ્તરે બે શ્લોક લલકાર્યા. અને પરિણામે, અરેબિયાને સંસ્કૃતનો મોહ લાગ્યો કે શું, તે અરેબિયામાં–બસરામાં જ પ્લેન બેઠું તે અડી જ બેઠું! આ કર્ટવ કંઈ ગામડાના બળદને કે અડિયલ ટટ્ટુને જ હોય છે એવું થોડું છે? રણમાં જ પ્લેને તંદુરસ્તી ગુમાવેલી, એટલે આખી રાત ત્યાં રેતીમાં જ કાઢવાની હતી. હવે જોખમ તો એ વિમાન ઊડે તો હતું, એટલે અમારા બધાની જમાત રેતાળ પથારી ઉપર આરામથી ભોંય પડી હતી. અરબી વતનીઓને મન તો જાણે પોતાને ત્યાં નાનો મેળો ઊડી આવ્યો હોય એમ તેઓએ અમારી આસપાસ રંગીન ફાનસો ટંગાડી શોભામાં વધારો કર્યો હતો. ખાવાનાનો પ્રબંધ હતો, પણ બિસ્તરની સગવડ બરાબર નહોતી, તો યે મોડી રાતે ઠીકઠીક થઈ ગઈ. અહીં માસ્તરસાહેબ ખીલ્યા. અને ન ખીલતા તો બાજુમાં બિરાજેલા જામસાહેબ એમને બરાબર ખીલવતા. ત્યારે શ્લોક પર ભાષ્ય રચવાનું પણ મનસુખલાલ ચૂકતા નહિ. અરબસ્તાનને સંસ્કૃત ગમ્યું હોવું જોઇએ; કારણ, નહિ તો રાત આટલી લાંબી લાગત જ નહિ.

આખરે સવાર પડી અને અમે નાસ્તાપાણી કરી પ્લેનમાં પાછા ચડ્યા. રાત દરમ્યાન એન્જિનીઅરોએ કેરોથી ઘટતું સંગાવી પ્લેનની સુસ્તી ઉડાડી દીધી હતી અને આગળ જવા વાંધો નથી એવી ખાતરી મળી હતી, એટલે આશરે દસેક કલાક મોડા, સવારે નવેકને શુમારે ઊપડ્યા. અમારી સાથેના એક સાથીદારે તો ખોળામાં જ પૂજાપાઠની બેઠક વિસ્તારી હતી, એ તો પાછળથી સળગાવેલી ધૂપસળીની સુગંધ ચોમેર ફેલાઈ ત્યારે માસ્તરસાહેબનું સરવું નાક પામી ગયું. એટલે એમણે મને ગૂઢ ભાષામાં જ તપાસ કરવાનો સંકેત દીધો. મનસુખલાલ સિંધિયાના કપ્તાન એટલે મેં મારો રિપોર્ટ તરત જ એમને સ્વાધીન કર્યો:

'પલાંઠી વાળી છે; એ પર કાષ્ઠનું સપાટ નાનું આસન છે; એ પર મખમલનું બિછાનું છે; એ પર મૂર્તિ બિરાજમાન છે; એકાદ નાનકડું ધર્મપુસ્તક છે; પત્રં, પુષ્પં, ફલં, તોયં તથા મહત્ત્વનો એવો જે પ્રસાદ તે ક્યાં ય જણાતો નથી; પૂજા ચાલુ છે; હમણાં ખલેલ કરવી ઠીક નથી; આપણે ગુસપુસ કરી શકીએ; બાકી બધું શાંત; આલબેલ; ગુડબાઈ.'

માસ્તરસાહેબે કહ્યું કે બધું પતે એની દેખરેખ રાખો અને તરત કહો. હાજી સાહેબ, પત્યું. પણ માસ્તર માગણી કરે તે પહેલાં બાજુની હારમાં નાકે બેઠેલા જામસાહેબની નજર તો ત્યાં ચાલુ જ હતી. એમણે પ્રસાદ વહેંચણીની જાહેરાત કરી અને અમને પ્રસાદમાં સારો જેવો સૂકો મેવો મળ્યો. એની બાટલીઓ ફરતી થઈ ગઈ ને આખરે એનો હંસલો ઊડી ગયો અને કાયારૂપી કાચનું પિંજર જ ખાલી રહી ગયું. ધીરજનાં ફળ મીઠાં છે તેમ ભક્તિનાં ફળ પણ લાભદાયી હોય છે, તે વિના હરકતે સપાટાબંધ અમે કેરો પહોંચી આફ્રિકા પર પગ માંડ્યો. ત્યાં જમ્યા અને ઉપડ્યા. મેડિટરેનિયન ઓળંગતાં નીચે સળગતો પહાડ જોયો. એ જ વિસુવિયસ ઉપરથી એનું મુખ જોવાની મઝા પડી. પૃથ્વીને પણ ઉના લોહીની ઊલટી થાય છે, અને થાય છે ત્યારે કેવો હાહાકાર વર્તાવી મૂકે છે, એની કલ્પનામાં જરા વિષાદાવસ્થામાં ગૂંચવાતા હતા, ત્યાં તો માસ્તરસાહેબે મન્દાક્રાન્તા ગુંજાર્યો. સૌ. તારાબેન બાજુમાં જ હતાં છતાં એમણે 'મેઘદૂત' સંભાર્યો, ત્યારે થયું કે વાતમાં કંઈક રહસ્ય હોવું જોઇએ!

સન્ધ્યા વિધવિધ રંગે આલ્પ્સ ઉપર શિખર-સાથીઆ ઉપસાવતી હતી અને અમે, બરાબર બે બાજુ છડીદાર જેવાં ઊભેલાં હિમશિખરોની હારમાળા વચ્ચે થઇ જતી ખીણમાંથી અહ્લક પસાર થઈ જતા હતા. આ જ એ આલ્પ્સ, આ એનાં શિખરો! માસ્તરસાહેબ પાસે કાલીદાસનો સ્ટૉક સારો, તે એક પછી એક એમ દરેક શિખરને એકેક શ્લોક ભેટ ધર્યે જ જતા હતા. આખરે એ વટાવીને વિમાન જીનીવામાં આવી ઊતર્યું. અમે યુરોપમાં સ્વિટ્ઝરલૅન્ડની ભૂમિ પર પગ માંડ્યા.

અમે મોડા પહોંચ્યા હતા, એટલે રાત જીનીવામાં જ ગાળી. બીજે દિવસે સવારે વાડીભાઈ ચતુરભાઇને ફ્રાન્સ જવા વળાવી, ડૉ. શ્રોફ અને હું રેલવેનું સ્ટેશન ખૂંદી વળ્યા. ડાકટર સાહેબ આંખની ઑસ્પિટલમાં ગયા, અને હું બેર્ન જવા ઊપડ્યો.


સ્વિટ્ઝરલૅન્ડ એટલે ઘડિયાળો દેશ. નથી અહીં લોખંડ ઉત્પન્ન થતું, છતાં ઝડપવાળાં ઍંજિનો અને ઝીણામાં ઝીણું કામ આપનાર ઘડિયાળો અહીં બનાવાય છે. દુનિયાનાં કાંડાં પર ઘડિયાળો બાંધી આપે એ પ્રદેશના લોકોને ઘડીની તો સ્વાભાવિક કિંમત હોય જ. ટ્રેન આવે-ઉપડે વખતસર, પણ ત્યાં નથી ગાર્ડના પાવાની ચિચિયારી કે નથી ઍંજિનની વ્હિસલની કિકિયારી. કુદરતે બિછાવેલી લીલી જાજમ પર સાપોલિયા જેવી રેલગાડીઓ આડીઅવળી નહેરો નીચેથી કે પહાડ કોતરતી કે શહેરથી હેઠળ વખતસર ચાલ્યા જ કરે છે. ટિકિટ ગમે ત્યારે લઈ લ્યો. ન લેવાય તો ફિકર નહિ. રસ્તે ટિકિટ તો તપાસવાની જ. એ તમને ટિકિટ આપી દે. ન દંડ, ન ફંડ, ન ફરિયાદ. તમે દસ સ્ટેશન રહીને ઊતરવાના હો, તો નવમા સ્ટેશન પછી જ કલેકટર તમારી ટિકિટ તપાસી લઈ ટ્રેનમાં જ લઇ લે. ઊતરી તમારે તરત જ્યાં જવું હોય ત્યાં જાઓ. સામાન સ્ટેશન પર મૂકવો હોય ત્યાં મૂકો. ચોરાવાની તો બીક જ નહિ.

બપોરે બર્ન પહોંચ્યા. કોઈ સ્વિસની આગળ 'બર્ન' ઉચ્ચાર કર્યો તો એના પેટનું પાણી નહિ હાલે. મનમાં કદાચ કચવાશે. પણ બર્ન બોલ્યા તો ભભકાથી મલકાશે, તમારી સાથે વર્ષોની દોસ્તી બાંધી દઈ પણ કરવા તત્પર થઈ જશે. બર્ન એનો ખરો ઉચ્ચાર છે. બહુ જૂનું શહેર. અને જૂનું એટલે જ્યારે આપણે ત્યાં સધરા જેશંગનું રાજ્ય ચાલતું ત્યારનું. ૧૧૯૧માં ઝાહરીનજેન ઉમરાવે નક્કી કર્યું કે પહેલો શિકાર જે પ્રાણીનો કરું એના ઉપરથી શહેરનું નામ પાડવું. અને એણે રીંછનો શિકાર કર્યો. હજી શહેરમાં ત્રણ રીંછને ખાસ સંગ્રહસ્થાનમાં સમાલીને રાખવામાં આવે છે. એ તો ઠીક, પણ છસો સાતસો વર્ષના સાંસ્કૃતિક વિકાસના અભ્યાસ માટે આ શહેર જોવાલાયક છે.

બાર્નહોફ એટલે કે સ્ટેશન છોડ્યા પછી તરત જ ઘંટાઘર જોવા ઊભા રહેવાનું મન થાય છે. સોળમી સદીમાં આ ક્લૉક-ટાવર બાંધ્યું. એમાં આજ અઠવાડિયાનો કયો દિવસ, કઇ તારીખ, નક્ષત્રમંડળમાં સૂર્ય કઈ રાશિમાં છે તે, ચન્દ્રનાં વૃદ્ધિ-ક્ષય અને બરાબર કલાક પૂરો થાય એટલે એક યાંત્રિક રીંછ એની આસપાસ ફૂદરડી ફરે, એક મૂર્તિ હાથમાં રેતીની શીશી લઇને બેઠી છે તે શીશી ફેરવી દે, અને એક ઠઠેરાબંધ આકર્ષક બખ્તરમાં સજ્જ નાઈટ સોલ્જર આવી દસ ફૂટ ઊંચા ટાંગેલા ઘંટ પર ટકોરા મારી જાય! આ અચૂક ચાલતાં સાંચાકામ જોઇને ભલભલા દંગ થઇ જાય છે. (જુઓ : સામે તથા નીચે)


પણ આપણે દરેક શહેરની દરેક ઈમારત જોવા બેસીએ તો પાર ન આવે. ઐતિહાસિક ઘટનાઓનો પણ પાર ન મળે. રાજ્યકારણમાં અહીં સ્ત્રીઓને બેઠક જ નહિ, એ આ જૂનામાં જૂની કહેવાતી ડેમોક્રસીનો ચમત્કાર, અને સ્ત્રીઓ જાતે જ એ હક્ક ન માગવામાં મોટમ માને! પણ એ બધું તો જાણવા ઇંતેજારને ગમે ત્યાંથી મળી રહેશે. એટલે એવી વિગતોને જતી કરીશું.

સમાજશાસ્ત્રના પંડિતો શહેરોના વ્યક્તિત્વ ઉપર હમેશાં ભાર





'બર્ન' શહેરની સ્થાપનાની દંતકથામાં 'Bear' એટલે કે રીંછની એક કથા ગૂંથાએલી હોવાથી તેનું નામ તે જ શબ્દ પરથી પડ્યું છે, તેના 'નગર પ્રતીક' પર પણ રીંછનું ચિત્ર છે તે આ ઉપર આપ્યું છે અને આજે પણ ત્યાં રીંછનું ખાસ મહત્ત્વ ગણાય છે. ડાબી બાજુ 'કૅલેન્ડર-ઘંટાઘર'માંની ટકોરા મારતા સોલ્જર, રેતીની શીશી ફેરવતી મૂર્તિ તથા ફૂદડી ફરતા રીંછવાળી અટારીનું ચિત્ર.



બાજુના કૉલમમાં જેનું વર્ણન કર્યું છે તે બર્નનું ઘંટાઘર, જેમાં નીચેના નાના ગોળ ચંદામાં કૅલેન્ડરની માફક તિથિ-વાર, નક્ષત્ર-ચન્દ્ર વગેરે દેખાય છે, અને તેને પડખેની અટારીમાં દર કલાકે એક પૂતળું ઘંટા મારે છે, રીંછ ફૂદડી ફરી જાય છે અને એક મૂર્તિ રેતીની શીશી આપમેળે ઊંધી ફેરવી દે છે. એ અટારીનું મોટું સ્પષ્ટ ચિત્ર સામેના કૉલમને છેડે આપ્યું છે.

મૂકે છે. રાજામહેતાની ખડકી કે લાખાપટેલની પોળ, દાંડિયા બજાર કે ખાંડવાળાની શેરી, મસ્કતી મારકેટ કે બરાનપુરી ભાગોળ, ખાડિયા, બાલાજી, લલ્લુભાઇનો ચકલો કે ભૂલેશ્વર, એવાં થોડાં નામો દઇએ કે એની સાથે સંકળાએલા શહેરનો દિમાગ થોડાઘણો આપણી જાણમાં આવી જ જાય. ક્યાંક લત્તાઓની બાંધણી કુતૂહલભરી હોય છે, તો ક્યાંક દુશ્મનના પંજાએ છાપા મારી વેરવિખેર કરી નાખેલી હોય છે. કાળે પણ પોતાની પાંખ વીંઝી હોય છે. પાટણની સાળવીવાડ–પટોળા શેરીમાં ઊભા રહીએ તો ઘરો કેવી વ્યથાભરી કથા સુણાવી દે છે!

બર્નના અમુક મહોલ્લાઓ સૈકાઓનાં અનાયાસ સ્મરણો જગાડે છે. ત્યાં જૂની બાંધણીને જાળવી છે, સમારી છે, એને સજીવન રાખવા અથાક મહેનત લેવાઈ છે એટલે એ બોલે છે. અનુભવે પાકા થએલા પીઢ પથરાઓ રસભરીરીતે કાળની સારવણી કરી આપે છે અને એમ કરતાં હોંશ અને ઉલ્લાસને જીવતાં રાખે છે. એવા નિરાળા વ્યક્તિત્વવાળાં ઘણાં શહેરો અથવા ગામો સ્વિટ્ઝર્લૅન્ડમાં જોવા મળશે. ત્યાંનાં લાકડાનાં ઘરો, એની સફાઈ, સૌષ્ઠવ, સુઘડતા અને આસપાસના અનેરા પહાડી સૌન્દર્યનાં જેટલાં વખાણ કરીએ એટલાં ઓછાં છે.

બર્નમાં જૂના દોસ્તો સાથે રહેવાની મજા આવી: ધીરુભાઇ દેસાઇ અને સોલી બાટલીવાળા. થયું કે અહીં એક નાટક કરી નાખીએ! પણ પહોંચ્યા તે જ રાત્રે એક નાટક જોવા જવા નોતરું આપવા બે ત્રણ જણા મને મળવા આવ્યા. વાત તો મેં કશી કરી જ નહિ, કારણ એ પૂછે અને ધીરુભાઇ જવાબ આપે. એમાંનો એકે બોલ મને તો સમજાય જ નહિ. મોટા સંસ્કૃતથી યે ભારે જડબાફાડ શબ્દો અને

હથોડા પડે એવાં વાક્યો! ધીરુભાઇ આટલું સારું જર્મન બોલતા હશે એનો તો મને ખયાલ જ નહિ. એમણે એ વિદ્યાર્થીઓને મારે માટે શું યે કહી રાખ્યું હશે, તે આ સ્વિસ વિદ્યાર્થીઓ તે જ રાત્રે પોતાના એક થીએટરમાં મને લઈ જવાના હતા. મારા મનમાં તો પેલી 'મૂગી સ્ત્રી' અટવાયા કરે. ધીરૂભાઇએ કાનમાં દસ ગૅલન પાણી ભરેલી પીચકારી મારીને મારો કાન દફેરફે કરી નાખ્યો હતો, અને વકીલ બનેલા સોરાબજી બાટલીવાળા એ જોઈ ખુશખુશ થતા હતા! મને ખાનબહાદુર ખરરોદજી ખરખરિયાનો મારો પાઠ યાદ આવ્યો. અલબત્ત દસ ગૅલન પાણી તો મારી અતિશયોક્તિ છે, છતાં હજી એ કિસ્સો યાદ આવતાં સોરાબજી હસીહસીને ઉથલાઇ પડે છે. આ વિદ્યાર્થીઓ આગળ એ નાટક ભજવી બતાવીએ તો? પણ ધીરુભાઈ અહીં તો હિઝ એક્સેલેન્સી (ભારતના એલચી) હતા અને સ્વિટ્ઝરલૅન્ડમાં બધા એને 'મસ્યુ મિનિસ્ટર'ના લાડીલા નામથી બોલાવતા. એ પરિસ્થિતિમાં નાટક કરવાનો વિચાર માંડી વાળવો પડ્યો.

રાત્રે જમ્યા પછી છોકરાઓ મને લઈ ગયા. શરૂઆતમાં તો મને એક ભોંયરા જેવું લાગ્યું, પણ અંદર જતાં ત્યાં નાનકડું, ઘાટીલું, સગવડભર્યું અને સુદર થીએટર જણાતાં મારા હરખનો પાર જ ન રહ્યો.

અહીં બે કલાકમાં એક નાટક ભજવાયું. એમાં વહુ ઘણીથી કંટાળી ગઈ હતી, કારણ ધણી ટંફાસિયો હતો. ટૂંકાં સચોટ જર્મન વાક્યોમાં સંવાદ ચાલતા હતા, છતાં બધું બરાબર સમજમાં આવતું હતું. ધણી ટંફાસ મારી હવાઈ કિલ્લા બાંધતો અને શેખચલ્લી જેવો ઊડતો, એ મદાર તો દસેક મિનિટમાં જ હાથ લાગી ગયો, એટલે જોવાની બહુ મજા આવી. વહુ કંટાળતી, થાકતી, ઉશ્કેરાઇ જતી અને છેવટે ઘર છોડવાની અણી પર પણ આવી જતી. પરંતુ એણે તો એક છેવટનો કીમિયો અજમાવી આખરે ધણીની થોડી ટંફાસો અને બાદશાહી મુરાદો કસોટવા તેને બેફામ છૂટો મૂકી દીધો. પણ એમાં તો મિયાં શેખ, હેર હોસ્પોસના એકેએક ફુગ્ગા ફૂટીફૂટીને ભોંય પડવા માંડ્યા! સ્ત્રીએ ન ત્યારે એને મીઠા ડામ દીધા કે ન એની છાતી પર ચડી બેઠી. કહ્યું કે સંસારમાં એમ ન ચાલે. હું તારી ડંફાસ નભાવી લઉં, પણ કંઈ દુનિયા નભાવી ન લે; એ તો તને હસતી જ હતી!

કૉલેજના વિદ્યાર્થીઓના આ અભિનયે અમારા મન ઉપર ઊંડી છાપ પાડી. હા, નાટકો તો મારે જોવાં જ હતાં. અને ભાષા ભલે નોખીનોખી હોય તોપણ અભિનયની જબાન તો એક જ હોવાની. એનો આ પ્રથમ અનુભવ રોમાંચક હતો. ઘણા કહેતા અને કહે છે કે ચન્દ્રવદન મરી ગયો છે. ઘણા શું કહેતા હતા, હું જ કહું છું ને કે રંગભૂમિના રસિયા ચન્દ્રવદનના તો ક્યારના રામ રમી ગયા હતા; પણ કોણ જાણે કેમ આ નાનકડું, પાંચસાત પાત્રોનું જર્મન નાટક જોતાં ફૂટ-લાઈટની આ બાજુથી પેલી બાજુ ફૂદકો મારવાનું મન થયું.

હવે આપણે બર્નથી ઝ્યૂરિક જઇએ. ત્યાં જૂનમાં મેળો હતો. સામાન્ય રીતે આ શહેરની આબરૂ એના ઔદ્યોગિક કેન્દ્રોને લઇને તેમજ ત્યાંની ટેકનિકલ યુનિવર્સિટીને લઇને છે. અહીં વેપારીઓ સારી સંખ્યામાં આવે જાય છે, છતાં કવિ અને કલાકારોના અહીં સારા અડ્ડા જોવા મળે છે.

ભારતના લીગેશનમાં કામ કરનાર એક સુંદર કિશોરી મને પ્રોફેસર રૉબર્ટ ફાયેઝીને ત્યાં લઇ ગઇ હતી. એનો નાનો ઘાટીલો બંગલો ઝ્યૂરિકના એક પરામાં આવ્યો હતો. એ પરાનું નામ ઝોલીકોન. પ્રો. ફાયેઝી સ્વિટ્ઝરલૅન્ડનો બુઝર્ગ નવલકથાકાર. અત્યંત સ્વચ્છ એવા નાનકડા ઘરમાં એ અને એની વહુ બે રહે. પોતે સ્વિસ પી.ઈ.એન.ના પ્રમુખ, અને હું પણ ભારતના એક પી.ઈ.એન.નો મામૂલી સભ્ય, એટલે અમે અમારાં કાર્ડ એકબીજાને બતાવી ભેટ્યા. પણ ધીરુભાઇએ એને ફોનમાં કોણ જાણે શું કહ્યું હશે તે એણે તો નાટકો વિશે જ વાતો શરૂ કરી. 'આ જ ઓરડામાં મેં ટાગોરને ચા પાઈ હતી, એમ તમને ચા પાઉં છું—અને એ જ ખુરશી પર. એથી હું વિશેષ તમારું કંઇ જ સ્વાગત ન કરી શકું તો મને માફ કરજો.'

પછી તો ડોસો-ડોસી ખીલ્યાં. નાઈટ રુડીગર વૉન મેનેસે સમગ્ર જર્મન લોકગીતો સંઘરેલાં એ સંગ્રહ બતાવ્યો અને મેં મારી સાથે આવેલી બાઇને ધીમેથી ગુજરાતીમાં કહ્યું કે સુન્નાબાઈ, બુઢ્ઢીને જરા કહોને કે એકાદ લલકારે! સૂચના મળતાં જ મિસિસ ફાયેઝી ઊઠીને બાજુ પરના નાના પીઆનો પર ગઈ. એણે બે ગીતો ઘણી હલકથી અને ભાવભરી રીતે ગાયાં. અલબત્ત, બંને જર્મનમાં. પછી પ્રોફેસરે ધીમે રહી ખાવાની તાસક દૂર કરી વાર્તાપ્રવાહ શરૂ કર્યો.

"અમારા મોટા કવિ તો શિલર અને હાઈન. હાઇન તો લિરિક્સનો બાદશાહ. કહે છે કે હું મહાન જર્મન કવિ છું, કારણ—પણ તમને કારણ નહિ કહું તો લાગશે કે આ તે કેવું હુંપદ. એથી એ પોતે જ ઉમેરે છે કે હું મહાન–મોટો જર્મન કવિ છું, કારણ મારાં દુઃખો ઘણાં મોટાં છે, એટલે આપણને તરત જ એને માટે સમભાવ થાય છે. હાઈનનાં ઊર્મિગીતો તો જાણીતાં છે, પણ અમારાં લોકગીતોમાંનું આ ગીત એટલું જ કે કદાચ વધારે નાજુક અને મુલાયમ ગણી શકાય. સાંભળો:

"જોબનવંતો જર્મન કિશોર છે. તેણે આખરે થાકીને પોતાની પ્રિયતમાને બારણે જઇ હાકલ દીધી: 'જો, માની જા, માન; મારી પાસે ખેતર છે, ઢોરાં છે, દૂધ ચીઝ માખણ છે. તને સુંદર સ્કાર્ફ જોઇએ તો ફૂલ, મેઘધનુષ અને ઉષાના જેટલા રંગો એ થકી પણ વધારે રંગના લાવી તારે ગળે લપેટીશ. નહિ? નહિ માને? ઠીક. મારી પાસે ઉત્તમમાં ઉત્તમ વિચારો છે, અને કહે તો એ સૌને કાવ્યોમાં પણ ગૂંથી આપું. બોલ'. આખરે કિશોરી બારીએ ડોકાઈ અને તડૂકી: 'હા, એ તો તું બધું કરશે, બધું કરી પણ શકશે. કાવ્યો પણ ગૂંથશે. પણ એ કાવ્યોને લલકારી સીમેસીમમાં ગુંજતાં કરવાનું ગળું તો મારી પાસે છે. એ બાબતમાં તારે શું કહેવાનું છે, બોલ?' કિશોર કહે: 'એથી તો હું તારું ગળું રંગબેરંગી રંગો વડે શણગારવા માગું છું.' 'અરે, જા રે જા. તું શું શણગારતો હતો. તારાં ગીતોને તો મેં કહ્યા એથી વધારે ગળા-અંદરના હલકભર્યા અને અંતરના ભાવભર્યા સૂરોથી હું શણગારીશ. બોલ, તારે શું કહેવાનું છે?' કિશોર આખરે કહે: 'એ બાબતમાં હું તારાથી હાર્યો.' બસ, કિશોરીને એટલું જ જોઈતું હતું. નાનું સરખું ઘર. સીધી બારીએથી ભુસ્કો મારી કિશોરી નીચે પડી ને પેલાની ડોકે ટંગાઈ ગઈ."

'હેરન ફાયેઝી' મેં કહ્યું, 'આ ગાયું તે ગીત તમારું તો નથી ને?' એના જવાબમાં એની વહુ બોલી, 'અરે ના રે, કહીકહીને થાકી કે તમે ગીતો લખો, પણ એ તો નવલકથા જ લખે છે, અને એમની બે નવલકથા પર તો જર્મનીમાં પ્રતિબંધ મુકાયો હતો. ગીતો લખ્યાં હોત તો ગમે ત્યારે ગમે તે ગાત તો ખરાં ને! તમે સૂચવો છો તેમ હું પણ કદાચ ગાત. પણ એ મારો વર કંઈ હાર કબૂલ કરે એવો નથી તો.'

ત્યાર બાદ એણે બે કવિઓ ગોટફ્રેડ કેલર અને કોનરાડ મેયર, જેમાંનો એક ૧૮૯૦માં અને બીજો ૧૮૯૮માં ગુજરી ગયો, એ બેના માનમાં ઝ્યુરિકમાં ખાસ બંધાવેલી બે ઇમારતો જોવા જવા સૂચવ્યું અને દસમી જૂને મળવાનું નક્કી કરી અમે છૂટા પડ્યા.

દસમી જૂનને દિવસે સવારે બેર્નની આર નદી રવાલ ચાલે વહી જતી હતી. બરફના ઓગળેલા પાણીમાં ઊમળકા ઊભરાતા હતા. એના કાંઠા પર જ એક નાનકડું હોટેલ છે. ત્યાં હું એકલો ચીઝ દૂધ બ્રેડ અને સહેજ નમકની બનાવેલી સ્વિટ્ઝરલૅન્ડની (અનુસંધાન પૃ. ૩૯૧મે)

પસ્તી

બકુલ ત્રિપાઠીનો નિબંધિકા...

જેમાં ઝફરુલ્લાની ધમકીઓ, પંડિતજીની હાકલો, મુનશીની વાણીગંગા, કૃપલાનીના પ્રશ્નોત્તરો, મોરારજીનાં ઉદ્બોધનો એ સૌના મણમણના હિસાબે ભાવો બોલાય છે.

'પેલી તમારા બધા જ લેખોની ફાઈલ હું વાંચવા લઈ ગએલો ને?'

'હા!'

'તે ગઈ...'

'ક્યાં?'

'પસ્તીમાં! ભૂલમાં તમારા લેખો બીજાં છાપાં જોડે પસ્તીમાં વેચાઈ ગયા.' એક મિત્રે મને વધામણી આપી! સંભાળીને સંઘરેલા મારા બધા જ લેખો પસ્તીમાં વેચાઈ ગયા! ભૂલથી! બીજાં છાપાં જોડે!

દિલગીર થવું કે ગુસ્સે થવું? પહેલાં મને થયું કે મારે દિલગીર થવું જોઇએ. હું દિલગીર થવા જતો હતો, ત્યાં પાછું યાદ આવ્યું કે દિલગીર થતાં પહેલાં ગુસ્સે થઈ જવું હિતાવહ છે, કેમકે એ મિત્ર જતા રહ્યા પછી કોના પર ગુસ્સે થવાશે? દિલગીર તો એમના ગયા પછી નિરાંતે થવાશે. એટલે મેં પહેલાં ગુસ્સે થઈ લેવાનો વિચાર કર્યો. ત્યાં તો ગીતા-વચન યાદ આવ્યું કે ક્રોધથી મોહ જન્મે છે, મોહથી સ્મૃતિ-વિભ્રમ, એમાંથી બુદ્ધિનાશ અને અંતે આવે છે સર્વનાશ. એટલે ગુસ્સે થવાનું માંડી વાળીને મેં ફક્ત દિલગીર થઇને જ ચલાવી લેવાનું નક્કી કર્યું.

પણ પછી વિચાર આવ્યો કે દિલગીર થવાની યે જરૂર છે ખરી? સાહિત્યકારો તો યુગોથી પસ્તીવાળાઓનું ભલું કરતા આવ્યા છે. અજાણતાં પણ મેં એ પ્રણાલિકામાં મારો ફાળો આપ્યો એ તો આનંદ પામવા જેવી વાત કહેવાય. જોકે મારા લેખો તો અજાણતાં પસ્તીમાં અપાઈ ગયા, પણ ઘણા લેખકોને તો જાતે જ પોતાનાં પુસ્તકો પસ્તીમાં વેચવાં પડ્યાં છે. ટૉમસ હાર્ડીને શરૂઆતમાં પોતાની કેટલીક ન ખપેલી નવલકથાઓનાં છૂટાં ફૉર્મ ફળ અને મેળાવાળાને વેચી મારવાં પડેલાં. ઈબ્સનના નાટક 'કૅટલાઇન'નાં ફૉર્મો એને મોદીને પડીકાં બાંધવા વેચી મારવાં પડેલાં. કહે છે કે સર વૉલ્ટર સ્કૉટ પોતાની કવિતાનો ઉપયોગ તાપણીના બળતણ તરીકે કરતો હતો. આપણા સ્વ. કવિ બલવંતરાય ક. ઠાકોરે કરેલા 'શાકુંતલ'ના અનુવાદની નકલોની પણ આવી દશા થએલી. પસ્તીમાં શકુંતલાને વેચતાં એમનો જીવ નહિ ચાલ્યો હોય તેથી કે કોણ જાણે, પણ સાંભળ્યું છે તેમ, એ બધી નકામી નકલો એમણે બાળી નાંખેલી! [આ સાંભળ્યું ત્યારે મને વિચાર આવેલો કે હું તે જમાનામાં કોઇ છાપાનો તંત્રી હોત તો કેવી મઝા આવત! હું તે દિવસે છાપામાં મો...ટા અક્ષરે ખબર ચમકાવત: 'સોળ વરસની શકુંતલાને બેધડક બાળી મૂકી'—'વડોદરામાં જાણીતા સાહિત્યકારનું કરપીણ કૃત્ય'. 'એમ કર્યા વિના મારો, છૂટકો ન હતો' એવું, કવિનું ચોંકાવનારું નિવેદન. જોકે બીજે દિવસે મારે સુધારો છાપવો પડત કે શકુંતલા નહિ પણ શાકુંતલ નાટકની નકલો બાળી મૂકવામાં આવેલી, પણ તે દિવસ પૂરતો તો છાપાનો રંગ રહી જાત ને?]

એટલે મારા લેખો પસ્તીમાં ચાલ્યા ગયા—ભૂલમાં ચાલ્યા ગયા—બીજાં છાપાં વચ્ચે 'સૅન્ડવિચ' થઈને ચાલ્યા ગયા એમાં મારે શોક કરવા જેવું નથી રહેતું. મારા પહેલાં ઘણા યે સાહિત્યકારોને એ લહાવો લેવો પડ્યો છે, ભવિષ્યમાં ઘણા યે લેશે. કેટલાક લેખકોના લેખો વાંચીને થાય છે કે એમને આવો લહાવો ફરજિયાત લેવડાવવો પણ જોઈએ.

'પણ એ લેખો પસ્તીના કાગળો ભેગા ક્યાંથી મુકાઈ ગએલા?' મેં વધુ વિગતો જાણવા એ મિત્રને પૂછેલું.

'મૂકેલા તો જુદા સાચવીને. પણ ઘરમાં રવિવારે પસ્તી કઢાતી હતી ત્યારે કોઈને લાગ્યું કે આ પણ નકામા કાગળો જ છે, એટલે...'

'વેચી માર્યા, એમ ને?'

'હા. અમારા ઘરમાં બેત્રણ જણને પસ્તી વેચવાનો બહુ શૉખ છે. મને જેટલો છાપાંનાં કટિંગ સંઘરવાનો શૉખ છે એટલો જ એમને એ વેચી મારવાનો શૉખ છે.' મિત્રે બચાવ કરતાં કહ્યું.

આ પણ એક મઝાની વસ્તુ છે. અત્યાર સુધી હું માનતો હતો કે સાહિત્યથી બે જાતના જ આનંદ મળે છે: એક તો લેખકને મળે છે એ સર્જનનો આનંદ અને બીજો વાચકને મળતો રસાનુભવનો આનંદ. પણ હવે મને સમજાયું કે સાહિત્ય-વેચાણનો પણ એક આનંદ છે—સાહિત્ય-વેચાણ એટલે કે પ્રકાશક કે બુકસેલર કરે છે એ નહિ, પણ વાચકો પસ્તીવાળાને કરે છે એ વેચાણ. પુસ્તકો, માસિકો અને વર્તમાનપત્રોનો પસ્તી-પ્રદાન-વિધિ ક્યારેક બહુ રમૂજભર્યો હોય છે. કવિ સુન્દરમ્‌ને કવિપત્નીનો 'પંચાગપત્તાં નિત ફાડવાનો મહોત્સાહ' વિચારતા કરી મૂકતો હતો એમ આવા લોકોની બાબતમાં 'સાહિત્યપસ્તી નિત વેચવાનો' એમનો મહોત્સાહ મને વિચારતો કરી મૂકે. કારણ કેટલાકને મન કાગળ કરતાં પસ્તીનું મૂલ્ય વધારે હોય છે—નાનપણમાં આપણને આમલી કરતાં કચૂકાની કિંમત વધારે હતી એમ; અથવા તો ઘણા ધારાસભ્યોને કાયદાની ચર્ચા કરતાં ભથ્થું વધારે પ્રિય હોય છે એમ! આ વર્ગના મારે એક બીજા દોસ્ત છે. એમને ત્યાં ત્રણચાર છાપાં આવે છે. એમાંનાં એકાદ બે વંચાયા વિના જ ખૂણામાં ફેંકાઈ જાય છે. એનો એમને વાંધો નથી. અરે, બેએક માસિકોનાં રૅપર પણ ન ખૂલે તોયે એમને ચિંતા નથી. જેમાં 'ચાર આનાથી વધુ દાન કરનાર માનનીય સદ્‌ગૃહસ્થને વાર્ષિક રિપોર્ટ ઘેર બેઠાં મફત મોકલી આપવામાં આવે છે' એવી ગૌસેવાની સંસ્થાઓના કાર્યોમાં યે એમને રસ નથી. પણ જ્યાં એ છાપાં, માસિકો કે રિપોર્ટો જૂનાં થયાં કે તરત એમનો અપત્યપ્રેમ ઝળકી ઊઠે છે. ઘી-તેલના કબાટમાં પાથરવા માટે છાપ ઉઠાવી જતાં એમનાં દુષ્ટ ગૃહિણી, હોડી બનાવવા એ લઈ જતાં નાદાન બાળકો, કે સારા લેખોનાં 'કટિંગ' ભેગાં કરવાની ધૂનવાળા મૂરખ મિત્રોના પંજામાંથી છાપાંનું અજબ ઉત્સાહથી એ રક્ષણ કરે છે. જૂના જમાનામાં જાન સાથે જતા રખોપિયા જેવો ઉત્સાહ એમની આંખોમાં દેખાય છે. ને અંતે જ્યારે અમૂલ્ય રત્નોનો એ ભંડાર છલકાવા માંડે છે, ત્યારે એક રવિવારની સવારે પસ્તીવાળીના 'વેચવાનાં છે...છાપ્પાં?' એ પોકારનો એ પ્રચંડ પડઘો પાડે છે, 'શા ભાવે લઈશ 'લી?'

અને પછી ચૉકલેટનો સ્વાદ માણતા હોય એવી મોજથી એ આરંભે છે ભાવની રકઝક! ઝફરૂલ્લાખાનની ધમકીઓ, જવાહરલાલની હાકલો, મુનશીની વાણીગંગા, કૃપલાનીના સવાલજવાબ, મોરારજીનાં ઉદ્‌બોધનો, એ સૌના મણમણને હિસાબે ભાવો બોલાય છે. મણનો ભાવ નક્કી થાય છે અને સવાબશેરની પસ્તી ત્રાજવે ચડે છે. પછી તો કાંટો બરાબર છે કે નહિ એ જોવામાં અને સારાં આખાં છાપાંની વચ્ચે—અલબત્ત, પસ્તીવાળીની નજર ચુકાવીને—નાના ફાટેલા ટુકડા કે પૂંઠાના કટકા સેરવી દેવામાં એ મિત્ર અજબ કૌશલ્ય દાખવવા મંડી પડે છે. જોકે ક્યારેક પસ્તીવાળીની ચકોર નજર એ પારખી લે છે અને નાના ટુકડા નહિ લેવાનો એ નિર્ણય પણ જાહેર કરી દે છે, પણ એવે

વખતે 'આમ ઘીની જેમ પસ્તી જોખવી હોય તો થા ચાલતી' એમ સામું વાગ્બાણ છોડી એ મિત્ર વાતાવરણ કટોકટીભર્યું બનાવી દે છે.

પણ હમેશાં છેવટે થોડાં રિસામણાં મનામણાં પછી સમાધાનનાં દ્વાર ખૂલે છે, અને થોડે ઓછે ભાવે-પણ એ મિત્ર પેલા ટુકડા પધરાવીને જંપે છે. અને આ બધાને અંતે ય કુલ લેવાના પૈસા સવા નવ આના થતા હોય ત્યારે પસ્તીવાળીએ પૂરા દસ આના જ આપવા જોઈએ એ વાતની પૂરી હિમાયત કરી, છેવટે સાડા નવ આના સ્વીકારી, એ મિત્ર પસ્તીને વિદાય આપે છે—સદાને માટે.

આ આખા યે કાર્ય દરમ્યાન એમના ઉત્સાહ અને એમના મુખ પર છવાએલો આનંદ તમે જુઓ તો તમને થાય કે સાહિત્યના સર્જન કરતાં સાહિત્યની પસ્તી વેચવાનો આનંદ કંઈ કમ નથી! મારા લેખો ગયા તો ભલે ગયા. (ઘણા, ને ખાસ કરીને મારા એક વડીલ તો કહેશે જ કે એ પસ્તીમાં જવાને લાયક જ હતા!) પરંતુ જતાં જતાં ય એમને પસ્તી તરીકે વેચી માનનાર મારા મિત્રના આવા ઉત્સાહી કુટુંબીજનોને એમણે જે થોડોઘણો આનંદ આપ્યો હશે તેમાં એનું સાર્થક્ય નથી?

અને હજી વેચાયા પછી યે એ લેખો કોઈને આનંદ નહિ આપે એની શી ખાતરી? સીધી રીતે આપણે વાંચીએ કે જોઈએ પણ નહિ અને વાંચવા જેવાં હોય પણ નહિ એવાં કેટલાં યે લખાણો બજારમાંથી લાવેલી કોઈ ચીજના આસપાસ વીંટળાઈને આવે છે ત્યારે વાંચવાની મઝા આવે છે. આવાં કાગળિયાં પર ફોટોસ્વરૂપે ભજિયાંના તેલથી વિભૂષિત થએલા રાજેન્દ્રબાબુ કે મીઠાઈના છાબ પર ઢંકાઈને મધમધતી બનેલી કોઈ ગઝલકારની દર્દભરી ગઝલો, છપાયાના મહિનાઓ પછી, ન ઓળખાય એવા સ્વરૂપે ક્યારેક નથી મળી જતી? આવી રીતે આપણા સુધી પહોંચેલું સાહિત્ય ઘણી વાર આપણા મનમાં સાશ્ચર્યાનંદ પ્રગટાવી દે છે. (આ સાશ્ચર્યાનંદ શબ્દ મને ઘણો ગમે છે. છેલ્લા કેટલા યે મહિનાથી આ શબ્દ લેખમાં વાપરવાની મારી હોંશ હતી. આજ એ પૂરી થઈ.) મને તો બજારમાંથી લવાએલી વસ્તુઓ સાથે આવેલા તેનાં પડીકાં બાંધવામાં વપરાએલા કાગળો વાંચવા બહુ ગમે છે. કોઈ વાર બટાઈ ગએલી સૂકી આમલીની આસપાસ વીંટળાઈને સૂચક રીતે 'આપણી પવિત્ર લગ્નભાવના' નજરે પડે છે, ક્યારેક ઈંટના ભૂકા સાથે ભળીને આવેલાં ખાંડેલાં મરચાં સાથે 'રાજકારણના રંગ' પણ માણવાના મળે છે, તો ક્યારેક અગિયારશે મંગાવેલા રાજગરાના લોટ સાથે લાટને લઈ આવતો 'કુલીનશાહીના સકંજામાંથી છટકી નાસેલાં પ્રેમપંખીડાંનો રસમય કિસ્સો' વાંચવાની પણ મઝા પડે છે. આવી રીતે વેચાતા પસ્તીના કાગળોમાંના ક્યારેક કદી નજરે ન ચડેલા નજીવા સમાચાર આપણને નવાઈ પમાડી જાય છે તો ક્યારેક વર્ષો પહેલાંના સમાચારનું કાગળિયું આપણને એ યુગમાં લઈ જાય છે કે જ્યારે એ છાપું 'વર્તમાન' પત્ર હતું. આવા કાગળોમાં મળી આવતું કોઈ કૉપીબુકનું પાનું આપણને આપણી ધૂળી નિશાળના મહેતાજી પાસે લઈ જાય છે તો કોઈ લાગણીવશ યુવકે લખેલો પત્ર આપણા મોં પર સ્મિત લાવી દે છે;—અને કોઈ ડિટેક્ટિવ વાર્તાના બે પૅરેગ્રાફ આપણને આગળ શું થશે અને પાછળ શું હશે, અને કયા અદ્‌ભુત ભેજામાંથી આ ભેદી જાળ ગૂંથાઈને નીકળી હશે એનો વિચાર કરતા કરી મૂકે છે.

મારે સંતોષ લેવો જોઈએ કે પસ્તીના આ રમૂજી ભૂતસૃષ્ટિના વાસી બનેલા મારા એ લેખો પણ કદાચ કોઈ બગીચામાં બેસીને ચેવડો ફાકનારની નજરે અચાનક ચડી 'કોણ આવું લખવામાં નકામા કાગળ અને શાહી બગાડતું હશે?' એ વિચારે એને બે ઘડી રમૂજ આપી જશે! અને કદાચ બિચારા મારા એ લેખોના નસીબમાં મીઠાઈની છાબમાં બેસવાનું કે ફરાળી ચેવડાની સૌરભથી મઘમઘતા બનવાનું નહિ લખ્યું હોય તો યે શું? એથી કંઈ દિલગીર થવાશે? કહેવાય છે કે એવા પસ્તીના કાગળોના માવો બને છે અને એમાંથી ફરી કાગળો તૈયાર થાય છે! આ પણ જગતની લીલા છે ને? શંકરાચાર્યે એક વાર લખેલું, 'પુનરપિ જનનં, પુનરપિ મરણમ્, પુનરપિ જનની ઉદરે શયનમ્…' પરંતુ એમની કૃતિઓ કોઈ વાર કોઈ ઉત્સાહી મિત્રપત્નીએ પસ્તીમાં વેચી મારી હોત તો એ જરૂર લખત, 'પુનરપિ પસ્તી, પુનરપિ કાગળ, પુનરપિ પ્રિન્ટિંગ મશીને ગમનમ્…ભજ ગોવિંદમ્, ભજ ગોવિંદમ્…'

હું પણ મારા પસ્તીમાં ગએલા લેખો માટે શોક છોડી એ જ ફિલસૂફી અપનાવું છું: 'ભજ ગોવિંદમ્…ભજ ગોવિંદમ્…'

બાંધ ગઠરિયાં (અનુસંધાન પૃષ્ઠ ૩૮૯થી)

એક ગરમ ખાસ વાની આસાનીથી આરોગી રહ્યો હતો. બપોરના સાડા બારની ફાસ્ટમાં નીકળી અઢી વાગ્યે ઝ્યુરિક પહોંચવા ધાર્યું હતું. ધીરુભાઈ બર્લિનથી પાંચ વાગ્યે આવી મળવાના હતા અને પછી અમે સાથે શોઝપીલોસ-રામી સ્ટ્રાસના પ્લેહાઉસમાં જવાના હતા.

એ દિવસ હું કદી નહિ ભૂલું. સાંજે છ વાગ્યે જે સમારંભ જોયો એ જોઈને હું તો ડંડાગાર થઈ ગયો. લગભગ ચાળીસ ઉપરાંત કવિ, નાટકકાર વગેરે સાહિત્યકારો એમના સારામાં સારા સૂટ પહેરી હાજર થઈ ગયા હતા. રૉબર્ટ ફાયેઝીએ બધા સાથે મારી ઓળખાણ કરાવી અને અમે બધા બેઠા ન બેઠા એટલામાં તો એક વયોવૃદ્ધ પણ ભવ્ય વ્યક્તિ ત્યાં હાજર થઈ અને બધાએ નમી લળી એનો સત્કાર કર્યો. પણ સત્કારસમારંભ તો આપના આ ભૂતભંડાળિયા સેવકના માનમાં હતો એ તો ત્યાં જ મને જણાયું! તરત જ એક નાનકડી સભામાં બધા ગોઠવાઈ ગયા. મંચ ઉપર રૉબર્ટ ફાયેઝી, પેલી ભવ્ય વ્યક્તિ અને બાજુમાં હું! પ્રમુખે ટૂંકમાં દસેક મિનિટ ભાષણ કર્યું, અને કહ્યું કે હેરન મહેતા એક અચ્છા લેખક હોવા જ જોઈએ, કારણ એ ટાગોર અને ગાંધીના દેશમાંથી આવે છે. મેં એનાં પુસ્તકો વાંચ્યાં નથી, પણ એના ચાચતેરાડનાં વખાણ સાંભળ્યાં છે. આ બધું તો જર્મનમાં ચાલે. પછી મારે જવાબ આપવાનો વખત આવ્યો ત્યારે મેં તો અત્યંત નર્વસપણામાં ફૂટકળ અંગ્રેજીમાં ચલાવ્યું: 'પ્રમુખ સાહેબે મારું લખાણ વાંચ્યું નથી તે ઠીક જ છે; એમાં વાંચવા જેવું કશું જ નથી. પ્રમુખ મહાશયનાં પુસ્તકો અમે વાંચ્યાં છે. તેઓ મહાન લેખક છે, મુલ્કમશહૂર છે. એમના સદ્‌ભાવ માટે હું મારી જાતને ધન્ય માનું છું.' પ્રમુખ મહાશય તે ટૉમસ માન, નોબેલ ઈનામ મેળવવાનું માન મેળવનાર સુપ્રસિદ્ધ જર્મન લેખક! એમણે જ્યારે મારા અરધા ઉપરના શરીરને ઢાંકી દે એવો ફૂલનો તોરો આપ્યો ત્યારે મારી આંખમાં પાણી ભરાઈ આવ્યાં અને બોલવું અશક્ય થઈ પડ્યું. પછી જમ્યા. જમતાં જર્મન સાહિત્ય વિષે ઘણી વાતો થઈ. બીજે દિવસે સવારે રૉબર્ટ ફાયેઝીને ત્યાં જઈ એનો ખૂબ આભાર માની અમે પાછા બૅર્ન આવ્યા. (ચાલુ)



જગવિખ્યાત સાહિત્યકાર ટૉમસ માન

પચ્ચીસ વર્ષ પહેલાં



આસો ૧૯૮૪
અંક ૫૮મો

કલાચાર્ય અવનીન્દ્રનાથ ઠાકુરનો પરિચય હવે તો 'કુમાર'ના વાચકોને આપવાનો ન જ હોય. એમના અવસાન પછી તરત ૩૩૭મા અંકમાં આપેલી એમની વિસ્તૃત જીવનરેખા ઉપરાંત તે પછી એમની આત્મકથા પણ 'કુમાર'માં નિયમિત આવતી રહી છે. એટલે આજથી પચ્ચીસ વરસ પહેલાંના અંકમાં આપેલા એમના ચરિત્રમાંથી કશું નવું ઉતારવા જેવું બાકી નથી રહ્યું, સિવાય કે આ સાથે આપેલું શિવપત્ની 'ઉમા'નું ચિત્ર, જે એમનાં ઉમદા ચિત્રરત્ન પૈકીનું એક ગણાય છે.


એવી જ બીજી ઉપયોગી ને ઉલ્લેખનીય, એ અંકમાંની કૃતિ તે શ્રી દેશળજી પરમારનું કાવ્ય 'અક્ષરવંદના'–જેમાં ગુજરાતી સાહિત્યના સીમાસ્તંભો સમા ચૌદ કવિઓ અને વિદ્વાનોનો, અનુષ્ટુપની માત્ર બબ્બે લીટીમાં અત્યંત લાઘવયુક્ત પરિચય કરાવ્યો છે. સાથેનાં શ્રી રવિશંકર રાવળનાં ચિત્રો પણ એટલાં જ પ્રતીતિજનક છે. આ નીચે તે ઉતાર્યાં છે.

ને છેવટે 'મિજલસ'માંનો એક પ્રેરક પ્રબોધ:


અક્ષરવંદના

દેશળજી પરમાર


વધાવ્યો કૃષ્ણચંદ્રે જે સોહતા રસરાજ શો,
નમું તે પૂર્વજો કેરા પૂજ્ય ગુર્જર રાષ્ટ્ર હો !




ગરવો, સૌમ્યમૂર્તિ શો ધન્ય **નૃસિંહ** વૈષ્ણવ;
પ્રભાતે નૃત્યની ધૂને ગાતો કૃષ્ણ તણાં પદ.
મધુરી બીજલેખા શી કૃષ્ણચંદ્રની આરતી
મીરાંની પ્રાણરંગેલી આર્ત જીવનની રતિ.



સંસારાનુભવે ચોખ્ખા સીધા શબ્દ **અખો** વદે;
ચઢેલું હેમવેદાન્ત કસોટી માંહ્ય સો ટચે.
જીવતો પાધવિહોણો જ્યાં સાહિત્યજગઠ્ઠર;
ગુર્જરીગૌરવે ઘેલો **પ્રેમાનંદ** રસેશ્વર.




વધૂ શા સોળ શૃંગારે રંગીલો રળિયામણો;
સખીભાવે **દયારામ** ગાતો કૃષ્ણ સુહામણો.
સ્વભાવે સૌમ્ય ને શીળા સંસારે મનરંજની;
સુધારે ડાહ્યા ધીરા વત્સલ **દલપતજી**.



પ્રેમ ને શૌર્યના સંગી સ્વતંત્રી ને ઉચ્છૃંખલ;
પ્રાન્તના ધ્વજધારી તે તેજસ્વી વીર **નર્મદ**.
સમાજ-રાજનીતિના શાસ્ત્રે સૂક્ષ્મ મીમાંસક;
નવલ ભાવ-સૃષ્ટિના એ **ગોવર્ધન** સાક્ષર.



અભેદ યોગનો પંથી ગદ્યકાર જહીં વસ્યો;
આત્મનિમગ્ન રક્ત **મણિલાલ** સુધી લસ્યો.
કરુણાની કળા જેવી **કાન્ત** શો કવિતા વહે;
અને રો શાન્ત વિશ્રામે પોઢે સ્વામીતણા પદે.



કલાપી પ્રીતથી નર્તે પ્રેમમંદિરના ધ્વજે;
દીનતા સેવતો **દામોદરે** પૂજે છ પ્રેમને:
હતા ને છે સદાજીવી સેવીઓ શબ્દબ્રહ્મના;
હજો સૌ ગુર્જરીપુત્રો વાસી અક્ષરધામના.

જ્ઞાનના, ભક્તિના યોગે સોહંતા રસરાજ શો
નમું છું પૂર્વજો કેરા પૂજ્ય ગુર્જર રાષ્ટ્ર હો !

એક વખત એક રાજા પોતાના બગીચામાં ફરવા ગયો. ત્યાં બધાં વૃક્ષો ને ફૂલઝાડોની પ્રફુલ્લતા જોવાને બદલે સૌને વિલાપ કરતાં જોયાં. રાજા તેનું કારણ વિચારવા ધ્યાનમાં ચડી ગયો, તો તેને દરેક ઝાડ પોતાની કથા કહેતું લાગ્યું. એક મોટું લીમડાનું ઝાડ કહે, 'અરે, મારો જન્મ વૃથા છે. હું આટલી સુંદર તંદુરસ્ત હવા આપી શકું છું, ઉનાળામાં ઘટા ઘરું છું, પણ ઈશ્વરે મને કડવાશ જ આપી. મારાં પાન કડવાં, મારાં ફૂલ કડવાં, ફળ પણ ઝીણાં.' અને ત્યાં આંબો ગણગણ્યો, 'અરે રે, મારું દુઃખ કોણ જુએ છે ? મારાં ફળોની મધુરતા સૌ વખાણે, પણ મારાં ફૂલ તો એમ ને એમ ખરી પડે છે. પેલાં નાનાં ડોલર ને ગુલાબનાં ફૂલો શાં માન પામે છે !' ત્યાં ગુલાબની ઝીણી ચીસ પડી, 'અહહ ! પ્રભુએ સુંદર ફૂલ તો આપ્યાં, પણ આટલી સુંદરતાની સાથે તેણે કાંઈ નહિ ને કાંટા આપ્યા !' ત્યાં આમલી કકળી ઉઠી, 'મારા વિશાળ દેહ પર જુઓ તો કેવાં ઝીણાં પાન છે? મારાં ફળોનો ઉપયોગ જુઓ તો લોકો કેવો કરે છે! આ ટચૂકડી બોરડીનાં ફળ લોકો આનંદે ઉડાવે છે.' બોરડીને દુઃખ હતું તેના ફૂલરહિતપણાનું; કેળને સુંદર કેળાંની લૂમો લાગી હતી તો ય દૂબળા દેહથી દયામણી થઈ ઊભી હતી. આમ દરેકને કંઇ ને કંઇ રુદન કરતાં સાંભળતો રાજા ફરતોફરતો એક ક્યારા પાસે આવ્યો. ત્યાં એક રાતું ગલનું ફૂલ ખિલખિલાટ હસી રહ્યું હતું. રાજાએ આશ્ચર્ય પામીને પૂછ્યું, 'અરે ગલ ! તું શાથી હસે છે ? નથી તારા ફૂલના હાર થવાના, નથી તને ફળ, નથી તારી મજબૂત દેહ, ને બે દિવસની તેજી ભોગવી તું તરત કરમાઇ ખરી પડવાનું; છતાં આટલો આનંદ શો ?' ગલ કહે, એમાં શું પૂછો છો ? ઈશ્વરે મને એવું સર્જ્યું માટે મારે એવા થઈ જીવી બતાવવું. એ માટે વળી શોક શો કરવો ? શોક કરવાથી કંઈ પ્રકૃતિ બદલી શકાવાની હતી? તે આપણા હાથની વાત નથી;પણ ખુશમિજાજ રહેવું તો આપણાથી બને જ.'

આપણે બધા મોટે ભાગે આ બગીચાનાં વૃક્ષોની જેમ આપણી પરિસ્થિતિ પર કકળ્યા કરીએ છીએ. આપણને શું નથી મળ્યું તેની ચિંતામાં મળેલી તક તથા સાધનોથી



જાણે રંગીન ધુમ્મસથી આલેખ્યું હોય એવું મુલાયમ, અને કદમાં પણ લગભગ આવડું જ 'શિવપત્ની ઉમા'નું આ નાજુક ચિત્ર કલાકાર અવનીન્દ્રનાથની શ્રેષ્ઠ કૃતિઓમાં રત્નસમું ગણાય છે. એમણે તે પોતાના શિષ્ય નંદલાલ બસુને ભેટ આપેલું તે આજ શાંતિનિકેતનના કલાભવનમાં છે.

કામ કરી લેતા નથી કે નભી રહેવા યત્ન કરતા નથી. કેટલાય લોકોમાં એકાદું કામ સારીરીતે કરી આપવાની શક્તિ રહેલી હોય છે; છતાં વકીલોને મજા છે, ડાકટરોને લહેર છે, અમારા ધંધામાં જરા ય કસ નથી, એમ કહી પોતાના કામ પર કસાણું મોં કર્યા કરે છે ને તેને સફળતાથી બજાવી આપવામાં શિથિલતા રાખે છે. એને પરિણામે તે કામની અધિષ્ઠાતા ભાવના તેના દિલમાં કોપ પામે છે ને તેને વધુ ને વધુ દુઃખની લાગણીઓથી હેરાન કરે છે. દુનિયામાં જોશો તો ચોમેર અસંખ્ય દાખલા એવા મળી આવશે કે કચરાપટ્ટી જેવું લાગતું કામ લઈ બેઠેલા માણસો એકધારી મહેનતથી લાંબી મુદ્દતે તેમાંથી ઘણી આબાદ જિંદગી પામ્યા છે, જ્યારે તડાકાબંધ પૈસા ખેંચનારાઓ જિંદગીમાં કોઈ એક જ પ્રસંગની ચપટીમાં આવતાં પાયમાલ ને લાચાર બની ગયા હોય છે. પ્રામાણિક એકધારી મહેનતની ફિલસૂફી એ ખાલી દિલાસો નથી, પણ પૃથ્વીના ઈતિહાસને પાનેપાને તેની સાબિતી આપનારા કિસ્સાઓએ ઘડેલી નરી હકીકત છે.

તમે તમારા હાથ પરનાં રોજનાં કામ બરોબર ઉકેલતા જાઓ, આસપાસ ભૂલો કે વિસ્મૃતિનાં જાળાં થવા ન દો ને તમારી શક્તિ બહારના વહીવટ વહોરવામાંથી બચી રહો તો તમારો જીવનપ્રવાહ ધીરી પણ મક્કમ ગતિએ સુખ, શક્તિ અને શાંતિની સ્થિતિમાં વળશે.

હું ચીતરતાં કેમ શીખ્યો?

કલાચાર્ય
અવનીન્દ્રનાથ
ઠાકુરની આત્મકથા
'જોડાંસાંકોર' ધારે
નો ૨૧મો હપતો

શ્રીમતી
રાણી ચંદના
બંગાળી ઉપરથી

અનુવાદક
રમણિક
મેઘાણી

ચિત્રકામ શીખતાં કેટલો સમય લાગે? છ મહિના; વધુ નહિ. એ મુજબ મેં શિખવાડયું પણ છે. છ મહિનામાં આર્ટિસ્ટ તૈયાર કરી આપ્યા છે. એથી વધુ સમય લાગવો પણ ન જોઇએ. શીખવાના હશે તે એ દરમિયાન શીખી જ જશે, અને જે ન શીખી શકે એણે ઘેર પાછા ફરવું જોઈએ. હા, હું સ્વીકારું છું કે ઇંડાંને પાકતાં ને તેમાંથી બચ્ચું બહાર આવતાં અમુક સમય લાગે. પણ એ પછી...? બસ ઊડી જાઓ! હંસ-બાળ હો તો પાણીમાં ઝંપલાવો! ચિત્ર ચીતરો તમે પોતે અને એની ભૂલ સુધારી દે માસ્તર-મોશાય? તમે ઝાડની ડાળ જેવી જોઈ હોય એવી જ ચીતરી હોય. માસ્તર-મોશાયે ચીતરી હોય તેવી ચીતરવા શા માટે જવું? શાકમાં મીઠું વધુ પડી ગયું હોય તો ફેંકી દઇને ફરીથી નવું વધારીએ; ખીરમાં ખાંડ ઓછી હોય તો થોડીક વધુ ઉમેરીએ; એ જ રીતે ચિત્રમાં પણ ખામી હોય તો નવેસરથી બીજું ચીતરો; ફરીફરીને એક જ વિષય લઇને ચીતરો. હું હોઉં તો એમ જ કરું. ચિત્રમાં વળી ભૂલ સુધારીને વધારોઘટાડો કરવો એ તે કઈ જાતનું શીખવવું? નંદલાલને મેં આ રીતે જ શીખવ્યું છે. હા, વિદ્યાર્થીની પીઠ થાબડવી જોઈએ. એને કહેવું જોઇએ કે ચીતર્યે રાખ, જરા આમતેમ થશે તો હું તારી સાથે જ છું. નચિન્ત રહેજે.

આ જ વાત મારા લેખન અંગે રવિકાકાએ મને કહી હતી. એક દિવસે એમણે મને કહ્યું: 'તું લખતો કેમ નથી? જેમ વાતો કરે છે તેમ, તે રીતે જ લખ.' મને થયું કે બાપ રે, લખવું એ મારાથી કોઈ કાળે ય નહિ થાય. એમણે કહ્યું, 'તું લખ તો ખરો. ભાષામાં કંઈ ખામી હશે તો હું તો છું જ ને?' એ શબ્દોમાંથી મને જોમ મળ્યું. એક દિવસ લખવા બેસી ગયો ને એકીસપાટે 'શકુન્તલા' પુસ્તક લખી નાખ્યું. લખીને ગયો રવિકાકાને બતાવવા. એમણે એ અથથી ઇતિ વાંચ્યું, બરાબર ધ્યાનપૂર્વક વાંચ્યું. મેં એમાં એક સ્થળે એક શબ્દ 'પલ્લવલેર જળ' સંસ્કૃતમાં લખ્યો હતો, એના પર છેકો મારવા જતા હતા, પણ પછી 'ભલે રહ્યું' કહી એ શબ્દ રહેવા દીધો. મને થયું કે ચાલો ફાવ્યા. ત્યારે મેં સૌ પ્રથમ જાણ્યું કે મારામાં બંગાળીમાં પુસ્તક લખવાનું સામર્થ્ય છે, અને હું જે આટલા બધા અંધકારમાં હતો તે બહાર નીકળી ગયો. ને પછી તો હું સપાટાબંધ લખવા લાગ્યો 'ક્ષીરેર પુતુલ', 'રાજકાહિની' વગેરે. તે દિવસે રવિકાકાએ જે કહેલું કે 'ચિંતા શું છે? હું તો છું જ ને?' એ શબ્દોના જોમથી જ મારો લેખનનો પ્રવાહ ઊઘડી ગયો.

પરંતુ ચિત્રકામમાં મારે એવું નહોતું થયું. નિષ્ફળતા ઉપર નિષ્ફળતા જ સાંપડેલી. કેટકેટલાં કષ્ટ વેઠીને ચીતરતાં શીખ્યો છું? અમારે તમારી જેમ નહોતું ફક્કડ મઝાનું સ્થળ કે આરામથી ત્યાં જઇને થોડાક કલાક બેઠા, કંઇક ચિત્રકામ કર્યું ને માસ્તર-મોશાયે આવી ભૂલો સુધારી દીધી. કલાકાર તો સદા ય શીખે છે, હજુ યે વરસો વરસ હું શીખી જ રહ્યો છું. મારું કલાજીવન જોકે નાનપણથી જ શરૂ થયું છે, છતાં કેમ કરતાં, કઈ રીતે એ મારામાં આવ્યું તે તો હું પોતે પણ નથી જાણતો. મોટા ભાઈ સેન્ટ ઝેવિયરમાં રીતસર ચિત્રકામ શીખતા, ને એમાં એમણે સારાં ઈનામો પણ મેળવ્યાં હતાં. સત્યદા હરિનારાયણબાબુ પાસે ઘેર તૈલચિત્રો ચીતરતાં શીખતા. મોટા ભાઇને પણ એ હરિબાબુ જ શીખવતા. વચેટ ભાઈ, નિરૂદા, મારાં ફઈબાનો દીકરો, એમને પણ ઘડિયાળ મરામત કરવાનો અને હાથીદાંત ઉપર કારીગરી કરવાનો શૉખ હતો. ભોંયતળિયાના એક ઓરડામાં બેસી તેઓ હાથીદાંત ઉપર ચિત્રકામ કરતા. એક દિલ્હીવાન આવતો એમને એ શીખવવા. હું વચ્ચે વચ્ચે ત્યાં ડોકિયું કરતો. મને એ બધું બહુ ગમતું. હિન્દુ મેળામાં દિલ્હીનું જે ચિત્ર જોએલું તે એ દિલ્હીવાને જ બનાવ્યું હતું. જોકે ત્યારે તો એની પણ આંખો ભૂલેલી જ. કારણ એ વેળા મને ચીતરતાં તો જરા યે નહોતું આવડતું, છતાં રંગ સાથે રમત તો કરતો જ. મનમાં થતું કે હું પણ રંગ-પીછી લઇ આ અને પેલું ચીતરું. ચીતરવાનું મન એ બાળ વયથી જ જાગ્રત થએલું. એ પછી લાંબે કાળે મોટો થયો, પરણ્યો, મોટી દીકરીનો જન્મ થયો, અને ત્યારે એક દિવસ વિચાર આવ્યો કે 'સ્વપ્ન-પ્રયાણ'નાં ચિત્રો ચીતરું. એ પહેલાં સ્કૂલમાં ભણતો ત્યારે ચીતરવાની થોડીથોડી ટેવ પાડેલી. સંસ્કૃત કૉલેજમાં અનુકૂળે મને લક્ષ્મી તથા સરસ્વતી ચીતરતાં શીખવ્યું હતું. ખરું કહીએ તો એ જ મારો પ્રથમ કળાગુરુ. મારે હાથ ચિત્રકામનાં શ્રીગણેશ એણે જ કરાવ્યા હતા.



અવનીબાબુએ રંગીન પેસ્ટલમાં કરેલી કવિવર રવીન્દ્રનાથની તસ્વીર

એ 'સ્વપ્ન-પ્રયાણ'નાં ચિત્રો કરવાનો જ્યારે વિચાર આવ્યો ત્યારે મારો હાથ ચિત્રકામમાં જરાક જામતો હતો. હાથ કઈ રીતે જામ્યો એ યાદ નથી, છતાં મારું સામર્થ્ય પ્રગટ કરવાનો પ્રારંભ એ 'સ્વપ્ન પ્રયાણ'થી થયો. ત્યારે સાથેસાથ જાણે મનમંદિરની ચાવી ઊઘડી ગઈ. એ ચિત્ર 'સાધના'માં પ્રગટ થયેલું. ખેર. 'સ્વપ્ન-પ્રયાણ'નાં ચિત્રો લગભગ પૂરાં કર્યાં. ભાભુ અમને બહુ ઉત્સાહ આપતાં. 'બાલક' પત્ર માટે એમણે અમને પોતાને ત્યાં એક લિથોગ્રાફ પ્રેસ કરી દીધું. જેને જેને કંઈ લખવા-ચીતરવાનો શૉખ હતો તે સૌ–રવિકાકા સુદ્ધાં–તેમની પાસે જતા. 'સ્વપ્ન-પ્રયાણ'નાં ચિત્રો જોઈ મારો હાથ પકડીને ભાભુએ કહ્યું, 'અવન, તારે રીતસર ચીતરતાં શીખવું પડશે.' એમણે જ મારી પાછળ પડીને મને કળાકારીગરીના કામે વળગાડી દીધો.

મને પણ થયું કે ચીતરતાં શીખવું પડશે. ત્યારે યુરોપિયન આર્ટ સિવાય બીજો માર્ગ નહોતો. 'ભારતીય કળા'નું નામ પણ ત્યારે કોઈ જાણતું નહિ. આર્ટ સ્કૂલના વાઈસ પ્રિન્સિપાલ ત્યારે એક ઈટાલિયન આર્ટિસ્ટ મિસ્ટર ગિલાર્ડી હતા. ભાભુએ કુમુદ ચૌધરીને કહ્યું કે 'તમે અવનને તમારી સાથે લઈ જઇને મિ. ગિલાર્ડી સાથે ઓળખાણ કરાવી તેના શિક્ષણની ગોઠવણ કરો.' મેં બાને પૂછ્યું તો કહે કે 'કંઈ કામ

તો કરતો નથી. સ્કૂલ છોડી દીધી છે. તો જઇને શીખને! કંઈક ને કંઇક કરતો રહીશ તો મન પણ મઝામાં રહેશે.' ગોઠવણ થઈ ગઈ. એક એક પાઠ માટે વીસવીસ રૂપિયા દેવાના હતા. મહિને ત્રણ-ચાર પાઠ એ પોતાને ઘેર શીખવતા પણ ખૂબ જ કાળજીપૂર્વક શીખવતા. એમની પાસે વૃક્ષ, ડાળ, પાંદડાં–એ બધું જ ચીતરતાં શીખ્યો. પેસ્ટલનું કામ પણ એ કાળજીપૂર્વક શીખવતા. તૈલ-ચિત્રો, પ્રતિકૃતિ-આલેખન, આટલું એમની પાસે શીખ્યો. ચિત્ર-શિક્ષણનાં મંગલાચરણ થયાં. થોડા દિવસ જતાં જોયું તો એની પાસેથી 'મંગળાચરણ'થી વધુ વિદ્યા મને ચડતી જ નથી. તૈલ-ચિત્રનો પ્રારંભ કર્યો ત્યારે જોયું તો ઈટાલિયન પદ્ધતિએ આગળ વધી શકાતું નથી. બાંધી ગતની જેમ મર્યાદામાં રહીને પીછી વડે ધીરેધીરે ચીતરવું વધુ ન ફાવ્યું. આ કરતાં તો પહેલાં ઝાડપાન ચીતરવામાં વધુ આનંદ આવતો હતો. પરંતુ આર્ટ સ્કૂલની રીતે રહીરહીને પીછી ચલાવવી ને રંગ મેળવવા એ તો મારાથી કદી બન્યું જ નહિ. છ મહિનામાં જ સ્ટૂડિયોનું બધું શિક્ષણ પતાવી હું બહાર નીકળી પડચો.

પરણ્યો, રીતસરનો ગૃહસંસાર શરૂ કર્યો, છતાં ચીતરવાનો શોખ કેમે કરતાં ઘટચો જ નહિ. ત્યારે હું જાણતો એટલું જ કે નૉર્થ લાઈટ મૉડેલ ન હોય તો ચીતરી શકાય જ નહિ! અને સ્ટૂડિયો વિના આર્ટિસ્ટ ચિત્ર ચીતરે પણ ક્યાં બેસીને? ઉત્તર તરફનો એક ઓરડો જોઈને ઘેર જ સ્ટૂડિયો ઊભો કર્યો. 'નૉર્થ લાઈટ', 'સાઉથ લાઈટ' નક્કી કરીને બારી ઉપર પડદા નંખાવ્યા. બારણામાં આવતું 'સ્કાઈ લાઈટ'. બરાબરનો સ્ટૂડિયો બનાવીને બેઠો. રવિકાકાએ ખૂબ ઉત્સાહ આપ્યો. એ સ્ટૂડિયોમાં જ રવિકાકા એ વખતે મને 'ચિત્રાંગદા'નાં ચિત્રો માટે સૂચના આપી રહ્યા છે એ, એ વખતના ફોટાઓમાં જોયું છે ને? ચિત્રાંગદા ત્યારે તાજું જ લખાએલું. રવિકાકાએ કહ્યું કે એમાં ચિત્રો આપવાનાં છે, ત્યારે મને થોડીક હિમ્મત પણ આવી હતી. 'ભલે તૈયાર છું.' મેં જવાબ આપ્યો, અને ચિત્રાંગદાનાં બધાં ચિત્રો કર્યાં. એની નકલ કરીને ચિત્રાંગદા પ્રગટ થયું. એ ચિત્રો જોતાં આજે બેશક હસવું આવે છે, પણ રવિકાકા સાથેના મારા કળાસંબંધનું એ પ્રથમ ચિહ્ન છે. ત્યારથી માંડી આજ સુધી ઘણી વાર રવિકાકા સાથે કળાના ક્ષેત્રનાં કામ કર્યું છે, ને એમની પાસેથી પ્રેરણા પામ્યો છું. આજે હું જે કાંઈ કરી શક્યો છું એના મૂળમાં એમની પ્રેરણા જ રહી છે. એ દિવસોમાં રવિકાકાનો ચહેરો મેં ઘણી વાર ચીતર્યો છે. પેસ્ટલ ડ્રૉઇંગ સારી પેઠે ત્યારે જ શીખેલો. સ્ટૂડિયોમાં જે કોઈ મળી જતું એનું પેસ્ટલ ડ્રૉઈંગ કરતો. અક્ષયબાબુ, મોતીબાબુ, સૌનાં ચિત્રો કરેલાં. મહર્ષિનું સુદ્ધાં. એમ કરતાં કરતાં તૈલચિત્રોમાં હાથ જમાવ્યો. રવિકાકાનું પણ પેસ્ટલ ડ્રૉઈંગ કરેલું, (જુઓ મથાળે) પણ જગદીશબાબુ એ લઈ ગયા.

એ જ દિવસોમાં જાણીતા ચિત્રકાર રવિ વર્મા અમારે ત્યાં આવ્યા હતા. હું ત્યારે તાજો આર્ટિસ્ટ હતો. મારા સ્ટૂડિયોનું કામકાજ જોઇ એ બહુ ખુશ થયા હતા ને એમણે કહેલું કે 'ચિત્રો જોતાં તો આનું ભાવી ઊજળું જણાય છે.' હું ત્યારે ક્યાંક બહાર ગયો હતો. ઘેર પાછા ફરતાં ઘરનાં માણસોને મોંએ આ સાંભળેલું.

પેસ્ટલમાં હાથ જામ્યો, પણ મન હવે એના પર ઉદાસીન થવા માંડ્યું. માત્ર પેસ્ટલનું કામ હવે નહોતું ગમતું. તૈલ-ચિત્રો ચીતરતાં શીખવાનું મન થયું અને એક અંગ્રેજ આર્ટિસ્ટને પકડચો. એનું નામ હતું સી. એલ. પામર. એની પાસે જતો. પૈસા આપીને વિલાયતી ગોરાં 'મૉડેલ' (મૉડેલ=માનવ-આકૃતિ ચીતરતાં શીખવા માટે સામે બેસાડવા સારુ વેતનથી લાવવામાં આવતું માનવપાત્ર) લાવતો ને માનવ-આકૃતિ ચીતરતાં શીખતો. મારો પટાવાળો એક દિવસ એક ગોરાને મૉડેલ તરીકે લઇ આવ્યો. એણે આવીને ઝટપટ એનાં કપડાં ઉતારવા માંડયાં. બધાં કપડાં ઉતારી એ પાટલૂન ઉતારવા જતો હતો. હું બરાડી ઊઠચો કે 'અરે! અરે! આ શું કરો છો? પાટલૂન તમારે નથી કાઢવાનું.' પણ એણે તો પાટલૂન ઉતારવાની તૈયારી કરતાં કહ્યું કે 'એમ ન કરું તો તમે મને ઓછા પૈસા આપશો.' મેં પામરને કહ્યું કે 'સાહેબ, તમે આને સમજાવીને કહી દો કે પૈસા એને બરાબર મળશે, માટે પાટલૂન ઉતારે નહિ. એ પાટલૂન સિવાય ઉઘાડે બદન બેસે તે પૂરતું છે.' આખરે સાહેબે એને સમજાવીને શાંત કર્યો. એક વાર એક ઍંગ્લો-ઇન્ડિયન મેમ 'મૉડેલ' તરીકે આવી હતી. એનું પૉર્ટ્રેટ ચીતર્યું. તે ચિત્ર જોઇને એ બાઈ પૈસાને બદલે એ ચિત્ર જ માગી બેઠી. કહે કે 'પૈસા મારે નથી જોઈતા, એને બદલે આ ચિત્ર જ મને આપી દો. તમારે મને આપવું જ પડશે, નહિ તો એકે ડગલું પણ નહિ ભરું!' હું ચિન્તામાં પડચો કે આનું કરવું શું? સાહેબ કહે: 'એ ભલેને કહે, ચિત્ર એને ન આપી શકાય.' અને એમણે એને જરા જોરથી ધમકાવી કે તુરત પેલી સડસડાટ કરતી ચાલી ગઈ. આ રીતે થોડા દિવસોમાં તેમની ઢબનાં તૈલ-ચિત્રો કરવાની કુશળતા પ્રાપ્ત કરી.

એ પછી એક દિવસ એમણે એક મૉડેલ કમર સુધી ચીતરવા આપ્યું ને કહ્યું કે 'એકી બેઠકે બે કલાકમાં આ ચિત્ર પૂરું કરવાનું છે.' મેં એ કામ તે મુજબ પૂરું કર્યું. સાહેબ ખુશ થયા. કહે કે 'આબેહૂબ અદ્દલ થયું છે–Passed with credit.' મ કહ્યું, 'એ તો સારું, પણ હવે મારે કરવું શું?' સાહેબ કહે: 'જે કાંઇ મારે શીખવવાનું હતું તે મેં તને શીખવી દીધું છે. હવે તારે ઍનૅટૉમી(શરીરશાસ્ત્ર)નો અભ્યાસ કરવો જોઇએ.' અને એટલું કહી એમણે મુડદાની એક ખોપરી આપી તે ચીતરવાનો આદેશ આપ્યો. એ ખોપરી જોતાં જ મને કોક દરદનાં જંતુ હવામાં મારી તરફ આવતાં હોય એમ જણાયું. મેં સાહેબને કહ્યું કે 'મારા મનમાં કંઈક થાય છે.' પણ સાહેબ કહે કે 'No, you must do it—તારે એ કરવું જ પડશે.' એ બધો ય વખત મનમાં ને મનમાં હું જાણે અકળાતો રહ્યો. જેમતેમ કરીને એ પૂરું કરીને ઘેર પાછો ફર્યો ત્યારે જોયું તો ૧૦૬ ડિગ્રી તાવ હતો!

મોડી સાંજે ભાનમાં આવતાં જોયું તો ઘરની બત્તીઓ બુઝાતા દીપકની જેમ ટમટમી રહી છે. બાએ પૂછ્યું કે 'શું થયું છે?' મેં માને પેલી મડદાની ખોપરીની વાત કરી અને માએ તત્કાળ પૂરતું મારું ચીતરવાનું બંધ કરાવ્યું, એમ કહીને કે હવે વધુ ચીતરવાનું શીખવાની જરૂર નથી. થોડો સમય ચિત્રશિક્ષણ બંધ રહ્યું. એ પછી મને ફ્રેન્ચ શીખવવા એક માસ્તર આવતા. એમનું નામ હતું હેમર ગ્રેન. રામમોહનરાયનું નામ સાંભળીને એ પોતાના દેશ નૉર્વેથી ખાસ અહીં આવ્યા હતા. એમની પાસે ફ્રેન્ચ શીખ્યો. એ બહુ સારી રીતે ભણાવતા, પણ હું ભણવાના સમયમાં ચોપડીમાંની ખાલી જગ્યામાં એમનું નાક, મોં વગેરે ચીતર્યા કરતો. એથી ફ્રેન્ચ હું વધુ શીખી શક્યો નહિ, એમનું અવસાન અહીં જ થયું હતું. તે પછી મેં મારી ચોપડીમાંથી પેલી રેખાઓ જોઈજોઈને એમનું ચિત્ર ચીતર્યું હતું. ઘણા સમય પછી પેલે દિવસે રવિકાકાએ કહ્યું કે 'નૉર્વેમાં એનું સ્મારક થાય છે, તારી પાસે તેમનું કંઈ ચિત્ર હોય તો તે લોકો એ મંગાવે છે.' એમનું ચિત્ર ત્યાં કોઈની પાસે નહોતું. મેં જૂનાં બાકસ ફંફોળી પેલું ચિત્ર શોધીને તેમને મોકલી આપ્યું. એમનાં આત્મીય સ્વજનોએ ખૂબ ખુશ થઇને એ વિષે મને કાગળ લખેલો. સુભાગ્યે એમનો ચહેરો રમતરમતમાં મારી ચોપડીમાં અંકિત થઇ ગએલો તે કામ લાગી ગયો. (ચાલુ)

માફ કરજો, આ લેખ નહિ છપાય!

પ્રબોધ જોષી

જેમ કોઈ ધંધો કરવામાં લાઇસેન્સ, પર્મિટ, ઇન્કમટૅક્સ, સેલ્સટૅક્સ, જાહેરખબર, ગ્રાહકો વગેરે વગેરેની મુશ્કેલી હોય છે, જેમ કોઈ નાટક કરવામાં સારું નાટક મેળવવાની, સારો દિગ્દર્શક શોધવાની, સારાં સ્ત્રીપાત્રો મેળવવાની, સારું સ્ટેજ—સારું થીએટર મેળવવાની, સારું વાતાવરણ સર્જવાની, તે માટેનું ધન મેળવવાની, તે માટે પ્રેક્ષકો મેળવવાની વગેરે વગેરે મુશ્કેલીઓ હોય છે, તેમ કોઈ પણ લેખ લખવામાં પણ અનેક મુશ્કેલીઓ હોય છે.

અલબત્ત, જાણીતા લેખકોને તો કોઇ જ મુશ્કેલી હોતી નથી, કારણકે તંત્રી તેમનાં લખાણ કરતાં તેમના નામ પર આફરીન હોય છે; એટલે તેમનાં લખાણનું વસ્તુ, વિચારો કે અક્ષર વગેરે કદી જોવાતાં નથી. આ હું જે વાત કરું છું તે મારા જેવા માણસની છે, કે જેની પાસે નથી સારા કાગળો, નથી સારી શાહી, નથી સુંદર સ્ટીલવાળી ફાઉન્ટન પેન, —અને આ બધું હોય તોપણ તેને હટાવી દે હંફાવી દે તેવા ખરાબ અક્ષરો મારા હોવાને લીધે કહું તો—નથી સારા અક્ષરો.

જો કોઈ અજાણ્યા તંત્રી મારું આ લખાણ (મને લાગે છે કે મારે એમ લખવું જોઈતું હતું કે જો કોઈ જાણીતા તંત્રી મારા જેવા અજાણ્યાનું આ લખાણ) ટપાલમાં આવેલું જુએ તો મને ખાતરી છે કે તે વાંચવાની તસ્દી જ ન લે. ચૂંથાઈ ગએલા અને એક બાજુ છાપેલા કાગળોની પાછલી બાજુએ, ઢંગધડા વગરના અક્ષરોથી લખાએલું લખાણ વાંચવાની તસ્દી તંત્રી શું કરવા લે? અને ધારો કે લે, તોપણ તેઓને એમાંથી મળે પણ શું? જોડણીની ભૂલોનો પાર નહિ; એમાં યે વચ્ચે ઢગલાબંધ અંગ્રેજી શબ્દો; અને તેની સાથે વિચારો અને વસ્તુની નવીનતા તો કે શૂન્ય! શૈલી અને વિષય બાબતમાં તો અમે હમેશાં તડી જ ખાતા હોઇએ છીએ. એટલે પરિણામ એ આવે છે કે અમને લખવા માટે આમંત્રણ તો મળતું જ નથી. પણ ધારો કે અમે દોઢ ડાહ્યા થઇને લેખ મોકલી આપીએ છીએ તો તરત જ ઝડપી વળતો જવાબ આવે છે કે 'માફ કરજો, આ લેખ નહિ છપાય.'

આવું કંઈ આવે છે ત્યારે હું નિરાશ થઇ જાઉં છું. પણ એથી એમ ન સમજતા કે મારામાં આવડત નથી. ઘણી વખત મને વિચાર આવે છે કે હું ધાર્મિક કે ઐતિહાસિક વિષય ઉપર લેખ લખું, કારણ કે એ ઘણું સરળ છે. દાખલા તરીકે રામને દશરથે વનવાસ આપ્યો. દશરથને આ વિચાર કૈકેયીએ આપ્યો. કૈકેયીને એ યોજના મંથરાએ બતાવી. આ એક હકીકત છે, બધાં જાણે છે. પણ આમાં નવીનતા લાવવા હું એમ લેખ લખી શકું એમ છું કે:

"રામને થયું કે જો રામાયણ આગળ ચલાવવું હોય અને તેને રસપ્રદ બનાવવું હોય તો મારા રાજ્યાભિષેક પહેલાં કંઈક પ્રસંગો બનવા જોઇએ. તેમણે આ વાત દશરથને પૂછી. તો દશરથે કહ્યું કે એક રસ્તો છે: કૈકેયીનાં મારી પાસે બે વચન લેણાં છે; તેમાં કંઈક અવનવું માગે તો બાજી બદલાય. આ પછી દશરથ કૈકેયીને ત્યાં ગયા. કૈકેયીએ કહ્યું કે મારે બદનામી નથી જોઈતી અને રામ મને ગમે છે; પણ રામાયણ જો આગળ ચલાવવું જ હોય તો માર્ગ નીકળી શકે. મંથરા બડી હોશિયાર છે, તેને કંઇક યુક્તિ પૂછી જોઇએ. આ પછી કૈકેયીએ મંથરાને પૂછ્યું તો તેણે કહ્યું હું વેશપલટો કરીને રાત્રે રામને જ પૂછી આવીશ. મંથરા રામને પૂછવા જતી હતી ત્યાં રસ્તામાં લક્ષ્મણ સામા મળ્યા. તે પણ રામની યોજના લઇને કૈકેયીને આપવા જતા હતા. આ યોજના લઈ મંથરા પાછી આવી અને રામને વનવાસ કેમ મળે એ વાત તેણે કૈકેયીને કહી."

પણ આમાં એક દુ:ખ છે. આ લેખમાં નવીનતા તો લાગે, પણ એને માટે વેદમાંથી પુરાવા જોઇએ; અને અહીં તો મોટરનું હૉર્ન નહોતું વગાડ્યું તેના યે પુરાવા આપતાં દમ નીકળે છે, ત્યાં વેદના પુરાવા તો ક્યાંથી બને?

ઐતિહાસિક લેખ પણ હું લખી શકું તેમ છું. દાખલા તરીકે:

"તાજમહાલ પૂર્ણ થયો તે રાત્રિએ ભારતેશ્વર શાહાનશાહ શાહજહાં શાહી કિલ્લાના સુમન બુર્જની અટારીએ ચિંતનફૂલ ઊભા હતા. ઇતિહાસનાં સમૃદ્ધ વિલાસની લીલાથી રંગાએલાં પૃષ્ઠો એક પછી એક સુવર્ણાક્ષરે અંકિત થતાં જતાં હતાં અને મણિ-માણિક્ય તથા હીરા-રત્નની નકશીગરીથી શોભતાં આગળ વધી રહ્યાં હતાં. બાદશાહ શાહજહાં પોતાના અદ્વિતીય પ્રણયના અપૂર્વ એ પ્રતીકને નીરખતાંનીરખતાં રૂપેરી નભમંડળની છાયા સમોવડ પોતાની દાઢીને પસવારી રહ્યા હતા. એવે નૂપુર-ઘૂઘરીઓ રણકી ઊઠી અને માખણ, ઊર્ફે નવનીત જેવાં મુલાયમ અંગ અને ઉરવાળી મુમતાઝ આવી: સ્વપ્નામાંસ્તો! અને હસીને શાહાનશાહ શાહજહાંને ચાવી ચઢાવી ગઈ કે જો આ કલાક્ષરો—જેમણે આ અપૂર્વ ઈશ્કની અમર યાદને સર્જવામાં ૨૮ ઇદો અને ૧૪ દિવાળીઓ વિતાવી તે જીવતા રહેશે તો પુન: દ્વિતીય તાજનું નિર્માણ થશે...'

કેટલો સરસ વિષય! કેટલું નવીન! પણ એમાં ખાસ તો ઉર્દૂ કે ફારસી શબ્દો ખાસ યોજવા જોઇએ એ એક વાત, અને બીજું એ કે સ્વભાવ જ મારો એવો વિચિત્ર કે 'ચાવી ચઢાવી' એવા શબ્દપ્રયોગો થઈ જાય!

અને આમ તો કવિતા પણ લખી નાખું તેમ છું—માગો તે છંદમાં:

'માગો તમે તો ઉપજાતિમાંહી.'
'કહો તો વસંતતિલકા પણ શક્ય છે હોં'
'અરે આપું પાછો
જનસમૂહને હું શિખરિણી.'

પણ સાહેબ, એક દુ:ખ છે:

આપું છોને ઉર સકળના
સાર હું યે, ન તો યે
કોઈ વાંચે મુજ કથનને,
નામ મારું ન મોટું.

એટલે આ કવિતામાં તો કાંઈ જામે નહિ.

આમ ઐતિહાસિક કે ધાર્મિક પ્રસંગો કે કાવ્યો, કશું ચાલે એમ નથી. પણ તેથી શું થયું? કરુણ કથા પણ હું આપી શકું. પણ એમાં મુસીબત એ છે કે હમણાંહમણાં તંત્રીઓ કરુણ નવલિકાઓ તથા નવલો વાંચીને એટલા તો કંટાળી ગયા છે—અને હકીકતમાં તેમની પાસે તેનો એટલો મોટો જથ્થો પડ્યો હોય છે કે અમે તેવું કાંઈ લખી મોકલીએ તો તો સીધું જ ડબ્લ્યુ.પી.બી. (મહણજે વેસ્ટ પેપર બાસ્કેટ)માં જ પધરાવે.

એક વાત છે: રમૂજી લેખ માટે અમને 'સ્કોપ' છે. પણ તેમાં, યાર, તકલીફ એ છે કે આજકાલ અમે બહુ સુખી અને આનંદી વાતાવરણમાં રહેતા હોવાથી રમૂજ નથી લખી શકતા. એ તો તમે જાણો છો ને, કે રમૂજનું મૂળ કરુણતા છે; એટલે એ પણ હાલ શક્ય નથી. છતાં એ હકીકત જો જાહેરમાં કરીએ તો તો નાક જ કપાઈ જાય ને? એટલે મહેનત તો કરવી જ પડે. કંપોઝીટરની મદદ લેવાની

તંત્રીઓ હવે સાફ ના પાડે છે. બાકી આપણી પાસે ઘણી શક્તિઓ છે. અમારાં અમદાવાદનાં પત્રો તો એમની મદદથી વેચાણ વધારતા. એક વખત અમે એક શીર્ષક વાંચ્યું કે:

એલિસબ્રિજમાં ખૂન

એટલે અમે દોડીને છાપું ખરીદ્યું. અને તરત ફેંકી દીધું કેમકે આખું લખાણ આ રીતે હતું:

એલિસબ્રિજમાં ખૂન

આજે કેસનો આવેલો ચુકાદો

ટાઇપોગ્રાફીની આ મદદથી તમે સારું ન લખી શકો? જરૂર લખી શકાય. દાખલા તરીકે એક બહેરા માણસની વાર્તા આમ લખી શકાય:

'કેમ છો?'

'હેં?!'

'કહું છું, કેમ છો?'

'કંઈ સંભળાયું નહિ. હું બહેરો છું, યાર; જરા મોટેથી બોલજો.'

'કહું છું, કેમ છો?'

'કોણ હું?–ઓહ હું મઝામાં છું. તમે કેમ છો?'

'મઝામાં. મિત્રો કેમ છે?'

ચાલે છે; બેએક ચિત્રો બાકી છે.'

'તમે સમજ્યા નહિ; હું ચિત્રોનું નહિ, પણ 'દોસ્તોનું પૂછું છું.'

'પોસ્ટો?'

ટૂંકમાં તમે સમજી ગયા હશો કે આ રીતે કંપોઝીટરની મદદથી બોલનારના અવાજનું વૉલ્યુમ પણ તમે આપી શકો. પણ ઉહું: આવું લખીએ, તો આજના વિવેચકોને તો તમે ઓળખો છો ને? છોલી જ નાખે! બાકી એક વાર્તા યાદ આવે છે:

રાત્રે એક માણસ ઘણો મોડો પોતાની રૂમ પર આવ્યો ને તેણે અવાજ દીધો: **'જયંતીલાલભાઇ! ઓ જયંતીલાલભાઇ!'**

પણ જવાબ ન મળ્યો. એટલે તેણે બે મિનિટ રહીને ફરી વધુ મોટેથી બૂમ પાડી:

'જયંતીભાઈ! અરે ઓ જયંતીભાઇ!'

જવાબ નદારદ. એટલે ફરી મિનિટ રહીને

'જયંતીલાલ, ઓ જયંતીલાલ!'

નો રિપ્લાઇ. એટલે ત્રણેક મિનિટ પછી

'જયંતી! ઓ જયંતી!'

તોપણ જવાબ નહિ; એટલે પછી તો તરત જ

અલ્યા જેંતીડા!

અને તરત જ જવાબ મળ્યો: **'હવે ઉઘાડું છું: બૂમો શું પાડો છો? એક તો નાહક મારી ઊંઘ બગાડી ને ઉપરથી...'**

આમાં 'ડબલ જોક' થાય એમ છે. પણ કોઈ છાપે નહિ, ને મદદ કરે પણ નહિ.

બાકી તો એક બીજો વિચાર આવે છે કે ચિત્રો—અને તે પણ ટાઇપોની મદદથી પણ લેખ લખી શકાય. જેમકે:

"૧ દિવસ રાત્રે આકાશમાં ★★★ હતા; અને પૃથ્વી પર લોકોના ઘરમાં તથા પરસાળમાં હતા. દિવાળીના દિવસો હતા. મેં કોટના બટનમાં ❀ ભરાવ્યું હતું. હું બસમાં જતો હતો. મારી સામેની સીટ ઉપર ત્રણ બહેનો બેઠી હતી. એકની ભ્રમરો આવી ⌒⌒ હતી, અને તેની ફીકી આવી • હતી. દુઃખ એક જ હતું કે નાક ચીબું હોવાથી આવું ♠ લાગતું હતું. તેના કાનમાં તેણે એક મોતી ભરાવ્યું હતું તેથી તેનો કાન આવો ? લાગતો હતો. મેં મારી નજર નીચી કરી તો એ ત્રણે બહેનો ફ્રૉકવાળી હતી, અને નાની ઉમરની હતી એટલે તેમના પગ આમ XXX હતા. એ ત્રણે જણ તે પછીના |ō ઉપર ઊતરી ગઈ, અને ત્રણ ક્રિશ્ચિયન વૃદ્ધાઓ બસમાં ચડી. બસ ચાલી ને મેં તેમના પગ તરફ નજર કરી તો તે આવા ( ) ( ) ( ) લાગ્યા."

પણ ઉંહું. આવું લખું તો કોઈ છાપે નહિ. બાકી બસની વાત ઉપરથી બીજી એક સફર યાદ આવે છે. 'હું ઑપેરા હાઉસથી ચાલતો નીકળ્યો. ઑપેરા હાઉસના બસ-સ્ટૅન્ડ ઉપર યુવાનોની હાર આવી IIIIII હતી. ત્યાંથી આગળ જતાં બૅક બે વ્યૂના બસ-સ્ટૅન્ડ આગળ આવ્યો તો ત્યાંની ક્યૂ લાઈન ઉપર બધા મિત્રો જ ઊભા હતા, અને તેઓ એકબીજાના ખભે હાથ મૂકીને ઊભેલા હોવાથી લાઈન આવી TTTTTT લાગતી હતી. ત્યાંથી આગળ જતાં ઠાકુરદ્વાર ઉપર બધા ડાબો હાથ કેડ ઉપર રાખીને ઊભા હતા, એટલે લાઈન આવી PPPPPP લાગતી હતી. હું થોડી વાર સામે ઊભો રહ્યો. વખત વીત્યો છતાં બસ ન આવી એટલે 'એક કતાર' ઊભા હતા તેમાંથી 'કદમ ખોલ' થઇને ઊભા. હાથ તો એમનો કેડ ઉપર જ હતો, એટલે એમની લાઈન હવે આવી RRRRRR લાગવા માંડી.

આમ તો અમને આખી એ બી સી ડી જોવા મળી; પણ આવું છાપે કોણ? બાકી અમે આ જ રીતની એક પ્રેમકથા લખી છે

એક યુવાન છે: I; અને એક યુવતી છે: I. આવો એક ____________ રસ્તો છે. અમે સામેના ફુટપાથ પર ઊભાઊભા જોઇએ છીએ. એ રસ્તા પર એક બાજુથી એક યુવતી આવી રીતે I____________I આવે છે. બંને જણ તદ્દન નજીક આવીને હાથ મિલાવે છે, એટલે દશ્ય આવું H લાગે છે. પછી યુવાન યુવતીના ખભે હાથ મૂકી એક બાજુ કંઈક બતાવે છે એટલે એમનું દશ્ય આવું FI લાગે છે. પછી બંને તે તરફ ચાલે છે એટલે દશ્ય કંઈક આવું ΛΛ લાગે છે. પછી બંને અટકે છે ને હસ્તધુનન H કરે છે, અને હસ્તધુનન ચાલુ રાખી યુવાન યુવતીના કાનમાં કાંઈક કહે છે એટલે દશ્ય આવું A બની જાય છે. પણ ઊભા રહો; હવે જે દેખાય છે તે જોઇને અમને ધોળે દિવસે ★★★ દેખાઈ ગયા!'

પણ ના, ના, ના. આવું કોઈ છાપે નહિ. તો પછી કરવું શું? હાં; એક વાત છે, જે કાંઈક ચાલે એવી લાગે છે. હું મારા ત્રીજા માળે રહેતા ઘરધણી જોડે લડવા માટે ગયો, ત્યાં જતાં હું

હતો.

ગયો

ચડી

આમ

દાદર

પણ ત્યાં મારામારી એવી જામી કે હવે ફરીથી તેની જોડે લડવા જવું નહિ પડે; કારણકે મારે

નીચે

[illegible]

ઊતરવું

[illegible]

હતું.

યુ સી?! જોયું? અમારામાં કેટકેટલી આવડત અને શક્તિઓ છે? પણ તંત્રીઓ અમારી પાસે જેમ સારા અક્ષર, સુંદર વિચારો, નવીન શૈલી વગેરે માગે છે, તેમ અમે તંત્રી પાસે વિષય માગીએ છીએ. આજે તો તમને એટલું જ કહીશું કે વિષય અને વસ્તુને અભાવે અમને

માફ કરજો, આ લેખ નહિ છપાય. માફ કરજો, આ લેખ નહિ છપાય. માફ કરજો, આ લેખ નહિ છપાય
માફ કરજો, આ લેખ નહિ છપાય. માફ કરજો, આ લેખ નહિ છપાય. માફ કરજો, આ લેખ નહિ છપાય
માફ કરજો, નહિ છપાય
માફ કરજો, **માફ કરજો, આ લેખ નહિ છપાય** નહિ છપાય
માફ કરજો, નહિ છપાય
માફ કરજો, આ લેખ નહિ છપાય. માફ કરજો, આ લેખ નહિ છપાય. માંફ કરજો, આ લેખ નહિ છપાય
માફ કરજો, આ લેખ નહિ છપાય. માફ કરજો, આ લેખ નહિ છપાય. માંફ કરજો, આ લેખ નહિ છપાય

આંતરરાષ્ટ્રીય ફોટોગ્રાફી

લેખક : લેફ્ટેનન્ટ કર્નલ **બલવન્ત ભટ્ટ**

ગયા સપ્ટેમ્બરની બારમી તારીખે ભારતના અર્થસચિવ શ્રી ચિંતામણ દેશમુખે, દિલ્હીની કૅમેરા સોસાએટીએ ગોઠવેલું પહેલું 'દિલ્હી ઇન્ટરનૅશનલ સૅલૉં ઑવ ફોટોગ્રાફી' ખુલ્લું મૂક્યું. દુનિયાના ૩૮ દેશોના ચુનંદા ફોટોગ્રાફરોનાં ૧૪૦૦ ચિત્રોમાંથી માત્ર ૨૫૦ જેટલાં ચિત્રોને પ્રદર્શનમાં મૂક્યાં હતાં.

માનવીની સર્જનપ્રવૃત્તિનાં અનેક વાહનોમાં આજે ફોટોગ્રાફીએ અનેરું સ્થાન પ્રાપ્ત કર્યું છે. આબાલવૃદ્ધ, સ્ત્રીપુરુષ સૌ કોઇ આજે ફોટોગ્રાફી દ્વારા પોતાની રસવૃત્તિ વ્યક્ત કરવા મથે છે અને જીવનના પ્રત્યેક અંગને સ્પર્શતા હજારો ફોટોગ્રાફો આજકાલ લેવાય છે; પરંતુ માનવલાગણીને વ્યક્ત કરતાં ચિત્રો વિરલ હોય છે. વિજ્ઞાને ફોટોગ્રાફીનાં ઘણાં સાધનોમાં જબરા ફેરફાર આણ્યા છે. સામાન્ય બુદ્ધિના માણસ માટે કૅમેરાનો ઉપયોગ આસાન બન્યો છે અને એના વાપરનારાઓની સંખ્યા આજે અગણિત છે. પણ જેટ વિમાનના આ ઝડપી જમાનામાં માનવી ઉતાવળિયો બન્યો છે. તેનામાં કલાકારને છાજતી ધીરજ રહી નથી. આંખના પલકારામાં તેને ચિત્રો ઉપજાવવાં છે. પરિણામે હૃદયસ્પર્શી ચિત્રોને બદલે આજે સામાયિકોમાં બહુધા સામાન્ય સ્નૅપ નજરે પડે છે. આ પરિસ્થિતિને લીધે યુદ્ધોત્તર સમયનાં આંતરરાષ્ટ્રીય પ્રદર્શનોમાં પણ દસકા પહેલાંની કલાકૃતિઓને આંટે એવાં ચિત્રો ભાગ્યે જ જોવા મળે છે.

દુનિયાના જુદાજુદા દેશોમાં ફોટોગ્રાફી કઈ દિશામાં વહી રહી છે તેનો સારો ખયાલ આ આંતરરાષ્ટ્રીય પ્રદર્શન આપતું હતું. એમાં માનવ-હૃદયને સ્પર્શતાં ચિત્રો કેટલાક ફોટો-કલાકારોએ ઉપજાવ્યાં હતાં, જ્યારે બીજા થોડાએ પદાર્થની વિગતો અને ભાતની અવનવી રજૂઆત દ્વારા બીજી કલાની સરખામણીમાં ફોટોગ્રાફીની વિશિષ્ટતા સ્થાપિત કરી હતી. એમાંથી ચૂંટેલાં ૪ ચિત્રો આ અંકમાં અન્યત્ર આપ્યાં છે.

કૅમેરા વાપરનારો એકેએક જણ પોતાનાં ભાઇ, બહેન, મિત્ર કે ઓળખીતાના ફોટોગ્રાફ તો અચૂક લે છે. સામાન્યરીતે સૌ કોઈને આવાં પોર્ટ્રેટ–તસ્વીર પાડવા પ્રત્યે પક્ષપાત હોય જ છે. પણ તે અમુક વ્યક્તિના નર્યા પ્રતિબિંબને બદલે તેની કોઇ વિશિષ્ટ ખાસિયતની રજૂઆત કરે, અગર તે વ્યક્તિના સમગ્ર વર્ગનું પ્રતીક બને ત્યારે જ તે પ્રદર્શનમાં આવકાર પામે છે. આવા ગુણ ધરાવતી તસ્વીરો બહુ જૂજ સંખ્યામાં નજરે પડે છે. 'અભ્યાસ-ખંડમાં કુમારિકા' નામક ફ્રાન્સિસ વૂ ની એવી એક તસ્વીરમાં દાખવેલી ચીની કુમારિકા તેના દેશની સ્ત્રીઓના પ્રતીક સમ જણાતી હતી. એ જ રીતે કૅપ્ટન કોપારકરે 'ફિલસૂફ'માં ડૉ. રાધાકૃષ્ણનું વ્યક્તિત્વ બહુ સરસ રીતે ઉતાર્યું હતું.

જેમ માનવીનો ચહેરો તેના મનોભાવ તથા વ્યક્તિત્વ રજૂ કરે છે, તેવી રીતે માનવ-શરીરનાં અન્ય અંગોપાંગ પણ અમુક ભાવ વ્યક્ત કરવા સમર્થ નીવડે છે. કોઇ શ્રમજીવીના હાથની ખરબચડી ચામડી તેના વ્યવસાયમાંથી નીપજતી ખડતલતાનો ખયાલ આપે છે; પા પા પગલી માંડતી બાલકની પાનીઓ નિર્દોષતાસૂચક બને છે; તેમ રેશમની ફેલ જેવી સ્ત્રીની સુંવાળી આંગળીઓ સ્ત્રીસ્વભાવની કુમાશ રજૂ કરે છે. પછી કલાકાર છાયાપ્રકાશની વિશિષ્ટ રચના કરી માનવ-શરીરના એવા વિવિધ ભાગો દ્વારા કલ્પનાતીત ભાવો ફોટોચિત્રોમાં ઉતારે છે. દા. ત. એલ ગૅક કેનું ચિત્ર 'સીમાન્તનું સૌન્દર્ય' જુઓ.

બીજા વિશ્વયુદ્ધની શરૂઆત સુધી ઈંગ્લંડનો માર્કસ આદમ્સ ચાઇલ્ડ પોર્ટ્રેચર(બાળ-તસ્વીરો)માં રાજા ગણાતો. ઇંગ્લાંડનાં રાજકુટુમ્બો તથા અમીરો પોતાનાં બાળકોની છબિઓ તેની પાસે લેવડાવવા પડાપડી કરતાં. એ માર્કસ આદમ્સને ટપી જનાર સ્વીડનની શ્રીમતી ઍન મારી ગ્રિપૉને 'ચાઇલ્ડ પોર્ટ્રેચર'માં આજે અનેરી ભાત પાડી છે. બાળકના ક્ષણેક્ષણે બદલાતા ભાવોને વિશિષ્ટ રીતે તે છબિમાં ઉતારે છે. એનું 'ભાવતું ભોજન' ચિત્ર જુઓ. ભાણામાં સ્વાદિષ્ટ વાનગીઓ પીરસાતી જોઈ મોંમાં પાણી છૂટયાનો કોણે અનુભવ નથી કર્યો? આ ચિત્રમાં બાળકના મોંમાંથી નીંગળતી લાળ બતાવીને તેના પ્રિય ભોજનની જે આગાહી કરી છે તે પ્રશંસનીય છે. એ જ ગ્રિપમેનના 'હકલબરી ફિન'માં એક હસતી આંખોવાળા તોફાની બારકસને એમણે ઉતાર્યો છે, તે કોઈ વાર 'કુમાર'ના પૂઠા પર આવશે. ફોટોકલાકારમાં બાળમાનસની ઊંડી સમજ, ધીરજ તથા એમના જેવું જ રમતિયાળપણું હોય તો જ સારાં બાળચિત્રો શક્ય છે.

સામેથી આવતા સૂર્યપ્રકાશનો ચાતુર્યભર્યો ઉપયોગ કરીને જુગોસ્લાવિયાના ઝલાટકો ઝરનેકે ગામડાનાં બે બાળકોને ઝાડની છાયાંમાં પાટલીપર ગમ્મતભરી ગોઠડી કરતા ઝડપ્યાછે એ પણ હવે પછીના અંકમાં આવશે. લકસેમબર્ગના રેને જેનગિને આ જ પ્રકારના છાયાપ્રકાશની ગોઠવણ એમના 'સંતલસ' ચિત્રમાં કરી છે, જેમાં શિયાળાની સવારે રસ્તે રમતાં ત્રણ છોકરાં કોઇ નવો વ્યૂહ ગોઠવવામાં મશગૂલ જણાય છે. (જુઓ આ અંકમાંનું ચિત્ર). રસ્તા ને અવકાશની વિશાળ પશ્ચાદ્ભૂમિમાં સમુચિત સ્થળે બાળકોના જૂથને લઇને તેની પૂર્તિમાં ડાબે મથાળે શેરીનું ફાનસ લાવી એક અઘરા આયોજનમાં એણે સમતોલન આણ્યું છે.

જીવનના સામાન્ય ગણાતા બનાવોમાં છૂપાં રહેલાં મોંઘાં મૂલ્યો અને સંસારનાં સૌંદર્યોને પોતાનાં કલ્પનાચક્ષુ વડે પરખીને ખ્યાતનામ લેખકોએ આપણને ઉત્તમસાહિત્યમાં તેના આસ્વાદ કરાવ્યો છે. કવિઓ અને કલાકારો કલ્પનાચક્ષુથી તૃણમાં પણ વિરાટ સ્વરૂપ જુએ છે. ક્ષુલ્લક અને નિર્જીવ વસ્તુના આકાર ને ઓળાઓમાંથી ફોટોગ્રાફરો કલ્પનાની આંખ વડે તેમાં પ્રાણની પ્રતીતિ કરાવતાં આહ્લાદક ચિત્રો સર્જે છે. તેના ઉદાહરણ રૂપ, હૉંગકૉંગના કાન, હિંગ-ફુકે સાદા 'શટલ કૉક'ના પડછાયાને અભિનવ પ્રકાશ–યોજનાથી પતંગિયાંનું સ્વરૂપ આપ્યું છે. એ ચિત્ર આ અંકમાં આપ્યું છે. એ જ રીતે અમેરિકાના લૉવેલ મિલરે કપડાં સૂકવવાની લાકડાની પિનોને એક કતારમાં ગોઠવી કોરસમાં સુંદરીઓ નૃત્ય કરતી હોય તેવો આભાસ ઉપજાવ્યો હતો.

આ જ રીતે કૅમેરાનો કલાકાર પોતાની કલ્પનાને બહલાવી, નાનકડા ટેબલ કે પાટ ઉપર નજીવી વસ્તુઓ ગોઠવીને, તેમાંથી જે સજીવ સૃષ્ટિનું કોઈ હૂબહૂ દૃશ્ય ઉપજાવે છે એ 'ટેબલટૉપ' ફોટોગ્રાફીની કલા પણ આશ્ચર્ય પમાડે એવી હોય છે. એવી જ બીજી એક કલ્પના-કલા બે કે ત્રણ તદ્દન જુદાજુદા વિષયોનાં ચિત્રોની નેગેટિવને એકબીજાની સાથે મેળવીને તેના મિશ્રણમાંથી કોઈ નવા જ રસભાવયુક્ત ચિત્રનું સર્જન કરવાની છે. પણ એની વાત તો એનાં ઉદાહરણ રૂપ ચિત્રો સાથે કરીશું.

આપણા દેશના ઊગતા ફોટો-કલાકારો આવી અવનવી ફોટો-કલાની પ્રતીતિ કરાવતાં ચિત્રો જોતા-સમજતા રહે અને તેના અભ્યાસમાંથી ભારતની લાક્ષણિક તથા મૌલિક શૈલી ઉપજાવે એવી અભિલાષા છે.


ટિકિટસંગ્રહ

આ યુગના એ સંસારવ્યાપી શૉખ કેળવવા વિષેની તથા ટિકિટો વિષે બીજી ઉપયોગી માહિતી આપતો વિભાગ


ગઇ બીજી ઑક્ટોબરે મહાત્મા ગાંધીજીની જન્મજયંતીને દિને ભારતના ટપાલખાતાએ એવરેસ્ટ-વિજય નિમિત્તે બહાર પાડેલું ફર્સ્ટ ડે કવર જમણી બાજુ મથાળે રદ્દીકરણની ખાસ છાપ સાથે આપ્યું છે.



ફર્સ્ટ-ડે કવર પરનું ચિત્ર જેના પરથી લેવાયું તે, એવરેસ્ટ પર પાંચ ધ્વજ ફરકાવતા ઊભેલા તેનસિંગનો મૂળ ફોટોગ્રાફ



અમુક દેશોમાં નવી ટિકિટ બહાર પડે ત્યારે તે પરનું સ્પષ્ટ ચિત્ર લોકોને જોવા-સમજવાને સંઘરવા મળે એ હેતુથી તે જ ચિત્રની મોટી આકૃતિ છાપેલાં ચિત્ર-પોસ્ટકાર્ડ કાઢવામાં આવે છે, જેના ઉપર તે જ ચિત્રવાળી ટિકિટ પણ છાપેલી હોય છે. ઉપડમા અંકમાં જણાવ્યા મુજબ આવાં કાર્ડને 'મૅક્સિમ કાર્ડ' કહે છે. લૉરેન્સો માર્કવિસથી ભાઇ હર્ષદ શેઠે મોકલેલું માછલીના ચિત્રવાળું એવું કાર્ડ અહીં આપ્યું છે.



પોર્ટુગીઝ ઇસ્ટ આફ્રિકાએ બહાર પાડેલી વિવિધરંગી પતંગિયાંઓની છાપવાળી પૂર્ણરંગી ટિકિટો (મોકલનાર : હર્ષદ શેઠ · લૉરેન્સો માર્કવિસ)

જંગો અમન (અનુસંધાન પૃ. ૩૮૦થી) સમતોલપણું જાળવી ન શકતાં તે ગબડી પડ્યો. એના માથા સાથે કંઈક અફળાયું હોય એમ એને લાગ્યું અને પછી ચારે બાજુ અંધકાર ફરી વળેલો દેખાયો.

ફ્રેન્ચોએ પ્રેટ્ઝન ટેકરીઓનો કબજો મેળવી લીધો.

મૉસ્કોની ઇંગ્લિશ કલબના એક ભોજનસમારંભમાં પિયર અને દોલોહોફ એક જ ટેબલ પર સામસામા બેઠા હતા. રાબેતા મુજબ પિયરે ખૂબ દારૂ પીધો હતો. એના લગ્ન પછી એ વધુ ને વધુ પીવા પર ચડયો હતો. પોતાનો ઘણો ખરો સમય પડખે દારૂની બાટલી સાથે એ અભ્યાસખંડમાં જ ગાળતો. પત્ની એલન તરફ એની નફરત એટલી હદે વધી ગએલી કે એ લોકજીભે ચડી ચૂક્યો હતો. એલનને એના વિના પણ નૃત્યનાટયાદિમાં સાથ આપનાર મળી રહેતા, જેમાં દોલોહોફનો નંબર પહેલો હતો.

દોલોહોફે યુદ્ધમાં બહાદુરી બતાવતાં તેને ફરી અફસરના દરજ્જે ચડાવવામાં આવ્યો હતો. પિયરે એને પોતાની સામે જ બેઠેલો જોતાં તેની આંખમાં ખૂન ભરાઈ આવ્યું અને અસ્થિરપણે આગળ ઝૂકતો એ બોલ્યો, 'પાજી, હું તારો હિસાબ ચૂકતે કરી નાખવા માગું છું.' પિયરના બે ભાઈબંધો પિયરના પડખે ઊભા રહ્યા જ્યારે દોલોહોફના બે ભાઇબંધો દોલોહોફના પડખે. યુદ્ધનું નક્કી થયું અને દેનીસોફ નામના લશ્કરી અમલદારે બંને વચ્ચે મધ્યસ્થ થવાનું સ્વીકાર્યું.

બીજે દિવસે આઠ વાગ્યે સૌ મેદાનમાં પહોંચ્યા. દેનીસોફે પિયર અને દોલોહોફને તેમની પિસ્તોલ સોંપતાં કહ્યું, 'હું "ત્રણ" બોલું એટલે બંનેએ એકબીજા તરફ આગળ વધી નિશાન તાકવું.' અને પછી ત્યાંથી હઠી જઈ થોડે દૂર જઈ એ બોલ્યો, 'એક... બે... ત્રણ!'

દોલોહોફ ધીમેધીમે પિયર તરફ વધ્યો. પિયરની આંખ દોલોહોફના ચહેરા પર તકાએલી હતી ને હમેશની જેમ અત્યારે પણ તેના મુખ પર સ્મિતની રેખા અંકાએલી હતી. પૂરો હાથ લંબાવીને એણે નિશાન લેવા માંડયું, કારણ એણે પિસ્તોલ કદિ ઝાલી નહોતી. આંખો મીંચી દઇ એણે ગોળી છોડી. આંખો ખોલી ત્યારે તો ધુમાડા સિવાય કંઈ નજરે ન પડયું, પરંતુ ધુમાડો વિખેરાતાં જણાયું કે દોલોહોફ તેનું ડાબું પડખું દબાવી રહ્યો હતો. 'બસ, એટલી જ વારમાં...' એ પૂરું બોલી પણ ન શકતાં ત્યાં જ ઢગલો થઈ પડયો.

ત્રણેક કલાક બાદ પિયર તેના અભ્યાસખંડમાં એકલો બેઠો હતો ત્યાં એલને એકાએક ધસી આવી બોલવું શરૂ કર્યું: 'પીધેલા થઇને મોટા બહાદૂર બનવા નીકળી પડયા છો તે! આખું મોસ્કો મારી હાંસી ઉડાવી રહ્યું છે. કેવા સારા માણસની તમે હત્યા કરી છે એ—'

'મારી સાથે મુદ્દલ વાત ન કરીશ' પિયરે એને વચ્ચેથી જ કાપી.

'શા માટે ન કરું? હું તમને કહી દઉં છું—'

પણ ત્યાં તો પિયર મેજ પરની આરસની તકતી ઉઠાવતો બોલ્યો, 'તને તો હું જાનથી મારી નાખીશ!' અને એલન એક ચીસ સાથે ત્યાંથી નાસી છૂટી. 'જા, ચાલી જા!' પિયર ક્રોધથી કંપતો બોલ્યે જતો હતો.

બીજે અઠવાડિયે પોતાની અરધાથી પણ વધુ અસ્કયામત એલનના નામે કરી દઇને પિયર પોતાનો વધુ ને વધુ સમય કલબોમાં ગાળવા માંડયો. પત્ની સાથે સમાધાન કરવાને બદલે પીટર્સબર્ગથી કંટાળી એ મૉસ્કો ચાલ્યો ગયો. ત્યાં એણે જાહેર સેવાની તથા શિક્ષણની સંસ્થાઓમાં છૂટે હાથે દાન કરવા માંડતાં તે ખૂબ લોકપ્રિય થઈ પડયો. પરંતુ ઉપરથી એકાદ લાપરવાહ શ્રીમંત જેવો દેખાતો તે જ્યારે એકલો પડતો ત્યારે એ હકીકત તેને ખટક્યા વિના ન રહેતી કે પોતે એક બેવફા સ્ત્રીનો માલદાર પતિ હતો.

પિયર હવે જીવનમાંથી કશું પ્રાપ્ત કરવાને બદલે તેને એમ ને એમ વેડફી દેનારો આદમી બની ગયો હતો. બુદ્ધિનો ઉપયોગ એ ક્રિયાશક્તિને વધુ મંદ બનાવવામાં જ કરવા લાગ્યો હતો. જીવનની નશ્વરતા તેમજ નઠોરતા બંને એ સારી પેઠે જાણી ચૂક્યો હતો. જીવનનું એકેએક ક્ષેત્ર એને છલનાયુક્ત ભાસવા લાગ્યું હતું. પોતાને પજવી રહેલી સમસ્યા ઉકેલવાનો સંભવ ન જણાતાં તે એ સમસ્યાને જ સમૂળગી વીસરી જવા મથવા લાગ્યો.

દિવસમાં અનેક વાર એને સવાલો ઊઠતા કે દુનિયામાં આ બધું શું ચાલી રહ્યું છે? શા માટે? પરંતુ અનુભવે એ જાણતો હતો કે આ સવાલોનો જવાબ મળી શકે તેમ નહોતો, એટલે એ વાંચવામાં અથવા ગામમાં ફરીને ટોળટપ્પાં હાંકવામાં પોતાનો વખત વીતાવતો.

એલનને તો હજુ ય તેના પોતાના શરીર સિવાય બીજા કશાની દરકાર ન હતી. પિયરને એ બેવકૂફ લાગતી, પણ લોકોને તે અપૂર્વ બુદ્ધિશાળી ભાસતી. તે ઘણી વાર તો એલનને વીસરવા જ જુદા વિચારે ચડી જતો. એને થતું, આપણે બધા ખ્રિસ્તનો પ્રેમ ને ક્ષમાનો ધર્મ પાળતા હોવાનો દાવો કરીએ છીએ અને એ ધર્મભાવના પ્રદર્શિત કરવા મૉસ્કોમાં બીજાં શહેરો કરતાં ચાળીસગણાં દેવળ ઊભાં કર્યાં છે, છતાં ખ્રિસ્તી ધર્મના જ પ્રવર્તક મનાતા ધર્મગુરુએ પોતાના જાતભાઇઓની જ કતલ કરનારા સૈનિકને આશીર્વાદ સાથે ક્રૉસ નહોતા પકડાવ્યા? આ છળ દરેકને જાણે સદી ગયો હતો, પણ પિયર જ્યારેજ્યારે એ પર વિચાર કરતો ત્યારેત્યારે એમાંથી એને કંઇક નવું જ જાણવાનું મળતું. સામેથી દુશ્મનની ગોળંદાજી ચાલુ હોય ત્યારે ખાઇઓમાં પડેલા સૈનિકો મન બહેલાવવાનું કંઈક સાધન શોધી કાઢતા કે જેથી યુદ્ધનો ત્રાસ હળવો બને, એવું એણે સાંભળેલું. એને તમામ માનવીઓ આ સૈનિકો જેવા લાગવા માંડ્યા. પોતાનાં દુઃખક્લેશ વીસરવા કોઈ મહત્ત્વાકાંક્ષાનો આશ્રય લેતું, તો કોઇ પાનાંની રમતનો; કોઇ કાયદાબાજીમાં મગ્ન રહેતું તો કોઇ સ્ત્રીઓમાં; કોઈ રમકડાંમાં તો કોઈ રાજકારણમાં; કોઈ ઘોડામાં, કોઈ શરાબમાં તો કોઈ વહીવટી બાબતોમાં. કશું ક્ષુલ્લક નથી, કશું મહત્ત્વનું નથી—બધું જે છે તે જ છે.

'અને આપણે લડયા હતા તે આ દિવસ જોવા?' નિકોલાય રોસ્તોફ કડવાશપૂર્વક બોલ્યો: 'યુરોપની જે સ્વતંત્રતા બચાવવા આપણે નીકળ્યા હતા તે આ?!'

૧૮૦૭ના જૂનની ઊજમાળી સાંજનો સમય હતો, ઑસ્ટરલિટ્ઝના યુદ્ધને ૧૮ મહિના વીતી ચૂક્યા હતા. ફ્રેન્ચો વિજય પર વિજય મેળવતા જતાં રશિયાનો ઝાર ઍલેક્ઝાંડર છેવટે સુલેહ માટે તત્પર થયો હતો. આજે તિલસિત મુકામે નેપોલિયનને રૂબરૂ મળીને તે સુલેહની શરતો નક્કી કરવાનો હતો.

વિશાળ ચોકમાં સામસામે ગોઠવાએલી ફ્રેન્ચ અને રશિયન ટુકડીઓ વચ્ચે થઇને બંને શહેનશાહ પરસ્પર મળ્યા. નેપોલિયનના મુખ પર તુચ્છકારદર્શક સ્મિત ફરકી રહ્યું હતું. કાઉન્ટ નિકોલાય રોસ્તોફ એ બંનેને એકબીજાને ભેટતા જોઈ રહ્યો. યુદ્ધમાં કેટલાં બધાં માનવી હોમાઈ ગયાં હતાં! શા માટે? યુરોપના આ હડહડતા દુશ્મનને, નરરાક્ષસને ઝાર ઍલેક્ઝાંડર બંધુભાવે ભેટે એટલા માટે? યુદ્ધમોરચે અનુભવેલાં રોગ, ગંદકી ને ઉપેક્ષા એ હજુ ભૂલી શક્યો નહોતો.

બે વરસ રહીને બંને શહેનશાહો વચ્ચેની દોસ્તીની ગાંઠ એટલી તો મજબૂત બની ગઈ કે ૧૮૦૯માં નેપોલિયને ઑસ્ટ્રિયા સામે યુદ્ધ જાહેર કર્યું ત્યારે ઝારે પોતાના જૂના મિત્રો ઑસ્ટ્રિયનો સામે ફ્રેન્ચોને પડખે રહીને લડવા માટે પોતાની એક સેના મોકલી આપેલી!

આન્દ્રીની પત્ની લિસાએ પુત્રને જન્મ આપ્યા બાદ પ્રસૂતિમાં જ આ દુનિયાની વિદાય લઇ લીધેલી. આન્દ્રી પીટર્સબર્ગ ચાલ્યો આવેલો. રોસ્તોફે પોતાની પુત્રી નટાશાનો પ્રથમ નૃત્યદિન ઊજવેલો ત્યારે પિયર બેઝુહોફ અને આન્દ્રી બંને ત્યાં ઉપસ્થિત હતા.

અરધા કલાકથી ઑરકેસ્ટ્રા ચાલુ હતું, છતાં પહેલી જ વાર જાહેરમાં નૃત્ય કરનારી નટાશાને નૃત્યનો ઔપચારિક આગ્રહ સુદ્ધાં કોઇએ કર્યો નહોતો. પિયર બેઠો હતો ત્યાંથી ઊઠીને આન્દ્રી પાસે જઇને તેનો હાથ પકડી બોલ્યો, 'તું તો જ્યારે ને ત્યારે નાચવા તૈયાર થઈ જાય છે, તો પછી નટાશાને નૃત્ય માટે શા સારુ નથી નિમંત્રતો ?'

આન્દ્રી ઊઠીને નટાશા પાસે ગયો. ઘોડેસવાર ટુકડીના કર્નલના સફેદ ગણવેશમાં તે ખૂબ દેખાવડો અને વીરપુરુષ દેખાતો હતો. નટાશાના ખિન્ન ચહેરા તરફ જોઈ એણે હાથ લંબાવ્યો.

'ક્યારની હું રાહ જોઈ રહી હતી.' એ શબ્દો સાથે નટાશાના ચહેરા પર સ્મિત ફરક્યું ને આંખમાંથી બે આંસુ દડી પડ્યાં.

પ્રિન્સ આન્દ્રી ચુનંદા નૃત્યકાર હતો. નટાશાને એણે ખૂબ નચાવી. તે એની સાથે ગોળ ને ગોળ ઘૂમ્યે જ જતી હતી. તેના ચહેરા પર અવર્ણનીય પ્રફુલ્લતા છવાઇ રહી. તેનું સૌન્દર્ય વધુ દેદીપ્યમાન બની ઊઠ્યું. પ્રિન્સ આન્દ્રી એ સૌન્દર્યની માદકતા અનુભવી રહ્યો.

ત્યાર પછી તો આન્દ્રી રોસ્તોફ પરિવારના રોજિંદા મહેમાન થઇ પડ્યો. બંને વચ્ચે વેવિશાળનું પણ નક્કી થયું. પરંતુ છ મહિના બાદ આન્દ્રીને તેની બહેન પ્રિન્સેસ માર્થાએ લખેલા પત્રમાં જાણ્યું કે નટાશાએ તેના સાથેનું પોતાનું વેવિશાળ ફોક કર્યું હતું. અને આ ખબર તેને કાગળથી લખી જણાવવા પોતાને કહ્યું હતું.

દઈ તેનો પુરવઠો કાપી નાખી તેને ભૂખે મારીને પરેશાન બનાવી દેવા એ એ સૂત્ર હતી. દુશ્મનને એટલો આગળ વધવા દેવો કે ઘવાયેલા શિકારની પેઠે તે એ અફાટ ને પ્રતિકૂળ પ્રદેશમાંથી ગમે તે ઉપાયે નાસી છૂટવા જ તલપાપડ બની જાય. કુતુઝોફમાં એ જ હૈયાસૂઝ કામ કરી રહી હતી. ઝાર તો ઝંખતો હતો યુરોપભરમાં ગાજી ઊઠે એવો લશ્કરી વિજય; પરંતુ કુતુઝોફને તો દુશ્મનના પગ જ રશિયાની ધરતી પર ઠરવા નહોતા દેવા. એટલે એણે ફ્રેન્ચ સેનાને સામનો આપ્યા વિના આગળ ને આગળ વધવા દીધી હતી. પરંતુ ઝાર અને તેના દરબારીઓ આ જ કારણે કુતુઝોફને બબૂડી ગયેલ અને પછીથી બીકણ માનવા લાગ્યા હતા.

વયોવૃદ્ધ અને ભોળા દિલના સરસેનાપતિ કુતુઝોફ ઝારનાં બધાં સૂચનો વિનમ્રતાપૂર્વક સાંભળી લેતા, ક્યારેક એ અમલમાં મૂકવાનો પણ વિચાર કરતા; પરંતુ આચરણમાં તો એ પોતાની પીછેહઠની જ નીતિ ચાલુ રાખ્યે જતા. ક્રોધાવિષ્ટ ઝારે છેવટે બોરોદિન આગળ તો દુશ્મનને યુદ્ધ આપવા તેને લખી જણાવ્યું અને કુતુઝોફને ય લાગ્યું કે એકાદ ટક્કર ઝીલી હોય તો ખોટું નહિ. પરંતુ બીજે જ વિચાર તેને એ આવ્યો કે સામનામાં નેપોલિયનની ચોથા ભાગની સેના નાશ પામે તોપણ તે મૉસ્કો સર કર્યા વિના રહેવાનો ન હતો. બીજી બાજુ ઝાર એટલો ક્રોધે ભરાયેલો કે ટક્કર ઝીલ્યા વિના છૂટકો નહોતો.

રશિયનો આખરે મેદાનમાં આવવાના છે એ સમાચારે નેપોલિયનને આનંદમાં આણી દીધો. છેલ્લા બે મહિનાથી કશા સામના વિનાની દડમજલથી તેનું સૈન્ય કંટાળવા આવ્યું હતું. તે પણ આ સમાચારે ઉત્સાહમાં આવી ગયું.

સામસામા સેંકડો ધડાકાથી યુદ્ધનો પ્રારંભ થયો. નેપોલિયનને

૧૮૧૨ના જૂનની એક સાંજે ઝાર ઍલેક્ઝાંડર વિલ્નાના એના રાજમહેલમાં મઝુર્કા-નૃત્ય કરી રહ્યો હતો ત્યાં બાલાશોફ નામનો રશિયન સેનાપતિ આવી લાગ્યો. ઝારે એની વાત સાંભળી બીજે દિવસે નેપોલિયન પર એક પત્ર લખીને બાલાશોફને સોંપ્યો, જેમાં ફ્રેન્ચ સૈન્યે રશિયન સરહદ ઓળંગ્યાના પોતાને મળેલા સમાચારનો ઉલ્લેખ કરી જણાવ્યું હતું કે નેપોલિયને પોતાની સેના રશિયન પ્રદેશમાંથી પાછી ખેંચી લેવી, નહિતર સામના માટે તૈયાર રહેવું.

બાલાશોફે એ પત્ર નેપોલિયનને પહોંચાડતાં તેણે કહ્યું, 'શહેનશાહ ઍલેક્ઝાન્ડરના કરતાં હું સુલેહ માટે જરા ય વધુ આતુર નથી.'

ચાર લાખનું ફ્રેન્ચ સૈન્ય રશિયામાં આગળ ને આગળ વધતું રહ્યું. રશિયન સૈન્યને ભિડાવવાના તેના અનેક પ્રયત્નો છતાં તે છટકી જઇને પીછેહઠ કરી જતું. ક્યાંય સામનો ન આપવાની રશિયન સૈન્યની આ યુદ્ધનીતિ ખુદ નેપોલિયનને પણ આશ્ચર્ય ઉપજાવી રહી. બંદૂકની એક ગોળી વાપર્યા વિના એ મૉસ્કો તરફ પીછેહઠ કર્યે જતું હતું. ઝાર ઍલેક્ઝાન્ડર સુદ્ધાંને આ રીત સૈનિક ગૌરવનો હ્રાસ કરનારી લાગવા માંડી ને મોરચા પરના વૃદ્ધ માર્શલ કુતુઝોફને દુશ્મન મૉસ્કો લગી આવી લાગે તે પહેલાં જ મક્કમ સામનો આપવા લખ્યું.

પણ નેપોલિયન કે ઍલેક્ઝાંડર બેમાંથી કોઈને એ વાતનો ખયાલ નહોતો કે યુદ્ધનું નિર્ણાયક તત્ત્વ વ્યૂહરચનાની કુશળતા, વિશાળ દળોની હેરફેર કે લડાઈમાં મેળવેલી જીત નહોતું. પરંતુ રશિયન પ્રજાની હૈયાસૂઝ હતી. દુશ્મનને લલચાવીને અફાટ અને પ્રતિકૂળ પ્રદેશમાં આગળ વધવા



નટાશાનો પ્રથમ નૃત્યદિન (આ નવલ પહેલી બહાર પડી તે સમયનું તેમાંનું ચિત્ર)

શરદી થએલી હોવા છતાં વિશાળ કપાળ પર જુલ્ફાંની લળતી લટ સાથે અધીરપણે તે સૈન્યમાં ઘૂમી રહ્યો હતો. દસ કલાક સુધી હત્યાકાંડ ચાલુ રહ્યા છતાં રશિયન સૈન્યે મચક ન આપતાં તેનો અજંપો વધવા માંડયો હતો. એ જ સૈનિકો હતા, એ જ સેનાપતિઓ હતા, એ જ સાધનો હતાં અને દુશ્મન પણ એનો એ જ હતો, જેણે ઑસ્ટરલિટ્ઝ અને ફ્રીડલાંડના મોરચે સખ્ત શિકસ્ત ખાધેલી.

રશિયનો ફ્રેન્ચ સૈન્યની ડાબી પાંખ પર દબાણ વધારી રહ્યાના સમાચાર મળતાં નેપોલિયન ત્યાં ઊપડયો. માર્ગમાં બધે લોહીનાં ખાબોચિયાંમાં ઘવાએલા અને મરેલા સૈનિકોના ગંજ તેની નજરે પડયા. પોતાના સૈન્યનું આવું દૃશ્ય અગાઉના કોઇ યુદ્ધમાં તેની નજરે નહોતું પડયું. જિંદગીમાં પહેલી જ વાર એને યુદ્ધ નિરર્થક ને અધ:પાતક લાગ્યું. યુદ્ધમાં વિજય અને પરાજય બંને એને માનવતાની હાંસીરૂપ લાગ્યા.

એક સેનાપતિએ નેપોલિયનને તેની ચુનંદી અંગરક્ષક ટુકડી મેદાનમાં ઉતારવા સૂચવ્યું. નેપોલિયન જવાબ ન આપતાં મૂગો જ રહ્યો. સેનાપતિએ પોતાના સૂચનનું પુનરુચ્ચારણ કરતાં તેની સામે સૂની નજર તાકતો એ બોલ્યો, 'હેં? નહિ, હું એમને વધેરાઈ જવા નહિ, દઉં.'

ઘવાએલા અને મરેલા સૈનિકોથી ઊભરાતું રણાંગણનું દૃશ્ય એનાથી જોઈ ન શકાતાં એણે નેત્રો નીચાં ઢાળી દીધાં. સાંભળવાની ઈચ્છા ન હોવા છતાં ગોલંદાજીનો અવાજ એના કાનમાં પ્રવેશી જતો હતો. રણક્ષેત્ર પરનાં યાતના અને મૃત્યુ એ એના પોતાના જિસમમાં અનુભવવા માંડયો. એનાં ભારેખમ મસ્તક ને વજનદાર છાતી વધુ ભારે લાગતાં હતાં. એ ક્ષણે એને નહોતી મૉસ્કોની લાલસા, નહોતી વિજયની આકાંક્ષા, નહોતી ગૌરવની અપેક્ષા. તે ઝંખતો હતો શાંતિ, વિશ્રાંતિ, મુક્તિ. યુરોપને પોતે ધાર્યું હોત તો એક જ પ્રજા તરીકે સંગઠિત કરી શકયો હોત. રાષ્ટ્રોના સંકુચિત સીમાડા ભૂંસી નાખીને યુરોપનો પ્રજાજન એના દરેક ભાગને પોતાની પિતૃભૂમિ સમજે એવી નવરચનાને પોતે આકાર આપી શકયો હોત. નદીઓ અને સાગરોના સઘળા માર્ગો સૌને માટે ખુલ્લા મુકાવી શકયો હોત. પારીસને જગતનું પાટનગર અને ફ્રેન્ચોને જગતના અન્ય દેશોને ઈર્ષ્યા ઊપજે એવું મહત્ત્વ અપાવી શકયો હોત.

પેલી બાજુ રશિયન હરોળ પાછળ પ્રિન્સ આન્દ્રીની ટુકડી હજુ યુદ્ધમાં ઊતર્યા વિના જેમની તેમ અકબંધ પડી હતી. આન્દ્રી હુકમની રાહ જ જોતો રહ્યો, ત્યાં ફ્રેન્ચોની તોપોના ગોળા વધુ નજીક પડવાં લાગ્યા. ટુકડીના ત્રીજા ભાગના સૈનિકો તો વગર લડયે જ તોપમારાથી ખતમ થઈ ગયા. આ સ્થિતિમાં પોતે શું કરવું તે હજુ એ વિચારી રહ્યો હતો ત્યાં તો એકાએક ભોંય પર ઢગલો થઇને પડયો. કેટલીક અફસરો તરત એની પાસે ધસી આવ્યા. પેડુના ડાબા ભાગમાંથી લોહી વહી રહ્યું હોઈ તેને ડોળીમાં સુવાડી અરધો માઈલ દૂર આવેલી લશ્કરી ઇસ્પિતાલમાં મોકલી દેવામાં આવ્યો.

આ અસામાન્ય ઘટનાના ઉદ્‌ભવનું કારણ શું? ઇતિહાસકારો ખાતરીપૂર્વક જણાવે છે કે ઓલ્ડનબુર્ગના ડ્યૂકને થએલો અન્યાય, 'કૉન્ટિનેન્ટલ સિસ્ટમ'નું ઉલ્લંઘન, નેપોલિયનની મહત્ત્વાકાંક્ષા, ઍલેકઝાંડરની અક્કડાઈ, મુત્સદ્દીઓની ગલતીઓ વગેરે તેનાં કારણો હતાં. જો એમ જ હોત તો તો નેપોલિયને ઝાર ઍલેકઝાંડર પર માત્ર એક ચિઠ્ઠી લખીને જ કહી દીધું હોત કે ઓલ્ડનબુર્ગના ડ્યૂકને તેની જાગીર પોતે પાછી સોંપી દેશે, તો યુદ્ધનો સંભવ જ રહ્યો ન હોત. પરંતુ આમાંના કોઈ એક જ કારણને યુદ્ધ માટે જવાબદાર લેખી ન શકાય. જો કે આખી યે ઘટનાના સંભવાસંભવનો આધાર નેપોલિયન અને ઍલેકઝાંડર પર રહેલો. એમની ઈચ્છા પાર પડવી જ જોઇએ, ગોળીઓ ચલાવતા સૈનિકોએ અને લશ્કરી સાધનસામગ્રીની હેરફેર કરનારા માનવીઓએ આ બે નબળા માનવીઓની આજ્ઞા ઉઠાવવી જ જોઇએ!

ઝાર ઍલેકઝાંડરે પોતાની પ્રજાને લશ્કરમાં ભરતી થવા માટેની અપીલ બહાર પાડેલી. કાઉન્ટ રોસ્તોફને ત્યાં સ્ટેપાન સ્ટેપાનોવિચ આદ્રાસ્કીન, શહેનશાહે રશિયન પ્રજાને આ અપીલથી સંમાનિત કરી હોઈ તેનો યોગ્ય ઉત્તર વાળવાની હિમાયત કરી રહ્યો હતો ત્યા પીયરે મોકો જોઈ કહ્યું: 'મને લાગે છે કે આ પ્રશ્નની વધુ ચર્ચા પહેલાં આપણે શહેનશાહ પાસેથી એ જાણવાની જરૂર છે કે આપણું બધું થઇને કેટલું સૈન્ય મેદાનમાં ઉતારવામાં આવ્યું છે અને અત્યારે તે શી સ્થિતિમાં છે...'

પરંતુ પિયર વાકય પૂરું કરે તે પહેલાં તો ત્રણ બાજુએથી એના પર હૂમલો શરૂ થયો. આદ્રાસ્કીન ઘાંટો પાડતો બોલ્યો, 'જો, તને કહી દઉં કે સૌ પ્રથમ તો આવું કશું શહેનશાહને પૂછવાનો આપણને કશો અધિકાર નથી; અને બીજું, ઉમરાવવર્ગને એવો અધિકાર હોય તો પણ શહેનશાહ એનો જવાબ આપી શકે તેમ નથી. દુશ્મનના સૈન્યની હિલચાલ પ્રમાણે આપણું સૈન્ય હિલચાલ કરી રહ્યું છે, અને માણસોની સંખ્યામાં તો વધઘટ ચાલુ રહેવાની જ...'

'હા, અને આ કંઈ વાતો કરવાનો વખત નથી; કામ કરવાનો વખત છે, કામ કરવાનો!' બીજો એક મધ્યમ ઊંચાઇનો ઉમરાવ બોલી ઊઠયો. 'દુશ્મન રશિયાનો નાશ કરવા, આપણા બાપદાદાઓની કબરો સુદ્ધાં ખોદી નાખવા, આપણાં બૈરાંછોકરાંને ઉઠાવી જવા આગળ વધી રહ્યો છે. આપણે સૌએ કેડ કસવાની છે અને આપણા પિતા ઝારને ખાતર યુદ્ધમાં ભરતી થઈ જવાનું છે!'

ટોળામાંથી બીજા ક્રોધિત અવાજો પણ આ હિમાયતનું સમર્થન કરવા લાગ્યા. પિયર જવાબ આપવા ઈચ્છતો હતો, પણ તેની જીભ જ ન ચાલી. તેને લાગ્યું કે પોતાનો એકનો અવાજ આ વિરોધી અવાજો વચ્ચે કયાં યે દફનાઈ જશે.

ફ્રેન્ચ લશ્કર મૉસ્કોમાં દાખલ થઈ ચૂકયું હતું ને કુતુઝોફે પોતાનું સૈન્ય મોસ્કોની પૂર્વે દોઢસો વર્સ્ટ પર ખસેડયું હતું. જર્મન સેનાપતિઓ ઊંચાનીચા થઈ ગયા હતા, ઝાર ધૂંવાપૂંવા બની ઊઠયો હતો કે ફ્રેન્ચોને હવે પીટર્સબર્ગ લેતાં કે આખું રશિયા કબજે કરતાં કોઇ રોકી શકે તેમ નહોતું. પરંતુ કુતુઝોફ એમના કરતાં વસ્તુસ્થિતિથી વધુ વાકેફ હતો. એ જાણતો હતો કે ફ્રેન્ચ સૈન્યની હામ હવે ભાંગવા આવી હતી. મૉસ્કોમાં દાખલ થતી વખતે જ તે બહાવરું અને ખખડી ગએલું હતું. એની સઘળી શિસ્ત ઓસરી ગઇ હતી. ખાધાખોરાકી ને સાધનસામગ્રીના અભાવે, ફ્રેન્ચ સૈનિકો અજેય લાગતા રશિયાની વિસ્તીર્ણ, શ્વેત ને ખામોશ ભયાનકતાથી હવે નાસી છૂટવા માગતા હતા.

પિયર બેઝુહોફે તેના ધ્રૂજતા હાથે ફરી પાછો દારૂનો જામ ભર્યો અને એક જ ઘૂંટમાં આખો ગટગટાવી ગયો. ત્યાર બાદ ફરી પાછો બાઇબલવાચનમાં પરોવાયો. ફ્રેન્ચો મોસ્કોમાં દાખલ થયા ત્યારથી–પાંચ દિવસથી–એણે કપડાં સુદ્ધાં બદલ્યાં નહોતાં. આક્રમણકારથી બચવા–નાસી છૂટવા માગતા સૌકોઇ જે કંઇ બચાવવા જેવું લાગ્યું તે સાથે લઈને નાસી છૂટયા હતા.

બાઈબલમાંનો 'એપોકેલિપ્સ'નો અધ્યાય વાંચતાં પિયરને થયું, માનવીમાં રહેલા પશુને કોણ નષ્ટ કરે? નશામાં ને નશામાં તેણે ખાનું ઉઘાડી પિસ્તોલ કાઢી ને બહાર ધસ્યો, પણ પગથિયાં પરથી ગબડીને ઠેઠ રસ્તા વચ્ચે આવી પડયો. તેની નજર આકાશ તરફ જતાં તે

રતૂમડા તેજથી છવાઇ ગએલું લાગ્યું. મૉસ્કો ભડકે બળતું હતું.

લથડતા પગે એ નેપોલિયનના પૂર્વના સામ્રાજ્યનું જે પહેલો રાજપ્રાસાદ બનવાનું હતું તે ક્રેમલિન તરફ ચાલ્યો. તેની નજર એકાએક પોતાની ઘરવખરી સાથે રસ્તા પર પડેલાં કેટલાંક આર્મીનિયનો પર ગઈ. એમાં એક બુઢ્ઢા જોડે માથે રેશમી રૂમાલ બાંધેલી અને સાટિનનો પોશાક પહેરેલી એક સુંદર છોકરી બેઠેલી. બે ફ્રેન્ચ સૈનિકો ત્યાં ઊભા રહેલા. એમાંના એકે નીચા નમીને બુઢ્ઢાના કાનમાં કંઇક કહેતાં તે ખાસડું કાઢવા મંડી પડયો, પણ બીજા સૈનિકે તેને બગલમાં દબાવી દીધો. પહેલા સૈનિકે પોતાનો હાથ છોકરીના ગળામાં ભેરવ્યો.

'છોડ એને!' પિયર આ જોઈ બૂમ પાડતો આવેશપૂર્વક આગળ વધ્યો. થોડી વારમાં પિયરનો પક્ષ લેતું લોકોનું ટોળું ત્યાં ભેગું થઈ ગયું. ત્યાં તો પડખેથી ફ્રેન્ચ સૈનિકોની એક ટુકડી ત્યાં આવી પહોંચી. તેના નાયકે પિયરને ગિરફતાર કરવાનો અને તેની પાસેથી હથિયાર મળી આવ્યું હોઇને પાકા પહેરા નીચે રાખવાનો હુકમ કર્યો.

પિયરને ત્યાંથી લઈ જઇને જે કોટડીમાં પૂરવામાં આવેલો તેની ભેજવાળી જમીન પર પરાળનાં પાથરણાં ઉપર બીજા પણ કેટલાક રશિયનો પડેલા હતા. એમાંના કેટલાક નાના નાના વેપારીઓ હતા, કેટલાક રખડુઓ હતા, જ્યારે કેટલાક ઘવાએલા સૈનિકો હતા. તેમણે પિયરને ભાતભાતના સવાલો કરવા માંડયા, પણ પિયર એકેનો જવાબ ન આપતાં દીવાલ પાસેની છૂટી પરાળ પર બેસી ગયો.

'લે, ખા!' ફાટેલા ગણવેશવાળા એક સૈનિકે પિયરને એક ટાઢો પડી ગએલો બાફેલો બટાટો આપ્યો. પિયરે આખા દિવસમાં કશું ખાધું ન હોઈ તે ચાવવા માંડયો.

'મારું નામ પ્લાતન. અટક કારાતાએફ. અકળાઈશ નહિ, દોસ્ત! મુસીબત ચંદ રોજની છે, જ્યારે જિંદગી તો કાયમની છે.'

ફ્રેન્ચો મૉસ્કો તરફ આગળ વધતાં પ્રિન્સ નિકોલાય બૉલકોન્સ્કીને પોતાની બીજી જાગીર પર સ્થળાંતર કરવું પડેલું તેનો રંજ તો તેના મનમાં હતો જ; તેમાં પુત્ર આન્દ્રીના ઘવાયાના—આ વખતે તો પ્રાણાંતકરીતે ઘવાયાના સમાચાર આવ્યા. એની સહનશક્તિ ઉપરાંતના એ સમાચાર હોઈ એના આઘાતમાં જ એ મૃત્યુ પામ્યો.

પ્રિન્સેસ માર્યા પોતાના ઘવાએલા ભાઈ પાસે પહોંચી ત્યારે નટાશા રોસ્તોફને તેને પડખે બેઠેલી જોઈ અંદર જતી અટકી ગઈ. બારણું પાછું અડકાડી દઈ આંગળીએ ઝાલેલા બાળકને એણે કહ્યું, 'નિકોલુસ્કા, તારા બાપા હજી ઊંઘે છે. આપણે થોડી રાહ જોઈએ.'

અંદર આન્દ્રી સ્મિતપૂર્વક પોતાનો હાથ નટાશા તરફ લંબાવતો બોલ્યો, 'કોણ તું? કેવું સુખદ!'

નટાશાએ નજાકતથી તેનો લંબાએલો હાથ પોતાના હાથમાં લઈને ચૂમ્યો. 'મને માફ કરો! માફ કરો!' તે મંદ અવાજે પ્રાર્થી રહી હતી.

પોતે નટાશાની આંખથી આંખ મેળવી શકે એટલા માટે આન્દ્રીએ તેનું મોં બે હાથે પકડી ઊંચું કર્યું ને પછી બોલ્યો, 'નટાશા, હું તને પહેલાંના કરતાં પણ અધિક ચાહું છું.'

નટાશા સજળનેત્રે તેને તાકી રહી હતી ત્યાં દાક્તરે અંદર પ્રવેશી વિનયપૂર્વક તેને બહાર જવા જણાવ્યું.

નટાશાના ગયા પછી થોડી જ વારે પ્રિન્સ આન્દ્રી ઊંઘમાં પડયો—એવી ઊંઘ કે જે જાગવાનું બિલકુલ જાણતી જ નથી!

'બાપુજી, મને લશ્કરમાં ભરતી થવા દો.' પ્રેયા બોલ્યો.

'હજુ તો મોસર માંડ ફૂટી છે ત્યાં લશ્કરમાં? વાહ રે સિપાઇબચ્ચા!' બુઢ્ઢો કાઉન્ટ રોસ્તોફ હસતો હસતો બોલ્યો, 'હજી ભણવાનું બાકી રહ્યું છે ત્યાં આવી વાયડાઇ રમે કરતો!'

કાઉન્ટેસ રોસ્તોફ ક્રોધમાં આંગળાં ભીડતી બોલી: 'આ જોઇ લો, આખો દિવસ લડાઇની જ તમારી વાતોનો નતીજો!'

'એ વાયડાઈ નથી, બાપુજી! ફેડયા ઓબોલેન્સ્કી મારા કરતાં યે નાનો છે છતાં લશ્કરમાં જોડાવાનો છે. અને અત્યારે ભણવાનું કેવું, જ્યાં દેશ પર ભય તોળાઈ રહ્યો હોય ત્યાં?'

'બસ, બહુ થયું હવે!'

'પણ તમે તો કહેતા હતા કે દેશને ખાતર સર્વસ્વ તજી દેવું જોઇએ.'

'પ્રેયા, બંધ કર તારો લવારો!' સફેદ પૂણી જેવા ચહેરા ને સ્થિર નેત્રે પ્રેયાને તાકી રહેલી કાઉન્ટેસ તરફ જોતો કાઉન્ટ રોસ્તોફ બોલ્યો.

રોસ્તોફ પરિવાર અત્યારે પીટર્સબર્ગ આવી વસ્યો હતો. યુદ્ધમાં ઘણીખરી સંપત્તિ ગુમાવવી પડી હોઈ ને એનો અત્યારે કઠણાઇનો સમય ચાલતો હતો. પાટનગરમાં પોતાની ફોઈ સાથે રહેતી પ્રિન્સેસ માર્યા હમણાં રોસ્તોફ પરિવારની મુલાકાતો વધુ પ્રમાણમાં લેતી થઈ હતી—ખાસ તો નટાશાને આશ્વાસન આપવા, પરંતુ કાઉન્ટેસ રોસ્તોફ એ ગાઢ બનતા જતા પરિચયમાં એક અનોખી તક જોઈ રહી હતી. માર્યાને તેના પિતા તથા ભાઇ તરફથી પુષ્કળ વારસો મળેલો હોઈ પોતાના મોટા પુત્ર નિકોલાય જોડે એનું જોડું ગોઠવાઇ જાય તો કેવું સારું, એવા તર્કો તે મનમાં દોડાવ્યા કરતી. તો પછી નિકોલાય જેના પ્રેમમાં હતો એ સોન્યાનું શું? એણે માર્યા સાથે સોન્યાની મનોમન તુલના કરી જોઈ અને તેમાં માર્યાનું પલ્લું નીચું નમતાં એક દિવસ સોન્યાને બોલાવીને નિકોલાય સાથે પ્રેમની મૂર્ખાઈ બંધ કરવાનું કહી દીધું.

સોન્યા રડતી રડતી બોલી, 'નિકોલાય સુખી થાય એ ખાતર હું ગમે તે ભોગ આપવા તૈયાર છું.' હકીકતમાં અત્યાર સુધી એ અનેક ભોગ આપી ચૂકી હતી ને એ દર વખતે એની અપેક્ષા નિકોલાયના હૃદયમાં વધુ સ્થાન મેળવવાની જ રહેલી. પરંતુ આ તો ખુદ નિકોલાયને જ ખોવાની વાત હતી. આમ છતાં જીવનમાં ત્યાગને જ સર્વોપરી ગણતી આવેલી સોન્યાએ હૃદય પર પથરો મૂકીને કાઉન્ટેસના કહેવા મુજબ નિકોલાય પર પત્ર લખી નાખ્યો. નિકોલાય વોરોનેઝ મુકામે હતો ને દેવામાં ડૂબી ગએલો. કુટુંબ પાસેથી એ કશી આશા રાખી શકે તેમ હતું જ નહિ, કારણ એ તો આર્થિક રીતે ખુવાર થઈ ચૂકયું હતું.

પ્રેયા માબાપનું કહેવું અવગણીને પણ લશ્કરમાં ભરતી થઈ ગયા બાદ બે અઠવાડિયાં રહીને નિકોલાય રજા પર ઘેર આવ્યો અને એની માતાની યોજના મુજબ પ્રિન્સેસ માર્યાનો વધુ ને વધુ સંસર્ગ સાધતો ગયો. ત્રણ અઠવાડિયાં બાદ બન્ને વચ્ચે લગ્નનું નક્કી થયું.

કુતુઝોફની અટકળ સાચી પડી હતી. ઘવાએલા શિકાર જેમ મૉસ્કોમાં પ્રવેશેલા ફ્રેન્ચ સૈન્યને પોતાનો અંતકાળ નજીક ભાસવા લાગ્યો હતો. ખાધાખોરાકી ખૂટવા આવી હતી. મૉસ્કો ભડકે બળી રહ્યું હતું. કુતુઝોફની સરદારી નીચેનું મુદ્દલ લડવા જ ન માગતું રશિયન સૈન્ય નેપોલિયનની અજેય ગણાતી સેનાને સજ્જડ પરાજય આપી રહ્યું હતું, —એવો પરાજય કે જેની કળ એને કદી વળવાની નહોતી.

નેપોલિયને સુલેહ માટે પોતાના દૂત પણ કુતુઝોફ પાસે મોકલી જોયા, પણ કુતુઝોફનો તો એક જ જવાબ હતો, 'રશિયા છોડી જાઓ!'

જાળમાં સપડાએલા અને અંતકાળ નજીક જોતા શિકારના જેવું ગાંડપણ ફ્રેન્ચ સૈન્યમાં પ્રકટી નીકળ્યું હતું. નેપોલિયને મૉસ્કોથી પીછેહઠનો આદેશ આપ્યા છતાં એ ગાંડપણ કાયમ રહ્યું. હાથ લાગે એટલી ખાધાખોરાકી સાથે લેવાને બદલે એના સૈનિકોએ લૂંટમાં મળેલા માલનાં જ ગાંસડાંપોટલાં પોતાની સાથે લીધેલાં, રશિયન કેદીઓને પણ પીછેહઠ કરતા સૈન્યે પોતાની સાથે લીધેલા જેમાં

પિયર તથા કારાતાએફ પણ હતા. ઘણાખરા સૈનિકોના જોડા સાવ ફાટી ગયા હતા અને બરફ પર ચાલી ચાલીને એમના પગ ફૂલી ગયા હતા. કઝાક હુમલાખોરો આવી પહોંચવાની અફવાઓ સૈન્યમાં અવારનવાર ઊપડ્યા કરતી. આખે રસ્તે માણસો ને ઘોડાઓનાં મુડદાંની કતાર ખડકાયે જતી. પગની ચાલવાની શક્તિ ગુમાવી જે ઢળી પડતો તેની ઉપર થઇને બાકીનું સૈન્ય આગળ વધ્યે જતું.

પિયર એની કેદી હાલતમાં પોતાના પૂર્વ જીવનના વિચારોમાં ઊંડા ઊતરી જતો. એની પત્ની એલન મરણપથારી પર હોવાની એને ખબર નહોતી. ને ખબર હોત તો પણ એ તો એને નિર્લેપભાવે કોઈ બીજા જ ગ્રહ પરની ઘટનારૂપે જોત. એના પગ ફૂલી ગયા હતા. એનાં કપડાંમાં જૂ ખદબદતી હતી. બધી રીતે પરેશાનીભરી આ સ્થિતિમાં પ્લાનત કારાતાએફ તેને લોકવાર્તાઓ સંભળાવીને આનંદમાં રાખવા પ્રયત્ન કરી રહ્યો હતો. વચ્ચે વચ્ચે ટુચકા ને કહેવતો મૂકતા જઇ પોતાના કથનને વધુ રસમય બનાવવાની અજોડ આવડત એનામાં હતી. પિયર મનોમય કારાતાએફની બાળક સમી સરળતા ને નિર્દોષતાને પોતાનાં સ્વાર્થી પ્રેમ, તિરસ્કાર ને ભીતિ સાથે સરખાવતો હતો.

આ રીતે કૂચ જારી હતી એવામાં એક દિવસ કારાતાએફને તાવ ચડતાં તેનાથી ચલાતું મુશ્કેલ બન્યું અને તે પાછળ રહી જવા લાગ્યો. જે યુદ્ધકેદી પાછળ રહી જાય તેને ઠાર કરવાનો સૈનિકોને હુકમ હતો. એ હુકમ અનુસાર બે ફ્રેન્ચ સૈનિકોએ કારાતાએફને એક ઝાડ નીચે ઊભાડ્યો ને પછી તેની સામે નિશાન તાક્યું. પિયરે એક વાર એ તરફ નજર નાખી, પણ બીજી વાર નજર નાખવાની તેની હિંમત ચાલી.

ઝાર ને રશિયન સેનાપતિઓ હવે કુતુઝોફને પીછેહઠ કરી રહેલા ફ્રેન્ચ સૈન્ય પર તૂટી પડવાનો આગ્રહ કરી રહ્યા હતા, પરંતુ કુતુઝોફને તો નેપોલિયન રશિયાની ધરતી છોડી જાય એટલું જ જોઇતું હતું. નિર્જન માર્ગે મરણતોલ સ્થિતિમાં આગળ વધતા સૈન્ય પર તૂટી પડવાની તેને જરૂર ન લાગી. રશિયાની સરહદમાં પ્રવેશતી વખતે નેપોલિયન પાસે જેટલું સૈન્ય હતું એનો દસમો ભાગ પાછા સરહદ પર પહોંચતી વખતે રહેલો.

ફ્રેન્ચ સૈન્ય માંડું સરહદ પર પહોંચે તે પહેલાં પાછળ રહી જતી ટુકડીઓ પર રશિયનોએ છૂટક હુમલા શરૂ કરી દીધા હતા અને એવા એક હુમલામાં યુદ્ધકેદીઓને લઇ જતી ટુકડી પણ આવી ગએલી. રશિયન હુમલાખોરોએ બધા યુદ્ધકેદીઓને મુક્ત કર્યા. પિયર વધુ પડતો બીમાર હોઇ તેને ઓરેલની ઇસ્પિતાલમાં મોકલી દેવામાં આવ્યો.

ઇસ્પિતાલમાં જ પિયરને તેની પત્ની એલનના તેમજ પ્રિન્સ આન્દ્રીના અવસાનના સમાચાર મળ્યા. પરંતુ બહારની દુનિયાનાં સુખદુઃખ હવે એને સ્પર્શી શકતાં નહોતાં. ક્ષણભંગુર પદાર્થોને બદલે એના વિચારો પરમ આનંદના શાશ્વત સ્રોત ભણી વળ્યા હતા. ધર્મગુરુઓ અને ધર્મશાસ્ત્રોએ નહોતી કરાવી એવી પ્રભુની ઓળખાણ એને કારાતાએફે કરાવી હતી. કારાતાએફ એને એ બધા કરતાં વધુ સાદો, વધુ સાચો અને વધુ મહાન લાગ્યો હતો. દૂરદૂર સુધી શોધેલી વસ્તુ પોતાની પાસે જ મળી આવતાં મનુષ્યને જેવો આનંદ થાય એવો આનંદ એ અત્યારે અનુભવી રહ્યો હતો. પ્રત્યેક વસ્તુમાં એ હવે અનંત, શાશ્વત અને મહતો મહિયાન્ નીરખવા મંડ્યો હતો.

વરસ દિવસ વીત્યે પિયર કાઉન્ટેસ માર્યા રોસ્તોફ અને એના પતિ કાઉન્ટ નિકોલાય રોસ્તોફ સાથે પીટર્સબર્ગ મુકામેના એમના મકાનમાં બેઠોબેઠો પોતાની વીતક સંભળાવી રહ્યો હતો : 'ત્યારબાદ એક રશિયન સશસ્ત્ર ટોળાએ અમને મુક્ત કર્યા.' તેણે પોતાની વાત પૂરી કરી.

'મને ખાતરી છે કે હજુ ઘણું કહેવાનું તમે બાકી રાખ્યું છે.' એને ઉત્સુકતાપૂર્વક સાંભળી રહેલી નટાશા બોલી. પિયરે ત્યાર પછી કારાતાએફની વાત માંડી. વાત કહેતાં કહેતાં અસ્વસ્થ બની એ ખંડમાં આંટા મારવા લાગ્યો. નટાશાની નજર એની પાછળ પાછળ દોડી રહી હતી.

'ના;' વાતમાં વચ્ચે જ થંભી જઈ તે બોલ્યો, 'એ સીધાસાદા આદમી પાસેથી મને જે શીખવા મળ્યું છે તે તમને નહિ સમજાય.'

કાઉન્ટેસ માર્યા એના કથન તરફ ધ્યાન આપવાને બદલે જુદા જ ખયાલમાં મગ્ન હતી. પિયર ને નટાશા વચ્ચેના સુખમય સંબંધની શક્યતા એ વિચારી રહી હતી. પહેલી જ વાર એને આ ખયાલ ઉદ્ભવેલો, પણ ઉદ્ભવતાંની સાથે એના હૃદયને આનંદથી તર કરી દીધું હતું.

'વિપત્તિને દુર્દૈવ માનવામાં આવે છે, પણ મને પૂછવામાં આવે તો કહું કે યુદ્ધકેદી તરીકે વિટંબણાઓમાંથી પસાર થયો ન હોત તો આજે હું એવો હું હોત ખરો?' પિયર બોલ્યે જતો હતો. 'આપણા ટેવાએલા જીવનથી આપણો સહેજ પણ વિચ્છેદ થતાં આપણે જાણે સર્વસ્વ હારી બેસીએ છીએ. પરંતુ વસ્તુતઃ તો એ આપણા નવા ને બહેતર જીવનનો પ્રારંભ હોય છે. જ્યાં લગી જીવન છે ત્યાં લગી સુખ છે ને છે જ.' અને પછી નટાશા તરફ ફરી એ બોલ્યો, 'આ હું તને કહું છું.'

'વારુ. તો હું મારા માટે વિપત્તિ સિવાય કશું જ નહિ માગું, પછી કંઈ?' પિયર નિઃસ્તબ્ધપણે તેને તાકી રહ્યો હતો.

'સાચ્ચે! એથી વિશેષ કશું જ નહિ.' નટાશા એને કહી રહી હતી.

'ના, એ સાચું નથી; નથી સાચું! હું જીવંત રહું, જિજીવિષુ રહું એ જેમ મારો વાંક નથી તેમ તારો ય ન હોઇ શકે.' પિયર બોલી ઊઠ્યો.

નટાશા હથેલીમાં પોતાનું મોં સંતાડી દઈ રડી પડી.

'શું થયું, નટાશા?' માર્યાએ પોતાની વિચારમાળા અટકાવી પૂછ્યું.

'કશું જ નહિ.' આંખમાં આંસુ છતાં ઊંચા કરેલા મુખ પર સ્મિત ફરકાવતી તે બોલી અને પછી ખંડમાંથી બહાર દોડી ગઈ.

પિયર પણ વિદાય લેવા ઊભો થયો ત્યાં માર્યાએ તેને થોભાવ્યો અને બોલી, 'હું જાણું છું કે એ તને ચાહે છે.' અને પછી પોતાનું કથન સુધારતી બોલી, 'મારું કહેવું એમ છે કે એ તને જરૂર ચાહશે.'

'એવું શા પરથી લાગ્યું? તને લાગે છે કે હું તારું કહેવું માની લઇશ?' પિયરે પ્રશ્ન કર્યો.


'હા, હા, મને લાગે છે!' માર્યાએ હસતાં હસતાં ઉત્તર વાળ્યો.

'રહેવા દે એ ફિશિયારી બધી! તને ખબર નહિ હોય કે હું તો એને પ્રથમ ભાળેલી ત્યારથી જ એના પ્રેમમાં છું.'

'તો પછી એનાં માબાપને કાગળ લખી કાઢને?' કાઉન્ટેસ બોલી. 'અને જો, બધું મારા પર જ છોડી દેજે. વખત આવ્યે બધું બરાબર થઈ રહેશે. મને લાગે છે કે જોડું સંધાઇ જશે.' માર્યાનાં નેત્રોમાં દુનિયાના બધા જ્ઞાનથી ચડી જાય તેવો દિવ્યતર પ્રકાશ વિલસી રહ્યો હતો.

'અને મારું અંતર પણ એ જ સાખ પૂરે છે.' પિયર સહમત થયો.

નાસિકમાં સદ્ગત સાને ગુરુજીના માસિક શ્રાદ્ધદિન 'અપના ભંડાર' નામની સંસ્થાએ અભિનવ પદ્ધતિથી પાળવાનો પ્રયત્ન કર્યો. વેચનાર વિના ગુરુજીનાં પુસ્તકો વેચવા રાખવામાં આવ્યાં હતાં. ઘરાકે પુસ્તક લઈ, એની કિંમત વાંચીને એટલાં પૈસા બાજુના ગલ્લામાં નાખવાના હતા. એક મહાત્માની પુણ્યસ્મૃતિના દિવસે તો આપણા સમાજની દાનત ઊંચી કોટિની રહેશે એવી અપેક્ષા હતી, પરંતુ પાછળથી જણાયું કે લોકોએ ૧૦૮ રૂપિયાનાં પુસ્તકો ભંડારમાંથી લીધાં હતાં પણ ગલ્લામાં માત્ર ૯૯ રૂપિયા જ ભેગા થયા હતા!



જેણે નહિ જગતમાં પુરુષાર્થ સાધ્યો,,
ઉચ્ચોચ્ચ જે પદ નહિ કદીયે જ પામ્યો;
તે જન્મ વ્યર્થ કરતો, ધૂળ તેથી સારી,
પંટાળિયે ચડી ઊડે ઘડી વ્યોમ માંહી.–ગોવર્ધનરામ

વિશ્વનેત્રી વિજયાલક્ષ્મી

લગભગ અરધા સૈકા પહેલાં બગીચામાં રમતાંરમતાં ઊંઘી ગએલી એક બાળકી પર એક નાગ પોતાની ફેણ પસારીને બેઠેલો. પગલાં સાંભળીને તે એ બાળકીને ઈજા કર્યા વિના ત્યાંથી સરકી ગયો. કુટુંબીજનોને આ વાતની ખબર પડતાં સૌએ એવી આગાહી કરી કે એ બાળકી ભવિષ્યની એક મહાન વ્યક્તિ નીવડવાની. અને એ આગાહી સાચી પડી છે.

એ બાળકી તે હિંદના આજના વડા પ્રધાન પંડિત જવાહરલાલ નેહરુનાં બહેન અને સ્વ. પંડિત મોતીલાલ નેહરુનાં મોટાં પુત્રી શ્રીમતી વિજયાલક્ષ્મી પંડિત. ઉપર્યુક્ત હકીકત પહેલવહેલી શ્રીમતી પર્લ બકે પ્રકાશમાં આણેલી. સંયુક્ત રાષ્ટ્ર-સંઘ અથવા યૂનોની મહાસમિતિએ ગયા સપ્ટેમ્બરમાં એમને એ સંસ્થાનાં પ્રમુખ ચૂંટયાં છે અને એ રીતે શ્રીમતી પંડિતને વિશ્વનેત્રી બનવાનું સંમાન પ્રાપ્ત થયું છે. વિશ્વશાંતિ અને વિશ્વની પ્રજાઓની ઉન્નતિ અર્થે સ્થપાએલી એ સંસ્થા જગતના કથળેલા મામલાને થાળે પાડવા માટે જ્યારે પ્રયત્નશીલ છે તેવા સમયે શ્રીમતી પંડિતની તેના પ્રમુખપદે થએલી વરણી એ પ્રયત્નોની સફળતાની વધુમાં વધુ આશા પ્રેરે છે.

શ્રીમતી પંડિતનો આ વિશ્વસંસ્થા સાથે તેના જન્મ સમયથી જ સંબંધ રહેલો છે. લેઈક સકસેસ મુકામેના યૂનોના વડા મથકમાં જ નહિ પણ અમેરિકાભરમાં એ એક સુખ્યાત વ્યક્તિ છે. છેલ્લાં ત્રણ વર્ષથી એ સંસ્થામાંના અરબ-એશિયાઈ રાષ્ટ્રોના જૂથનાં એ નેતા છે અને દક્ષિણ આફ્રિકામાં પ્રવર્તતી રંગભેદની નીતિ અંગે પ્રથમ ફીલ્ડમાર્શલ સ્મટ્સ અને ત્યાર બાદ ડૉ. મલાન પર ઉગ્ર પ્રહારો કરતા રહીને તમામ શ્યામવર્ણી પ્રજાઓનો ચાહ એમણે મેળવ્યો છે. વર્ણોન્માદનાં એ પ્રખર વિરોધી છે, સંસ્થાનવાદનાં અપ્રતિહત શત્રુ છે. યૂનોમાં રહ્યે હિંદની વિદેશનીતિને એ પ્રતિધ્વનિત કરી રહ્યાં છે અને એટલે જ યૂનોના પ્રમુખપદે થએલી એમની વરણી જેમ એમના અસામાન્ય વ્યક્તિત્વને આભારી છે તેમ જગતની અન્ય પ્રજાઓને હિંદમાં ઊપજેલા વિશ્વાસની પણ દ્યોતક છે. એમની વરણી પછી આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે યૂનોની નીતિ વિષે કોઇને શંકા રહેવાનો સંભવ નથી. જગતના તમામ દેશો વચ્ચે મૈત્રી અને સહકાર સ્થાપી સંયુક્ત પ્રયત્ને બહેતર જગતના નિર્માણની દિશામાં પ્રસ્થાન કરવાની એમણે ખાતરી આપી છે ને એ ખાતરી માત્ર પોકળ શબ્દાવલિ ન હોવાનું એમની બાબતમાં કોઇને કહેવું પડે તેમ નથી.



રાજનીતિના ક્ષેત્રમાં શ્રીમતી પંડિતના જેટલો યશ ભાગ્યે જ અન્ય કોઈ પણ સ્ત્રીએ મેળવ્યો હશે. ગોરાઓના શ્રેષ્ઠપણાના દાવાને એમણે આંતરરાષ્ટ્રીય મંચ પરથી પડકારેલો છે

માસમાસનાં પંખી [૯૩]
કબૂતર



કબૂતર તો આપણું અત્યંત પરિચિત રાંક પંખી. ઝડપી સંદેશવાહક તરીકે પણ તે જાણીતું છે. વન્ય દશામાં ખુલ્લામાં કોઇ ખંડેર–ભેખડની બખોલમાં ટોળાબંધ રહેતાં આ પંખી આપણાં એટલાં હેવાયાં છે કે ગમે તેવી ધમાલ વચ્ચે યે તેઓ બેધડક રહી શકે છે, ને આહારાર્થે નીકળેલાં તેનાં ટોળાં સવારસાંજ નિયમિત જોવા મળે છે. અનાજના કણ વગેરેની સાથે ઝીણી કાંકરીઓ એ તેનો આહાર. પાચનક્રિયામાં આ કાંકરીઓ વચ્ચે પિસાઈને આહારમાંથી બચ્ચાંને પોષક દૂધ જેવો ધોળો રસ બને છે. કબૂતર બીજાં પંખી જેમ બચ્ચાંને ખવરાવવા તેના મોંમાં ખોરાક ન મૂકતાં પોતાનું મોં ફાડી તેમાંથી બચ્ચાંને આહાર લઇ લેવા દે છે.

દેખાવે નરમાદા, સરખાં, સિલેટિયા રંગનાં. પાંખ બે કાળા પટાવાળી લાંબી ને અણિયાળી; પૂછડી સહેજ ટૂંકી ને છેડે પટાવાળી; પગ ગુલાબી; ચાંચ મૂળમાં પોચી ને છેડેથી કઠણ મેલી; આંખો તપખીરી, મોટી ને તેજસ્વી. વર્ણસંકરતાને લઈ તેની જાતો તારવવી અઘરી છે, છતાં હિમાલય તરફની બરફના રંગમાં ભળી જાય તેવી તદ્દન ધોળી અને દક્ષિણ તરફની ઘેરી તપખીરી એવી બે જાતોજુદી તરી આવે. આ ઉપરાંત, હારિત નામે લીલાં કબૂતરો થાય છે. તદ્દન ફલાહારી હોઈ તેઓ વૃક્ષોમાં જ છુપાઈ રહે છે ને પાણી પીવા યે જમીન પર ઊતરવાની તેને જરૂર ન હોઈ તેની મીઠી સીટી સાંભળ્યા વિના તેની હાજરીની યે ખબર ન પડે.

અને કબૂતરનો માળો? હાથ અડતાં જ હેઠો પડે એવા સળી–સાંઠીકડાંના એ માળામાં એ ગમે ત્યારે બે સફેદ ચળકતાં ઈંડાં મૂકે છે. બચ્ચાં જન્મે ત્યારે સાવ અંધ, નિરાધાર ને રુંવાટી વિનાની નાગી ચામડીવાળાં હોય છે.

ને શાહીવાદી ભેદનીતિનો છળ ખુલ્લો પાડી સમાનતા, સ્વતંત્રતા ને બંધુભાવની હિમાયત કરી છે. યૂનોમાંના સામ્યવાદવિરોધી જૂથ સાથે જોડાવાનો સ્પષ્ટ ઈન્કાર કરીને હિંદની વિદેશનીતિની શાન એમણે જાળવી છે, જ્યારે બીજી બાજુ જેટલો ઍંગ્લો-અમેરિકન મુત્સદ્દીઓનો એટલો જ સોવિયેત મુત્સદ્દીઓનો પણ મુકાબલો કરીને એમણે પોતાના દેશનું બંને સત્તાજૂથોથી નિર્લેપપણું સિદ્ધ કરી આપ્યું છે.

ઇ. સ. ૧૯૦૦ના ઑગસ્ટની ૧૮મીએ અલ્લાહાબાદ મુકામે એમનો જન્મ. એમના પિતા પંડિત મોતીલાલ નેહરુ પાશ્ચાત્ય જીવન પદ્ધતિના પ્રશંસક હતા. પુત્ર જવાહરને અભ્યાસાર્થે એમણે જેમ હૅરો અને કૅમ્બ્રિજ મોકલેલા, તેમ સરૂપ (વિજયાલક્ષ્મી) અને કૃષ્ણાના શિક્ષણ માટે પણ મિસ કૂપર નામની એક અંગ્રેજ ગવર્નેસ રાખેલી. વિજયાલક્ષ્મીનું જન્મનું નામ સરૂપ. 'વિજયાલક્ષ્મી' તો હિંદુ પરંપરાનુસાર એમનાં સાસરિયાંએ પાડેલું નામ છે. રાજકોટના બૅરિસ્ટર અને સંસ્કૃતના વિદ્વાન શ્રી રણજિત પંડિત સાથે એમનાં લગ્ન થએલાં. તેમનાથી એમને ત્રણ પુત્રીઓ છે, જેમાંની સૌથી મોટી રીટાનાં લગ્ન તાજેતરમાં જ નવી દિલ્હી મુકામે થયાં.

અંગ્રેજ અમલ નીચે ચાલેલી અમૃતસરની કતલે મોતીલાલજીનો ભ્રમ ભાંગી નાખ્યો અને પોતાના દેશભાઇઓને જાનવર સમાન ગણનારા સાથે કોઈ જાતનો સંબંધ ન રાખતાં તેમને આ દેશની ભૂમિ પરથી હાંકી કાઢવાના સંકલ્પ સાથે એમણે ગાંધીજીને સાથ આપ્યો. ત્યારથી ગાંધીજી નેહરુ કુટુંબના મિત્ર ને માર્ગદર્શક બની રહ્યા. દેશની આઝાદીઅર્થે ચાલેલી તમામ લડતોમાં નેહરુ કુટુંબે ત્યારબાદ આગેવાનીભર્યો ભાગ લેવા માંડ્યો અને જેલ એ એમનું બીજું નિવાસસ્થાન બની રહ્યું. વિજયાલક્ષ્મીએ પણ એકાદ આઇરિશ વીરાંગના જેવા જુસ્સાથી આઝાદીની લડતમાં ઝંપલાવેલું ને અગિયાર મહિના, પંદર મહિના અને છ મહિનાની મુદતનો કુલ ત્રણ વાર કારાવાસ વેઠેલો.

એક વાર તો એવું બન્યું કે એકમાત્ર વિજયાલક્ષ્મીને બાદ કરતાં આખું નેહરુ કુટુંબ—જવાહરલાલનાં નાજુક તબિયતનાં પત્ની કમલા નેહરુ સુદ્ધાં જેલમાં ગએલાં. એ સમયે લોકોનો જુસ્સો ટકાવવા ભાષણ કરવાનું એમને કહેવામાં આવ્યું. એમણે એ પહેલાં કદી જાહેર ભાષણ કરેલું નહિ, પરંતુ સ્વભાવે સાહસિક હોઇ તેઓ એ માટે તૈયાર થયાં. એમના જ શબ્દોમાં એ પ્રસંગ વર્ણવીએ તો, 'મેં કદી કલ્પના પણ નહોતી કરી કે મારે આટલાં બધાં માણસો સામે બોલવું પડશે. મારે માટે એ અત્યંત વિકટ ઘડી હતી. પરંતુ કોણ જાણે કેમ, અચાનક મારામાં એવી લાગણી જાગી કે મારી સામેની વિશાળ મેદની એ જાણે મારું જ એક અંગ છે અને હું પોતે એક અદષ્ટ શક્તિનું અંગ છું. હું બોલવા માટે ઊભી થઈ ને સારી રીતે બોલી ગઇ.' આ સાહસ પછી તો એમણે અનેકવાર સત્યાગ્રહી ટુકડીઓની આગેવાની લીધી અને મોટાં સરઘસોની આગેવાની લઈને લાઠીમાર સુદ્ધાંનો સામનો કર્યો.

સરૂપ નાનપણથી જ કુટુંબમાં બધાંની લાડકી હતી અને તેથી હઠીલી પણ ખૂબ હતી. જોકે સૌંદર્ય અને ઔદાર્ય સાથે ક્રોધ ને હઠીલાપણું એ આખા યે નેહરુ કુટુંબની ખાસિયત છે, પરંતુ અન્ય કુટુંબીઓ કરતાં એ બધી ખાસિયતો વિજયાલક્ષ્મીમાં વધુ પ્રમાણમાં ઊતરી છે. આજે એમના માથાના વાળ રૂપેરી બની ગયા હોવા છતાં એમનો એકે કરચલી વિનાનો ચહેરો અને સુડોળ દેહયષ્ટિ ગર્વભેર યૌવનનો દાવો કરી શકે તેમ છે. એમનાં નાનાં બહેન કૃષ્ણાએ એમને માટે લખેલું છે: 'મારી બહેન સરૂપ ખૂબ જ સુંદર હતી અને સૌએ મળી તેને ખૂબ ફટવી મૂકી હતી. આમ છતાં મને કદી એની ઈર્ષ્યા નથી થઈ. મેં તો મન સાથે નક્કી કરી દીધેલું કે એના જેટલી સુંદર છોકરીને કોઈ પણ લાડ કરે એ સ્વાભાવિક હતું; અને હું પોતે પણ એને ચાહતી હતી.'

ઈ. ૧૯૩૫માં અલ્લાહાબાદ મ્યુનિસિપાલિટીની શિક્ષણસમિતિનાં એ અધ્યક્ષ બન્યાં ત્યારથી તેમની જાહેર કારકિર્દીનો આરંભ ગણી શકાય. ઇ. ૧૯૩૭માં કૉંગ્રેસે પહેલી વાર પ્રધાનપદાં સ્વીકાર્યાં તે વખતે એમણે યુક્ત પ્રાંત(હાલના ઉત્તર પ્રદેશ)માં આરોગ્ય અને સ્થાનિક સ્વરાજ ખાતાનું પ્રધાનપદ સંભાળ્યું. બીજા મહાયુદ્ધમાં બ્રિટિશ સરકારે હિંદને એની મરજી વિરુદ્ધ સંડોવતાં કૉંગ્રેસે સત્તાત્યાગ કરી, પ્રથમ યુદ્ધવિરોધી ખડા સત્યાગ્રહની લડત, અને ત્યાર બાદ ઇતિહાસમાં અમર બની ગએલી ૧૯૪૨ ની 'હિંદ છોડો' ની લડત ઉપાડી. આ લડત અંગે બ્રિટિશ સરકાર વિદેશોમાં-ખાસ કરીને અમેરિકામાં જે ગલત પ્રચાર કરી રહી હતી તેનો સામનો કરવા એ અમેરિકા ઊપડ્યાં, ને એ પ્રચારનો એવો તો સણસણતો જવાબ આપવા માંડ્યો કે લંડનના 'ડેઈલી મેઈલ'ના ખબરપત્રીએ એમને 'આપત્તિરૂપ' ગણાવેલાં.

એ અમેરિકા હતાં એ દરમિયાન જ ૧૯૪૫ના એપ્રિલમાં સંયુક્ત રાષ્ટ્રસંઘ જેવી વિશ્વસંસ્થા સ્થાપવાની વિચારણા અર્થે જુદાજુદા દેશોના પ્રતિનિધિઓની એક પરિષદ સાનફ્રાન્સિસ્કો મુકામે મળેલી. બ્રિટિશ સરકારે હિંદ તરફથી સર રામસ્વામી મુદલિયારના પ્રમુખપદે એક પ્રતિનિમંડળ એ પરિષદમાં મોકલ્યું. પરંતુ વિજયાલક્ષ્મીએ હિંદ વતી બોલવાના એ પ્રતિનિધિમંડળના દાવાને સીધો પડકાર ફેંક્યો. એ પ્રતિનિધિઓ બ્રિટિશોના 'પ્રાઇઝ બૉયઝ' હોવાનું જાહેર કરી રાષ્ટ્રીય હિંદનો દૃષ્ટિકોણ વ્યક્ત કરતું એક અભિજ્ઞાપત્ર (મેમોરૅન્ડમ) એમણે તૈયાર કર્યું. ફ્રિસ્કો પરિષદની ચાર દીવાલોની અંદર એ પૂતળા પ્રતિનિધિમંડળની કામગીરી ચાલતી, જ્યારે એ ચહારદીવારીની બહાર વિજયાલક્ષ્મીના 'ફ્રી ઇન્ડિયન ડેલીગેશન' (મુક્ત ભારતના પ્રતિનિધિમંડળ)ની કામગીરી ચાલતી. એમણે અખબારી પરિષદો ભરવા માંડી અને એક કાંઠાથી બીજા કાંઠા સુધી ઘૂમી વળી અમેરિકન પ્રજા સમક્ષ માત્ર હિંદની જ નહિ પણ સમસ્ત એશિયાની પ્રજા માટે દાદ માગી: 'હિંદ વતી ખરી તો હું બોલું છું, કારણ કે એનો કુદરતી અવાજ બ્રિટિશોએ ગૂંગળાવી દીધો છે. હું બ્રહ્મદેશ, મલાયા, હિંદી ચીન અને ડચ ઈસ્ટ ઇંડીઝ વતી પણ બોલું છું. એશિયાની સાઠ કરોડની પ્રજાનો સત્તાવાર અવાજ આ પરિષદમાં એમના નામે ધકેલી દેવામાં આવેલા પ્રતિનિધિઓ તો રજૂ નથી જ કરવાના.'

આ પ્રચાર એમણે એટલી તો ઉત્કટ હદે પહોંચાડેલો કે 'વૃત્તનિવેદકો' ફ્રિસ્કો પરિષદને પડતી મૂકી વિજયાલક્ષ્મીની અખબારી પરિષદોમાં ટોળે મળવા લાગ્યા. એક પત્રે તો એમને '૧૯૪૬નાં સૌથી મહાન સન્નારી' જાહેર કર્યાં. અમેરિકામાં બ્રિટિશ શાહીવાદને એવો સજ્જડ તમાચો એ પહેલાં કોઈએ નહોતો લગાવ્યો, અને આ તમાચો લગાવનાર હતી હિંદના સ્ત્રીવર્ગની એક પ્રતિનિધિ કે જે વર્ગને પરદેશોમાં એ 'પર્દા પુસીઝ' તરીકે ઓળખાવતું.

શ્રીમતી વિજયાલક્ષ્મી યૂનોમાં હિંદી પ્રતિનિધિમંડળનાં નેતા બન્યા પહેલાં પ્રથમ મૉસ્કો(રશિયા)અને પછી વૉશિંગ્ટન (અમેરિકા)માં હિંદનાં એલચી તરીકે રહી ચૂક્યાં છે. એ બંને પદ છોડ્યા પહેલાં એમના સ્વભાવની લાક્ષણિકતા એ પ્રદર્શિત કરી ચૂકેલાં. મૉસ્કો મુકામે હતાં ત્યારે સ્તાલીને એમને મુલાકાત ન આપતાં એમણે ત્યાંનું એલચીપદ છોડી દીધેલું!

વર્ષોથી રાજનીતિના ક્ષેત્રમાં રહ્યા ઉપરાંત જગતના જુદાજુદા રાજનીતિજ્ઞોના પ્રત્યક્ષ સંપર્કે આંતરરાષ્ટ્રીય રાજકારણ અને રાજનીતિનું જ્ઞાન એમનું સારા પ્રમાણમાં વિકસાવ્યું ને એ જ્ઞાન યૂનોના પ્રમુખપદેથી અત્યારના ક્ષુબ્ધ જગતને અત્યંત ઉપયોગી થઈ પડશે.

ભારતીય કાપડની પશ્ચિમના દેશો ઉપર અસર

ન્યૂ યૉર્કના સુશોભનકલાના કૂપર યૂનિયન મ્યૂઝિયમમાં ૩૦૦ વરસ પહેલાંના અપ્રાપ્ય કાપડના કેટલાક નમૂના ઉમેરાયા છે. આ કાપડ ઘણુંખરું તો યુરોપ અમેરિકામાં નિકાસ કરવા માટે ભારતમાં તૈયાર થએલું.

મ્યૂઝિયમનું સામયિક જણાવે છે કે ભારતી કાપડમાં અવનવી ભાત ને અજોડ કલ્પના-સમૃદ્ધિ દેખાય છે. પશ્ચિમની કાપડકલા ઉપર ઘેરી અસર કરનાર કસબની મૌલિક કલા આ કાપડમાં જોવા મળે છે. આ સંગ્રહમાં જૂનામાં જૂનું કાપડ ૧૭મી સદીના ઉત્તરાર્ધમાં તૈયાર થએલું મળી આવે છે, જે મુઘલ રાજદરબાર માટે ગોલકોંડામાં તૈયાર કરાએલું.

અમેરિકન સંસ્થાનોના શરૂના કાળમાં જ્યારે કાપડમાં સુશોભનોનો અભાવ હતો ત્યારે ગૃહિણીઓ ભારતીય કાપડને જ નમૂને એમાં ભરતગૂંથણ કરીને સુશોભનો ઉમેરતી.

પશ્ચિમમાં ભારતીય કાપડકલાની કેવી ઊંડી અસર હતી એ હાલના કાપડનાં કેટલાંક નામો પરથી સમજાય છે. 'કૅલિકો' શબ્દ કાલિકટ ઉપરથી આવ્યો છે, 'ચિન્ટ્ઝ' શબ્દનું મૂળ હિંદી 'છીંટ'માં છે, 'બાન્દના'ની ઉત્પત્તિ 'બાંધણી'-માંથી થઇ છે, અને 'શાલ' શબ્દ તો પોતે હિંદી છે. અમેરિકામાં આજે પણ ઊભી લીટીવાળું કાપડ 'મદ્રાસ' નામે ઓળખાય છે.



ન્યૂ યૉર્કના સુશોભનકલા માટેના કૂપર યુનિયન સંગ્રહાલયમાં નવા આવેલા ૩૦૦ વરસ પહેલાંના ભારતીય કાપડ ઉપરની ભાતોનો પ્રકાર દાખવતા બે નમૂનાઓ



'માઇક્રજી': સૂક્ષ્મ સંશોધનનું શાસ્ત્ર

૧૯૫૧માં અમેરિકાના ફિલાડેલ્ફિયા શહેરમાં એક સ્ત્રીનું ખૂન થએલું. ખૂન કરીને ચાલ્યા ગએલાં માણસોની મોટરનાં પૈડાંનાં નિશાન સિવાય પોલીસને બીજું કાંઈ હાથ ન લાગ્યું. જે સ્થળે ખૂન થયેલું એ રસ્તો વળાંકવાળો હતો ને માથે ઝાડની કમાન જેવું હતું.

એક ડિટેક્ટિવ ત્યાં તપાસ કરવા આવ્યો. તેની મોટર આ સાંકડા રસ્તા પરથી પસાર થતાં, માથે ઝૂકી રહેલા ઝાડની ડાળી સાથે ઘસાઇ. એણે તરત અનુમાન કર્યું કે પેલા ખૂનીની મોટર પણ આ જ રીતે આ ઝાડની ડાળી સાથે ઘસાયા વિના નીકળી નહિ શકી હોય.

તુરત એ ઘસાતી ડાળને પ્રયોગશાળામાં લઈ જઈ, વાળથીયે બારીક તેના રેસાને સૂક્ષ્મદર્શકયંત્રો વડે જોતાં જણાયું કે એમાં રંગના કણ રહેલા છે! એમાંના રંગનું પ્રથમ પડ જુદું પાડતાં એ ડિટેક્ટિવની મોટરનો રંગ માલૂમ પડ્યો. એવી જ રીતે, બીજા પડના રંગનું સૂક્ષ્મ પૃથક્કરણ કરતાં એ પેલા હત્યારાની મોટરનો રંગ હોવાનું જણાયું. તે પછી રસાયણશાસ્ત્રીઓની સહાયથી એ રંગનું રાસાયનિક સ્વરૂપ શોધીને મોટરના વેપારીઓને મળીને એ રંગના સ્વરૂપ પરથી પેલા ખૂનીની મોટર કઇ કંપનીની બનાવટની હતી અને કયા મોડેલની હતી એ નક્કી કરવામાં આવ્યું. અંતે, ખૂન થયા પછી ત્રીસ જ દિવસમાં એક માણસની ધરપકડ કરાઈ અને તેની મોટર તપાસતાં તેમાં પેલી પ્રયોગશાળાએ શોધેલાં સર્વ નિશાનો મોજૂદ હતાં!

સૂક્ષ્મદર્શક યંત્રની મદદથી આમ, અદૃશ્ય દેખાતી વસ્તુઓને શોધી કાઢવાના વિજ્ઞાનને અંગ્રેજીમાં 'માઈક્રર્જી' કહે છે. એ વિજ્ઞાન બીજી પણ અનેકરીતે મદદરૂપ બની રહ્યું છે.

ચીનના યુનાન પ્રાંતમાં ભૂસ્તરશાસ્ત્રીઓએ પ્રાચીન 'પવિત્ર' અસ્થિના થોડા અવશેષો ખોદી કાઢેલા. આ હાડકાં ૩૦ સૈકા પૂર્વેનાં હોવાનું માનવામાં આવતું હતું. એની ઉપર પ્રાચીન કાળનું કેટલુંક કોતરકામ હતું. એનો રંગ ઝાંખો રતાશપડતો હતો. વૈજ્ઞાનિકો આ રંગનું રાસાયણિક સ્વરૂપ સમજવા માગતા હતા. પણ આ મૂલ્યવાન અવશેષોને કશું નુકસાન ન થાય એની પણ કાળજી રાખવાની હતી. આખરે, ૨૫ માઇક્રોન (એક માઇક્રોન= એક મિટરનો દસ લાખમો ભાગ)ના વ્યાસ જેટલો ટુકડો લઇને એનું સૂક્ષ્મનિરીક્ષણ કરતાં જણાયું કે પેલો રાતો રંગ એ કુદરતમાંથી મળી આવતા પારાનું સ્વરૂપ છે!

જીવશાસ્ત્ર, વનસ્પતિશાસ્ત્ર વગેરેના અભ્યાસમાં હવે આ વિજ્ઞાન ઉપકારક બને છે.

ટૉલ્સ્ટૉય (અનુસંધાન પૃષ્ઠ ૩૬૯થી)

'એક માણસ મનુષ્યવધ કરે અથવા તો સરકારનું નામ ધારણ કરી અનેક માણસ એકત્ર થઈ મનુષ્યવધ કરે તેમાં ફેર શો? સ્વહસ્તે દુષ્ટ કાર્ય કરે તે જ પાપી હોઈ શકે એવું કંઈ નથી. તેને સંમતિ આપનાર પણ તેટલો જ દોષિત છે એ શાસ્ત્રવચન અવશ્ય સત્ય છે. એક બાજુ લાખો લોકો ભૂખ અને ટાઢથી મરણશરણ થાય છે ત્યારે બીજી બાજુ મારા જેવા માણસો અપચો થતાં સુધી પકવાન્નો આરોગે છે, એ દૃશ્ય જોઈ મારું હૃદય ખરેખર લેવાઈ ગયું. હજારો લોકોને ઠંડીથી બચવા વસ્ત્ર નથી મળતાં ત્યારે આપણે ઘરનાં પગથિયાં પણ આચ્છાદિત રાખીએ છીએ. આપણાં ઘોડાં ને કૂતરાં પણ કીમતી વસ્ત્રો ધારણ કરે છે. ધનલોભી વિદ્વાનો આવી વિપરીતાવસ્થાનું ભલે ગમે તેમ સમર્થન કરતા હોય, મારી નજરે તો તેઓ પાપી જ છે.'

બીજે એક સ્થળે પૈસાને જ સર્વ અનર્થોનું મૂળ ગણાવતાં લખ્યું છે: 'ઉદ્યમી રહેવાનું માણસજાતનું પ્રાચીન ધ્યેય હવે નષ્ટ થયું છે અને તેનું સ્થાન 'સંપત્તિમાન રહેવું' એ શબ્દોને મળ્યું છે. અરબી ભાષામાં એવી એક વાત છે કે સિંદબાદ ખલાસીની ગરદન પર એક ડોસો બેઠો હતો અને રાતદિવસ તેને છોડતો ન હતો. તે પ્રમાણે ધનવાન વર્ગ નિર્ધન વર્ગની ગરદન પર પિશાચની માફક ચડી બેઠેલો છે. મારી તો ખાતરી થઇ ચૂકી છે કે જગતમાં પૈસા જેવી પાપી ને દુષ્ટ વસ્તુ બીજી એકે નથી. સઘળી અનીતિ, સઘળાં પાપનું મૂળ પૈસો છે, અને ચોતરફ જેટલાં દુ:ખો હું જોઉં છું તે સર્વનું ઉત્પત્તિસ્થાન પણ પૈસો જ છે.'

ટૉલ્સ્ટૉયે સંપત્તિનો ગમે તેટલો વિરોધ કર્યો પણ તેનું કુટુંબ એકાદ સામાન્ય ખેડૂત કુટુંબ જેમ જીવવા તૈયાર ન થયું તે ન જ થયું. એણે ખ્રિસ્તના ઉપદેશ પર નવો પ્રકાશ પાડવાનો પ્રયત્ન કરતાં એને સંપ્રદાયથી બહિષ્કૃત કરવામાં આવ્યો. જેમજેમ એનો વિરોધ થતો ગયો તેમતેમ એનો માનવજાતના ઉદ્ધાર માટેનો આગ્રહ વધતો ગયો. એની બુદ્ધિ પર રહસ્યવાદની છાયા ઢળતી ગઈ અને એણે કેટલાંક એવાં વિધાનો કરવા માંડયાં જે ભાગ્યે બુદ્ધિગ્રાહ્ય ગણાય. એ જ અરસામાં એણે એની છેલ્લી નવલકથા 'પુનરુત્થાન' ('રીસરેક્શન') લખી, જેનો નાયક નેખલુદોફ (એની પહેલી નવલકથા અને છેલ્લી નવલકથાના નાયક એના એ જ છે એ હકીકત નોંધપાત્ર છે) એક બદમાશ તરીકે જીવીને એક સંત તરીકે મૃત્યુને વરે છે.

જિંદગીના છેલ્લા દાયકામાં તો એણે જે સામાજિક, રાજકીય અને નૈતિક આદર્શોનો પ્રચાર કરવા માંડેલો તે આ જગતમાં વ્યવહારમાં મુકાવાની બહુ ઓછી ક્ષમતા ધરાવે છે; પરંતુ સંતપ્ત જગતના પરિત્રાણ માટેની એની પ્રબળ ઝંખના એમાં વ્યક્ત થયા વિના નથી રહેતી. બીજી બધી વસ્તુઓનો મોહ છોડયા પછી એણે ઘરનો મોહ પણ છોડી દેવાનો નિશ્ચય કર્યો અને ૧૯૧૦ના ઑક્ટોબરની ૨૮મીએ પ્રભાતના પાંચ વાગ્યે ઘરનો ત્યાગ કર્યો. બ્યાશી વર્ષનો એ વૃદ્ધ એક સ્થળેથી બીજે સ્થળે ભટકવા શા માટે નીકળી પડ્યો? આ પ્રશ્ન અનુત્તર જ રહે છે. કેટલાક એ માટે એની પત્નીને જવાબદાર માને છે, પણ એ પુરવાર કરી શકાય તેમ નથી.

ગૃહત્યાગ કર્યા પછી થોડા જ સમયે ઈ.સ. ૧૯૧૦ ના નવેમ્બરની ૨૦ મીએ નાની બીમારી બાદ એક રેલવે સ્ટેશન પર એણે દેહ છોડ્યો. ગૃહત્યાગ વખતે પત્નીને લખેલા છેલ્લા પત્રમાં એણે લખેલું:

'મેં ઘર તજ્યું તે ઉપરથી એમ ન સમજશો કે હું તમો સર્વ પર ચિડાયો છું. મારાં મંતવ્યો તમારાથી ગ્રહણ થઈ શકતાં નથી એ હું જાણું છું અને તમારા માટે એ અશક્ય પણ છે, કારણકે મારી દૃષ્ટિ એ કંઇ તમારી દૃષ્ટિ નથી, અને મારી ભાવનાઓ એ તમારી ભાવનાઓ નથી. જે ભાવનાનો મનને પરિચય ન હોય તેને અનુસરવા સમગ્ર જીવનક્રમ બદલવાનું કે સ્વાર્થત્યાગ કરવાનું તો તમારાથી શી રીતે બની શકે? એટલે એ માટે હું તમને લેશમાત્ર દોષ નથી આપતો...તમે તમારું સર્વસ્વ મને અર્પણ કર્યું છે તે જ પ્રમાણે બાળકોને પણ જે સાચા માતૃત્વનો લાભ અત્યાર સુધી મળતો રહ્યો છે તે પ્રેમની કીમત મારાથી થઇ શકે તેમ નથી. પરંતુ છેલ્લાં પંદર વર્ષથી આપણા વિચારોમાં ભિન્નતા ઉત્પન્ન થઈ છે. આપણા બંનેના જીવનનો પ્રવાહ ભિન્નભિન્ન દિશામાં વહેવા લાગ્યો છે. એમાં મારો કંઈ દોષ હોય એમ મને નથી લાગતું કારણકે મારે કશો સ્વાર્થ સાધવાનો નહોતો. લોકો મને સારો કહે એટલા માટે કંઈ મેં આ માર્ગ નથી સ્વીકાર્યો. અન્ય કોઇ પણ માર્ગ મારા માટે અશક્ય બન્યો ત્યારે જ મેં આ માર્ગનો સ્વીકાર કર્યો છે. મારા માર્ગે તમે આવ્યાં નહિ તેનો દોષ હું તમને દેવા નથી માગતો. આજ સુધી તમે મારા માટે જે કંઈ કર્યું છે તેનું સ્મરણ મને સદૈવ રહેશે. પ્રિય સોફિયા, છેલ્લી સલામ—લીઓ ટૉલ્સ્ટૉય.'

ટૉલ્સ્ટૉયની બધી કૃતિઓથી જુદી પડતી 'ક્રુટ્ઝર સોનેટા' નો ઉલ્લેખ પણ છેલ્લે કરી લઇએ. એ સૌથી છેલ્લો કરવાનું કારણ એ કે તેની બધી કૃતિઓ કરતાં તે જુદી પડે છે. એમાં લગ્નજીવનનો કંટાળો ને સ્ત્રી પ્રત્યેનો તિરસ્કાર ઘૂંટી ઘૂંટીને ભર્યો છે. પતિપત્ની વચ્ચેનાં ઈર્ષ્યા, અવિશ્વાસ, બેવફાઇ અને કલહ જ એમાં જોવા મળે છે. એ લખવા પાછળનો એનો આશય તો સ્ત્રીને પુરુષની મિલકત નહિ પણ એના જેવી જ માનવ-વ્યક્તિ ગણાવવાનો છે, પરંતુ એમાં સ્ત્રીમાત્રને એવી પતિત આલેખી છે કે સ્ત્રીમાં નિર્દોષતા જાણે સંભવિત જ ન હોય!

ઉત્તરાવસ્થામાં ટૉલ્સ્ટૉયના વિચારો જ નહોતા બદલાયા પણ આચાર સુદ્ધાં બદલાઈ ગયા હતા. સામાન્ય લોકોને જરૂરની લાગતી વસ્તુઓ પણ એણે મોજશોખની ગણી એનો ત્યાગ કર્યો હતો. તમાકુનું વ્યસન, માંસાહાર આદિ તજી દઇ જીભના સ્વાદ સુદ્ધાં એણે જતા કરેલો. જે કંઇ પીરસાય તે ચૂપચાપ એ ખાઇ લેતો. કોઈ વાની ઘણા દિવસથી પીરસાઈ ન હોય તોપણ તેનો ખયાલ એને ન રહેતો. નરમ બિછાનાને બદલે કેવળ લાકડાના કોચ પર સાદડી નાખીને એ પડ્યો રહેતો. કપડાં પણ હાથે સીવેલાં ને ખેડૂતના જેવાં જ પહેરતો.

શરૂઆતમાં કહ્યું તેમ, સત્ય અહિંસા અને અપરિગ્રહને પોતાના જીવનમાં ઉતારીને ટૉલ્સ્ટૉયે પોતાના જમાના પર જબરો પ્રભાવ પાડ્યો હતો, પરંતુ પ્રચલિત અનિષ્ટો તારવી બતાવ્યા બાદ એ માટેનો કોઈ સુચિંતિત અને વ્યવસ્થિત માર્ગ એ બતાવી શક્યો નહોતો. આમ છતાં માનવ મનનો પ્રચલિત જીવનસ્થિતિ પ્રત્યેનો અસંતોષ એણે જેટલી પ્રબળરીતે વ્યક્ત કર્યો છે એટલો ભાગ્યે જ કોઈએ કર્યો હોઇને એને ક્રાન્તિકારીઓનો યે ક્રાન્તિકારી કહી શકાય. 'સામાજિક ન્યાય' માટેની હિમાયતમાં એ વધુ ઉગ્ર બન્યો હશે, સમાજના ઉપલા વર્ગો પર નિષ્ઠુર પ્રહારો કર્યા હશે, પરંતુ એ ઉગ્રતા અને નિષ્ઠુરતા જે વસ્તુસ્થિતિથી પ્રેરાએલી હતી તે વસ્તુસ્થિતિનો અંત આણીને આપણે માનવજાતને સ્વતંત્રતા, સમાનતા અને બંધુભાવ ભણી દોરી ન જઈએ ત્યાં સુધી આપણે સઘળા પ્રચલિત અન્યાયના ભાગીદાર છીએ.

[આ અંકમાંના ટૉલ્સ્ટૉયના ત્રિરંગી ચિત્રનો બ્લૉક પ્રસ્થાન કાર્યાલયના સૌજન્યથી]

ચિંતા એ મુસીબતના વ્યાજ જેવી છે, જે આપણે મુદત પહેલાં ભરી દઇએ છીએ.

સલાહ એ એક જ એવી વસ્તુ છે કે જે દરેક માણસને લીધા કરતાં આપવી ગમે છે.

અર્થશાસ્ત્રી એટલે એક એવી વ્યક્તિ કે જેની પાસે બીજાના પૈસાનું કંઈક કરવાની યોજના છે.

વર્ષોના પરિશ્રમ બાદ જેમણે 'સીવણકલા'ની નાડ પારખી, પૂર્ણિમાના ચંદ્રના જેટલી સુભગતા 'સીવણકલા'ના ક્ષેત્રમાં પાથરી, 'ભારત'માં જ નહિ બલ્કે દૂરસાગરસીમાડે વસતી પ્રજામાં કીર્તિની સુવાસ ફેલાવી છે, કાલાંતરે જેમની 'સીવણકળા' વિવિધતા ધારણ કરી રૂપેરી મુંબઈ નગરીનું આકર્ષણ બની રહે છે, શિષ્ટ જનસમાજના હૃદયપડઘા જેમની સાક્ષી પૂરે છે.

★

એ. સિકવેરા ટેલર્સ

૪૪૨ સૅન્ડહર્સ્ટ રોડ

સેકસરિયા બીલ્ડિંગ

મુંબઈ-૪

વાચકો લખે છે......

આ વિભાગમાં પ્રગટ થતી દરેક વસ્તુ માટે 'કુમાર'માંનું એક ત્રિરંગી ચિત્ર ભેટ મોકલાશે.

'કુમાર' ઑગસ્ટ ૧૯૫૩; પાનું ૨૭૭. સાવરકર વિષે લખ્યું છે તે ખોટું છે. તે સમયે સાવરકર સ્વિટ્ઝરલૅંડમાં શામજી સાથે હતા. ત્યાં ઇંગ્લંડથી એક દેશ–મિત્ર–દ્રોહીનો પત્ર આવ્યો. એમાં ઇંગ્લંડ આવવાનો આગ્રહ હતો. શામજીએ ના પાડી છતાં સાવરકર ગયા અને જતાંની સાથે પકડાયા. પકડીને તેમને સ્ટીમર મારફતે હિન્દ લાવવામાં આવતા હતા. માર્સેલ્સ ખાતે બાથરૂમમાંથી, નગ્નાવસ્થામાં સાવરકરે દરિયામાં ઝુકાવ્યું અને ફ્રેંચ ભૂમિ ઉપર પગ દીધો. ફ્રેંચ જેન્ડાર્મીએ તેને નગ્નાવસ્થામાં અને પાસપોર્ટ વગર જમીન ઉપર આવવા માટે પકડ્યા. એવામાં પાછળથી ઇંગ્લંડનાં માણસો (સ્ટીમરના) જઈ પહોંચ્યા અને ફ્રેંચ પાસેથી તેમનો કબજો લીધો. શામજી વગેરેએ ખૂબ વિરોધ ઉઠાવેલો. પણ તે સમયે ફ્રાંસને ઇંગ્લંડની ગરજ હતી એટલે આંતરરાષ્ટ્રીય કાયદાનું ઉલ્લંઘન ઇંગ્લંડે કરેલું છતાં ફ્રાંસે નીચી મૂંડી કરીને તે કબૂલ રાખ્યું. સાવરકરને જન્મદેશનિકાલી મળી. તેના મોટાભાઈ નારાયણ સાવરકરને પણ એવી જ સજા મળેલી. બંને ભાઈઓએ આન્દામાનમાં પંદર પંદર વર્ષ સુધી નર્કયાતના કરતાં પણ વધારે યાતના ભોગવેલી અને પછી છૂટેલા. સાવરકરે આ કારાવાસની કહાણી મરાઠીમાં પ્રસિદ્ધ કરી છે. (તેનો ગુજરાતી અનુવાદ પણ થયો છે.)'

આ મોટા ભાઈ નારાયણ સાવરકર પછી ખારમાં (મુંબાઈ પાસે) રહેતા હતા. અમારે ત્યાં સાંટાક્રુઝમાં કૃષ્ણકુટિરમાં ઘણીવાર ગપ્પાં મારવા આવતા હતા. તે સમયે તેમનું વય સાઠેકનું હશે. ગજવામાં હમેશા એક સ્પ્રિંગનો લોખંડી દંડો રાખતા–પોતાનું રક્ષણ કરવા. તે વેળા તેમને કરોડનો ક્ષય હતો, જેને લઈને ૯૯°થી ૯૯·૫° તાવ રહેતો. સ્પ્રૂ (સંગ્રહણી) પણ હતો જ, છતાં એમના આત્મામાં દેશને આઝાદી આપવાની આગ એવી ને એવી સળગતી મેં જોઈ હતી, અને તે આગ એમની આંખમાં સાફ જોઇ શકાતી હતી.

એક વેળા મેં બહુ વિનયથી કહેલું, 'સાવરકરદાદા, તમે મા માટે બહુ કષ્ટ વેઠ્યું. હવે તો એ માર્ગ છોડીને શાંતિ ભોગવો.'

જવાબમાં એમની આંખોમાંથી જ્વલંત અગ્નિ પ્રજ્વળી ઊઠ્યો. તેમણે જવાબ આપ્યો, 'મેં શું કર્યું? દેશ આઝાદ થઈ ગયો? માને મુક્તિ મળી ગઈ? હજી માના હાથમાં જંજીર તો છે અને હું હજી જીવતો છું! એ જ વાત મારે શરમાવાની છે.'

આ વખતનો એમનો ચહેરો જોઈને એક વૃદ્ધ પારસી દાક્તર ગભરાઈ ગએલા. એમના ગયા પછી દાક્તરે મને કહેલું કે આ માણસ કોણ છે તે હું આળખતો નથી, પણ એની આંખ પરથી હું કહી શકું છું કે એ ગાંડો છે.

વાત સાચી હતી. એ જમાનામાં આવું દીવાનાપણું એમના જેવા માનવીઓમાં હતું જ. માનાં દુઃખ સારુ યે જીવન નર્કયાતનાથી યે વધુ ભયાનક યાતનાઓ વેઠ્યે જવી, યા તો માનું નામ લેતાંલેતાં ફાંસીને માંચડે ચડી જવું એવું વ..ન દાખવનાર એ ગત જમાનાના દેશના પનોતા પુત્રોને મારા સવિનય પ્રણામ.

(સાન્ટાક્રુઝ) —ધનસુખલાલ મહેતા

'કુમાર'ના ઑગસ્ટ ૧૯૫૩ના અંકમાં પ્રસિદ્ધ થએલી 'પ્રવર્તક પુસ્તકાલય'ની યોજના સંપૂર્ણ સફળ થાય એવી નથી. મોટાં શહેરોમાં કદાચ એને સફળતા મળતી હશે, પણ નાનાં શહેરો અને ગામડામાં તે ઓછી ચાલે.

બાર રૂપિયાની મૂડીથી શરૂ કરેલો આ ધંધો બીજા માસથી વિકસિત થવાનો સંભવ ઓછો. ગયા માસના સિલિકમાં રહેલાં સામયિકોના જૂના અંકોની ફાઇલ બાંધીને નવાં ચાર સભ્યો નોંધવાની વાત કઠિન છે, કેમકે દરેક પુસ્તકાલયમાં ગયા માસનાં સામયિકો તેના સભ્યોને ઘેર વાંચવા મળે છે. તેથી કદાચ ચાલુ માસ પૂરતી આ યોજના ચાલે. પણ બે રૂપિયા ઉપજતી આપીને જૂનાં સામયિકો કોણ વાંચે? જૂનાં સામયિકોના વાચકો માટે લવાજમના દર પણ જુદા રાખવા જોઇએ.

તે ઉપરાંત રૂપિયા પાંચના માસિક લવાજમે જગતનાં શ્રેષ્ઠ સાઠ માસિકોમાંથી ફક્ત તેર જ વાંચવા આપવાની યોજના પણ સભ્ય થનાર વ્યક્તિને વિચાર કરતા કરી મૂકે છે. હવે દર માસના પાંચ રૂપિયાના લવાજમ લેખે વાર્ષિક લવાજમ રૂા. ૬૦ થાય. તેથી ૧૩ માસિક પત્રો વાંચવા માટે વર્ષના સાઠ રૂપિયા ભાડું આપવું જોઇએ. તેને બદલે જો એ જ સાઠ રૂપિયાનું લવાજમ પુસ્તકો વાંચવા પાછળ ખર્ચવાને બદલે એક માસિકના સરેરાશ આઠ રૂપિયા લવાજમ ગણતાં સાતઆઠ માસિકનું લવાજમ ભરવાથી તેટલાં માસિકનું વરસ દિવસ સુધી વાચન મળતું રહે, અને

તેટલાં માસિકોના બારે માસના અંકો વાચકની પોતાની માલિકીના રહે. તફાવત ફક્ત એટલો જ કે એકમાં લવાજમ દર માસે આપવાનું હોય છે; બીજામાં એકીસાથે.

તેથી આ યોજનાને સફળતા અપાવવા માટે : (૧) લવાજમના દર ઘટાડવા (૨) પુસ્તકાલયથી દૂર કેળવાયેલી વસ્તીવાળું સ્થળ શોધવું (૩) વાચનની મુદતમાં વધારો અને (૪) વિષયવાર સામયિકો વધારવાં જોઇએ.

આ યોજના સિવાય વિદ્યાર્થીઓ માટે બીજા ધંધાઓ પણ છે. વર્તમાનપત્રોનું પ્રતિનિધિત્વ, વ્યાપારી પેઢીમાં part time નામું, પત્રવહેવાર, ટાઇપ-શૉર્ટહેન્ડ, વીમાનું કામકાજ, લખવા ઘડવાનું, વગેરે. આ વિષયો ઉપર આગળ ઉપર પ્રકાશ પડાશે.

(ધોરાજી) —હરિલાલ વાઘેલા

ઑગસ્ટના અંકમાં દુનિયામાં સૌથી લાંબા ઉપવાસ આઈરિશ સ્વાતંત્ર્ય-શહીદ ટેરેન્સ મૅક્સ્વીનીએ ૭૫ દિવસનો કર્યાનું જણાવ્યું છે. એ વિગતના અનુસંધાનમાં તાજેતરમાં કચ્છ ખાતે બનેલો બનાવ નોંધવા જેવો છે. માંડવીથી દસેક માઈલ દૂર આસલિયા ગામે નેણબાઇ નામે ૪૫ વર્ષની એક જૈન બાઇએ ૯૩ દિવસના ઉપવાસ કરેલા. છેલ્લા ઉપવાસની મધરાતે તા. ૨૨ ઑગસ્ટે એ બાઈનું અવસાન થયું. ઉપવાસ દરમ્યાન એ બાઈ બપોરના ભાગમાં માત્ર ૨ા તોલા પાણી લેતાં.

(માંડવી કચ્છ) —માણેકલાલ શિવજી શાહ

ગઈ સાલ માંગરોળનાં જવલબેને ૧૦૮ ઉપવાસ કરેલા ને હમણાં પણ ઉપવાસ પર છે.

(જામનગર) —મગનલાલ ચત્રભુજ

[*પાછળથી પણ ઘણા લેખકોએ જણાવેલા આ ઉપવાસ જૈન પ્રણાલીએ ધર્મશ્રદ્ધાથી કરેલા, જ્યારે મૅક્સ્વીનીએ સ્વાતંત્ર્યભક્તિથી જેલનાં દુ:ખ વચ્ચે. ઉપર્યુક્ત જવલબેન પણ અવસાન પામ્યાના દુ:ખદ ખબર મળ્યા છે.]

ઑગસ્ટ અંકમાં એકથી ગમે તેટલી રકમના સરવાળા સહેલાઈથી કરી શકાય તેવી રીત શારદાબેને મોકલાવી છે. આ રીત પાંચ–છ વર્ષ પહેલાં મેં કોઇ એક સામયિકના અંકમાં વાંચી હતી. તે સહેલાઈથી યાદ રાખવા માટે તેમાં જે પદ્ય-પંક્તિઓ હતી તે મોકલાવું છું:

તે અંકના તૃતીયાંશને મૂક મધ્ય મોઝાર,
ત્રીજે, બીજે, નવમે, ચોથે એક વધાર;
સાત, આઠ, પ્રથમે, છઠ્ઠે. ઓછો કરજે એક,
સરવાળો સરખો થશે છયે તરફથી નેક.

(કનીજ) —પ્ર. ભા. અખાણી

આ સાથે માછલી છાપેલું એક કાર્ડ મોકલું છું. (જુઓ આ અંકનો 'ટિકિટ-સંગ્રહ' વિભાગ) આપણે ત્યાંની ટિકિટોનાં કાર્ડ પણ જો આ પ્રમાણે છપાય (ને તે પણ નૂતન વર્ષાભિનંદન તરીકે) તો એ વધુ સુંદર લાગે. ટપાલ ખાતાને પણ ફાયદો થાય, ને લોકો બજારુ હલકી કળાને કક્ષાનાં કાર્ડ લેતા અટકી આ સુંદર કલાત્મક કાર્ડ લે. કાર્ડ પર જ ટિકિટ છાપેલી હોય એટલે એ બજારુ કાર્ડ કરતાં સસ્તાં પણ પડે.

(લૉરેન્સો માર્ક્વિસ) —હર્ષદ શેઠ

'કુમાર'ના ઑગસ્ટ અંકમાંનો 'સ્વાતંત્ર્ય-મંદિરના પાયામાં પુરાએલા ક્રાન્તિવાદીઓ' શિર્ષક લેખ, તેનાં નાનકડાં ચિત્રોનાં રેખાંકનો દ્વારા કોઈ અજબ દુનિયામાં વિહાર કરાવે છે. ૫૦ ઉપરાંતની એ રાષ્ટ્રપ્રેમી વિભૂતિઓ સચિત્ર પુસ્તિકાનો આકાર સુધારાવધારા સાથે પામે તો એક ચિરસ્મરણીય બાબત બની રહે.

(આણંદ) —ઉમિયાશંકર ઠાકર

ઑગસ્ટ અંકમાંથી 'દેશદેશનું ચલણ' એ લેખ બહુ ગમ્યો, કારણકે હું 'કૅશ્ટિંગ કલાર્ક' હોવાથી તેની જરૂર પડે. મારી પાસે બાર દેશનાં ચલણની યાદી હતી, જ્યારે હવે 'કુમાર' મળતાં વધારે ચલણની યાદી થઈ. મેં બંને કાગળ કાપી મારી ઑફિસમાં રાખ્યા છે, જેથી બધાને ઉપયોગી થઈ પડે. પાનાં નં. ૩૧૬ પર કિન્યા શિલિંગ (૧૦૦ સેન્ટ)ના રૂા. ૧૩-૫-૪ લખેલ છે તેને બદલે શિલિંગની આગળ ૨૦ જોઇએ અથવા પૌંડ (૨૦ શિ.) એમ જોઇએ, કારણકે ૧ પૌંડના રૂા. ૧૩-૫-૪ થાય છે. મુદ્રણદોષ થયો હોય એ બનવાજોગ છે.

ઑગસ્ટ અંકમાં વચમાં 'દેશદેશના ધ્વજ' નું ચિત્ર આપ્યું છે તેવું ચિત્ર દરેક અંકમાં આપતા રહો તો સારું.*

(નાઇરોબી) —માધવજી નરસી દેવળિયા

[*વીસ શિલિંગ જ જોઇએ; એ દોષ હતો. ધ્વજનાં ચિત્રો એ રીતે માસેમાસ ચાર રંગમાં આપવાં તો અત્યંત ખર્ચાળ થઈ પડે; પરંતુ દરેક અંકના છેલ્લા પાનામાં એકેએક દેશનો ધ્વજ તેના રંગની સૂચના સાથે કાળી રેખામાં આપતા રહેવાની અમારી યોજના છે જ.]

સપ્ટેમ્બર અંકમાં 'પચ્ચીસ વર્ષ પહેલાં' શિર્ષક નીચે જે લખાયું છે કે 'કરકરા લોટની ઘઉંની ખરી શેકેલી ભાખરી અને દૂધનો નાસ્તો ખોરાકના ઊંચામાં ઊંચાં પોષક તત્ત્વો ધરાવે છે તેની વિરુદ્ધ કોઈપણ આહારશાસ્ત્રીનો વાંધો નથી;' એ બરાબર નથી.

દૂધ અને ઘઉં સ્વતંત્ર રીતે પોષક તત્ત્વો ધરાવે છે ખરાં. પણ જો એ બન્ને સાથે ખાવામાં આવે તો એનું પાચન બરાબર નથી થતું.

દૂધ પ્રોટીડ છે. એ ખાવાથી દૂધને પચાવવા ખાટા રસ ઝરે છે. જ્યારે ઘઉં કર્બોજ છે. એને પચાવવા ક્ષાર રસ ઝરે છે.

ખટ રસ અને ક્ષાર રસ પરસ્પર વિરોધી રસ છે, જે એકી વખતે ઝરવાથી ફાટી જાય છે અને ખોરાકને પચવામાં બાધ આવે છે. ખરી રીતે દૂધને સ્વતંત્ર ખોરાક તરીકે લેવાય તે જ ઉચિત છે. દૂધ ધારોષ્ણ સારું.

રોટલી અને દૂધ, દૂધ અને ભાત, ખીચડી અને દૂધ ખાવાં એ ખોટું છે. એટલું જ નહિ પણ દાળ અને ભાત, રોટલી અને દાળ અને ખીચડી ખાવાં એ પણ ખોટું છે.

માંસ, માછલી, ઈંડાં, દૂધ અને કઠોળ માત્ર પ્રોટીડ છે. એ ખાવાથી અમ્લ રસ ઝરે છે. જ્યારે દરેક અનાજ, શાક-ભાજી અને મીઠાં ફળ કર્બોજ છે એ ખાવાથી ક્ષાર રસ ઝરે છે. એટલે જેની સાથે જેનો મેળ બેસતો હોય તે જ તેની સાથે ખાવાં ઉચિત છે. વિરોધી ખોરાક નુકસાન કરશે.


(શીલ) —કાસિમશાહ દર્દ

જૂનના અંકના પૂઠા પરના શ્રી દિવ્યકાંત ઓઝાના ચિત્રમાં નાકની નથ જમણી બાજુ કેમ છે? કદાચ ચિત્રમાં રેખાઓની સમતુલા સાચવવાના પ્રયત્ન રૂપે તેમ ચીતર્યું હશે. પણ ચૂની કે નથ સ્ત્રીઓ ડાબી બાજુ જ પહેરે છે.

(અમદાવાદ) —યોગિન્

'કુમાર'નું પૂઠું ચિત્રવાળું હોઈ તે પર પૂંઠું ચડાવવાથી ચિત્ર દેખાતું નથી, ને પાતળું હોવાથી ઝટ ફાટી જાય છે. તે માટે કાં તો પૂંઠું જાડું હોય યા તો તેની કોથળી જાડા કાગળની હોય તો તેને જ ફાડી 'કુમાર' પર દોરાથી સીવી લેવાય; આમ કરવાથી વર્ષના અંતે બધા અંકો સુરક્ષિત રહેશે.

(મુંબાઇ) —અ. ના. રાવળ



એક વાચકે પરબીડિયા પર લખી મોકલેલા સુંદર લહેકાના અક્ષરો સાથે નાનું આલેખન.

—ગઝલ—

અમ   તની ભલે રાત કાળી,
જો દિ   ા તો દિવાળી દિવાળી.

—ગાફિલ—

સગાઇ થયા પછી એક પારસી યુવક વિલાયત ગયો. ત્યાં તેને ભાવિ પત્ની તરફથી પત્ર મળ્યો કે મારી આંખનું તેજ ઓછું થતું જાય છે, ને ભવિષ્યમાં કદાચ સમૂળગી આંખો પણ જાય; માટે તમારે સગાઈ તોડવી હોય તો હું તમને ખુશીથી મુક્ત કરું છું. યુવકે જવાબમાં લખ્યું કે આ જાણ્યા પછી તો લગ્ન કરવાની મારી વિશેષ ફરજ થઈ પડે છે. અને વિલાયતથી આવીને તે તેને જ પરણ્યો. જતે દહાડે પત્નીની આંખો સમૂળગી ગઈ, અને એ યુવક—આજના પ્રો૦ એ. આર. વાડિયા આજ લગી પ્રેમપૂર્વક એ પત્નીની સેવા કરી રહ્યા છે.

અનેકાર્થી શબ્દ: **જટા**=લાંબા વાળને માથે બાંધી લેવામાં આવેતે; વડની વડવાઈ; વેદનો પાઠ કરવાના ચાર પ્રકારમાંનો એક.

કહેવતોના અર્થ: 'ભવ આખો રળ્યા ત્યારે પારકે લાકડે બળ્યા'–ઘણી મહેનત લીધા છતાં અનાવડત કે કિસ્મતને કારણે નિરર્થક નીવડેલા કાર્યને સચોટરીતે વર્ણવવા માટે વપરાતી આ કહેવતનો શબ્દાર્થ કહે છે તેમ આખી જિંદગી રળ્યા પછી પણ મૃત્યુ વખતે માણસ એટલો ગરીબ રહી જાય કે તેના અગ્નિદાહના લાકડાના ખર્ચ જેટલું પણ ન બચ્યું હોય! એને મળતી બીજી કહેવત: 'દળીદળીને ઢાંકણીમાં ઉઘરાવ્યું' વગેરે.

આકડાના પાનને ગરમ કરી તેનો રસ ૧૪ દિવસ સુધી કાનમાં નાખવાથી દુખાવો તથા બહેરાપણાને ફાયદો થાય છે.

દુનિયાના દેશોમાં ચીન ને રશિયા વધુમાં વધુ જન્મ માટે,ભારત સૌથી વધુ મરણ માટે અને ન્યૂઝીલાંડ દીર્ઘજીવન માટે જાણીતા છે.

ગણિતગમ્મત: એક વર્ષના દિવસ ૩૬૫ હોય છે. આ આંકડા વિષે રસદાયક હકીકત એછે કે તે ૧૦થી૧૨ સુધીની ક્રમિક સંખ્યાઓના વર્ગના સરવાળા બરાબર છે, એટલું જ નહિ પણ ત્યાર પછીના બે અંકો ૧૩અને૧૪ના વર્ગનો સરવાળો પણ ૩૬૫ થાય છે.

જુઓ: $૩૬૫=૧૦^{૨}+૧૧^{૨}+૧૨^{૨}$

$=૧૩^{૨}+૧૪^{૨}$.(નૌતમ વખારિયા)

૧૯૩૫ માં થએલા કવેટાના માત્ર બે જ મિનિટના ધરતીકંપથી એકી સાથે ૫૬,૦૦૦ માણસો મૃત્યુ તથા ઈજા પામેલાં!



જોયું? બબીએ પહેલું બડબડિયું બોલાવ્યું!


ભલામણપત્ર

આપણી પાસે કોઇ ભલામણપત્ર લખાવવા આવે છે ત્યારે, કોઈક વાર તે પાત્ર ભલામણ યોગ્ય ન હોય તોપણ તેને આપણે ના નથી પાડી શકતા, અને છતાં તેને માટે વિરુદ્ધ અભિપ્રાય પણ નથી આપી શકતા. તે વખતે શું કરવું? એવી પરિસ્થિતિમાં, નીચેનો ભલામણપત્ર કદાચ ઉપયોગી થઇ પડશે! પ્રથમ તેને વચ્ચેની ટપકાંવાળી લીટીને ગણકાર્યા વિના આડો સળંગ વાંચો, અને ત્યાર બાદ વચ્ચે લીટીથી દર્શાવ્યા મુજબના કૅાલમવાર વાંચો.

આ ચિઠ્ઠી લાવનાર ગરબડદાસ	તે બહુ હોશિયાર માણસ છે. તેને, ભલે
તદ્દન ખરાબ ચાલચલગતવાળો	લોકો કહે, છતાં સંપૂર્ણ વિશ્વાસપાત્ર
માણસ છે.તેનાથી ખાસ સાવચેતી	ગણવાની જરૂર નથી. ઊલટું રહેમ
રાખવાની જરૂર છે.ગમે તે હિસાબે	રાખશો તો ઈશ્વર તમારું ભલું કરશે!
તેને જે કંઈ કામ સોંપશો તેમાં	કોઇ જાતનું એને કહેવાનું નહિ રહે
કોઇ જાતનું તમને સુખ નહિ પડે	એમ જરા ય માનશો નહિ. ઊલટસૂલટ
વાતો બનાવવામાં અને જુઠ્ઠાઈમાં	એને બિચારાને કશું જ જ્ઞાન નથી,
બધી જ બાબતમાં તે એક્કો છે	એમ જો તમે ધાર્યું તો ભારે પસ્તાશો.


આવો પત્ર સંભાળપૂર્વક એવી રીતે લખવો કે વચ્ચે જણાવેલી લીટી આગળથી તમે ગેડ પાડો એટલે તેના બે ભાગ પડી જાય. ભલામણચિઠ્ઠીઓનો અનુભવી વાંચનાર તે સમજી શકશે.

'કારીગરી તો જયપુરની', એ પ્રચલિત લોકોક્તિ સાબિત કરતી આ નીચેની કલાકણિકા દેખાય છે હોડી; પણ ટચૂકડી હોડીના રૂપમાં એ બારીક નકશીથી મંડિત ખડિયો-કલમ છે, જેમાં કૂવાથંભને સ્થળે કલમ, બેસવાના મંડપોને સ્થાને ખડિયા અને બીજા ભાગમાં રેતીની જોગવાઈ છે.





ભાવતું ભોજન ફોટો: શ્રીમતી એ. એમ. ગ્રિપર્સન (સ્વીડન)



ફોટો: રેને જેન્ટગેન (લક્ઝેમબર્ગ) **સંતલસ**

આ તથા પાછળના પાના પરના મળીને ચારે ફોટોગ્રાફો ગયા સપ્ટેમ્બરમાં નવી દિલ્હીમાં ભરાએલા આંતરરાષ્ટ્રીય ફોટો-કલા-પ્રદર્શનમાં રજૂ થએલી ચુનંદી કલાકૃતિઓ પૈકીના છે, જે નવી દિલ્હીની કૅમેરા સોસાએટીના સૌજન્યથી અમે અત્રે પ્રકટ કરીએ છીએ. એ સોસાએટીના અધ્યક્ષ ('કુમાર'ના પરિચિત) શ્રી બલવંત ભટ્ટનો લખેલો એ પ્રદર્શન તથા આ ચિત્રોનો પરિચય આ અંકમાં આપ્યો છે.



સીમાન્તનું સૌન્દર્ય

ફોટો : એલ. ઝૅક કે (ઑસ્ટ્રેલિયા)


પગ અને હાથનાં આંગળાં એ માનવદેહની બે લાંબામાં લાંબી સીમાના છેડા છે. એ બંનેને રેશમની ફેલ જેવી ચિત્રરચનામાં યોજીને તેના મુલાયમ સૌંદર્યનો આસ્વાદ કરાવવાનો આ એક અભિનવ વિચાર છે.


છાયા-કલા

ફોટો : કાન, હિંગ-ફૂક (હૉંગકૉંગ-ચીન)

સામાન્ય શટલકૉક જેવી નિર્જીવ નજીવી વસ્તુમાંથી કેવળ પ્રકાશયોજનાની ચાતુરી વડે તેની છાયામાં પતંગિયાના સજીવ ચિત્રની આભા ઊભી કરતી કૅમેરાકલા.







બપોરની રસોઈ (વૂડકટ : રસિકલાલ પરીખ) ઑગસ્ટ અંકમાં સમજાવ્યા પ્રમાણે 'વૂડ-કટ' એટલે કે લાકડાની દર્પણ-લીસી સપાટી પર કલાકારે જાતે કરેલા ચિત્રની છાપ, એ ચિત્રકળાનો એક વિશિષ્ટ, અને સિદ્ધહસ્ત કલાકારો જ ખેડી શકે એવો કલાપ્રકાર છે. 'કુમાર'ના જૂના વાચકોના પરિચિત શ્રી રસિકલાલ પરીખના અભ્યાસકાળના આ સાદા વૂડકટમાં પણ છાયા-પ્રકાશના ભાર-સામ્ય તથા સપ્રમાણ સંયોજનના ઉત્તમ અંશ રહેલા છે. જમણી બાજુ : મા-દીકરી (ચિત્રકાર : રશ્મિકાન્ત ક્ષત્રિય) અંગ-ઉપાંગની વિગતો આપ્યા વિના કેવળ ગણત્રીની નરી સરળ પણ વહેતી ને જોરદાર રેખાઓમાં વિષયને નિરૂપી આપનાર આ ઊગતા કલાકાર, ખાસ તો જેને "ઍાહર્નિરિટક" તરીકે ઓળખવામાં આવે છે એવી, વાસ્તવિકતાથી તદ્દન વેગળી ને ચિંતનના નિગૂઢ ભાવોને વ્યક્ત કરવા મથતી શૈલી પર પોતાનો હાથ અજમાવે છે, અને આજ સુધીમાં એમણે એવાં સેંકડો નહિ પણ હજારો રેખાંકનો કર્યાં છે. તદ્દન અકિંચન અવસ્થામાં, નોકરી કરતા જઈને સાથેસાથે કૉલેજમાં બી.એ.નો અભ્યાસ કરતા ભાઈ રશ્મિકાન્તનાં એ પ્રકારનાં ચિત્રો જાપાન-અમેરિકાનાં સામયિકોમાં પ્રગટ થયાં છે.